ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી હીરક મહોત્સવ ગ્રંથમાળા નં. ૪.

ગુજરાતી ભાષાનો કોશ.

વ્યંજન વિભાગ—ખ, ગ, ઘ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ તૈયાર કરાવ્યો

તે

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી,

છપાવી પ્રસિદ્ધ કરનાર,

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.

આસિ. સેક્રેટરી—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૫. સન ૧૯૧૯.

કીંમત આઠ આના.

અમદાવાદ.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યો–પાંચકુવા.

ખ, પું૦ [સં. ख] ગુજરાતી ભાષાની લિપિના મૂળાક્ષરોમાંનો તેરમો અને વ્યંજનોમાંનો કંઠસ્થાની બીજો વર્ણ કે અક્ષર. (૨) સૂર્ય. (૩) ન૦ આકાશ; પોલાણ; ખાલી જગા. (૪) મીડું; શૂન્ય. કવિતામાં સંખ્યા આણવા મીડાના સંકેત તરીકે પણ ખ વપરાય છે. ક્ષના અપભ્રંશ તરીકે ગુજરાતીમાં ખ વપરાય છે. :–ક્ષમા=ખમા, ક્ષેમ=ખેમ, ક્ષાર=ખાર, ક્ષેત્ર=ખેતર. ષ—યજુર્વેદી બ્રાહ્મણો ષ નો ખ બોલતા હોવાથી ગુજરાતીમાં ષ ને ઠેકાણે ખ અને ખ ને ઠેકાણે ષ બોલાય છે અને જુનાં લખાણોમાં એ પ્રમાણે લખાતું પણ હતું. :–અભિલાષ=અભિલાખ, વિષે=વિખે. લખીને લષીને, વગેરે.

ખઈ, પું૦ [સં. क्षय] એવો એક રોગ, કે જેથી ધાતુઓ ઘટી જઈ શરીર ઘસાઈ જાય, છાતીમાંથી કફ અને લોહી પડે તથા આખરે મરણ નીપજે; ક્ષય; રાજક્ષ્મા. આ રોગ ચેપી હોઈ ઓધે ઉતરે છે. અત્યંત ભોગવિલાસમાંથી પણ તેની ઉત્પત્તિ થાય છે. (૨) સ્ત્રી૦ ખાણ. જુ૦ ખાઈ.

ખકાર, પું૦ [સં.] ખ એવો ઉચ્ચાર તેમજ અક્ષર તે; ખક્ખો.

ખક્ખો, પું૦ ખકાર.

ખખ, વિ૦ મોટું પણ ખવાઇને નિઃસત્ત્વ થઈ ગયેલું; ખોખાજેવું; ખળખળી ગયેલું; જીર્ણ. :–ઘરડું ખખ, જુનું ખખ. (૨) ના૦ ઘણો કાળ થઈ જવાથી ખવાઈ તથા ઘસાઇને અંદરથી પોલું થઈ ગયેલું હોય એવું જે કંઈ તે; ખોખું.

ખખડવું, જુ૦ ખડખડવું.

ખખડાટ, જુ૦ ખડખડાટ.

ખખરવખર, વિ૦ખળખળીને વિખરાઈ ગયેલું; ખાખાવીખી થઇ ગયેલું; દોદળું; ચુંથાઇ, વેરાઇ કે ખરખરી ગયેલું; આમતેમ વેરાયેલું; અવ્યવસ્થિત થઇ ગયેલું.

ખખરવું, ક્રિ૦ અ૦ લાગવું; મનમાં ખુંચવું; બળાપો થવો; સાલવું; શોક થવો. (૨) આંખમાં કાંકરી પડી હોય એવી પીડા થવી; ખીલ ખુંચવા. (૩) ખરખર એમ બોલવું; ઘરઘર થવું.

ખખરી, જુ૦ ખરખરી.

ખખરો, જુ૦ ખરખરો.

ખખળવું, જુ૦ ખળખળવું.

ખખારો, જુ૦ ખુંખારો.

ખગ, પું૦ [સં.] પક્ષી; પંખી. (૨) ગ્રહ; તારા; નક્ષત્ર, વગેરે. (૩) નવની સંખ્યાનો સંકેત-સૂચક શબ્દ.

ખગપતિ, પું૦ [સં.] પક્ષીઓનો સ્વામી; ગરુડ. ખગપત=હંસ.

ખગવાહન, પું૦ [સં.] ખગ જેનું વાહન છે એવા વિષ્ણુ.

ખગાકાર, વિ૦ (ખગ અને આકાર) અજા-યબીથી ટગર ટગર જોયા કરે એવું; આભું; ચકિત; હૈયાસુનું. (૨) ગોળમટોળ; સુંદર. ખ+આકાર એવા અર્થનો શબ્દ હોઈ ગ ખાલીજ વચમાં પેસી ગયેલો છે.

ખગેશ, પું૦ [સં.] ખગોનો ઈશ્વર તે; ગરુડ.

ખગેંદ્ર, પું૦ [સં.] ખગોનો ઇંદ્ર તે; ગરુડ.

ખગોળ, ન૦ [સં. खगोल] આકાશનો ઘુમ્મટ; ગગનમંડળ; જેમાં સૂર્ય ચંદ્ર અને ગ્રહ વગેરે તારાઓ દેખાય છે તે; આપણા માથા ઉપરની અનંત ખાલી જગા.

ખગોળવિદ્યા, સ્ત્રી૦ [સં.] ખગોળ સંબંધી માહિતી આપનારું ભણતર; આકાશમાં ફરનારા ગ્રહ વગેરેનું જ્ઞાન જેમાં અપાયેલું હોય એવું શાસ્ત્ર; ખગોળશાસ્ત્ર; જ્યોતિષ; જ્યોતિઃશાસ્ત્ર.

ખગોળવેત્તા, પું૦ [સં.] ખગોળવિદ્યા જાણનાર; જ્યોતિષી; જોશી.

ખગોળશાસ્ત્ર, ન૦ [સં.] આકાશ અને તેને લગતી તમામ માહિતી જેમાં હોય એવો ગ્રંથ; જ્યોતિષ; ખગોળવિદ્યા.

ખગોળશાસ્ત્રી, પું૦ [સં.] ખગોળશાસ્ત્રનો અભ્યાસી; જ્યોતિષી; જોશી; ખગોળવેત્તા.

ખગ્ગા, પું૦ [હિં.] ખગ; પંખી. જુની ભાટ ચારણિયા કવિતામાં વપરાયેલો છે.

ખગ્રાસ, પું૦ [સં.] આકાશનો ઘેરાવો; બે વર્તુલોથી કપાયેલો અથવા એક ગોળાકારથી બીજું ગોળાકાર ઢંકાતાં દેખાતો ઘેરાયેલો ભાગ. આકાશમાં બે ગોળાઓ કે ગ્રહો સીધી લીટીમાં આવતાં તેમની છાયાથી બીજા ગ્રહ કે ગોળાની જે સપાટી વર્તુલાંશે ઢંકાય છે તે; ગ્રહણ. સૂર્ય ચંદ્રનાં નાનાં મોટાં ગ્રહણને ઉદ્દેશી આ શબ્દ વપરાય છે, અને ખગ્રાસનો અર્થ આખા ગોળાકારનું ઢંકાઇ જવું એવો થાય છે. પૃથ્વી ચંદ્ર કરતાં મોટી હોવાથી પૃથ્વીની છાયા પડી જ્યારે ચંદ્રનું પૂર્ણ ગ્રહણ થાય છે ત્યારે આખુંએ ચંદ્રબિંબ ઘેરાઇ જાય છે અને તે ચંદ્રનું ખગ્રાસ ગ્રહણ કહેવાય છે. ચંદ્ર સૂર્યથી બહુજ નાનો હોવાથી સૂર્યનું આખું બિંબ કદી ઘેરાતું નથી અને તેથી સૂર્યનું ખગ્રાસ ગ્રહણ થતું પણ નથી જ્યારે બરોબર સીધી લીટીમાં તેઓ આવી જાય છે ત્યારે ચંદ્રની સંપૂર્ણ છાયા સૂર્યની સપાટીમાં સમાઇ જાય છે અને બધી તરફથી તેની કિનારી ખુલ્લી રહે છે. આવા ગ્રહણને 'કંકણાકૃતિ' ગ્રહણ કહે છે.

ખચ, અ૦ (ખચ્ચ) તંગ સપાટી અથવા ચામડી ભોંકાતાં થતો એવો અવાજ. :–ખચ દઇને કટાર ભોંકી દીધી.

ખચકાવું, ક્રિ૦ અ૦ અચકાવું; ખમચાવું; એકદમ અટકી જવું; આશંકાવું. (૨) ક્રિ૦ સ૦ ખચ એવો અવાજ થાય તેમ ઘોચવું; ભોંકવું; પેસાડી દેવું.

ખચકો, પું૦ (ખચ ઉપરથી) ઘોચ; ગુંજ; સપાટી ઉપર પડેલો નાનો ખાડો. :–ખાડો ખચકો, ખાંચોખચકો. આ શબ્દ ખાડા કે ખાંચાની સાથે વપરાય છે, એકલો વપરાતો નથી. (વચકોની માફક. :–વાંધોવચકો.)

ખચખચવું, ક્રિ૦ અ૦ ખચખચ થવું; ખીચોખીચ ભરાવું; ભિડાવું; ભરપુર ભરાવું. :–નગર ભર્યું છે ખચખચી, રાયે મંડપ રચના રચી.

ખચખચાવવું, ક્રિ૦ સ૦ ખચખચ થાય એમ કરવું; હલાવવું; ખટખટાવવું.

ખચરી, સ્ત્રી૦ ખચ્ચરની માદા.

ખચરું, વિ૦ ખચ્ચર જેવું; ખરાબ; માઠું. (જુવાનમરણું) ઉ૦ લુગડાં કાઢીને બહાર આવો, નાતમાં ખચરું થયું છે. નર્મ. (૨) ઘરડું અથવા શરીરે ખળખળી ગયેલું; નિર્માલ્ય ઘોડું; ટટ્ટુ.

ખચાખચ, અ૦ ખચ ખચ એમ; ભચાભચ; કચકચ. (૨) ખીચોખીચ; ભિડાતું હોય એમ; સજડાસજડ.

ખચાખચી, સ્ત્રી૦ ધમ્મંધમ્મા; ભીડાભીડ; ગીરદી. (૨) અ૦ નક્કી; જરૂર; ખામુખાં; ખરેખર.

ખચિત, વિ૦ [સં.] કોઇ વસ્તુમાં બેસાડેલું; જડેલું; મઢેલું; ઠોકીને સજડ કરેલું. ઉ૦ હેમ હીરો ખચિત નિધાન; રત્નજડિત કટિમેખળા.

ખચીત, અ૦ નક્કી; જરૂર; અચૂક; અવશ્ય; ખરેખર; ખાતરીપૂર્વક.

ખચીતાઈ, સ્ત્રી૦ નક્કીપણું.

ખચુકખચુક, અ૦ આમતેમ નીચું ઉંચું થતું અને ડગમગતું હોય તેમ; ખદુકખદુક; ઢચુકઢચુક; થોડું થોડું ઉછળતું અને હેલા ખાઇખાઇને ચાલતું હોય એમ. ઘોડા

ગધેડાની ધીરી, ઉતાવળી અને ડગમગતી ચાલને માટે આમ બોલાય છે.

ખચોખચ, અ૦ ખચ ખચ એવો ઉપરા ઉપરી અવાજ નીકળે તેમ; ભચોભચ. (૨) ખીચોખીચ; સજ્જડાસજ્જડ.

ખચ્ચર, ન૦ [फा.] ઘોડી ને ગધેડાથી અથવા ગધેડી અને ઘોડાથી ઉત્પન્ન થયેલું બેઉને ઘાટમાં થોડું થોડું મળતું મિશ્ર જાતિનું પ્રાણી; જુદી જુદી જાતનાં નરમાદાથી પેદા થયેલું પશુ; હલકી જાતનું ઢોર. આ પ્રાણી ગધેડાની માફક ભાર ઉપાડવાના કામમાં આવે છે. લશ્કરમાં એની મોટી મોટી પોઠો રાખવામાં આવે છે. યુરોપ અમેરિકામાં માંસનો વેપાર કરનારાઓ બકરાં, ઘેટાં અને ભુંડ વગેરે પ્રાણીઓમાંથી ઘણી ખચ્ચર જાતો ઉત્પન્ન કરે છે, કારણ કે, તે મિશ્ર પ્રાણીઓ બહુ માંસવાળાં થાય છે. એમ કહેવાય છે કે, ખચ્ચરમાં નરમાદા હોય છે, પરંતુ તેઓ પોતાની ઓલાદ વધારી શકતાં નથી. ક્રિ૦ પ્ર૦ ખચ્ચર થવું=બુરું થવું; ખોટું થવું; ખરાબ થવું. :-તારું ખચ્ચર થાય, તેં આ શું કર્યું? ખચરું=નિર્માલ્ય પ્રાણી; તવાઇ ગયેલું નિર્બળ ઘોડું કિંવા ગધેડું. (૨) માઠું; નઠારું; ખોટું. (જુવાનમરણું)

ખજવાળ, જુ૦ ખંજવાળ.

ખજાનચી, પું૦ [फा. ख़ज़ानेह्] નાણાં લેવા દેવાની અને સંભાળવાની ફરજ જેને માથે હોય તે; ખજાનાનો ઉપરી; કીલીદાર; તિજોરર; ભંડારી; મુનીમ; મહેતો; જામદાર; કોશાધ્યક્ષ; કોષાધિપતિ.

ખજાનો, પું૦ [अ.] પૈસો; ધન; દોલત; ગર્થ. (૨) ધન મૂકવાની જગા; ભંડાર; નિધિ; જામદારખાનું. (૩) અંડગોળી; ધાતુસંગ્રહાશય. રૂ૦ પ્ર૦ અક્કલનો ખજાનો=મૂર્ખ; બેવકુફ. ખજાને ખોટ આવવી=ખૂટવાનું નથી, અઢળક છે, એવા અર્થમાં વપરાય છે. એક દુનિયાંનો ખજાનો=અનેક દુનિયાં એટલે કે, જન્મ છે માટે એકાદ જન્મમાં સારી સ્થિતિ પ્રાપ્ત થઈ હોય તો તેનું અભિમાન કરવું નહિ, અર્થાત્ ધનનો ગર્વ કરવો નહિ. કહે૦ શેઠ આવ્યા તો કહે નાંખો ખજાને=કોઇની કિમ્મત જ નહિ. ખજાને પાઈ અને વહુનો ભાઈ, એનો શો હિસાબ=ખજાનામાં પાઇ આવી તોય શું અને ગઈ તોય શું? તેમ વહુનો ભાઈ આવ્યો તોય શું અને ન આવ્યો હોય તોય શું, એની કંઈ ગણતરી જ નહિ, એવા અર્થમાં વપરાય છે. ક્રિ૦ પ્ર૦ ખજાને પડવું=બંધાઈ જવું; ઠેકાણે પડવું. ૨ આવ્યા ત્યારે આવ્યા, ને પછી કોઈ ભાવ પણ ન પૂછે એવું થવું; ખુણે પડવું; હીલચાલમાંથી અલગ થઈ જવું.

ખજીના, પું૦ [फा.] હથિયાર ભરવવાની ખોલ કે બાકાવાળો પટો; જેમાં હથિયાર ભેરવાય છે તે બાકું; નાકું; ઘર.

ખજીનો, પું૦ મીઠું પકવવાને દરિયાનું પાણી એકઠું કરવાનો મોટો ખાડો; કયારડો. રાજકાજશબ્દાર્ણવ.

ખજુર, ન૦ [सं. खर्जूर] ખૂબ પાકેલી ખારેક; પાકી ગયેલી ખારેકો સુકવીને બનાવેલો લીસો મેવો. ખજુરીનાં તૈયાર થયેલાં પણ પાકી નહિ ગયેલાં ફળને સુકવવાથી ખારેકો અને ખૂબ પાકી ગયેલાં ફળને સુકવવાથી ખજુર થાય છે. સારું ખજુર અરબસ્તાનથી આવે છે.

ખજુરી, સ્ત્રી૦ તાડ અને નાળિયેરીના જેવું એક ઝાડ, કે જેને ખજુર અને ખારેકો થાય છે. આનાં પાંદડાંનાં છટિયાંની સાવરણીઓ અને સાદડીઓ બને છે. (૨) જુવાર અને બાજરી વગેરેનાં કણસલાંમાંથી ઉડતી ઝેણ; એની અસરથી આવતી ચેળ; ખુજલી. ખજુરી ભાત=ખજુરીના થડ ઉપર તેનાં પાંદડાં ખરી

જાઇને પડેલી જેવી ભાત હોય છે તેવી ભાત, અથવા તરેહ તે:—ખજુરી કોરનું પીતાંબર. ખજુરીના થડને છેદતાં તેમાંથી પાણી ઝરપે છે. એ તાજા પાણીને નીરો અને તેની ઉપર ખમીર ચઢેલા ફીણવાળા પાણીને તાડી કહેવામાં આવે છે. હલકી વર્ણના લોકો કેફીપીણા તરીકે તાડી પીએ છે. તાડીને કેટલાક દિવસ તડકે રાખી મૂક્યાથી તેનો સરકો બને છે. બંગાળ તરફ ખજુરીના રસનો ગોળ અને સાકર પણ બને છે

ખજુરું, ન૦ (ખજુરાં) ખજુરીની જાતનું નાનું ઝાડવું; દરિયા કિનારો તરફ ભીની જમીનમાં ખજુરાં એની મેળે ઉગી નીકળે છે. એને છેદી તેમાંથી તાડી કાઢવામાં આવે છે. સુરત અને થાણા જિલ્લામાં ખજુરાં ઘણાં થાય છે. આ શબ્દ ઘણું ખરું બહુ વચને વપરાય છે. :—ખજુરાંનાં ઝાડ.

ખટ, વિ૦ [સં. षट्] છ; ૬.:—ખટરસ. (૨) પું૦ સવારમાં ગવાતા એક રાગનું નામ

ખટક, સ્ત્રી૦ [સં. क्षत] ખટકવું તે; ખુંચવું તે; નાખુશી; ચણચણાટ; નહિ ગમતું થવાથી થતી લાગણી. ઉ૦ जीसका मनमें खटक थी वो हि अटक रहै. ભાષા. (૨) રહી રહીને કાંકરીની માફક ખુંચવું તે; સણકો; પીડ; ખટકો; દુ:ખ. :—આંખની ખટક. (૩) ચાનક; ખંત; કરવાનું છે એવી ફીકર.

ખટકખટક, અ૦ ખટખટ એમ થવું તે; અફળાવાથી થતો એવો અવાજ. :—આ ખટક ખટક શું થાય છે? બારણું. ક્રિ૦પ્ર૦ખટક ખટક થવું=ખટખટ એવો અવાજ થાય તેમ અફળાયા કરવું. વારંવાર રહીરહીને મનમાં ખુંચવું, લાગણી થયા કરવી તે.

ખટકરમ, ન૦ [સં. षट्कर्म] યજન, યાજન, અધ્યયન, અધ્યાપન, દાન અને પ્રતિગ્રહ, એ છ કર્મ તે; ધર્મશાસ્ત્રે બ્રાહ્મણને અવશ્ય કરવાને બતાવેલાં કર્મ તે. હાલ સંધ્યા પાઠ પૂજા વગેરે બ્રાહ્મણનું જે નિત્યકર્મ કહેવાય છે તે. (ખટકર્મ.)

ખટકવું, ક્રિ૦ અ૦ કાંકરીની માફક રહી રહીને ખુંચવું; અંદરથી લાગવું; પીડા થવી; સાલ્યા કરવું; ખટખટ થવું. (૨) શોક થવો; ચિંતા થયા કરવી; પશ્ચાત્તાપ થવો; લાગણી થયા કરવી.

ખટકો, પું૦ [સં. क्षत] એકદમ આઘાત થયો હોય એવી પીડા થવી તે; ઝાટકો લાગવો તે; સણકો લાગવો તે; ખુંચવું તે. (૨) અડચણ; હરકત; નડતર; બાધ; પ્રતિબંધ. (૩) ચાનક; ખંત; કાળજી. (૪) વહેમ; શક; ખતરો; દગદગો; વસવસો; શંકા. ઉ૦ વાત કરીને વિપ્રજ ગયો, ખાતરીને મન ખટકો થયો. શામળ. ક્રિ૦પ્ર૦ ખટકો થવો= આંખમાં ઓચિંતું ખુંચવું. ૨ ચિંતા થવી. ૩ વહેમ પડવો. ખટકો રાખવો=કાળજી અર્થાત્ કાર્ય કરવાની ચિંતા રાખવી; દગદગો રાખવો; મનમાં ખુંચ્યા કરે એમ રાખવું.

ખટખટ, સ્ત્રી૦ સામ સામે બે વસ્તુઓ અફળાવાથી થતો અવાજ. (૨) હરકત; નડતર; અડચણ. (૩) કજિયો; પંચાતી; સામ સામે બોલવું પડે એવું જે તે; ચોળાચોળા; માથાકુટ; ખટરાગ; તકરાર.

ખટખટારો, પું૦ ખટખટ થવું તે; બડબડાટ; બકવાદ. પંચાતી;માથાઝીક;તકરાર;માથાકુટ.

ખટચક્ર, ન૦ [સં. षट्चक्र] યોગશાસ્ત્ર પ્રમાણે શરીરમાંનાં છ ચક્ર. ૧ મુર્દ્ધચક્ર, ૨ કંઠચક્ર, ૩ અનાહતચક્ર, ૪ મણિપૂરચક્ર, ૫ લિંગચક્ર અને ૬ આધારચક્ર.

ખટદર્શન, ન૦ [સં. षड्दर्शन] હિંદુઓના તત્ત્વજ્ઞાન સંબંધી જુદા જુદા જે છ મત તે. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત. બૌદ્ધ, જૈન, અને નાસ્તિકોના મતનાં પણ બીજાં દર્શનો છે.

ખટપટ, સ્ત્રી૦ રાજદરબારી કામકાજમાં આમ તેમ ચાળવણીથી કામ કરવું તે; યુક્તિ પ્રયુક્તિથી કાર્ય સાધી લેવાની હીલચાલ કરવી તે. (૨) જંજાળ; પંચાતી; હલામણ; કડાકુટ, મહેનત; પ્રાપંચિક ગોઠવણ. (૩) દાવપેચની જાળ; ગુંચવણ; મુશ્કેલી. (૪) તકરાર; કજિયો; લડાઇ.

ખટપટવું, ક્રિ૦ અ૦ ખડવુંપડવું; ખડખડવું; અથડાવું; ખટપટ થવી; યુક્તિ પ્રયુક્તિ ચાલવી; જોસમાં વધવું; ગુંચવાવું. ઉ૦ ખટપટને ખટપટવા દે, તું અળગો રહીને પ્રીછી લે, જંગી ઢોલ ઘણાં ગગડે ત્યાં, ઝીણી વાત કાને ન પડે. નર્મ. આ ક્રિયાપદ ઝાઝા ઉપયોગમાં નથી.

ખટપટિયું, વિ૦ જેને ખટપટ કરવી ગમતી હોય એવું; ખટપટી; કારસ્તાની; તરકટી; પ્રપંચી; જંજાળી; વ્યવસાયી; ધાલમેલિયું. (૨) જેમાં ખટપટ કરવી પડે એવું; કડાકુટિયું. ખટપટવાળું. (કામ)

ખટપટી, વિ૦ ખટપટ કરે એવું; ખટપટિયું.

ખટપદ, પું૦ [સં.] છપગું; જેને છ પગ હોય એવું પ્રાણી; ભમરો, કરોળિયો, વગેરે.

ખટબાકી, સ્ત્રી૦ જે બાકી (મહેસુલમાંનું બાકી લહેણું) વસુલ આવે એવી ન હોય તે બાકી. રાજકાજ શબ્દાર્ણવ.

ખટમધુરું, વિ૦ સ્વાદે કંઇક ખાટું અને કંઇક મીઠું હોય એવું; ખાટુંમીઠું; ખાટામીઠા મિશ્ર સ્વાદનું; ખટમધુર.

ખટમલ, પું૦ [સં. खट्वा+मल] ખાટલાનો જીવ; માંકણ. રૂ૦ પ્ર૦ રાણીનો ખટમલ=રાણીની હિમાયત કરનારો માણસ. નરલશા હીરજી, રાણીનો સાળો, રાણીનો ખટમલ, એવા પ્રયોગ હલકા લોકો વાંકામાં વાપરે છે. નર્મ.

ખટમાસી, વિ૦ [સં. षण्मासी] છ-છ માસ રહે એવું; છમાસિક; છ મહીનાની ઉંમરનું. છ મહીને ફળે અથવા નાશ પામે એવી વનસ્પતિ માટે વપરાય છે.:–ખટમાસી ફાલ. વળી વર્ષાયુ ફૂલઝાડને માટે બારમાસી, એમ કહેવાય છે, તેમ છ-છ મહીને જેની પુનરાવૃત્તિ થતી હોય એવું.

ખટમીઠું, વિ૦ ખાટા અને મીઠા મિશ્ર સ્વાદનું; ખટમધુરું. :–ખટમીઠું દહિં.

ખટરસ, પું૦ [સં.] છ સ્વાદ તે. :–ખાટો, ખારો, કડવો, તુરો, તીખો અને મીઠો. જિહ્વા ઇંદ્રિયથી ગ્રહણ કરાય એવા છ પ્રકારના સ્વાદુરસ તે. ખટરસ ભોજન=જેમાં છએ જાતના સ્વાદ હોય એવું જમણ. (૨) અેબનાવ; વાંકું પડવું તે; અણુબનાવ.

ખટરાગ, પું૦ [સં. षड्राग] ગાવાના મુખ્ય છ રાગ તે. ભૈરવ, માલકોશ, હિંદોળ, શ્રીરાગ, કેદાર અને મલ્હાર. ગીતરત્નાકરમાં છ રાગ આ પ્રમાણે છે. :–શ્રીરાગ, વસંત, ભૈરવ, પંચમ, મેઘ, અને બૃહન્નાટ. (૨) કજિયો; ટંટો; અણુબનાવ. (૩) ખટપટ; જંજાળ; સંસારઉપાધિ.

ખટરાગી, વિ૦ જેને જંજાળ હોય તે; જંજાળી; સંસારની માયામાં લપટાયેલું; સાંસારિક વ્યવસાયવાળું. (૨) કજિયાખોર; પંચાતિયું; ખટરાગ ટંટો ખટપટ કરે એવું; ધાંધલિયું; માથાકુટિયું.

ખટલો, પું૦ માણસના જીવનના વ્યવહારની જરૂરિયાતોને માટે જોઈતું તમામ તે; સ્ત્રી, નોકર, ઢોર, અને સરસામાન વગેરે સર્વ; મુસાફરી કરતા અમલદાર કે મોટા માણસની સાથે રહેતો સર્વ ધરવાખરો. (સામગ્રી વિશેષ.) (૨) કુટુંબ કબીલો. (૩) (મરાઠી પ્રમાણે) મુકરદમો; કજિયો; ફરિયાદ.

ખટવવું, ક્રિ૦ સ૦ ખાટું કરવું; ખટાશ ચઢાવવી. હાથીદાંત અને બીજી કેટલીક વસ્તુઓને સારો રંગ ચઢાવવા માટે ખટવવી પડે છે. (૨) રળાવવું; કમાવરાવવું. મુંબાઈ તરફ મેમણો અને કચ્છીઓ વગેરે બોલે છે.

ખટવું, ક્રિ૦ સ૦ કમાવું; ખાટવું.

ખટશાસ્ત્ર, ન૦ [સં.] આર્યોના તત્ત્વજ્ઞાનના છ માર્ગ; છ દર્શન ગ્રંથો. કપિલનું સાંખ્યશાસ્ત્ર, (આનો મત પુરુષ અને પ્રકૃતિથી તત્ત્વોની ઉત્પત્તિ અને તત્ત્વોથીજ જગત. ઈશ્વર જેવું કંઈ નહિ.) પતંજલિનું યોગશાસ્ત્ર. (સાંખ્યના અનીશ્વર વાદનું ખંડન કરી ઈશ્વર છે એમ બતાવવું, અને તેની સાથે કેમ જોડાવું તે.) ગૌતમનું ન્યાયશાસ્ત્ર. (કાર્યરૂપ જગતથી કારણરૂપ ઈશ્વરની તપાસ ચલાવવાની રીત તે.) કણાદનું વૈશેષિક ન્યાયશાસ્ત્ર. (અત્યંત સૂક્ષ્મ પરમાણુઓમય બધું છે અને પરમાણુઓના જોડાવાથી અને છુટા પડવાથી બધું થાય છે.) જૈમિનિનું પૂર્વ મીમાંસાશાસ્ત્ર. (વૈદિક કર્મોજ વિધિ પ્રમાણે કરવામાં આવે તો તે બસ છે.) વ્યાસનું ઉત્તર મીમાંસાશાસ્ત્ર. (બ્રહ્મ એજ સત્ય છે અને જગત મિથ્યા છે.) આ છ દર્શનો કહેવાય છે અને વિદ્યાઓ ચૌદ વા અઢાર ગણાય છે. નિયમસર અમુક વિષયનું જેમાં નિબંધન કરેલું હોય તે શાસ્ત્ર કહેવાય છે.:–ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામ-શાસ્ત્ર; શિલ્પશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, ને છંદ-શાસ્ત્ર, વગેરે.

ખટાઈ, સ્ત્રી૦ ખટાશ; ખાટાપણું; ખાટો રસ તે.

ખટાઉપેદાશ, સ્ત્રી૦ હરાયાં ઢોરોની હરાજીમાંથી જે પેદાશ થાય તે. રાજકાજશબ્દાર્ણવ.

ખટાખટ, સ્ત્રી૦ ખટખટ થવું તે; ખટપટ. (૨) વારંવાર ખટખટ થયા કરવું તે.

ખટાટોપ, પું૦ [સં.] થોડાનો ઘણો મોટો દેખાવ કરવો તે; ભારે ભભક બતાવવી તે; દંભ; દમામ ભર્યો ખાલી દેખાવ. (સાપની ફેણ માફક મોટો દેખાવ કરી બતાવવો તે. [फटाटोपः–×फटाटोपो भयंकरः]

ખટાપટી, સ્ત્રી૦ ખટખટ થવું તે; ખટપટ; તક-રાર; કજિયો.

ખટારો, પું૦ ભાર ભરવાનું ગાડું; ખીજગાલ્લું. (મુંબાઈ તરફ.) (૨) ઘરવાખરાનો જુનો ભાગ્યોટૂટયો સરસામાન તે. (૩) જંજાળ; ખટપટ; કટકટ; માથાઝીક. (૪) બડબડાટ; પાછળથી પંચાત કરવી તે. (ખટારો એમ નહિ પરંતુ ખટખટારો એમ બોલાય છે.)

ખટાવવું, ક્રિ૦ સ૦ ખાટું થાય તેમ કરવું; ખટાઇ ચઢાવવી; ખટવવું. :–વાસણ આમલીથી અને હાથીદાંત લિંબુથી ખટાવાય છે. (૨) ફાયદો કરાવી આપવો; રળાવવું; કમાવરાવવું.

ખટાવું, ક્રિ૦ અ૦ ખાટું થવું; ખટાઇ ચઢવી. (૨) કમાવું.

ખટાશ, સ્ત્રી૦ ખાટોસ્વાદ તે; ખાટાપણું; ખટાઇ.

ખટુમડું, વિ૦ થોડુંક ખાટું; ખટાશ ઉપર હોય એવું; સહેજસાજ ખાટું હોય એવું.

ખટ્ટું, વિ૦ [હિં.] ખાટું. ક્રિ૦ પ્ર૦ ખટ્ટું થઈ જવું=ઉતરી જવું; બગડી જવું; સ્નેહભાવ હોય તેમાં બગાડ થવો.

ખડ, ન૦ [दे. खड्डम्] વગર વાવ્યે ઉગી નીક-ળતી સળીદાર વનસ્પતિ; ચારો; લીલીચાર; ખેતરમાં ઉગેલું નિરુપયોગી ઘાસ; નીંદણ; કડબ (સુકું.) જુ૦ ખરડ. (૨) વિ૦ મોટું; જુનું; પાકટ; પારસ. :–ખડચંપો, ખડજાંબુ. વડીલનું વડીલ; વૃદ્ધથી વૃદ્ધ. :–ખડમામો.

ખડક, પું૦ [सं. खण्डक] જમીન અથવા પાણીમાં અમુક સપાટીની બહાર નીકળેલો પત્થરનો ટેકરો; પત્થર અથવા માટીની ધારદાર ભેખડ. પાણીમાંનું તળિયાથી ઉંચે અને જળની સપાટીથી થોડેક નીચે રહેલું અણીદાર ડુંગરી શિખર; ખરાબો.

ખડકલો, પું૦ એક એકની ઉપર મૂકેલી વસ્તુ-ઓનો ઢગલો; ઉતરડ; ખડકેલી વસ્તુઓનો જથો; ગંજી. (ખડ=ઘાસ ને કલ્લો=પંજામાં રહે એટલા ઘાસનો જથો; નાનો પુળો.)

ખડકવું, ક્રિ૦ સ૦ એક એકની ઉપર ગોઠવવું;

ઉપરાઉપરી ગોઠવવું; ચઢાવવું; સિંચવું; ઢગલો કરવો; ઉપરાઉપરી ભરવું.

ખડકી, સ્ત્રી૦ [સં. खडक्कि, દે. खडक्की] ઘરના મુખ્ય બારણા આગળનો જે પહેલો ખુલ્લો ખંડ તે; ડહેલી. (૨) પાંચ દસ ઘરોની આગળ બાંધેલી મોટા બારણાવાળી ડહેલી; દેવડી; શેરી; નાની પોળ. (પોળમાં ખડકી હોય પણ ખડકીમાં પોળ હોય નહિ.) :—ખડાયતાની ખડકી. (ખડાયતાઓનાં ઘરોનો એક નાનો બંધિયાર સમૂહ.) ફળિયું; નાની ગલી. (૩) ઘર; પોળ; એકાદ વાસ કે મકાનનું આગલું મોટું બારણું. :—ખડકી વાસવી.

ખડકું, ન૦ પત્થરનો નાનો કકડો.

ખડખડ, સ્ત્રી૦ ખડખડ એવો અવાજ; ખડખડવું તે; પતરા જેવી બરડ વસ્તુનો ખડખડાટ તે. ઉ૦ એવે ગરુડજી પાસે આવ્યા, ખડખડ પાંખો ખખડી. પ્રેમાનંદ. (૨) મોટેથી હસતાં નીકળતો કે થતો અવાજ; હસવાથી થતો અવાજ; અટ્ટહાસ્ય; બહુજ આનન્દ થયો હોય તેમ; મોટેથી. :—ખડખડ હસી પડયો. રૂ૦ પ્ર૦ ખડખડ જોગ=ખડખડ થાય એવો પ્રસંગ; લડાઇ ટંટાનો વખત; વારંવાર બોલાબોલી થયા કરે એવો સંજોગ. (ખડખડવું તે; ખડખડાટ; ખખડ.) (૩) તકરાર; જંજાળ; ઉપાધિ; પીડા; વાંધો; ટકટક; પંચાતી; માથાઝીક. :—પહેલાં એની ખડખડ કાઢો.

ખડખડભડભડ, સ્ત્રી૦ ખડખડવું અને ભડભડવું તે; ખટપટ; ખટરાગ; ગડબડ; વિડંબના; પંચાતી. વારંવાર ખડખડે અને ભટકાય તેથી જે ગડબડ થાય તે ખડખડભડભડ કહેવાય છે.

ખડખડવું, ક્રિ૦ અ૦ ધાતુ વગેરે વસ્તુઓના અફળાવાથી અવાજ નીકળવો; ખણખણવું; અવાજ થવો; ખડખડાટ થવો; વાગવું; બોલવું; શબ્દ નીકળવો. (ખડખડ, એમ થવું.) :—જુઓ આ રૂપિયો કેવો ખડખડે છે.

ખડખડાટ, પું૦ ખડખડ થવું તે; ખડખડ એવો અવાજ. (૨) અ૦ ખડખડ થાય એમ. :—ખડખડાટ હસ્યો.

ખડખડિયું, વિ૦ ખડખડ થાય એવું; વાગતું; ખડખડે એવું. :—ખડખડિયું નાળિયેર. ખડખડિયા પૂરી. (સુકવીને તળેલી.) (૨) ના૦ ખડખડે એવું જે તે; ઝાંઝ. :—ગાલ્લીનાં ખડખડિયાં=ઝાંઝો. (૩) નોકરી ધંધા ઉપરથી રૂખસદ મળવી તે; રજા આપવી તે, કાઢી મૂકવું તે. :—શેઠને ત્યાંથી તો એને ખડખડિયું મળ્યું.

ખડગ, જુ૦ ખડ્ગ. (૨) ગેંડાના શિંગડાનું હાડકું. ખડગની વિંટી.

ખડગું, ન૦ એક જાતનું હિંસક પ્રાણી; રાની બિલાડાની જાતનું એક હિંસક પ્રાણી.

ખડચંપો, પું૦ પારસ ચંપો; ચંપાનું જુનું મોટું ઝાડ; મોટાં ફૂલનો ચંપો.

ખડણ, વિ૦ આખાં હાડકાંનું; જાણીબુજીને કામ ન કરે એવું.

ખડતલ, વિ૦ [સં. कष्टतर] કષ્ટ સહન કરી શકે એવું; સહનશીલ; ઘડાયેલું; રીઢું; મહેનતુ; ખરવાણ. (૨) તરણાને તોલે હોય તેવું; તુચ્છ.

ખડતાલ, સ્ત્રી૦ [સં. पट्+ताल.] છતાળ; જેમાં છતાળ હોય એવો રાગ. (૨) લાત; પાટુ. (૩) કરતાલ; કાંસીજોડાં; કીર્તનિયાં.

ખડતાળવું, ક્રિ૦ સ૦ [સં. खूर+ताड्] ગધેડા પાસે ખોદાવી નાખવું; ગધેડાની લાતોથી ઉખડી જાય એમ કરવું; જડમૂળથી ઉખાડી નાખવું. એમ કહેવાય છે કે, જે જમીન કે ખેતર ગધેડા પાસે ભેળાવી ખોદાવી નંખાવવામાં આવ્યું હોય તે ફરીને આબાદ થતું નથી.

ખડદાં, ન૦ ગચિયાં; થીજેલા લોચા. (૨) છિદ્ર; દોષ; ખોડ. :—એનાં ખડદાં કાઢયા કરે છે.

ખડધાન, ન૦ ઘાસની માફક એની મેળે ઉગી નીકળીને થયેલું અનાજ; હલકી જાતનું અન્ન.

ખડધામણી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ; મોટી ધામણી.

ખડધાયેલું, વિ૦ ખવાયેલું; કીડ લાગેલું; ખોતરાયેલું; ખાંડું; ગોબાયેલું. (૨) ખરડાયેલું; ઓઘરાળા પડ્યા હોય એવું; મેલું; ગંદું.

ખડધાલ, જુ૦ ખડધાયેલું.

ખડપવું, ક્રિ૦ સ૦ ભોંય ઉપરના ઘાસને મૂળમાંથી ઉખાડી લેવું; ખોતરી ખણી લેવું; ઉખાડવું.

ખડપું, ન૦ ભોંયપરનાં ઘાસનાં ચાટલાં ઉખાડી લેવાનું ઓજાર; ખરપડી; નાનો ખરપો; ખડપો.

ખડપો, પું૦ મોટી ખરપડી. (૨) તબેથો; ઝારો.

ખડબચડું, વિ૦ ખરબચડું; નહિ લીસું; કરકરું; ખાડાટેકરાવાળું સફાઇબંધ નહિ એવું.

ખડબડાટ, પું૦ અવાજ; ઘોંઘાટ; ગડબડ; ધિંગાણું.

ખડબાદાર, વિ૦ ખડબાંખડબાંવાળું; બંધાયેલું; સારી પેઠે જામી ગયેલું હોય એવું; દાદાર. :-ખડબાદાર દહિં.

ખડબુચ, ન૦ [सं. खर्बुजं] તડબુચ; કલિંગડ.

ખડબુચી, સ્ત્રી૦ ખડબુચની વેલ.

ખડબુચું, ન૦ ખડબુચ; તડબુચ.

ખડબું, ન૦ જામી ગયેલા પ્રવાહીનો લોચો; બંધાયેલા દહિંનો લોંદો; ઢેફું; ચોસલું;-દહિંનું ખડબું. (બ. વ. વપરાય છે. :-ખડબાદાર દહિં=સારી રીતે જામેલું દહિં.)

ખડભડ, સ્ત્રી૦ ખડખડભડભડ કરવી તે; ગડબડ; ખડખડાટ; ધાંધલ; સંક્ષોભ; ધમચકડ. ઉ૦ લખચોરાસીમાં જોઇ વળ્યો ભઇ, ખાલી ખડભડ ખોટી. ભાલણ. (૨) કજિયો; બોલાબોલી; કંકાસ. રૂ૦ પ્ર૦ ખડભડ જોગ=ટંટોફિસાદ થાય એવો પ્રસંગ; તકરાર ઉભી થવાનો સંભવ હોય એવો વખત.

ખડભડવું, ક્રિ૦ અ૦ ખડભડ થવી; ખડખડવું; પડવું અને અફળાવું. (૨) તકરાર થવી; બોલાબોલી અથવા લડાઇ ટંટો થવો.

ખડભડાટ, પું૦ ખડભડ થવું તે; ખડભડ; ગડબડાટ; ધાંધલ. (૨) ખડવાનો ને ભિડાવાનો અવાજ; પડવા અને અફળાવાનો અવાજ; ખડખડાટ.

ખડબ્રહ્મી, જુ૦ બ્રહ્મી.

ખડમાકડી, સ્ત્રી૦ [सं. खड+मर्कटी] લીલા ઘાસમાં થતું લીલા રંગનું અને ઘાસ જેવા અવયવોવાળું જીવડું.

ખડમોસાળ, ન૦ મામાનું મોસાળ તે; બાપનું અથવા માનું મોસાળ તે.

ખડવું, ક્રિ૦ અ૦ કંઇ આડે આવવાથી અથવા ઠોકર વાગવાથી પડવું; ઉતરી જવું; સરી જવું; અખડાવું. (૨) ક્રિ૦ સ૦ લગાડવું; ચોપડવું; સંડોવવું. જુ૦ ખરડવું.

ખડસલ, પું૦ મકાનનો પાયો;દિવાલની તટબંધી.

ખડસલિયો, પું૦ એક જાતની વનસ્પતિ; પીતપાપડો.

ખડંગ, અ૦ (ખડિંગ) ખડવાથી કે પડવા અફળાવાથી ધાતુમાંથી નીકળતો એવો અવાજ; ખડિંગ; ખણખણ થાય તેમ.

ખડા, પું૦ જોડાનો પાની આગળનો ઉભો ભાગ; ખરો. ક્રિ૦ પ્ર૦ ખડા ચઢાવવા=પગમાંથી નીકળી ન જાય તેમ જોડા પહેરવા.(૨)તૈયારી કરવી; મરદાનગીનું કામ કરવાને તત્પર થવું; ખરા વાળવા. (૩) ચાખડિયો; પાવડી; લાકડાનું પગરખું. :-સ્નાન પછી બ્રાહ્મણો ખડા પહેરે છે.

ખડાઇ, સ્ત્રી૦ વાછડી; રેલી. (૨) કોઈ બહાનું કાઢીને અલગ રહેવું તે; શઠતા; જાણીજોઇને કામ નહિ કરવું તે.

ખડાઉ, ન૦ પાવડી; ચાખડી. (૨) સુકું ઘાસ.

ખડાઉતાર, વિ૦ ખડા ઉતારતાં વાંત જેનાં નાણાં આપવાં જ જોઇએ એવી તરતની મુદતની (હુંડી.):-ખડાઉતાર હુંડી આપું તો કેમ?

ખડાઉપાડ, વિ૦ ખડાદાર; ઉભા ખડાનો (જોડા)

ખડાખડ, અ૦ રહી રહીને ખડખડ ખડખડ થાય તેમ; ઉપરાઉપરી ખડખડતું હોય તેમ; ખડખડ.

ખડાસ્ટકું, ન૦ [સં. षट्+अष्टक] છ અષ્ટકવાળો યોગ; જ્યોતિષ પ્રમાણે જે બે માણસો વચ્ચે આ છ અષ્ટકનો ગોગ આવતો હોય તેમને બને નહિ, તે ઉપરથી આનો રૂઢ અર્થ અણબનાવ; વિરોધ; સામીપ્રીત, એવો થાય છે.

ખડિયાખડખડ, સ્ત્રી૦ ખડી અને ખળખળી ગયેલું હોય એવું જે તે; બિરમાર હાલતમાં આવી ગયેલું હોય તે; ખંડેર. (૨) પંચાતી; જંજાળ; કટકટ; માથાઝીક. (૩) વિ૦ સખળડખળ; બિસ્માર.

ખડિયું, જુ૦ ખરડિયું. (૨)જોટડું; જુવાન ભેંશ.

ખડિયો, પું૦ શાહી રાખવાનું નાનું પાત્ર; દોત. (ન૦) ખડિયો અને કલમ બેઉ તે; દોત લેખણ, લખવાનું સાહિત્ય; ખડિયોલેખણ. (૨) બે ત્રણ પડની ખાનાંવાળી ખલેચી; ઝોળી.કોથળો; ખલતો; વાટવો. (બ્રાહ્મણનો ખડિયો)

ખડિયોખાર, પું૦ ખડીના જેવો ધોળો ખાર; ટંકણખાર.

ખડિયોવાઘ, પું૦ જેના શરીર ઉપર ખડીના જેવા ધોળા ચટાપટા હોય એવો નાનો વાઘ; દીપડો.

ખડી, સ્ત્રી૦ [સં. खटिका] ઉજળી ધોળી માટી; ચાક જેવી સફેત માટી. (૨) પત્થરનો ભંગાર; નાના નાના કાંકરા. (રસ્તા બનાવવાના કામમાં આવે છે તે) (૩) વગર વિયાયેલી ભેંશ; જોટડી.

ખડું, વિ૦ ઉભું; ટટાર; સ્થિર રહેવું તે. (૨) હાજરનું હાજર; તત્પર; તૈયાર. ક્રિ૦ પ્ર૦ ખડું કરવું=ઉભું, રજુ કરવું; આણીઆપવું; નવી બનાવટ બનાવવી. રૂ૦ પ્ર૦ ખડી સ્વારી=ઉભેઉભે કામ લેવું તે; જાતે.

ખડેઘાટ, વિ૦ ટટાર; અક્કડ; કડક; અનમ્ર; મગરૂર. (૨) અ૦ તત્પર; સજ્જ.

ખડેચોક, અ૦ (છડેચોક) ખુલ્લી રીતે; જાહેર રીતે; ચોકીદારો ખડા હોય તેમની વચ્ચેથી; ચોરી છુપીથી નહિ તેમ.

ખડેજોડે, અ૦ ઉભેઉભે; જોડા ઉતારવાની પણ જરૂર ન પડે તેમ; તાબડતોબ; ચઢેઘોડે.

ખડેલું, વિ૦ ખરીને પડી ગયેલું; ખરી પડેલું; ભાગીને પડી ગયેલું.

ખડો, પું૦ પાની આગળનો જોડાનો ઉંચી ઉંચી કિનારનો ભાગ; ખરો. (૨) કુકડાં કબુતર વગેરે પંખીઓને રાખવાનું પાંજરું; વાડોલિયું; કુકડખાનું. :-કુકડાંનો ખડો.

ખડ્ગ, ન૦ [સં.] તરવાર; સમશેર (૨) ગેંડાનું શિંગડું.

ખણ, સ્ત્રી૦ [સં. खन्] ખણવું તે; ખણુજ; ચેળ; વલુર. (૨) [સં. क्षण] ચાર સેકંડ જેટલો કાળ; પળ; ક્ષણ. (૩) કબાટ કે ટેબલનું ખાનું. નર્મ.

ખણકો, પું૦ ધાતુનો અવાજ; રણકો; રણકારો. (૨) સોય ભોકાયા જેવી જે પીડ તે; ગુમડાનો પાક થતાં તેની અંદર થતી તીવ્ર પીડા; શૂળના ભોક જેવી ઓચિંતી વેદના; ખટકો, (આંખનો)

ખણખણ, અ૦ ધાતુમાંથી નીકળતો એવો અવાજ; ખણખણાટ તે; ખણખણવું તે. :- રૂપિયા ખણખણ થાય છે. ક્રિ૦ પ્ર૦ ખણખણ થવું=ખણખણવું; ખડખડવું; ધાતુના પાત્રનો અવાજ થવો તે.

ખણખણવું, ક્રિ૦ અ૦ ખણખણ, એવો અવાજ થવો; વાગવું; ખડખડવું; ધાતુમાંથી ખણ-ખણ એવો અવાજ નીકળવો.

ખણખણાટ,પું૦ખણખણવું તે; ધાતુનો અવાજ; ખણખણ એવો અવાજ. (ચાંદી ને કાંસા વગેરેનો)

ખણખણિયાં, ન૦ (ખણખણિયું) ખણખણ ખડખડે એવી પાતળી ધાતુની તકતીઓ; કાંસાનાં વાગે એવાં પતરાંની જોડ; કાંસી જોડાં. (ગાડીનાં રથનાં વગેરે) (૨) ખડખડે

એવી આકરી તળી કાઢેલી પૂરીઓ; પાપડ; કાચલી, વગેરે.

ખણુખણું, વિ૦ ખણુખણે, અથવા ખડખડે એવું; ખરું; ખૂબ શેકાયેલું; ગરમીથી ખડખડે એવું થઈ ગયેલું.

ખણુખોજ, સ્ત્રી૦ (ખણુખોત) બારીક તપાસ; ખણુખોતર; ઉપર ઉપરની નહિ, પણ ઉંડા ઉતરીને બારીકીથી તપાસ કરવી તે.

ખણુખોતર, સ્ત્રી૦ [સં. खन्=ખણવું] ખણવું અને ખોતરવું તે; તપાસીને બારીકીથી જોવું તે; ખણુખોજ; ઉલટસુલટ તપાસ; અથેતિ પડપુછ.

ખણુજ, સ્ત્રી૦ ખણવું તે; ખંજવાળ; ખણ; ચેળ; વલુર.

ખણવું, ક્રિ૦ સ૦ [સં. खन्] ઉપર ઉપરથી ઉખાડવું; ઉઝરડવું; ખોતરવું; ઉપરથી ઉખડે એમ કરવું. :—જમીન ખણવી. (૨) ખણજ મટે એમ કરવું; વલુરવું. :—માથું ખણવું. (૩) ઉંડું ખોદકામ કરવું; ખોદવું. :—કુવો ખણવો. (૪) ચુંટવું; ચીમટી ભરવી; તોડવું. :—ચુંટી ખણવી.

ખણસ, સ્ત્રી૦ [દે. खणुसा] ખુન્નસ; ખાર; અંટસ; ચડસ. ક્રિ૦ પ્ર૦ ખણસે ભરાવું=ખાર રાખવો; ચડસે પડવું. (૨) ખંત; ભાવ; હોંસ; ઉમળકો. ઉ૦ ગુણ ને સ્વાદ તો ત્યારે પામે, જ્યારે ખણસે ખાય. દયારામ. (૩) વહેમ; શંકા; સંશય. (૪) ટેવ; આદત; બખ. (૫) હાજત

ખણસાવું, ક્રિ૦ અ૦ વહેમાવું; શંકાશીલ થવું; ખાલી શંકા કરવી. (૨) હાજત થવી.

ખણિક, જુ૦ ક્ષણિક.

ખણ, ન૦ [સં. क्षण] પળનો સાઠમો ભાગ; નિમેષ; ક્ષણ. ખણ માત્ર=લગારવાર. ખણ ખણ=ક્ષણેક્ષણ; વારંવાર; હરઘડી. ઉ૦ ખણખણ આવે યાદ.

ખત, ન૦ [અ.] લેખ; પત્ર; કાગળ; દસ્તાવેજ; લખાણ; ચિટ્ઠી. :—વેચાણખત; ગીરોખત. ક્રિ૦ પ્ર૦ ખત કરવું=લખત કરવું; દસ્તાવેજ કરવો. (૨) કરાર કરવો; સાટું લખી આપવું. ખત ફાટવું=સાટું રદ જવું; જોખમ જતું રહેવું; બંધનમાંથી મુક્ત થવું; મોટા ખરચમાંથી બચી જવું.

ખતપત્તર, ન૦ કરાર અને તેને લગતાં અથવા એવાંજ કિમતી કાગળિયાં; દસ્તાવેજો વગેરે તે; લેખી મુદ્દો.

ખતમ, અ૦ ખલાસ; સમાપ્ત. (૨) વિ૦ પુરું. (૩) સ્ત્રી૦ [અ.] આખર; છેડો; હદ; અંત. ક્રિ૦ પ્ર૦ ખતમ કરવું=પુરું કરવું; ખુટવાડવું. ખતમ થવું=ખલાસ થવું; અંત આવી જવો; (મરણ પામવું)

ખતરવટ, સ્ત્રી૦ [સં. क्षात्रियव्रत] ક્ષત્રિયોના જેવી કોઈ પણ ભોગે કાર્ય પુરું કરવાની આગ્રહવૃત્તિ તે; ક્ષત્રિય ધર્મ; ક્ષત્રિયની સાખ તે. ઉ૦ દેવું મરવું મારવું, ઝાલવી ખગગરી મુટ, કહ્યો કહે રે ઠક્કરો, વસમી ખતરિયાંવટ. (૨) અ૦ ક્ષત્રિયના જેવી વટથી; એક સરખા ઉત્સાહથી કોઇ પણ કામ પાછળ મચ્યા રહેવું તે. ઉ૦ પેલી કુમુદડી રાંડ મારી પાછળ ખતરવટ થઇને લાગી છે. સરસ્વતીચંદ્ર.

ખતરી, પું૦ [સં. क्षत्रिय] ક્ષત્રિય; ખત્રી; ગરાસિયો; રજપુત. (૨) સ્ત્રી૦ એક જાતિ; ક્ષત્રિય નામની અસલી હિંદુઓની ચાર જાતિમાંની એક જાતિ. હાલ કાપડ વણવાનો ધંધો કરનારી એક જાતિ અથવા નાત.

ખતરો, પું૦ [અ.] વહેમ; સંદેહ; શક; ડબકો; વાંધો. :—એણે ખતરો પાડયો. ક્રિ૦ પ્ર૦ ખતરો મટાડવો=ઝાડે ફરવા જવું. નર્મ.

ખતવણી, સ્ત્રી૦ રોજમેળમાંથી જુદે જુદે ખાતે રકમો લઈ જવી તે; ખાતવવું તે.

ખતવવું, ક્રિ૦ સ૦ રોજમેળમાં જુદે જુદે નામે ને ખાતે લખાયેલી રકમોને તે તે નામનાં જુદાં ખાતાં પાડી તેમાં લઈ જવી; ખાતાં પાડીને લખવું; ખાતે લઈ જવું.

ખત્તા, પું૦ (ખત્તો) ઠોકર; થાપ; ગોથાં; ધોકા. :–ખત્તા ખાશે ત્યારે ડહાપણ આવશે.

ખત્તો, પું૦ કામળો; ધાબળો.(ખત્તાનું એક વચન)

ખદખદ, અ૦ જાડા પ્રવાહીના ઉભરણમાંથી નીકળતો એવો અવાજ. :–ખીચડી ખદખદ થાય છે. (૨) ઉભરણને લીધે તળે ઉપર થવું અને પરપોટા થઈ થઈને ફૂટી જતાં એક તરેહનો અવાજ થયા કરવો એવી જે હાલત તે; ખદખદવું તે.

ખદખદતું, વિ૦ ખદખદ થતું હોય એવું; તાતું; ખદખદ એવો અવાજ કરતું.

ખદખદવું, ક્રિ૦ અ૦ ઉભરણ ચઢી પરપોટા થઈ ફૂટતાં બોલે એમ ઉકળવું; તળે ઉપર થવું. :–ખીચડી ખદખદે છે.

ખદડવું, ક્રિ૦ સ૦ દોડાવવું; તગેડવું; તગડાવવું; દોડતું જાય એમ કરવું; ફેરા આંટા ખવડાવવા. (૨) મહેનત આપવી. (ખદેડવું)

ખદડામણ, સ્ત્રી૦ આમતેમ વારંવાર દોડાદોડી થવી તે; તગડામણ; અથડામણ.

ખદડુકખદડુક, અ૦ ખદુકખદુક; ઢચુકઢચુક; ઝોલાં ખાતા ખાતા દોડવું તે; ખદુકખદુક થાય તેમ. (૨) ઘોડા ગધેડાની ધીરી ઉતાવળી દોડનું અનુકરણ રૂપ. :–ખદુકખદુક કરતા બીજે અને ત્રીજે દિવસે આ આવીને ઉભા રહ્યા !

ખદબદ, અ૦ તળેઉપર થતું અને સડતું હોય તેમ; કીડાઓનું ઉભરણ. (૨) વિ૦ ખદખદતું અને બદબદતું હોય એવું; કીડાઓથી ભરચક અને તેમના તળે ઉપર થવાથી ડળુકડળુક થતું એવું; ખૂબ સડી ગયેલું; જેમાં કીડા ઉભરાતા હોય એવું.

ખદબદવું, ક્રિ૦ અ૦ પાકના ઉભરણથી તળે ઉપર થવું; સડવું; કહોવું; ખદબદીને બદબદી જવું; કીડાઓનું ઉભરાવું; કહોઈ જવું; કીડથી ભરાઈ જવું. :–છોકરાંનાં માથાં કહોથી ખદબદી જાય છે. સડા અથવા કહોવાણને લીધે ઢીલું અને પોચું પડી જવું. :–બફારાથી કેરીઓ ખદબદી જાય છે.

ખદવું, ક્રિ૦ અ૦ પાછળ દોડવું; સાથે સાથે ચાલવું; ખેપ કરવી. ઉ૦ અનુભવી આગળ વાદજ વદે, ઉંટ આગળ જયમ પાળો ખદે; ઉંટતણાં આઘાં મેલાણ, પાળો તો છાંડે નિજ પ્રાણ. અખો.

ખદિર, પું૦ [સં.] ખેર; એક જાતનું મજબુત લાકડાનું ઝાડ.

ખદિરસાર, પું૦ [સં.] ખેરસાર; કાથો; ખેરનાં છોડિયાં ઉકાળી તથા ઠારીને કાઢવામાં આવતું સત્ત્વ.

ખદુકખદુક, જુ૦ ખદુકખદુક.

ખદેડવું, ક્રિ૦ સ૦ વારંવાર દોડાવવું; ફેરા આંટા ખવડાવવા. (૨) મહેનત કરાવવી. (૩) કાઢી મૂકવું. :–વહુને ખદેડી કાઢી, હાંકી મૂકી.

ખદ્દડ, વિ૦ ઘટ પોતનું; ધિંગું; ખદ્દડ; જાડું; ઘટ. (ખદડ જોરથી બોલતાં ખદ્દડ બોલાય છે)

ખદ્યોત, પું૦ [સં.] અંધારામાં જેના શરીરમાંથી પ્રકાશ ઝળકતો લાગે એવો ચોમાસાનો એક ઉડતો જીવડો; આગિયો; પતંગિયો. (૨) તારો; સુરજ, વગેરે.

ખધ્યા, સ્ત્રી૦ [સં. ક્ષુધા] ખાવાની તીવ્ર લાગણી; ભૂખનું જોર તે. (૨) ખાધાગળો.

ખનખન, સ્ત્રી૦ શંકા; હાજત. :–ઝાડાની ખનખન. (૨) ખંત; લાગણી.

ખનિત્ર, પું૦ [સં.] માટી ખાંપી નાખવાનું ઓજાર; પાવડો.

ખની, સ્ત્રી૦ [સં.] જમીનની અંદર ખોદવાથી પડેલો ખાડ; માટી, ધાતુ, પત્થર વગેરે પદાર્થ કાઢવાને જમીનમાં કરેલો ખાડો; ખાણ.

ખનીજ, વિ૦ [સં.] જમીન ખોદીને તેમાંથી કાઢવામાં આવતું હોય એવું; ખાણમાંથી ઉત્પન્ન થયેલું. :–ધાતુઓ, કોલસા, હીરા, પત્થર, ક્ષાર, અને તેલ, વગેરે જે કંઈ જમીનમાંથી મળી આવતું હોય તે બધું ખનીજ કહેવાય છે. :–ભરતખંડમાં ખનીજ દ્રવ્યનો મોટો ભંડાર છે.

ખપ, પું૦ [સં. ક્ષિ–ક્ષપ્] કોઇ પણ વસ્તુની બીજાને જે જરૂર તે; વસ્તુની માગણી; વાપરવાની અગત્ય; જરૂર; વાવર, ખપત; અગત્ય; આવશ્યકતા; વપરાશ; ઉપયોગ. (૨) તંગી; ખોટ; જેના વગર ચાલે નહિ એવી વસ્તુની ઓછપ. (૩) ઉપાડ; ઉઠાવ; ખપત. (૪) કામ; ઉપયોગ. ક્રિ૦ પ્ર૦ ખપ આવવું=માર્યા જવું; રણમાં પડવું; ઉપયોગી પડવું. ખપ લાગવું=કામ આવવું. ખપ જાગવો=માગણી થવી.

ખપજોગું, વિ૦ ખપ જેટલું; કામ સરે તેટલું; જોઇએ તેટલું.

ખપત, સ્ત્રી૦ ખપવું તે; વેચાણ; ઉપાડ; ઉઠાવ; વાવર; વપરાશ; ખપ; ઉપયોગ; જરૂર; અગત્ય; માગણી.

ખપતું, વિ૦ જેનું વેચાણ થયા કરતું હોય એવું; ચાલુ ખપતનું; વેચાતું. (૨) જરૂર જેટલું; જોઇતું; કામ જેટલું; રુચતું; ઘટતું. (૩) ઉપયોગમાં લઇ શકાય એવું; કામનું; ઉપયોગમાં આવે તેવું. :–બ્રાહ્મણને ખપતું રંધાવજો. (૪) વ્યવહારમાં આવતુ; વહેવારુ; ખપમાં લેવાય એવું. :–ખપતી કન્યાઓ.

ખપરડો, પું૦ વાંસની ચીપોની સાદડી; ઘાસનો પડદો; ટટ્ટી; ખપેડો.

ખપરેલ, વિ૦ નળિયેલ; ખપરડો નાખી નળિયાં ચઢાવેલું. (છાપરું)

ખપવું, ક્રિ૦ અ૦ [સં. ક્ષપ્] ખપ થવો; વેચાવું; વકરો થવો; વેચાણ થવું. (૨) ખરચાઇ જવું; વવરાવું; કામ આવવું. (૩) ગણાવું; લેખાવું; ગણતરી થવી; અંકાવું. :–વહેવારના જ્ઞાન વગર ઘણા વિદ્વાનો મૂર્ખમાં ખપે છે. (૪) કામ આવવું; ઘટતું થવું અથવા હોવું. :–બીજાનું રાંધ્યું બ્રાહ્મણને ખપે નહિ. (૫) ઇચ્છા હોવી; જોઇતું હોવું. :–તારે ખપે તે મારે ન ખપે.

ખપાટ, સ્ત્રી૦ વાંસની ચીપ; કામઠું. લાકડાનો પાતળો લાંબો પણ સાંકડો કડકો; ફાડ; ચીર; ચીપ. (૨) એક જાતનું ઝાડ.

ખપાટિયું, ન૦ ખપાટ; કામઠું; ચીપ; સરોડાની ચીપ.

ખપાડવું, ક્રિ૦ સ૦ ખપે એમ કરવું; ખપાવવું; વેચાય તેમ કરવું; વેચવું; વકરો કરવો. (૨) વાપરવું; વાવરવું; વાપરી દેવું.

ખપીજવું, ક્રિ૦ અ૦ ખપવું; વેચાઇ જવું; વકરો થઇ જવો. (૨) વપરાઇ જવું; ખૂટી જવું; કમી થવું; પુરું થવું. (૩) માર્યા જવું; અંત આવી જવો. ઉ૦ એક્કરશીએ ફરશુરામે, ક્ષત્રિયને ચકચુર કર્યા, રહ્યો ન જોધ્ધો એકે જીવતો, ખપ્પરમાં સૌ ખપી ગયા. પાર્ણાપત.

ખપુકલી, સ્ત્રી૦ ઝુંપડી. વિ૦ નાની સુકાયેલી; નાજુક.

ખપુષ્પ, ન૦ [સં.] આકાશકુસુમ; એક ખાલી કલ્પના. (વંઝ્યાપુત્ર અને ગંધર્વનગર જેવું)

ખપુસવું, ક્રિ૦ સ૦ ખાંડવું; ઝાપટવું.

ખપેડી, સ્ત્રી૦ (ખપરડી) ઉગતા કુંણા છોડ ખાઇ જનારું એક જીવડું. (૨) પોપડો; ગુંગું; છોડ.

ખપેડો, જુ૦ ખપરડો.

ખપોટી, સ્ત્રી૦ જમીનનું, લાકડાનું, રોટલાનું અથવા બીજી કોઇ પણ વસ્તુનું ઉપસી આવેલું પાતળું પડ; કપોટી; ભિંગડું; પોપડી. (૨) એક જાતની રેતી.

ખપોટું, ન૦ [प्रा. खप्पुरा] ભિંગડું; પડ; કપોટું; પાતળું છોડું. (ખપોડું)

ખપ્પર, ન૦ [सं. खर्पर] ઝેરી નાળિયેરનું હોડીના આકારનું ભીખ માગવાનું પાત્ર; ભિક્ષાપાત્ર. (૨) જેમાં આવેલું બધુંએ ખપી જાય એવું નાશકારક પાત્ર; (ચાચર) માતાનું ખપ્પર. ક્રિ૦ પ્ર૦ ખપ્પરમાં લેવું=મારી નાંખવા કે ખાઇ જવાને માટે પોતાના કબજામાં લેવું. (૩) નાશકારક જે કંઇ તે; સંહારકારક જે કંઈ તે.

ખફગી, સ્ત્રી૦ [फा.] અવકૃપા; ઇતરાજી; નાખુશી.

ખફા, વિ૦ [फा.] ઇતરાજ; નાખુશ; ચિઢાયેલું; ગુસ્સે થયેલું હોય એવું; ક્રોધાયમાન.

ખબકાવવું, ક્રિ૦ સ૦ ચોરી છુપીથી લઇ લેવું; ઓળવવું; ઉચાપત કરવું; ઉઠાવી જવું.

ખબડદાર, વિ૦ [फा.] ધણી બાબતોની માહિતી ધરાવનાર; માહિતગાર; હોંશિયાર; કાબેલ; બાહોશ; કુશળ. (૨) ગાંજ્યું જાય નહિ એવું; સાવધ; ચોકસ; નહિગાફેલ; સાવચેત. (૩) અ૦ સાવધાન; અવહિત; જાગરૂક; ધ્યાન કે સંભાળપૂર્વક. ઉ૦ ખબડદાર મનસુબાજી, ખાંડાની ધારે ચઢવું છે. હુકમ સંભાળીને રહેવાની તાકીદ આપવાનો ઉદ્ગાર. ઉ૦ ખબડદાર! જો આજથી ચૂકે, ઘર બહાર કદી પગ મૂકે. ભા. ના.

ખબડદારી, સ્ત્રી૦ ખબડદારપણું; સાવધાની; સાવચેતી. (૨) કાબેલિયત; હોંશિયારી; બાહોશી. (૩) સંભાળ; ઉપરીપણું.

ખબર, સ્ત્રી૦ [अ.] અજાણી નવી બાબત; નહિ જાણેલું જણાવું તે; જાણ; હકીકત; માલમ; વૃત્ત; વૃત્તાંત; બીના; સમાચાર. (૨) સંદેશો; પેગામ; કહેણ. (૩) ઉડતી વાત; અફવા; ગપ. (૪) છુપી હકીકત; બાતમી. (૫) ધ્યાન; લક્ષ; નજર; નીધા; સંભાળ. :—છોકરાંની ખબર રાખજો. (૬) ચેતવણી; જાહેર કરવું તે; જાહેર ખબર. (૭) જ્ઞાન; જાણ; માહિતી. વિ૦ માલમ; જાણમાં હોય એવું. ક્રિ૦ પ્ર૦ ખબર આપવી=જણાવવું; ખબર કરવી. ખબર કાઢવી=જોતા—જાણતા રહેવું. ખબર રાખવી=સંભાળ લેતા રહેવું; તપાસ રાખવી. ખબર લેવી=સંભાળ રાખવી; સુરત કાઢતા રહેવું; અંટસ રાખી વેર લેવું.

ખબરઅંતર, સ્ત્રી૦ શારીરિક આરોગ્ય સંબંધી પડપુછ કરવી તે; બરદાસ; સંભાળ. (૨) નવાજુની સમાચાર; હકીકત.

ખબરદાર, જુ૦ ખબડદાર.

ખબરદારી, જુ૦ ખબડદારી.

ખબાખબ, સ્ત્રી૦ ધાંધલ; ગોંધલ. (બખાબખ એમ પણ બોલાય છે.)

ખબુતર, જુ૦ કબુતર.

ખબુતરી, સ્ત્રી૦ કબુતરી. (૨) નટડી. સુપડાંની પાંખો કરીને ઉડવાનો તમાસો કરનારી નટડી.

ખબુસવું, જુ૦ ખપુસવું.

ખબોચિયું, જુ૦ ખાબોચિયું.

ખભળવું, ક્રિ૦ અ૦ ખળભળવું; આમ તેમ હાલવું; ક્ષુબ્ધથવું.

ખભળાટ, પું૦ ખળભળવું તે; ખળભળાટ; ઉથલપાથલ; તળે ઉપર થવું તે.

ખભો, પું૦ [सं. स्कन्ध. प्रा. खन्धो] હાથ અને શરીરના જોડાણની ઉપરનો ભાગ; બગલની ઉપરનો અને ગળાની બાજુનો શરીરનો ભાગ; કાંધ, ખાંધ. ક્રિ૦ પ્ર૦ ખભો ચઢાવવો=આનાકાની કરવી; શરમાવું; લજ્જા બતાવવી. ખભો ઠોકવો=ઉત્તેજન આપવું; પુંઠ પૂરવી. શાબાશી આપવી. ખભો દેવો=ઉંચકવામાં સહાય આપવી; મદદ કરવી; ખભે હાથ મૂકવો=ગળાના સોગન ખાવા; વિશ્વાસ આપવો.

ખમ, સ્ત્રી૦ હાથની શરૂઆતનો આગલી બાજુનો માંસલ અવયવ; બાહુ; હાથનો થાપો. :-ખમ ઠોકવી. (કુસ્તીમાં)

ખમખમ, અ૦ ધાતુના પાત્રમાંથી ઠેકેઠેકે થતો અવાજ. (તેનું અનુકરણાત્મક ઉચ્ચારણ)

ખમખમવું, ક્રિ૦ અ૦ વાગવું; ખડખડવું; ખમખમ થવું.

ખમખમાટ, પું૦ ખમખમ એવા અવાજનું થવું તે; ખમખમ એવી તરેહનો અવાજ.

ખમચાવું, ક્રિ૦ અ૦ કોઇ વિચાર અથવા મર્યાદાને લીધે અટકી જવું; અચકાવું; ખંચાવું.

ખમણ, ન૦ લીલા ફળના દળની કચુમર; છીણ; છુંદો. :-કોપરાનું ખમણ. (લીલા કે સુકા ફળના દળની છિંણીને બનાવેલી રેસારેસા જેવી કચુમર) ખમણકાકડી=ખમણ કરાય એવી કાકડી. ખમણ ઢોકળાં=ખમણ નાંખીને બનાવેલાં ઢોકળાં; દાળ વાટીને બનાવેલો ખાવાનો એક પદાર્થ.

ખમણવું, ક્રિ૦ સ૦ ઝીણા દાંતાવાળા ઓજારથી સોરવું; છિંણવું; કચુમર કરવી.

ખમણી, સ્ત્રી૦ ખમણવાનું ઓજાર; ખમણ કરવાની છિંણી.

ખમવું, ક્રિ૦ સ૦ [सं. क्षम्] સહન કરવું; સાંખવું; સહેવું; વેઠવું; ધારવું; ઉપાડવું; ઝીલવું. (૨) ભોગવવું; અનુભવવું; સોસવું.

ખમા, અ૦ [सं. क्षेम] કંઇ દુ:ખ કે અપ્રિય ન થાઓ; ખુશાખુશાલ રહો, એવા અર્થમાં વપરાતો હુલામણાનો લાડકો ઉદ્‌ગાર; આશિષ વહાલભર્યો ઉદ્‌ગાર. :-ખમા, ખમા ભાઇને ખમા. (૨) સ્ત્રી૦ [सं. क्षमा] દરગુજર; ક્ષમા. :-હવે પ્રભુ ખમા કરો. (૩) સબુરી; ધીરજ.:-ખમા રાખો (ભાર મૂકીને બોલતાં ખંમા ખંમા, એમ બોલાય છે)

ખમાચ, પું૦ એક રાગ. (આ રાગ રાતે ગવાય છે, ને ખમાચી પણ કહેવાય છે)

ખમાવવું, ક્રિ૦ સ૦ સાંખવું; ક્ષમા કરવું; માફ કરવું. પચુસણ ઉતર્યા પછી જૈન સ્ત્રીઓ એકબીજાને ત્યાં જઇ બાર મહીનાનું બોલ્યુચાલ્યું માફ કરવાની વિનંતિ કરે છે તે 'ખમાવવું' કહેવાય છે.

ખમીખાવું, ક્રિ૦ અ૦ અપરાધ સાંખી રહી અપરાધ કરનારને માફી આપવી; સહન કરવું; સાંખવું; ક્ષમા રાખ્યા કરવી.

ખમીર, ન૦ [अ.] પ્રવાહીમાં નાંખેલી વસ્તુની વિકૃતિ થવી તે; પ્રવાહીમાંની વસ્તુમાં વિક્રિયા થઈ તેની ઉપર ખટાશવાળું ઉભરણ આવવું તે; ઉભરણ; જોસ; ઉભરો; આથો. (૨) ફૂગ; ફીણચઢવું તે. (૩) સહનશક્તિ; બળ; તાકાત; વીર્ય; કસ.

ખમીરી, વિ૦ ખમીરવાળું; જોસદાર.

ખમીસ, ન૦ [अं. chemise] ખુલતું અને કફ કોલરવાળું પહેરણ; શર્ટ; (shirt)પુરુષને પહેરવાનું ખુલતું બદન.

ખય, જુ૦ ક્ષય.

ખર, પું૦ [सं.] ગધેડો; રાસભ. (૨) વિ૦ મૂર્ખ; બેવકુફ; ઠોઠ. (૩) ગરમ; ઉનું; તીખું; તાતું. (૪) બોખરું.

ખરકલો, પું૦ એક ઉપર બીજી, બીજી ઉપર ત્રીજી, એમ એક એકની ઉપર ગોઠવેલો વસ્તુઓનો ઢગલો; રાશિ; મોઢવું; ઢગ. :-મારવાડણો હાથ ઉપર ચુડીઓનો ખરકલો કરે છે.

ખરખડિયું, (ખડખડિયું) વિ૦ ખડખડ ખડખડ થાય એવું; ખાલી ખડખડે એવું; પાણી સુકાઇ જઈ અંદરનો ગોળો ખડખડતો હોય એવું. (નાળિયેર) (૨) ના૦ સુકું નાળિયેર.

ખરખબર, સ્ત્રી૦ [अ.] સરસમાચાર; કંઈ પણ હકીકત, (અક્ષર ઉપરથી લખેલી તે ખર સંદેશો, અર્થાત્ લિખિત કાગળદ્વારા કે મનુષ્ય સાથે મોઢે કહાવેલી કંઇપણ હકીકત હોય તે-ખરખબર કહેવાય છે)

ખરખર, સ્ત્રી૦ ખરેલું તે; ખરીને પડેલી રજ; કરગર. (૨) કહેવાય નહિ અને મનમાં ખટકયા કરે એવી જે બાબત તે. (૩)ગળામાં ખરખર અવાજ થાય એવો કફ; ખરખરી; ખરખરો. (૪) અ૦ એક પછી એક ખરતું હોય તેમ. :—ખરખર આંસુ પડયાં.

ખરખરવું, ક્રિ૦ અ૦ એક પછી એક ચાલુ પડયા કરવું; ગરવું; ખરખર પડવું. (૨) ગળામાંથી ખોખરો અવાજ નીકળવો; કફ બોલવો; ખરખરી બાઝવી. (૩) ખળખળવું; જીર્ણ થઈ જવું; ડડળવું.

ખરખરાજાત, સ્ત્રી૦ કોઈ વસ્તુ પાછળ થયેલું પરચુરણ ખરચ; હેલ મજુરી જકાત વગેરે ખરચ તે; વળી કીડીમંકોડી ઉધેઇ કે બીજી રીતે થયેલા નુકસાનની લાગત; ઘટ; ખાધ; નુકસાન, વગેરે. :—માલની ખરખરાજાત દલાલને માથે નહિ પણ માલધણીને માથે રહે છે.

ખરખરી, સ્ત્રી૦ ગળામાં બોલતો કફ; સસણી. (૨) ચટપટી; કાળજી; ખુચખુચ.

ખરખરો, પું૦ સમદુઃખતા બતાવવી તે; શોક દેખાડવો તે; ખટકો; ખેદ. (૨) શક; અંદેશો.

ખરખલો, પું૦ એકએકની ઉપર ગોઠવેલી વસ્તુઓનો ઢગલો; ખડકલો; ઢગ; રાશિ; ગડગચ્ચો; ભરાવ; જમાવ. (૨) ઉતરડ.

ખરચ, ન૦ [ફા.] ખરચવું તે; વાપરવું, ખુટાડવું તે; વ્યય. (૨) લાગત; કિમ્મત; મૂલ. (૩) જેમાં ખરચ થાય એવું કામ અથવા ઉજવણી; લગ્ન, જનોઈ, ઉત્તરક્રિયા વગેરેની ઉજવણીના પ્રસંગ અવસરો તે; નાત; વરો; જમણવાર. ક્રિ૦ પ્ર૦ ખરચ [illegible] અમુક પ્રસંગને લઈ જે ખરચ થાય તે મજરે આપવું. ખરચ ખાવું=કોઇને ખરચે બેઠા બેઠા વખત ગુમાવવો; વગર કારણે ભત્થાં ખાવાં.

ખરચખુટણ, ન૦ ફાલતું ખરચ; પરચુરણ ખરચ. (૨) અવસરનું ખરચ; વરો; જમણવાર. (લગ્ન, જનોઈ, બારમું વગેરે પ્રસંગોએ જે ખરચ થાય છે તે)

ખરચવું, ક્રિ૦ સ૦ ખરચ થાય એમ કરવું; વાપરવું; વાવરવું; વ્યય કરવો; ખુટવાડવું. (૨) ગાળવું; ગુજારવું; ગુમાવવું. :—મારો વખત હું એમ ખરચું નહિ. (૩) કિંમત આપવી. :—ખરચીને તેણે શું ખરીદ્યું ?

ખરચાઉ, વિ૦ ખરચ કરે એવું; હાથનું છુટું. (૨) ખરચ લાગે એવું; કિમ્મત આપવી પડે એવું. (મફત મળે એવું નહિ) (૩) ખરચાઇ જાય એવું; ખપતું; ખૂટતું, ઓછું થાય એવું.

ખરચાળ, વિ૦ જેને હાથે વધારે ખરચ થતું હોય એવું. (માણસ) (૨) જેની પાછળ વધારે ખરચ કરવું પડે એવું. (કામ) (૩) કિમતી; મોંઘું.

ખરચાળુ, વિ૦ ખરચાળ.

ખરચી, સ્ત્રી૦ ખરચવાનું જે તે; ખરચવાને માટે જોઈતી વસ્તુ. (અન્ન નાણું વગેરે) (૨) આજીવિકાનું સાધન; ખાવાનું. :—ખરચી ખૂટી તેથી પરદેશ ગયા. ક્રિ૦ પ્ર૦ ખરચી ખાવું=ખરચ કરીને ખુટવાડવું. વાપરી નાંખવું. ખરચી નાંખવું=ખુટવાડવું; ખરચ કરીને વાપરી દેવું. ખરચીચુનો=મોટાં બાંધકામ માટે નહિ પણ મરામત વગેરે માટે જોઇતો પરચુરણ ચુનો તે. ખરચી-પાણી=ખરચખુટણ; આજીવિકાનાં સાધન; કહે૦ ખરચી ખૂટી ને માયા ટૂટી.

ખરચુ, ન૦ ઝાડો; મલ ત્યાગ કરવો તે. :—ખરચુનો રોગ. ક્રિ૦ પ્ર૦ ખરચુ જવું=ઝાડે જવું. :—ખરચુ ગયો ત્યાંજ ઢગલો થઈ ગયો.

ખરચો, પું૦ કાપતાં ભોંયને ચોંટી રહેલું છોડનું ઠુંઠું; હજામતમાં અડધો કપાઈ સપાટી ઉપર લાગે તેમ રહી ગયેલો વાળ; ખાંપો; ખુંપરો; ખરચો; ખુંટો; સપાટી ઉપરનો અંકુર; કાંટો; ફણગો.

ખરજ, સ્ત્રી૦ ખંજવાળ થાય એવો ચામડીનો એક રોગ. (દાદર ખરજવું વગેરે) (૨) ખંજવાળ; વલુર; ખણુજ; ધવડ; ચેળ. (૩) પું૦ ગાયનમાં પહેલો અને છેક નીચો સ્વર તે; એક સૂર.

ખરજવું, ન૦ ચામડીનો એક રોગ. આ રોગમાં ખંજવાળ આવે છે ને ચામડીમાંથી પાણી ઝરંપે છે.

ખરડ, પું૦ જાડા રગડાનો લેપ; ખરડવું તે; જાડું જાડું ચોપડવું તે.

ખરડવું, ક્રિ૦ સ૦ જાડું પ્રવાહી લગાડવું; ચોપડવું; ખરડાય તેમ કરવું. (૨) ખરાબ કરવું; બગાડવું. (૩) સામેલ કરવું; સંડોવવું.

ખરડાવું, ક્રિ૦ અ૦ લપરડાવું; બગડવું; લાગવું. (૨) સંડોવાવું; ઘસડાવું; ફસાવું.

ખરડિયું, ન૦ સુકવણાનું વર્ષ; જેમાં ઓછો વરસાદ થયો હોય એવું વર્ષ; દુકાળ જેવું વર્ષ.

ખરડો, પું૦ છોકરાંને અક્ષરોનું વલણ અને મરોડ શિખવાડવાને બનાવેલી પાટી; દોપિસ્તું. (૨) લખાણનો મુસદ્દો; ડોળિયું. (૩) ઉઘરાણીની યાદી; ટીપ.

ખરપડી, સ્ત્રી૦ જમીન ઉપરથી ઘરો ઉખેડવાનું એક પહોળા ફળનું ઓજાર; ખરપી.

ખરપડો, પું૦ મોટી ખરપડી; ખરપો.

ખરપવું, ક્રિ૦ સ૦ જમીનમાંથી ખણીને કાઢી લેવું; ઉખાડવું; ખરપાથી ખણી લેવું.

ખરપી, સ્ત્રી૦ ખરપવાનું નાનું ઓજાર; ખરપડી.

ખરપો, પું૦ સપાટી ઉપરથી ઉઝરડીને ઉખાડવાનું ઓજાર; ખરપડો; ખડપો. (મોચીનું ચામડાં ઉઝરડવાનું ઓજાર) (૨) ખેડુત; કમઅક્કલ ગામડિયો.

ખરબચડું, વિ૦ નહિ લીસું; સપાટ કે સુંવાળું નહિ એવું; સપાટી ઉપર હાથ ફેરવતાં લાગે એવું. (ખડબચડું)

ખરમચી, સ્ત્રી૦ આદત; ટેવ.

ખરલ, પું૦ લીસા કઠણ પત્થરનો દવા વાટવા ઘુંટવાનો ખાંડણિયો; ખલ. ક્રિ૦ પ્ર૦ ખરલ કરવું=ઘુંટવું; બારીક થાય એમ ઘસીઘસીને વાટવું.

ખરવ, જુઓ૦ ખર્વ.

ખરવાડ, સ્ત્રી૦ [सं. खलः ખળું वाट=વાડો] એવી જગા, કે જ્યાં કાપણી પછી અનાજ ખેરવી લેવામાં આવે છે; ખળાં કરવાની જગા; અનાજ ઝાડી લેવાની જમીન; પરવાડ; પાદર; ખળાવાડ. (૨) આમલીના થડ ઉપરનાં સુકાં તરડાઇ ગયેલાં છોડાં; ખરવડ.

ખરવા, પું૦ ઢોરને પગે થતો એક જાતનો કીડરોગ.

ખરવાણ, વિ૦ [सं. क्षम–वान] સહનશીલ; દુઃખ અને શ્રમને સહન કરવાને સમર્થ હોય એવું; ચીવટ; દુઃખ ખમીખમીને રીઢું થયેલું.

ખરવું, ક્રિ૦ અ૦ વળગણથી છુટું પડવું; ટૂટી ભાગી કે જીર્ણ થઇ જઇ પોતાની જગાએથી નીચે પડવું; ગરવું; જુદું પડી જવું; દૂર થવું; ઉતરી જવું; ઉથલી પડવું.

ખરસટ, વિ૦ ખડબચડું; ચામડીને લાગે એવું; બરસટ; બરડ. (૨) તકલેદી; કાવલું.

ખરસલું, ન૦ (ખડ–શલાકા) ઘાસ; સુકું ઘાસ; ખડ. જાડા સાંઠાનું નાહ પણ પાતળી સળીનું ઘાસ. કહે૦ ખરસલાનો તાપ ને મા વિનાનો બાપ=ખરસલાનો તાપ જેમ થોડીજ વાર રહે છે, તેમ મા ન હોય તો બાપનો છોકરાં ઉપરનો પ્રેમ પણ થોડોજ વખત રહે છે. ખરસલાના તાપમાં જેમ માલ નહિ તેમ મા વિનાના બાપમાં પણ કંઈ માલ નહિ એવા અર્થમાં આ કહેવત વપરાય છે.

ખરસાંડી, સ્ત્રી૦ (ખડસાંણી) પાન વગરની પાતળી લીલી લીલી ડાંખળીઓવાળું એક જંગલી ઝાડવું. ખરસાંડીની વાડો થાય છે.

તેની ડાંખળી તોડતાં દૂધ નીકળે છે. ઉનાળામાં એને ઝીણાં ઝીણાં લીલાં પાન આવી પાકીને ખરી પડે છે. ખરસાંડી એની મેળે ઉછરે છે. સુકુમારતા અને ખડતલપણું દેખાડવાને એમ કહેવાય છે કે, કયાં કેળ અને કયાં ખરસાંડી ?

ખરાખર, અ૦ આખર; હદ ઉપરાંત; અણી ઉપર. :–ખરાખર મંદવાડ.(૨) વિ૦ ખરેખરું.

ખરાખરી, સ્ત્રી૦ ખરેખરું કરાવવું તે; અમુક માણસે કહેલી વાત ખરી છે કે ખોટી ? તે તે બે માણસોને એકઠાં કરીને મોઢામોઢ કરાવવી તે; પુરવારી; સાબીતી. (૨) અણીની વેળા; આપત્કાળ. (૩) સત્યતા; ખરાપણું; સાચવટ; ખરું સાબીત કરવું કે કરાવવું તે.

ખરાજાત, સ્ત્રી૦ માલ ઉપર જે લાગત લાગે તે; મજુરી, હાંસલ, બગાડ, વગેરેનું જે ખરચ માલ પાછળ થાય તે. માલ ઉપર ખરાજાત=મુખ્ય વસ્તુ છે તો ખરચ થાય, ન હોય તો શું થાય ? અર્થાત્ અમુક છે તો અમુક કરવું પડે, એમાં શું ?

ખરાડ, સ્ત્રી૦ ખોટ; ઘસારો; ઘટ. (૨) ઝાડ ઝાડવાંની તળે તેનાં સુકાં ડાંખળાં અને પાંદડાં વગેરેનો જે જમાવ થાય છે તે; જેર; ભુકો; ગર. (ખરસાંડીની ખરાડ=ખરસાંડી તળે તેની સુકાઇને ખરી પડેલી જે ડાંખળીઓ વગેરે તે.)

ખરાદ, સ્ત્રી૦ લાકડું, હાથીદાંત અને ધાતુ વગેરેના ગોળ ઘાટ ઉતારવાનું યંત્ર; સંઘેડો; સંઘરડો.

ખરાદી, પું૦ ખરાદવાળો; જેની પાસે સંઘરડો હોય તે. લાકડાના, હાથીદાંતના અને ધાતુ વગેરેના ગોળ ઘાટ ઉતારનારો માણસ. (૨) એ જાતનો ધંધો કરનારી કોમ.

ખરાપણું, ન૦ સત્ય; સચ્ચાઈ; વાજબીપણું.

ખરાબ, વિ૦ [અ૦] સારાથી ઉલટું તે; નઠારું; નરસું; ભુંડું. (૨) ઉલટું; વિપરીત. (૩) અરુચિકર; નાપસંદ. ક્રિ૦ પ્ર૦ ખરાબ કરવું =બગાડવું; અનીતિમાન કરવું. નુકસાન કરવું. પાયમાલ કરવું. ખરાબ માણસ=નઠારો –સ્વભાવ, નીતિરીતિ વગેરેથી નઠારો. ખરાબ કામ=સારું નહિ એવું જે કામ તે; અયુક્ત કામ.

ખરાબખસ્ત, વિ૦ બહુજ નઠારું થવું તે; ન સુધરી શકે એવી રીતે બગડી જવું તે. (૨) પાયમાલ; જેનો અંતજ ન આવે એવી જે ખરાબી થવી તે. :– સટ્ટાએ તેને ખરાબ ખસ્ત કરી નાંખ્યો. ખરાબખાસ્તા.

ખરાબપોર, પું૦ ખરેખરા બપોર તે; આકાશના બરોબર મધ્ય ભાગમાં સૂર્ય આવે તે સમય; મધ્યાહ્ન; બરોબર માથે સુરજ આવેલો હોય તે કાળ. (૨) ખરેખરી ચડતી; જુવાની, આબાદી અમલ અને દોરતોરનો ખરેખરો કાળ તે. :– ખરેબપોરે બણગું ને પોપાંબાઈનું રાજ્ય.

ખરાબી, સ્ત્રી૦ ખરાબ થવું તે; ખોટું થવું તે; બગાડ; નુકસાન; જોખમ. (૨) પાયમાલી; અવનતિ; દુઃખ; આપત્તિ; પડતી; નાશ.

ખરાબેહાલ, વિ૦ બહુજ ખરાબ હાલતવાળું; અવનતિમાં કે અવદશામાં આવી ગયેલું હોય એવું.

ખરાબો, પું૦ પાણીથી ઢંકાયેલો ખડક. (૨) ખેડવાને યોગ્ય નહિ એવી જમીન; પત્થરવાળી જમીન; ખારાટ જમીન.

ખરાબોલું, વિ૦ સત્યવાદી; સાચું બોલનારું; ખરેખરું હોય તે વગર ડરે કહી દે એવું; સત્યપ્રિય. કહે૦ ખરાબોલો માએ માર્યો.

ખરાવાડ, સ્ત્રી૦ [સં. खल=ખળું+वाट] ગામનું પાદર કે જ્યાં આગળ ખળાં કરવામાં આવે છે તે; ખરવાડ; ખળાવાડ. ગામડાના ખેડુતલોકો દૂરનાં ખેતરોની કાપણી

કરી કણુસલાંવાળો પાક ગામને પાદરે આવેલા વાડાઓમાં ભરે છે અને ત્યાં પછી ખળાં કરી કણુસલાંમાંનું અનાજ ખંખેરી લેવામાં આવે છે. ગામની નજીકના આ જે વાડાઓ તે ખળાવાડ કહેવાય છે.

ખરાવાદી, વિ૦ [+ સં. वद] સાચું હોય તેજ બોલનાર; ખરાબોલું; સત્ય બોલનાર. (૨) પ્રમાણિક; પોતાને જે સત્ય લાગે તેજ પ્રમાણે વર્તનાર; સીધું; સત્યઉપર વિશ્વાસવાળું અને સત્યનેજ પકડી રહેનાર.

ખરી, સ્ત્રી૦ [સં૦ खुर] પ્રાણીઓના પગનું સખત નખવાળું જે મોટું અને આગલું આંગળું તે; ખુર; સુમ. ઉ૦ ફરીને પગ જો ખરીમાં ફાટ, ઘણો રૂપાળો ભાજ્યો ઘાટ. વાગોલનારાં પ્રાણીના પગની ફાડ.

ખરીઓ, પું૦ છોકરાઓની એક રમત. (નવ સારી તરફ રમાય છે.)

ખરીતો, પું૦ [फा. खरीतेह्] રાજદ્વારી સરકારી કામકાજનાં કાગળિયાંનો બીડો; લખોટો તે; ખલિતો.

ખરીદ, સ્ત્રી૦ [फा.] ખરીદીનું કામ તે; ખરીદી; માલ લેવો તે. (૨) વિ૦ કિંમત આપીને લીધેલું; વેચાણ લીધેલું; ખરીદેલું. ખરીદ ભાવ=વેચાણ લેતી વખતે જે દર આપ્યો હોય તે દર; મૂળ–અસલ કિંમત. ક્રિ૦ પ્ર૦ ખરીદ કરવું=મૂલ આપીને લેવું; વેચાતું લેવું; ખરીદવું.

ખરીદદાર, વિ૦ ખરીદ કરનાર; વેચાણ લેનાર; કિંમત આપીને લેનાર; ખરીદી કરનાર.

ખરીદવું, ક્રિ૦ સ૦ કિંમત આપીને વેચાતું લેવું; વેચાણ લેવું; ખરીદ કરવું; સોદો કરવો.

ખરીદી, સ્ત્રી૦ વેચાતી લેવું તે; કિંમત આપીને વસ્તુઓ ખરીદવાનું જે કામ તે; ખરીદ કરવું તે.

ખરીપટીવેરો, પું૦ ગામને કરજમાંથી મુક્ત કરવાને લેવાતો કર.

ખરીફ, સ્ત્રી૦ [अ.] ચોમાસામાં વાવેતર થઈ ચોમાસાની આખરે જે પાક તૈયાર થાય છે તે; ચોમાસુ પાક; ચોમાસું ઉત્પન્ન. વિ૦ વરસાદના પાણીએ પાકેલું તે; ચોમાસે થતું હોય એવું; ચોમાસું, ચોમાસાનું. (પાક) ગુજરાતમાં લગભગ ત્રણ પાક થાય છે. જે પાક ચોમાસામાં વવાઈ ચોમાસાને અંતે ઉતરે છે તે ચોમસું અથવા ખરીફ પાક; કુવાના પાણીથી શિયાળામાં વવાઈ શિયાળાને અંતે તૈયાર થાય તે રવી–(રબી) અથવા શિયાળું પાક; અને કુવાને પાણીએ ઉનાળામાં વવાઈ ઉનાળાને અંતે ઉતરે છે તે ઉનાળું પાક કહેવાય છે.

ખરું, વિ૦ [સં૦ अ+क्षर्] ન ખરી ઉડી કે ફીટી જાય એવું; કદી ફેર પડે નહિ એવું; સત્ય; સાચું; સિદ્ધ; શુદ્ધ; અમર. (૨) ખૂબ શેકાએલું. :–ખરો ભાખરો (૩) આકરું; કડક; તીખું. ખરું લોઢું. પોલાદ. ક્રિ૦ પ્ર૦ ખરું કરવું–પાકું કરવું; મોઢે કરવું; પાઠે કરવું. ખરું કરવું–કરાવવું=પુરવાર કરવું– કરાવવું; ખરા ખોટાનો મોઢામોઢ નિર્ણય કરવો કરાવવો. ખરા કરવા=બચી જવું: જીવતા રહેવું. ઉ૦ સડો ક્યાં ક્યાં ઉડી ગયા, દૂર પડ ફડ થઈ ચિંથરાં, છૂટ્યો ભારી ભુંડો વંટોળ, કરે જન ક્યમ ખરા. નર્મ.

ખરું, અ૦ હા; ઠીક; વારું; અલબત; બરોબર છે એમ.

ખરે, અ૦ સાચે; નક્કી: બચીત; ખરેખર; ખરેખાત.

ખરેખર, અ૦ સાચેસાચું; બચીત.

ખરેખરું, વિ૦ સાચેસાચું; અકૃત્રિમ; ખરું જ ખોટું નહિ તે. (૨) કસોટી થાય એવું; મુશ્કેલ; અઘરું; સખત; શિરસટ્ટેનું. ઉ૦ ખરેખરો ખેલ આ તો, ખેલવું ખાંડાની ધારે, ખણી મૂળ ખાય, કાળ ખાતાં ખાતાં ખૂટશે.

ખરેખાત, અ૦ બચીત; નક્કી; નિર્વિવાદ;

નિશ્ચય. (૨) વિ૦ ખરેખરું; સાચું; આબેહુબ. :– એક દહાડો ખરેખાત વાઘ આવ્યો અને તેણે બૂમો પાડી પણ કોઇએ માન્યું નહિ.

ખરેટી, સ્ત્રી૦ સુકાઇને ફાટી ગયેલી તરીવાળી જમીન.

ખરેડી, સ્ત્રી૦ ગડગડી; ગરેડી; કપ્પી.

ખરેરી, સ્ત્રી૦ ગળામાં અથવા શ્વાસ નળીમાં સોજો આવવાથી શ્વાસ લેતાં જે અવાજ થાય છે તે. (૨) ગળામાં થયેલો કે બાઝેલો જે ચીકણો મળ અથવા કફ તે; ગળામાં ખરખર થવું તે. (૩) નાનો ખરેરો.

ખરેરો, પું૦ ઘોડાંના વાળમાં ભરાઇ ગયેલો કચરો ઉઝરડી કાઢવાનો ધાતુનો બુંઠ્ઠા દાંતાનો કાંસકો તે; હાથિયો; કાથાની ગુંથણીનું ઉઝરડિયું; ખરેડો. ખરેરો કરવો= ઘોડાના શરીર ઉપરનો કચરો ઉઝરડી–હોળી કાઢી નાંખવો; હાથિયો ફેરવવો; શરીરને ઘસી મસળીને સાફ કરવું.

ખરેંટો, પું૦ ધાતુના પાત્રને દાઝી ગયેલા અન્નના અથવા તેના રસના જે ડાઘા પડેલા હોય તે; રેલાના ડાઘ; ઓઘરાળા. (૨) ઘણી ગરમીથી વાસણને ચોટી ગયેલા અન્નના પોપડા; દાઝી ગયેલા અને વાસણમાંથી ઉખાડેલા અન્નના પોપડા.

ખરેંટી, સ્ત્રી૦ નાનો ખરેંટો તે; ખરેટી.

ખરેંટું, ન૦ ગાય અથવા ભેંશ વિયાયા પછી જે પહેલ વહેલું દૂધ કાઢવામાં આવે છે તે. (૨) આડું પડવું તે; વાંકું પડવું તે; વાંધો. :– એમાં કંઇ ન બોલાય માતાનું કામ છે, કંઇક ખરેંટું પડે.

ખરોખર, જુ૦ ખરેખર; ખરેખરું.

ખર્જુ, ન૦ [સં. खर्जुः] ચળ; ખરજ; વલુર. (૨) ખરજવું.

ખર્જૂર, ન૦ [સં.] ખજુરીનાં પાકાં ફળ; પાકી ખારેકોનો જે સુકો મેવો તે. (૨) ખજુરીનું ઝાડ; ખર્જૂરી.

ખર્વ, ન૦ [સં.] હજાર કરોડ જેટલી સંખ્યા તે; ૧૦૦૦,૦૦,૦૦,૦૦,૦ (૨) વિ૦ નીચું; ઠિંગણું; ગંઠાઇ ગયેલા શરીરનું.

ખર્વટ, ન૦ [સં.] પર્વતની તળેટીનું ગામ. ઉ૦ ખેટ ખર્વટ વાટિકા, વન અને વળી ઉપવન જાણ. રત્નેશ્વર. (૨) પ્રાંત શહેર.

ખલ, પું૦ [સં૦ खल्ल] ગોળ અથવા હોડીના ઘાટની પાકા પત્થરની ખાંડણી તે; ખરલ. ક્રિ૦ પ્ર૦ ખલ કરવું=ખૂબ ઝીણું થાય તેમ ઘુંટવું.

ખલ, વિ૦ [સં.] શઠ; પાકું; પહોચેલું; ધૂર્ત; કૃપણ; ખળ.

ખલક, સ્ત્રી૦ [અ.] દુનિયાં; જગત; વિશ્વ; આલમ. (૨) માણસ જાત; સંસાર.

ખલતો, પું૦ ખાનાં ખાનાંવાળી અંતરપડવાળી કપડાની કોથળી; મોટો વાટવો.

ખલબત, સ્ત્રી૦ છુપી મસલત; મંત્ર.

ખલબત્તો, પું૦ [સં૦ खल+वर्ती] ખલની જે વાટ તે; ઉપરવટણો, દસ્તો; પરાર; મુસળી.

ખલલ, સ્ત્રી૦ [અ.] હરકત; અડચણ; ખલેલ.

ખલવાડ, સ્ત્રી૦ [સં. खली+वाट] ખળાં કરવાની જગા; ખરાવાડ.

ખલવાં, ન૦ ભજિયાં.

ખલવું, ક્રિ૦ સ૦ ઘુંટવું; બારીક વાટવું; બહુજ ઝીણું કરવું. (૨) શોભવું; સારું દેખાવું.

ખલાસ, વિ૦ પુરું; સમાપ્ત; થઇ રહેવું તે.

ખલાસણ, સ્ત્રી૦ ખલાસીની અથવા ખલાસી જાતની સ્ત્રી.

ખલાસી, પું૦ [फा. खलाशी] વહાણ ઉપર કામ કરનાર; વહાણવટી; દરિયામાં ફરનાર; ખારવો; માછી. (૨) છાપરાં સંચારવાનો ધંધો કરનાર: તેમજ તે ધંધો કરનારી એક કોમ.

ખલિત, વિ૦ [સં૦ स्खल्] ખરેલું; ઝરેલું; પડેલું; પડી–ગરી ગયેલું.

ખલિતો, પું૦ [अ. खलिता=કોથળી–પરબીડિયું]

મોટા અમલદારો અને રાજા રાણાઓ વચ્ચે ચાલતા કાગળપત્તરો ઉંચા રેશમ કે કીનખાબની જે કોથળીમાં ઘાલવામાં આવે છે તે કોથળી; પરબીડિયું; દસ્તાવેજનો બીડો.

ખલી, [सं.] કણસલાંમાંથી અનાજ ખંખેરી લેવાને બનાવેલી જગા; ખળું.

ખલીફ, પું૦ [अ.] મહમદીય ધર્મનો વડો ગુરુ; મહમદ પેગંબરના કુટુંબનો અથવા ઇસ્લામ ધર્મનું રક્ષણ કરનાર.

ખલીફાત, સ્ત્રી૦ [अ.] ખલીફના ઓદ્ધાનું કામ તે; ખલીફ તરીકેની જે સત્તા તે.

ખલુ, અ૦ [सं.] નક્કી; જરૂર; નિશ્ચે.

ખલુલો, પું૦ છોકરાઓની એક રમત. પેટલાદ તરફ રમાય છે.

ખલેચી, સ્ત્રી૦ ઉપયોગની વસ્તુઓ રાખવાની ખાનાં અને પડવાળી કોથળી; ઝોળી. :– વૈદની ખલેચી; હજામની ખલેચી.

ખલેડી-રી, જુ૦ ખીસકોલી.

ખલેલ, સ્ત્રી૦ [अ.] અડચણ; હરકત; અટકાવ.

ખલો, પું૦ જોડો કે જોડાનું ચામડું.

ખવડાવવું, ક્રિ૦ સ૦ એક માણસે બીજા માણસના મુખમાં ખોરાક ઘાલવો; તે ખાય તેમ કરવું; જમાડવું; ભક્ષણ કરાવવું. (૨) એક માણસે બીજાને ખોરાક આપવો; આગ્રહથી જમાડવો; ભોજન આપવું. (૩) ગુજરાન કરવું; પોષણ કરવું; પાળવું. (૪) ભૂલથી અજાણતાં બીજને માણસ ખાઇ જાય તેમ કોઇ વસ્તુ (ઝેર વગેરે) આપવું. (૫) પોતાને મળતું હોય તેમાંથી બીજાને આપવું; લાંચ આપવી; ચટાડવું.

ખવળવું, ક્રિ૦ અ૦ [सं० क्षुभ्] ભોંય અથવા બિછાના ઉપર આમતેમ ગડબડવું; આળોટવું. (૨) ખણવું; વલુરવું. ઘવડવું; ઘસવું. (૩) હાલવું; ડહોળાવું; ખળભળી ઉઠવું.

ખવાઇજવું, ક્રિ૦ અ૦ ભૂલથી કે અજાણતાં ખવાવું. (૨) કાટથી, સડાથી અથવા કીડથી નાશ પામવું; ઘટી જવું; ઓછું થઇ જવું; ક્ષીણથવું; ખવાવું. (૩) ખરીને ગરી જવું; જરજર થઇ જવું; સડીને બગડી જવું.

ખવાડવું, ક્રિ૦ સ૦ ખવડાવવું જુઓ.

ખવાબ. પું૦ [अ. खोफ्] સ્વપ્ન; સ્વપનું; સાણું; ખ્વાબ.

ખવાવું, ક્રિ૦ અ૦ ખાઇ શકાવું; જમાવું. :– હવે એનાથી ખવાતું નથી. (૨) કોઇ જાતના વિકારથી વસ્તુઓનું ક્ષીણ કે જરજર થઇ જવું. :– ક્ષયરોગીનાં ફેફસાં ખવાઇ જઇ તે મરણ પામે છે. (૩) દુરુપયોગ થવો; ખરચાઈ કે લુંટાઇને ખતમ થઇ જવું. :– લાખોનો ખજાનો ખવાયો ત્યાં સુધી ખબર પડી નહિ.

ખવાસ, પું૦ [अ.] પદાર્થનો જે ધર્મ કિંવા ગુણ તે; સ્વભાવ; પ્રકૃતિ; ખાસિયત, (૨) મોટા માણસનો અનુચર; હજુરિયો; દાસ; સેવક. (૩) રજવાડી સેવકોની એક જાત.

ખવાસણ, સ્ત્રી૦ મોટા ઘરની સ્ત્રીઓ અને રાણીઓની અનુચારિકા; દાસી; પરિચારિકા. (૨) ખવાસની સ્ત્રી તે. (૩) ખવાસ જાત અથવા કોમની હરકોઇ એક સ્ત્રી તે.

ખવાસી, સ્ત્રી૦ પરિચારિકા; દાસી. ઉ૦ લલિતા વિશાખા એ ખવાસીરે. પ્રેમાનંદ.

ખવીસ, (ખવ્વીસ) પું૦ [अ.] અવગતિયો થયેલો અનાર્ય ભૂત; મરણ પછી પિશાચ થયો હોય તે; જબરો ને માથા વગરનો પિશાચ. (૨) ભય ઉત્પન્ન થાય એવી આકૃતિનો બિયામણો અને જબરજસ્ત માણસ; રાક્ષસ.

ખશિયાણું, વિ૦ કોઈ એક કાર્ય કરવા જતાં ભુદું પડી ગયેલું; છોભું પડી ગયેલું; માનભંગ થયેલું; ફીકું; ખષ્ટ.

ખષ્ટ, વિ૦ [सं० कष्ट] દુઃખી થયેલું; કષ્ટ પામેલું. (૨) છોભું; શરમિંદું; વીલું; ભુદું પડ્યું હોય એવું; ઝંખવાણું.

ખષ્ટપડવું, ક્રિ૦ અ૦ માનભંગ થવું; ઝંખવાણા પડી જવું.

ખસ, સ્ત્રી૦ [सं. खस] હાથનાં આંગળાં અને એવનોમાં થતો ધોળા પરુના ફોલ્લાવાળો એક ચેપી ત્વચારોગ; ખણુજનો રોગ; ખુજલી.

ખસ, સ્ત્રી૦ વીરણુ નામની વનસ્પતિનાં સુગંધીદાર મૂળિયાં; વીરણુના વાળા; વાળો. વીરણુ ખસની ટટ્ટીઓ અને પંખા વગેરે બને છે અને તે પાણી છાંટવાથી સુગંધી સાથે ઠંડક આપે છે.

ખસકો, પું૦ ખાંચો; ખચકો; ખસરકો.

ખસખસ, સ્ત્રી૦ [सं० खस्खस] જેની ખેતી થાય છે એવો એક વનસ્પતિ રોપો. ઇરાન અને હિંદમાં ખસખસનું વાવેતર થાય છે. (૨) ખસખસના રોપાનાં રાજગરા જેવાં જે ઝીણાં અને ધોળાં બી તે. ખસખસના રોપાનાં કપાસના જેવાં જિંડવાં રોપા ઉપર હોય ત્યારે સાંજના તેની ઉપર કાપા મૂકવામાં આવે છે. એ કાપામાંથી રસ નીકળીને ઠરી જાય છે. એને જિંડવા ઉપરથી ઉઝરડી લઈ સુકવતાં તે કાળો રતુમડો થાય છે. આને અફીણ કહે છે. અફીણ કેફી અને ઝેરી છે. સિદ્ધપુર તરફ હજી એની ખેતી થાય છે. જિંડવાંમાંથી જે ધોળાં બી નીકળે છે તે ખસખસ કહેવાય છે. એને પીલતાં તેમાંથી તેલ પણ નીકળે છે. સુકાં જિંડવાં પોસના ડોડા કહેવાય છે.

ખસખસિયું, વિ૦ ખસખસના જેવા રંગનું. (૨) ખસખસના દાણા જેવું ઝીણું; ખસખસ જેવું; નાજુક અથવા બારીક ભાત તેમજ વસ્તુ ઘાટ વગેરે.

ખસડફસડ, વિ૦ ઢીલું ને ખેંચાતું; ઘસડાતું હોય એવું; લડથડતું; તણાતું; ભોંય ઉપર ખેંચાઇને જતું. (૨) અ૦ જેમતેમ; ઢીલા જોડાને લીધે પગ ખેંચીને ચલાતું હોય તેમ; રગડદગડ; જેમતેમ.

ખસતું, વિ૦ આઘું; દૂર; વેગળું. ક્રિ૦ પ્ર૦ ખસતું કરવું=દૂર કરવું; ડાબું કરવું; મનથી ઉતારી નાખવું; અળખામણું કરવું; વેગળું કરવું; ખસેડવું. ખસતું મૂકવું=આઘું પાછું કરવું; રસ્તામાં અથડાય તેમ નહિ રાખવું; ઠેકાણે મૂકવું.

ખસબો, પું૦ ખુશબો; સુગંધી; વાસ; પરિમળ.

ખસબોઈ, સ્ત્રી૦ [अ.] સુગંધી; ગંધ; વાસના.

ખસમ, પું૦ [अ.] ખાવિંદ; ધણી; વર; પતિ. (૨) રીતભાત; રૂઢિ; રહેણીકરણી. ઉ૦ ખસમ ભૂલી ગયા સર્વે ખલકની, કર્મ ને ધર્મ કર્યા પોલે પાને. ભોજોભગત.

ખસર, પું૦ નિશાનીનો લીટો; આંકો; કાપો; ચિહ્ન.

ખસરકો, પું૦ નિશાનીનો લીટો; આંકો; ખસરો. (૨) ઉઝરડો; ઘસરડો; ખસરડો.

ખસરવું, ક્રિ૦ સ૦ એકજ ખેતરમાં જુદી જુદી જાતનું વાવેતર કરવાને તેનાં ખાલાં એટલે ક્યારા પાડવા; ભાગવું; વહેંચવું. (૨) નિશાનીની રેખા કાઢવી, દોરવી તે; હદ કરવી.

ખસરિયો, પું૦ સુતારનું લાકડા ઉપર આંકો, લીટી પાડવાનું ઝીણી આરવાળું એક હથિયાર.

ખસરો, પું૦ આંકો; લીટો; કાપો; નીક જેવી લીટી; લાકડા ઉપર પાડેલો સ્વસ્તિક. (૨) નિશાની; લીટા જેવું ચિહ્ન.

ખસલત, સ્ત્રી૦ [अ.] ખાસિયત; સ્વભાવ. (૨) આદત; ટેવ.

ખસલી, સ્ત્રી૦ જુ૦ ખરસલી. (૨) વિ૦ જુ૦ ખસિયું.

ખસલું, ન૦ ઘાસની પાનઠોનો ભુકો તે; સાધારણ (કામનું નકામનું સારું નઠારું) ઘાસ તે; ખરસલું. (૨) કસ્તર; ઘાસનું કસ્તર કે કચરો તે.

ખસવું, ક્રિ૰ અ૰ [સં. कृष्] શરીર ઘસરડીને આઘા જવું; દૂર જવું; સરકવું; સ્થાન ભ્રષ્ટ થવું; એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવું. (૨) શંસા પેચમાંથી નીકળી જવું. ખસીજવું=દૂર થઇ જવું. અળગા થઈ જવું. છૂટી–સરકી–જવું. (૩) ઠેકાણે નહિ રહેવું :– મિજાજ ખસી ગયો. (૪) ઉડી જવું. :– મન ખસી ગયું. (૫) લપસી જવું.

ખસિયું, વિ૰ ખસવાળું. (૨) ખસખસના રંગનું.

ખસી, (ખાસી) વિ૰ જેના વૃષણ કાપી નાંખેલા હોય એવું; જેના વીર્યોત્પાદક અવયવો કાપી નાંખેલા હોય એવું. (ઘોડા–બળદ વગેરે)

ખસુસ, અ૰ [अ. खसूस] જરૂર; અવશ્ય; નક્કી; નિશ્ચે; ખામોખામ; ખચીત.

ખસુસન, અ૰ જરૂર; નક્કી; ખામુખા; ખસુસ.

ખસેડવું, ક્રિ૰ સ૰ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ મકવું; દૂર કરવું; ફેરવવું.

ખસોટી, સ્ત્રી૰ કમ્મરે પહેરેલા કપડાની ગેડમાં કંઇ રાખવાની ખોલ તે; ઓટી.

ખસોટે, અ૰ કમ્મરે; (કમ્મરની ઓટીએ) કેડે; ઓટીએ.:– દાબડી ખસોટે ખોસ. નર્મ.

ખસોરવું, જુઓ ખસેડવું.

ખસ્ત, (સ્તા) વિ૰ [अ. खस्ता] ભાગેલું; વેરણખેતણ થઇ ગયેલું હોય એવું. (૨) અ૰ છેકજ; તદ્દન. (ખરાબ ખસ્ત–સ્તા)

ખળ, વિ૰ [સં૰ खल] ધૂર્ત; શઠ; દોંગું; લુચ્ચું; કપટી.

ખળકવું, ક્રિ૰ અ૰ ખણખણવું; ખડખડવું; ખરકલાબંધ વસ્તુઓનો એક બીજાને અથડાવાથી અવાજ થવો. ઉ૰ ખળકે કંકણને કરચુડી. ગોવિંદ. (૨) સારું દેખાવું; શોભવું; સુશોભિત લાગવું. ઉ૰ ભાદરવે ભવન પાંચમે ખળકે હિંદોળાખાટ. રત્નો.

ખળકો, પું૰ જોરભેર વહી જતો પાણીનો જથો. ખળળ એવો અવાજ કરી મોટા જથામાંથી જુદો પડી વહેતો પાણીના અમુક જથાનો પ્રવાહ. રેલને પહેલે ખળકેજ શહેરમાં પાણી પેસી ગયું. (૨) પાણીનો મોટો મોજો; તરંગ; પ્રવાહ. (૩) જથો; સમૂહ; ઝપાટો. :-લક્ષ્મીનો એક એવો ખળકો આવ્યો કે તે તો એકદમ રંકનો રાય બની ગયો.

ખળખળ, સ્ત્રી૰ પાણીના વહનથી થતો અવાજ તે; પાણીના વહેવાથી અથવા ઉકળવાથી થતો અવાજ તે; ખળભળાટ. (૨) અ૰ અટકયા વગર વહેતું હોય તેમ. (પાણી)

ખળખળતું, વિ૰ ઘણું ગરમ થવાથી ખળખળ એવો અવાજ કરતું; ઉકળતું; ઉછળતું. (પાણી–પ્રવાહી)

ખળખળવું, ક્રિ૰ અ૰ ઘણું ગરમ થવાથી અને ઉતાવળે વહેવાથી પાણીનું બોલવું; ઘણું ઉકળવું; ખખળવું. (૨) બાંધાનું હાલી ઉઠવું; સંધિબંધનું ઢીલા થઇ જવું; જીર્ણ થઈ જવું.

ખળખળાટ, પું૰ ખળખળ એવો જે અવાજ તે; ખળખળ. પહાડી ઢાળવાળા પ્રદેશમાંથી કાંકરાઓમાં થઇને વહેતાં નદી નાળાંના પ્રવાહનો જે અવાજ તે. સડસડાટ.

ખળતા, સ્ત્રી૰ [સં.] ખળપણું; ધૂર્તતા; દોંગાઇ; લુચ્ચાઇ; શઠતા.

ખળપણું, ન૰ ધૂર્તપણું; દોંગાઇ; લુચ્ચાઇ; ખળતા.

ખળભળ, સ્ત્રી૰ ખળભળવું તે; હાલવું; ગડબડ થવી તે, ઉથલપાથલ; દોડધામ, ધમ્માચકડી; ધમાલ; ઘોંઘાટ; તોફાન.

ખળભળવું, ક્રિ૰ અ૰ નીચું ઉંચું, ડગુમગું થઇ જવું; હાલી ઉઠવું; ઉથલપાથલ થઇ રહેવું; તોફાન થવું. ખળભળી જવું=હાલી

ઉઠવું (એવો કાટકો થયો કે મોટી હવેલીઓ ખળભળી ગઇ. (૨) જીવ ઉંચો થવો; ડરી કંપી જવું. ચાણક્યની નીતિએ આખું મગધ ખળભળી ઉઠયું. (૩) ગભરાઇ જવું.

ખળભળાટ, પું૦ ભય કે ઉશ્કેરણીથી થયેલી અસર તે; વ્યાકુલતા; ઉદ્વેગ; મનનો ગભરાટ; ઉથલપાથલ; સંક્ષોભ; ઉશ્કેરણી; ઘોંઘાટ.

ખળવું, ક્રિ૦ અ૦ અચકાવું; થોભવું; બંધ પડવું; અટકવું. (૨) ખેળ ચઢાવવી; લખોટવું; ઘુંટવું.

ખળાવવું, ક્રિ૦ પ્રે૦ ખળે એમ કરાવવું; અચકાવરાવવું; થોભાવવું; અટકાવવું. (૨) ખેળ ચઢાવરાવવી; ઘુંટાવવું.

ખળાવાડ, સ્ત્રી૦ ખળાં કરવાની જગા તે; ખરાવાડ.

ખળી, સ્ત્રી૦ [સં. खलिनी] જ્યાં અનાજને ખંખેરી સાફ કરી લેવામાં આવતું હોય તે જગા. (૨) કઠોળની દાળ કરવાની જગા. :– દાળની ખળી.

ખળું, ન૦ [સં૦ खल्ल] ખેતરમાં (સીમમાં) અથવા ગામના પાદરના વાડામાં કણસલાંમાંથી અનાજ ખંખેરી લેવાને સાફ કરેલી જગા તે; ખળી. (૨) ખળામાંથી દાનમાં જે અનાજ અપાય છે તે. ક્રિ૦ પ્ર૦ ખળાં માગવાં=જ્યાં જ્યાં ખળાં હોય ત્યાં ત્યાં જઇ અનાજની ભીખ માગવી.

ખંખ, (ખઙ્ખ) વિ૦ ખાલી; પોકળ; જેની અંદર કંઈ સત્ત્વ હોય નહિ એવું; ખોખા જેવું. ત્યાં એક ઘરડો ખંખ સિંહ રહેતો હતો. (૨) પું૦ બદલો વાળવો તે; વેરની લાગણી તૃપ્ત કરવી તે; દાઝ કાઢવી તે. નાદીરશાહે રણમાં મુએલા મુસલમાનોની સંખ્યાનો શહેરમાં પેસી ગરીબ રૈયતથી ખંખ વાળ્યો. ખંગ.

ખંખરોટવું, (ખાંખરોટવું) ક્રિ૦ સ૦ જરા જરા ચોપડવું; જરા જરા લગાડવું. રોટલી રોટલા ઉપર થોડું ઘી તેલ ચોપડવું.

ખંખળાવવું, ક્રિ૦ સ૦ પાણીમાં ઝાટકીને ધોઈ નાખવું; ઘણા પાણીથી ધોવું; ખંખાળવું.

ખંખાર, પું૦ ખંખારો; ખુંખારો. (૨) હણહણાટ; હેષારવ.

ખંખારવું, ક્રિ૦ અ૦ [સં. क्षल्] ગળું સાફ કરવા અથવા કોઇને કોઈ બાબતની ચેતવણી આપવા ગળામાંથી ઘસાતો અવાજ કરવો. (૨) ઘોડાનું બોલવું; હણહણવું.

ખંખારો, પું૦ ખંખાર; ખુંખારો; ખુંખારવું તે.

ખંખાળવું, ક્રિ૦ સ૦ [સં૦ क्षाल्=ધોવું] પાણીમાં ઝાટકી ઝીકીને ધોવું; પાણી રેડતા જવું અને ઝાટકવું એમ કરીને ધોવું; ઝબકોળીને ધોવું.

ખંખેરવું, ક્રિ૦ સ૦ [સ૦ क्षर्] ઝાટકવું; ખેરવી પાડવું; ઉડાડી મૂકવું; ઝાપટવું. (૨) ટપકો દેવો; ધમકાવવું; ઉધડું લેવું.

ખંખોદ, સ્ત્રી૦ કોઇની પાછળ પડી ખંતથી તેના દોષ શોધવા તે; ખણખોદ.

ખંખોરવું, ક્રિ૦ સ૦ [સં૦ कृ+वि=વેરાવું] જોરથી ખોરવું; બળતા લાકડાને ખંખેરવું; સંકોરવું; દેવતાને જાગ્રત કરવો. (૨) વેરી નાંખવું; ગમે ત્યાંનું ગમે ત્યાં કરી મેલવું. (૩) નખથી ખોતરવું–ઘસવું.

ખંખોળવું, ક્રિ૦ સ૦ એક વસ્તુ શોધતાં બીજી વસ્તુઓને આમ તેમ કરી નાંખવી; ખુણે ખોચરે શોધવું; જોવું; ઢુંઢવું; ખાંખાખોળા કરવા. (૨) ઘણા પાણીમાં ઝાપટીને ધોવું.

ખંખોળા–ળાં, ખાંખાખોળા કરવા તે: શોધવું તે; ફાંફાં મારવાં તે.

ખંખોળિયાં, ન૦ અભિષેકની માફક માથા ઉપર ખૂબ પાણી રેડવું તે; ખૂબ પાણીથી નહાવું તે. ત્રણચાર વર્ષના છોકરાને નવ-

શાવતાં તેની મા આ શબ્દ બોલે છે. :-ખંખોળિયાં મામાનાં મોળિયાં. નર્મ.

ખંગ, (ખડ્ગ) પું૦ ઢગલો; રાશિ. (૨) બદલો. વેર લેવું તે; ખંત. (૩) વિ૦ લુલું; લંગડું.

ખંગાળવું, ક્રિ૦ સ૦ પાણીમાં હલાવી ધોવું; કોગળા કરવા; મોઢામાં પાણી લઈ હલાવીને કાઢી નાંખવું.

ખંચાવું, (ખચ્ચાવું) ક્રિ૦ અ૦ અચકાવું; આચકો ખાવો; ખમચાવું. (૨) શરમને લીધે પાછા ફરવું; લજવાવું; આશંકાવું.

ખંજ, વિ૦ [સં.] લંગડું; લુલું; ખોડું; પગે ખોડંગાતું હોય એવું.

ખંજન, ન૦ [સં.] એક જાતનું પંખી. આ પંખીની પુંછડી લાંબી અને ઉભી હોય છે અને તે આમ તેમ હાલ્યા કરે છે; દીવાળીનો ઘોલ્લો. ખંજનની ચંચળતા ઉપરથી સ્ત્રીઓની આંખને એની ઉપમા આપવામાં આવે છે. :- ખંજનલોચના. (૨) હસતાં હસતાં ગાલમાં જે ખાડો પડે છે તે. :- એને ગાલે ખંજન પડતાં.

ખંજર, ન૦ [અ.] બે તરફ ધારવાળું વાંકું અને ભારે એક હથિયાર; જમૈયો. જમૈયા અથવા કટારના કરતાં ખંજર મોટું હોય છે.

ખંજરી, સ્ત્રી૦ ઘુઘરીઓવાળી નગારી; ઢોલકડી; નાની ડફ.

ખંજવાળ, સ્ત્રી૦ ખણુજ આવવી તે; ખણુજ; ચેળ; વલુર. (૨) જેમાં ખણુજ આવ્યા કરે એવો એક જાતનો રોગ; લુખસ; ચુંટ.

ખંજવાળવું, ક્રિ૦ અ૦ [સં૦ खन्] ચામડી ઉપર નખથી ખણવું; વલુરવું; હાથ ફેરવવો.

ખંજાછંદ, પું૦ એક જાતના માત્રામેળ છંદો; રાગો.

ખંજીરી, સ્ત્રી૦ જુ૦ ખંજરી.

ખંજોળવું, ક્રિ૦ અ૦ ખણવું; વલુરવું; પંપાળવું; હાથ ફેરવવો.

ખંડ, (ખણ્ડ) પું૦ [સં૦ खण्ड.] ભાગ; કકડો; અંશ. ઉ૦ નંદકુંવર પણ નામ જપે તો જિહ્વા કરું શતખંડ. દયારામ. (૨) પ્રકરણ; બાબ. (૩) ચોળી થાય એટલો કપડાનો કકડો તે; રેજો. (૪) ખાનું; ભાગ. (૫) ઘરનો જે એક એક ભાગ તે; ઓરડો, (૬) પૃથ્વીના મોટા મોટા ભૂમિ ભાગમાંનો દરેક. યુરોપ, એશિયા; આફ્રિકા, અમેરિકા, વગેરે. (૭) વિ૦ વિભાગી; એક ભાગ હોય તેવું; આડ, ખંડકાવ્ય; ખંડકથા. ક્રિ૦ પ્ર૦ ખંડ પાડવા=ખાનાં કરવાં; આંતરા ભરીને વિભાગ કરવા.

ખંડણી, સ્ત્રી૦ મોટું રાજ્ય પોતાના તાબાના નાના રાજ્ય પાસેથી ઉપરીપણાનો જે હિસ્સો લે છે તે; ચોથાઈ; ચોથ; ઘાસદાણો; ખિરાજ; કર.

ખંડન, (ખણ્ડન) ન૦ [સં.] ભાગવું, ઉથલાવી કે ઉલટાવી નાંખવું તે; તોડી પાડવું, ઝાટકવું કિંવા હરાવવું તે. ઉત્થાપન; રદિયો. ક્રિ૦ પ્ર૦ ખંડન કરવું=તોડી-ઉથલાવી નાંખવું; રદિયો આપવો. માન ખંડન=માન ભંગ.

ખંડનીય, વિ૦ [સં.] ખંડન કરવા જેવું; તોડી ઉલટાવી નાંખવા જેવું.

ખંડપરશુ, પું૦ [સં.] શિવ; શંકર; મહાદેવ; શૂલી. જેમના હથિયારમાં ખંડ ભાગ છે એવા; ત્રણ ખંડ કે ફળાંવાળા પરશુ હથિયારવાળા તે.

ખંડવું, ક્રિ૦ સ૦ કિંમત ઠરાવવી; આંકવું; આંક પાડવો. (૨) ઉચક ઉધડું સામટું ઠરાવવું. (૩) માગતા લહેણામાં અમુક કિંમતે આપવું અથવા લઈ લેવું.

ખંડાખંડી, સ્ત્રી૦ એક બીજાથી ખંડાવું તે; ભીડાભીડ; ગીરદી; ધમ્મંધમ્મા; કચરાકચરી.

ખંડાવવું, ક્રિ૦ સ૦ કોઇ ખાંડે તેમ કરવું; કચડાવવું; ભગાવવું; છોડાં ઉખડાવવાં.

ખંડાવું, ક્રિ૦ અ૦ કચરાવું; ભુકો થવો; ભાગી જવું. (૨) પીડાવું; ભીડાભીડ કે ગીરદીથી હેરાન થવું. (૩) નુકસાન આવવું.

ખંડિત, વિ૦ [સં.] ભાગેલું; ટૂટેલું; ખાંડું.

ખંડિતા, સ્ત્રી૦ [સં.] જેની લાગણી દુખાયેલી હોય એવી, પોતાના સુખમાં બીજીએ ભાગ પડાવ્યાથી રિસાયેલી નાયિકા. (કાવ્ય શાસ્ત્ર પ્રમાણે) સપત્નીને ત્યાં રહી આવેલા પતિને જોઇ ખિન્ન થયેલી-મહેણાં મારતી નાયિકા. ઉ૦ રાતલડી કોની સંગેરે જાગ્યા; આંગણીએ ઉભા આળસ૦ જેવા બોલ બોલનાર નાયિકા.

ખંડિયું, વિ૦ ખંડણી આપતું હોય એવું; તાબેદાર; મોટા રાજ્યના રક્ષણ નીચેનું:-ખંડિયું રાજ્ય (૨) ભાગેલું; ટૂટેલું હોય એવું; ખંડિત.

ખંડિયેર, ન૦ [સં. खण्डित] ખંડિત થઇ ગયેલી ઇમારતોનાં જે અવશેષ કોટડાં વગેરે તે; જુનાં પડી ગયેલાં મકાન ઘર વગેરે તે; ખંડેર; ઘરનું ખોખું.

ખંડી, વિ૦ રહેવાસી; રહેનાર. :-વનખંડી=વનમાં રહેનાર.

ખંડીઆપવું, ક્રિ૦ સ૦ જથાબંધ માલ ઓછી કિમ્મતે આપવો. (૨) દેવા પેટે અમુક કિમ્મત ઠરાવીને વસ્તુ આપવી; પતાવવું.

ખંડીરાખવું, ક્રિ૦ સ૦ જથાબંધ માલ સામટી ઉચક કિંમત ઠરાવીને લઇ લેવો તે. (૨) માગતા પેટે ઉચક કિંમતે અમુક વસ્તુ ખરીદી લેવી.

ખંડીવાળવું, ક્રિ૦ સ૦ ખંડી આપવું; માંડી વાળવું. (૨) અમુક દેવું લહેણું અમુક માલ કે વસ્તુની ઉચક કિંમતે પતાવી દેવું તે.

ખંડીલેવું, જુઓ ખંડી રાખવું.

ખંડું, વિ૦ ભાગેલું; ટૂટેલું; ખાંડું.

ખંડેર, ન૦ ખંડિયેર; અમસો પડી ગયા પછી (બળી ગયા પછી) ખાંડી-ભાગી કે ટૂટી ઇમારતની જે નિશાનીઓ રહેલી હોય તે જગા; મકાનના પાયા કોટડાં કે અવશેષ ભોંય. ઉ૦ જ્યે ઘેર નોબત વાગતી × × ખંડેર થઇ તે ખાલી પડયાં, કાળા દૈ છે કાગડો. પ્રા. કા.

ખંત, સ્ત્રી૦ પાછળ લાગ્યા રહેવું તે; ધ્યાન અને ઉત્સાહથી મચ્યા રહેવું તે. (૨) કાળજી; ચાનક. (૩) કંટાળો; છીટ; ચીઢ.

ખંતી, વિ૦ (ખંત+ઇ=વાળું) ખંતીલું; ચાનકદાર; કાળજી રાખનાર.

ખંતીલું, વિ૦ પછવાડે લાગુ રહેનાર; ચાનકદાર; ખંતવાળું.

ખંતેપડવું, ક્રિ૦ અ૦ પછવાડે લાગવું; પુંઠે પડવું; કેડો લેવો. (૨) ચાનક રાખવી. (૩) ભૂલ ખોળ્યા કરવી; ખણખોજ કરવી.

ખંદાઇ, ખંદું, જુઓ ખંધાઈ-ખંધું.

ખંધાઇ, સ્ત્રી૦ લુચ્ચાઇ; ઢોંગાઇ; ઠગબાજી. (૨) લાડ; પ્યાર. (મશ્કરીમાં પણ આ શબ્દ વપરાય છે. નર્મ)

ખંધું, વિ૦ [દે. खंघो] ખંધાઇ કરનાર; ઠગણું; પહોચેલું; પકકું.

ખંધોલો, પું૦ [સં. स्कन्ध=ખભો] ખભો; ખાંધ; ગરદન અને ખભા વચ્ચેનો ભાગ.

ખંપાલી-ળી, સ્ત્રી૦ ખેડુતનું એક ઓજાર; પંજેઠી.

ખંબ, (ખમ્બ) પું૦ [સં. स्तम्भ] થાંભલો; ખાંભ.

ખંભાતી, વિ૦ ખંભાતનું; ખંભાતમાં બનેલું; ખંભાતને લગતું. (૨) ખંભાતનું રહેવાસી.

ખંભો, પું૦ ખભો; સ્કંધ; ખાંધ.

ખા, અ૦ લેતો જા; કાઢકાંઢા. (વારેલું કામ કરવા જતાં જ્યારે માણસ પાછો પડે છે ત્યારે વારનાર તેને ટાણો મારતાં આ શબ્દ વાપરે છે.)

ખાઈ, સ્ત્રી૦ [સં. खनि] ખોદીને બનાવેલી ઉંડી નીક અથવા ખાડો; ખાણ. (૨)

કોટની બહાર ખોદેલી ખાડી; પરિખા; ચર. (૩) ગામ કે શહેરનું પાણી વહેવડાવી દેવાને કરેલી ઉંડી વાટ. (૪) [सं. खाद्= ખાવું પરથી ખાધ-ખાઇ) ખાવાનું તે; ખાવાની વસ્તુ. (૨) જેમાંથી અથવા જ્યાંથી ખાવાનું કે ખોરાકી મળતી હોય તે વસ્તુ; સ્થાન ઇત્યાદિ, જે કંઇ ખાવાનું મળે એવું તે; ગુજારાનું સાધન; ખાવાપણું; આજીવિકા; ખાધ. આઈ વહાલી કે ખાઇ.

ખાઇજવું, ક્રિ૦ સ૦ [सं. खाद्] ખાવું; જમવું. જમી જવું. (૨) કોઇનું કંઈ લઇ તેને પાછું નહિ આપવું; હજમ કરી જવું. (૩) મારવું; સપડાવવું. (૪) નહિ ગણગારવું; દરકાર નહિ કરવી. (૫) ગળી જવું; નિરુત્તર રહેવું; ખામોશ ખાવી. (૬) વગર હકે ગળી જવું; ઉચાપત કરવું. (૭) વચમાં ભૂલી જવું; પડતું મૂકી દેવું; છોડવું. (૮) કમાઇ જવું.

ખાઇજોવું, ક્રિ૦ સ૦ ચાખવું; સ્વાદ લેવો; નાંણી જોવું; કેવું છે, તે ખાઇને તપાસી જોવું; પરીક્ષા કરવી.

ખાઇપીલેવું, ક્રિ૦ સ૦ ભોગવવું; ઉપભોગ કરવો; મોજ કરી લેવી. (૨) તૈયાર થવું; પરવારવું; સમેટવું; અનુભવ કરી લેવો. :-હવે ખાઇપી લીધું છે મરણ આજ આવો કે કાળાંતરે, તેની મને ચિંતા નથી.

ખાઉ, વિ૦ ખાનાર; સહન કરનાર:-લાંચખાઉ; હરામખાઉ; મારખાઉ. શબ્દની પાછળ જોડાય છે. :-ખાસડાંખાઉ. (૨) ખાવાની લલુતાવાળું; બુભુક્ષિત. (૩) ન૦ ખાવાનું.

ખાઉકડ, ખાઉકણ, વિ૦ ખાખા કરે એવું; જેનું મન હમેશા ખાવા ઉપર જ રહેતું હોય એવું; ખાઉધરું. ગમે તે વખતે ગમે તે વસ્તુ ખાઇ જવાની જ જેને ભાવના રહ્યા કરતી હોય એવું; બુભુક્ષિત; અકરાંતિયું.

ખાઉકી, સ્ત્રી૦ ખાવાનું; ખોરાકી. (૨) ખાઇ જવું તે; લાંચ રૂશવત લેવી તે; -માંથી કાઢી ખાવું તે. ક્રિ૦ પ્ર૦ ખાઉકી કરવી= થોડું ઘણું ખાવાનું કાઢવું; લાંચરૂશવત કે છુપી દલાલી તરીકે કંઇ કંઇ કાઢી ખાવું.

ખાઉખાઉ, અ૦ જાણે ક્યારેને ખાઇજાઉં એમ કરતું; અત્યંત ભૂખનો, અત્યંત ખાઉ ધરાપણાનો વલોપાત. ક્રિ૦ પ્ર૦ ખાઉ-ખાઉ કરવું=જાણે શું ખાઉં અને ક્યારે ખાઉં, એમ ખાવાની આતુરતા દેખાડવી; અત્યંત ભુખાળવાપણું બતાવવું.

ખાઉધર, વિ૦ ખાતાં ધરાય નહિ એવું; અક-રાંતિયું. (૨) લાંચિયું.

ખાઉપાત્ર, વિ૦ ખાવાને યોગ્ય; ખાઉકી કરે એવું; ખાઇ જાય એવું. ખાવાની દાનતવાળું.

ખાએશ, સ્ત્રી૦ [फा] મરજી; ઇચ્છા; મન; ભાવના; હેતુ; આશય; વૃત્તિ; વલણ.

ખાક, સ્ત્રી૦ [फा] રાખ; ધળ; ધાતુની રાખોડી; રસાયન; અર્થાત્ મારેલી ધાતુ. (૨) નાશ; પાયમાલી.

ખાકટી, (ખાખડી) સ્ત્રી૦ ખાટા મરવા; નાની કેરીઓ; મરવા.

ખાકસાર, વિ૦ [फा. खाक्+सार=સરખું] ખાખ જેવું; નરમ; તુચ્છ; ગરીબ; તાબેદાર; અધીન; આજ્ઞાંકિત; વિનયી; વિવેકી. (૨) પામર; હલકું; અધમ; નીચું.

ખાકાન, પું૦ [अ.] મોટો ઉપરી અધિકારી; રાજા; સુલતાન.

ખાકાની, વિ૦ [फा.] રાજ્યને લગતું; પાદ-શાહી; સુલતાની.

ખાકી, વિ૦ [फा.] ખાકના રંગનું; જેનો રંગ ખાખ રાખના જેવો હોય એવું; મેલું.

ખાખ, સ્ત્રી૦ [फा.] કોઇ પણ વસ્તુ બળી ગયા પછી તેનો જે ભુકો અવશેષ રહે તે; ભસ્મ; રાખોડી; શેલી. (૨) મારેલી ધાતુ. ક્રિ૦ પ્ર૦ ખાખ થવું=બળીને ભસ્મ થઇ જવું; અત્યંત અદેખાઇથી દુઃખી થવું.

ખાખર, પું૦ [सं. खदिर] એક જાતનું ઝાડ,

ખાખરો; પલાશ. આ ઝાડને મોટાં અને ચીવટ પાંદડાં થાય છે અને તેનાં ગુજરાતમાં પડિયા પતરાળાં બને છે; એનાં ફૂલ કેસુડાં કહેવાય છે. તે અંગારા જેવા લાલરંગનાં હોય છે. રૂ૦ પ્ર૦ ખાખરની ખીસકોલી=કુસ્થાનમાં રહેનાર; જેમાં રસકસ કે સ્વાદ નહોય તેવા સ્થાનમાં રહેનાર અને તેવા સ્થાનમાં માત્ર એક વસ્તુજ જેણે જોયેલી હોય એવું અનનુભવી; અજ્ઞાન. ઉ૦ ખાખરની ખીસકોલી અંગદ સ્વાદ શું જાણે સાકરનો.

ખાખરી, સ્ત્રી૦ ભાખરી; શેકેલી રોટલી; નાનો ખાખરો. અંગારા ઉપર શેકીને બનાવેલી ઘઉંની રોટલી. (૨) સુકો: તમાકુનાં સુકાઇ ગયેલાં કુમળાં પાંદડાં.

ખાખરો, પું૦ [સં. खदिर] પલાશ; ખાખર. (૨) અંગાર ઉપર શેકીને બનાવેલો ઘઉંનો રોટલો.

ખાખસુસ, અ૦ ખસુસ: જરૂર; અચૂક: નક્કી; ખચીત; ખાસુખા.

ખાખાવીખી, વિ૦ ધળધાણી; ચૅંદી નાંખેલું; ચુંથાયેલું; છિન્નભિન્ન; છુટું છુટું આમ તેમ વીખી નાંખેલું એવું. (૨) દુ:ખી; હેરાન; પીડિત.

ખાખી, વિ૦ ખાખવાળું; ખાખ, રાખોડી જેવા રંગનું. (૨) કોરડું; જેની પાસે કંઈ પણ ન હોય એવું; ખાલી. :-ખાખીબંગાળી. (૩) પું૦ શરીરે ખાખ ચોળનાર બાવો; જોગી; ભસ્મ ધારણ કરનારો; વેરાગી. ઉ૦ ખાખીવેરાગી ક્યમ થયા, વણજારારે. ખાખીપલટણ=ખાખી રંગનો દરવેષ પહેરનારા સિપાઇઓની ટુકડી.

ખાખીબંગાળી, પું૦ ખાલી ખીસાનો ફક્કડ માણસ; દેખાવમાં સારો પણ જેની પાસે કશું ધન ન હોય એવો તે: ખાલી ભભકો દેખાડનારો; ડાંડ; કોરડો.

ખાચર, પું૦ કાઠીલોકોની એક જાત, અટક, અને કોમ.

ખાજ, ન૦ [સં. खाद्य] ખાવાની ચીજ; ખાવાનું; ભક્ષ. ઉ૦ ખાઇ ન શકતો ખાજ.

ખાજલી, સ્ત્રી૦ જેની અંદર ખાલી જગા હોય એવી નાની કુંડાળી; જાળીદાર પૂરી જેવી વસ્તુ; તંતુઓ અને તેનાં ગુંછળાં, જે પૃથ્વી અથવા હરકોઈ સપાટી ઉપર પથરાઇ રહ્યાં હોય તે.

ખાજલું, ન૦ અંદરથી ખાલી જાળીદાર ચકરડું; કુડાળું; ગોળાકાર પોચું ને જાળીદાર જે તે; છાણું. ઘરોનાં ખાજલાં અને જલેબીનાં ખાજલાં=ખોખાં.

ખાજવણી, સ્ત્રી૦ ખાજ: ખંજવાળ; ખુજલી.

ખાજું, ન૦ [સં. खाद] ખાવા જેવું એક પકવાન; પુષ્કળ મોયણવાળી પોચી પૂરી.

ખાટ, સ્ત્રી૦ [સં. खट्वा] અદ્ધર લટકાવી શકાય એવો પાયાવાળો અથવા પાયા વગરનો પાટીનો ખાટલો તે; હિંચકાનો ખાટલો; છપરખાટ. (૨) ખાટવાનું; ફાયદો. :-આ વેપારમાં કંઈ ખાટ નથી.

ખાટકી, પું૦ [સં. आखेट અથવા खाटिक=મારનાર] પશુઓને મારી તેના માંસનો વેપાર કરનાર; કસાઈ; ગળકટ્ટા: સૈનિક. (૨) વિ૦ નિર્દય; ક્રૂર; હિંસક; ઘાતકી.

ખાટકીવાડો, પું૦ જ્યાં ખાટકીઓ રહેતા હોય તે મહોલ્લો. (૨) જ્યાં પ્રાણીઓ મરાતાં હોય અને માંસ વેચાતું હોય તે લત્તો. (૩) ગંદવાડો; ભંજવાડો. (૪) ક્લેશ કંકાસ અને મારઝુડ થઈ રહેવી તે; ક્રૂરતા ચાલવી તે.

ખાટલી, સ્ત્રી૦ [સં. खट्वा] નાનો ખાટલો; ઢોલડી; માંચી; પલંગડી. (૨) ઠાઠડી; કરકટી; નનામી.

ખાટલો, પું૦ [સં. खट्वा] જમીનથી ઉંચું રહે એવું પાયાવાળું પાટિયાં, પાટી કે દોરી ભરેલું અથવા નહિ ભરેલું લાકડાનું લંબચોરસ ચોકઠું, ઢોલિયો; ચારપાઈ; માંચો: પલંગ. (૨) મંદવાડ. :-ખઇનો ખાટલો.

સુવાવડનો ખાટલો. ક્રિ૦ પ્ર૦ ખાટલે પડવું =માંદા થવું. :-ખાટલે પડીએ ત્યારે કોણ શીરો ખવડાવે ? વનરાજ ચા. ખાટલો આવવો=સુવાવડ આવવી. રૂ૦ પ્ર૦ ખાટલા વશ=ઉઠીને હરી ફરી શકે નહિ એવું; બહુજ માંદું. અશક્ત; નિર્બળ. કહે૦ ખાટલે મોટી ખોડ કે ચોથો પાયો જ નહિ=એક એવો મોટો દુર્ગુણ કે જેથી બીજા બધા ગુણ નિરર્થક ગણાય.

ખાટવું, ક્રિ૦ સ૦ ફાયદો મેળવવો; કમાવું; રળવું. ખાટી જવું=લાભ મેળવી લેવો; નફો થવો; કમાઈ જવું. (૨) ફાવવું; પાર પડવું.

ખાટિયું, વિ૦ ખટાશવાળું; જેમાં ખટાશ આવેલી હોય એવું. (૨) ન૦ કેરીને બાફીને અથવા બીજી કોઈ ખાટી વસ્તુને ચોળીને બનાવેલું ખટાશદાર પેય; ચોળો; કઢી. :-કેરીનું ખાટિયું.

ખાટું, વિ૦ સ્વાદે ખટાશવાળું; આંબટ; આમલી, કાચી કેરી અને બીજી વનસ્પતિઓના દાંતને અંબાવી નાંખે એવા સ્વાદવાળું; દહિં, લિંબુ, આમલી વગેરેના સ્વાદનું. (૨) કચવાયેલું; દીલગીર થયેલું; આશા ભંગ; મનનો ઉત્સાહ પડી ભાગે એવું. ક્રિ૦ પ્ર૦ ખાટું થઈ જવું=મનથી ઉતરી જવું; અપ્રિય થવું; દીલ દુખાય એવું. ખાટુમોળું થવું=બગડી જવું. :- એમાં શું ખાટુમોળું થવાનું છે. ખાટુંબડસ=બહુજ ખાટું.

ખાટુવડું, ન૦ લગ્નમુહૂર્તના આગલા દિવસનું જમણ; શરૂઆતનું જમણ; છોકરો પરણ્યાની નાત.

ખાટોડી, સ્ત્રી૦ એક જાતની ખાટી ભાજી.

ખાડ, પું૦ [સં. खात] ખાડો; ખાઈ; કોતર; ખાણ.

ખાડી, સ્ત્રી૦ [સં. खात] જમીન ખોદાઈ કે પાણીથી ખણાઇને લાંબો અને સાંકડો જે વ્હેળો પડેલો હોય તે; દરિયાઈ ભરતી-ઓટનાં પાણી જે નદીનાળાંમાં આવ જા કરતાં હોય તે ખાડી અથવા ખાડીઓ કહેવાય છે. નાનો અને સાંકડો અખાત.

ખાડુ, ન૦ [સં. खण्ड] ભેંશોનું ટોળું; ઠાઠ.

ખાડો, પું૦ [સં. खात] સપાટી ખોદાઈ, ભાગી કે ટૂટીને થયેલું ઉંડાણ તે; ખાણ; કોતર; ગર્ત. (૨) નુકસાની; ખોટ; ગેપ.

ખાણ, સ્ત્રી૦ [સં. खनी] જમીનમાં ખોદેલો ખાડો. :-માટીખાણ, કોલસાની ખાણ. (૨) સપાટીમાં પડેલો ખાડ:-છરીમાં પડેલી ખાણ. (૩) જમીન ખોદીને બનાવેલો પાકો ખાડો; ભોંયરું; ગર્ત; કોઠલો. :-દાણાની ખાણ. (૪) જેમાંથી અમુક પુષ્કળ જથાબંધ મળતું રહે એવું ઠેકાણું; જેમાં અમુકની પુષ્કળતા હોય તે. :-રત્નની ખાણ; સદ્ગુણની ખાણ. ભંડાર; રાશિ; નિધિ. (૫) મૂળ; ઉત્પત્તિ સ્થાન; યોનિ. (૬) ઢોરને ખાવાનું; અનાજ કપાસ વગેરે બાફીને બનાવેલું ઢોરને ખાવાનું જે તે.

ખાણાં, ન૦ (ખાણણાં) સામસામે વાતચીત થતી હોય એવી ગાયનની કડીઓ બોલવી તે; ચબોલા. ઉ૦ વહુ:-ચાકરીએ મારા જેઠજીને મેલો, અલબેલા નાજાઓ ચાકરીરે લોલ. વર:-જેઠ ઘેર જેઠાણી વઢકારી, મહોલોમાં ઝઘડા જાગશેરે લોલ.

ખાણિયું, ન૦ ખાંડણિયું. (૨) ડોબું.

ખાણી, સ્ત્રી૦ [સં. खनि] ખાણ; ખાડો. (૨) ભંડાર; રાશિ.

ખાણું, ન૦ [સં. खादन] ખાવાનું જે તે; જમણ; ભોજન. (૨) ખાવાનાં દ્રવ્યો તે; ખોરાક. (૩) મરણ પાછળ ખાવાપીવાનો જે શોક પાળવામાં આવે છે તે. ક્રિ૦ પ્ર૦ ખાણું આપવું=નોતરીને જમાડવું; માનમાં ભોજન કરાવવું. ખાણું પકવવું=ખાવાનું રાંધવું. ખાણું પાળવું=કોઈના મરણ પાછળ

ખાવાપીવાનો શોક રાખવો. (૪) ભાત; ભત્થું. :–ખાણું મોકલવું.

ખાત, વિ૦ [सं.] ખોદેલું; ખણેલું.

ખાતમુરત, ન૦ [सं. खातमुहूर्त] ઘર, હવેલી અથવા બીજા કોઈ બાંધકામનો પાયો નાંખવાની ક્રિયા કરવી તે; પહેલ વહેલું ખોદ કામ કરવાનો જે ખાસ શુભ અવસર તે.

ખાતર, ન૦ ઘાસ, છાણ વગેરે ઢોરે કરેલા કચરાનો એકઠો કરેલો જથો; જમીનમાં કસ ઉત્પન્ન કરે અને વાવેતર સારું થાય એવાં દ્રવ્યો તે; છાણ; વનસ્પતિનો ભુકો; ખોળ; માછલાં; મીઠું; હાડકાં અને બીજો કચરો પુંજો, જે કહોવાણને લીધે જમીનમાં કસ લાવે છે તે. (૨) ચોરી; લુંટ. :–આજે ગામમાં બે ખાતર પડયાં. ક્રિ૦ પ્ર૦ ખાતર પાડવું=ચોરી કરવાને ભિંતમાં જે બાખું પાડવું તે. ભિંતને કોચીને ચોરી કરવી તે; ઘર ફાડવું. કહે૦ ખાતર ઉપર દિવેલ= દાઝયા ઉપર ડામ જેવું; ચોરી થઈ હોય તેની પાછળ વળી દિવેલ બાળીને ખરચ કરવું, અર્થાત્ ગુમાવ્યા ઉપર ગુમાવવું તે.

ખાતર, સ્ત્રી૦ [अ.] આગતાસ્વાગતા; સરભરા; બરદાસ. ઉ૦ ગામની ગરીબ સ્ત્રીઓ પ્રધાનપત્નીની ખાતર કરવાને ઉપર નીચે થઈ રહી. સરસ્વતીચંદ્ર. (૨) પક્ષ; તરફદારી. :–તું તેની ખાતર કરે છે એ ઠીક નહિ. (૩) અ૦ વાસ્તે; કાજે; માટે. :–મારે ખાતર આટલું કામ કરો.

ખાતરજમા, સ્ત્રી૦ સાબીત કરી બતાવવું તે; ખાતરી કરવી તે; ખાતરી; પતીજ આણવી તે. (૨) મનનું સમાધાન કરવું, શંકા હોય તે નિર્મૂળ કરવી તે. ક્રિ૦ પ્ર૦ ખાતરજમા કરવી=ખાતરી કરી આપવી; વહેમ હોય તે દૂર કરી વિશ્વાસ અણાવવો.

ખાતરણી, સ્ત્રી૦ છાણાં વગેરે ભરતાં તે પડી ન જાય તે માટે ગાડાની કિનારે કરેલી આડ; પાંજરી.

ખાતરદારી, સ્ત્રી૦ તરફદારી; પક્ષ. (૨) શરમ; દરકાર.

ખાતરનિશા, સ્ત્રી૦ [+ फा. निशा=नक्की] સંપૂર્ણ ખાતરી કરવી તે; ખાતરજમા; ખાતરી; ખરેખરી ખાતરી કરાવવી તે; માનવામાં આવવું તે. ઉ૦ ખાતરનિશા થઈ માહરી; ઓળખાણ નીકળી એન; અરસપરસ બેઉ મળ્યાં, તે માસીજાઈ બેન. શામળ.

ખાતરપડો, (પાડુ) પું૦ ખાતર પાડનારો; ચોર; ઘર કોચીને ચોરી કરનાર.

ખાતરપુંજો, પું૦ વાસીદાનો એકઠો કરેલો કચરો; ઢોરના ઓગાળ અને ગોબરનો કચરો.

ખાતરવું, ક્રિ૦ સ૦ ખાતરવાળું કરવું; જમીનમાં ખાતર નાંખવું તથા તેને જમીન ઉપર પાથરી દેવું. (૨) ગાળ દેવી; ભાંડવું. :–તે સૌની માબેન ખાતરતો આવે છે.

ખાતરિયું, ન૦ ખાતર પાડવાનું ઓજાર; ભિંત કોચવાનું ચોરનું ઓજાર; ગણેસિયું.

ખાતરિયો, પું૦ ભુવાનો સાથી; ભૂત પ્રેત કાઢવાની તાંત્રિક વિદ્યા જાણનારો માણસ; ભૂતપ્રેતની ખાતરી કરાવનારો. ઉ૦ વાત સાંભળી વીરો આવ્યા, સુભદ્રાને જાણી અસાધ્ય; ભુવા ખાતરિયા તેડાવ્યા સૌ આવ્યા એકે સાદ. પ્રેમાનંદ.

ખાતરી, સ્ત્રી૦ [फा. खातर] પતીજ; ભરોંસો; વિશ્વાસ. (૨) નિશ્ચય; નક્કી; જરૂર; ખાતર જમા. (૩) વણકરોની એક જાત.

ખાતરીદાર, વિ૦ જેને માટે ખાતરી હોય એવું; વિશ્વાસનું; ખાતરીલાયકનું.

ખાતાબંધી, સ્ત્રી૦ અમુક ખેડુતે અમુક જમીનની આટલી મહેસુલ આપવી જોઇએ, એવી જે વસુલાતી ખાતાની ગોઠવણ તે; એકેક ખેડુતને અમુક માપની જમીન તેને નામે ચઢાવી આપી તેનું અમુક ભાડું ભરવા ખાતું પાડેલી ચોપડી આપવાની મહેસુલી રચના; ખાતાં પાડી આપવાં તે.

ખાતાબાકી, સ્ત્રી૦ ખાતામાં જમે ઉધાર થઇ ગયા પછી જે બાકી રહેલું હોય તે; જમે ઉધાર બાદબાકી કરતાં જે રકમ રહી હોય તે.

ખાતાવહી, સ્ત્રી૦ રોજમેળમાં જે જુદે જુદે નામે જમે ઉધાર થયું હોય તે, તે તે નામનાં જુદાં જુદાં ખાતાં પાડીને લખવા માટે રાખેલો ચોપડો; જેમાં જુદાં જુદાં ખાતાની વિગત હોય તે.

ખાતાવાર, અ૦ એકેએક ખાતું પાડ્યું હોય તેમ; ખાતાદીઠ.

ખાતાંપીતાં, અ૦ ગુજરાન કરતાં; આજીવિકા ચલાવતાં. :–એને ખાતાંપીતાં વરસ દહાડે સો રૂપિયા પડયા રહે છે.

ખાતું, ન૦ અમુક એકજ જણના નામનો જે જમે ઉધાર હિસાબ તે; લેણદેણનો હિસાબ. (૨) પ્રકરણ; કામ; વિષય. (૩) મોટો વહીવટ ચલાવવાને માટે જુદાં જુદાં કામકાજની જે જુદી જુદી ગોઠવણ તે; કામકાજની જુદી જુદી વહેંચણીમાંનું દરેક અંગ. :–મહેસુલખાતું; ઇનસાફખાતું; લશ્કરીખાતું; વેપારખાતું, વગેરે.

ખાતુંપત્રું, ન૦ લેણદેણના હિસાબની લખાવટ; હિસાબ; (૨) લેણદેણને લગતું જે લખાણ તે.

ખાતુંપીતું, વિ૦ જેને ખાવાપીવાની ચિંતા ન હોય એવું; સાધનસંપન્ન; સુખી; આજીવિકાના સાધનવાળું; પૈસાદાર. (ભૂખે મરતું–થી ઉલટું) ગરીબ–કંગાલ નહિ તે.

ખાદન, ન૦ [सं. खाद्] ખોરાક; ખાવાનું; ખાણું.

ખાદિત, વિ૦ [सं.] ખાધેલું; ખોતરેલું.

ખાદી, સ્ત્રી૦ જાડા સુતરનું ઘિસું કપડું; ઉતરતી જાતની દોટી.

ખાદ્ય, [सं. खाद्] ખાવાને યોગ્ય; ખાવા જેવું. (૨) ન૦ ખાવાનું.

ખાધ, સ્ત્રી૦ [सं. खाद्] આહાર. :–એની ખાધ બહુ છે. (૨) ખોરાક; ખાવાનું. (૩) ખોટ; નુકસાન; ટોટો. (૪) ખોડ; ખાંપણ; ખામી; ન્યૂનત્વ. (હીરા મોતીમાં)

ખાધરો, પું૦ ખાઉધરો.

ખાધાગળો, પું૦ વારંવાર સારું સારું ખાવાનો જે ભાવ તે; ખાધાદાઢ. (૨) ખાઉધરાવેડા.

ખાધેલપીધેલ, વિ૦ ખાવાપીવાના પ્રાચુર્યને લીધે તંદુરસ્ત શરીરનું; દોંગું; જાડું; માતેલું; આરોગ્ય; તંદુરસ્ત.

ખાન, પું૦ [फा.] રાજા, મોટો માણસ, અથવા મોટો અમલદાર; ખાં; મોટા માણસને મળેલો ઇલિકાબ; ઓહ્દાનું મોટું ઉપનામ; એક મોટી ઉપાધિ. (૨) કાબેલ; કુશળ; જાણનાર; અધીશ્વર.:–વાતનો ખાં છે.

ખાનગી, વિ૦ [फा.] જાહેર નહિ એવું; છુપું; મનમાં રાખવાનું; પોતાનું ખાસ અથવા અમુક એકાદ જણ જાણે એવું. ઝાઝા માણસને નહિ કહેવા જણાવવા જોગ. (૨) એકાંત; જ્યાં અમુક સિવાય બીજાનો અવરજવર ન હોય એવું. (સ્થળ)

ખાનદાન, વિ૦ [फा.] ખાનપાન અને પુણ્યદાન વગેરેમાં જેનો વહેવાર સારો હોય એવું; ખવડાવી પિવડાવી એ પૈસા આપી જાણનાર; ઉદાર; કુળવાન; ખુનિયાત; મોટાઘરનું; સારા ઉંચા અને સાંસારિક વ્યવહારમાં ઉત્તમ શીલનું. (૨) ન૦ પ્રતિષ્ઠિત કુટુંબ; સુકુળ; વંશાન્વય. :–ધનજી શેઠનું ખાનદાન.

ખાનદાની, સ્ત્રી૦ [फा.] કુલીનતા; ખાનદાનપણું.

ખાનપાન, ન૦ ખાવાપીવાની વસ્તુઓ, સામગ્રી; ખાવાનું અને પીવાનું વગેરે તે; ભોજન સામગ્રી; ખાવાપીવાની રીત.

ખાનાઈ, સ્ત્રી૦ ખાનપણું; ખાન તરીકે અમલ બજવણી કરવી તે.

ખાનું, [फा.] મોટી જગામાં પાડેલા વિભાગોમાંનો અક્કેક ખંડ તે; વિભાગ; સ્થાન; જગા.:–દિવાનખાનું; બંદીખાનું; છાપખાનું. (૨) ભંડાર; સંગ્રહ; સંચયસ્થાન. :– દારૂખાનું; જામદારખાનું; ભૂતખાનું. (૩) ઘર; જગા; પડ. (૪) ઘર; કોઠો; આસન.:– પત્રકનાં ખાનાં. પખાણું.:–ખાને આબાદ= ખાવાપીવાની ગોઠવણ ઠીકસર રાખનાર; ખાવામાં ને પીવામાં સુખી.

ખાપ, સ્ત્રી૦ [सं. खर्पर] બહુજ સફાઈદાર કડક અને ચકચકતી પતરી; અત્યંત સ્વચ્છ નિર્મળ વસ્તુ; અબરખનું ચાટલું; પડ. :–આ ધોબી કપડાં તો નર્યાં ખાપ જેવાં બનાવે છે. (૨) મોઢું જોવાનો કાચ; ચાટલું; આરસી; દર્પણ. ખાપનું ભરત= કચ્છ કાઠિયાવાડમાં, અબરખ અથવા કાચની નાની ગોળ કકડીઓ મૂકીને ભરાતું ભરત.

ખાપડું, ન૦ [सं खर्पर] માટીના વાસણનો ભાગેલો કકડો; ઠીકરું; ઠીબ.

ખાપણ, (ખાંપણ) ન૦ શબ ઉપર વિંટાળવાનું કપડું; ખાંપણ. (૨) ન્યૂનતા; અપૂર્ણતા; ખામી.:–ખોડખાપણ, દોષ.

ખાપરિયું, ન૦ એક જાતનું ઔષધ; આંખમાં ભરવામાં આવતું જસતનું ભરણ તે. (૨) પેટમાં આપવાનું એક બીજું ઔષધ. આ છોકરાંને માટે વપરાય છે.

ખાપરી, સ્ત્રી૦ લિંટની પોપડી; ગુંગું; છોડ.

ખાપરોકોડિયો, પું૦ એક એકથી ગાંજ્યા જાય નહિ એવા બે ધૂર્તોમાંનો પ્રત્યેક; એક બીજાથી ઠગાય નહિ એવા ધૂર્ત, ઠગ. પૂર્વે બે મોટા ધૂર્તો થઇ ગયા, તે એક બીજાની સાથે દાવપેચ રમવામાં અને લોકોને ધૂતી ખાવામાં બહુ નામાંકિત થયા હતા, તે ઉપરથી આમ કહેવાય છે.

ખાપરોઝવેરી, પું૦ બહુજ પહોંચેલો ને પક્કો ધૂર્ત; મહા ઠગ. ચાંપાનેરમાં એક બહુજ કાબેલ ઝવેરી હતો તેની કાબેલિયત અને ઠગબાજી ધૂર્તતા ઉપરથી આ શબ્દ નીકળેલો છે.

ખાપવું, ક્રિ૦ સ૦ (सं. क्षि. खुप्=ખાંપવું) થોડું થોડું ખોદવું; પાવડાથી ઉથલપાથલ કરવું; ખાંપવું; એકઠું કરવું; ભેળવવું; એકત્ર કરવું.

ખાબડું, ન૦ નાનું ખાબોચિયું.

ખાબોચિયું, ન૦ નાનો ખાડો; ખાબડું; તળાવડું.

ખામ, પું૦ સ્તંભ; થાંભલો; ટેકો. (૨) ખભો.

ખામચી, સ્ત્રી૦ ખામોસી; ધીરજ; ધૈર્ય; સહનશીલતા.

ખામણિયું, ન૦ પાણી કાઢવાના કોસનો ચામડાનો દોર; વરત.

ખામણું, ન૦ પાણિયારાપર અથવા ચોકડીની કોર ઉપર પાણી વાસણ મૂકવા સારું ગોળ કોરણવાળો જે આછો ખાડો રાખેલો હોય છે તે. (૨) ઝાડની આગળ પાછળ જે છાછરો ક્યારો કરવામાં આવે છે તે; આલવાલ.

ખામણો, પું૦ ખાનું; ખંડ. (૨) નાનો ઠિંગણો માણસ. (૩) ભડવો.

ખામી, સ્ત્રી૦ (फा.) કોઇપણ બાબતમાં જે કંઇ ઓછાપણું હોય તે; અપૂર્ણતા; ન્યૂનતા; ઓછાપણું; કસર; ખોડ. (૨) ભૂલ; દોષ. (૩) ખોટ; ઘટ; ઓછ.

ખામુખા, અ૦ [फा. खाहमखाह] ખસુસ; ખાસ; મુદ્દામ; જાણી જોઇને; બુદ્ધિપુરઃસર. (૨) નક્કી; ખરેખર; ખચીત. ઉ૦ ભામની દીઠી ભીલડે, આ તે શો ઉત્પાત; ખામુખા ખાશે મને, વિપરીત થાશે વાત. શામળ.

ખામોશ, સ્ત્રી૦ [फा.] ખમી જવું તે; ક્રોધ આવેશને દાબી દેવો તે; સાંખી રહેવું–સહન કરી જવું તે; સહનશીલતા; ધીરજ; સબુરી.

ખામોશી, સ્ત્રી૦ સાંખી રહેવાનો જે ગુણ તે; ક્રોધ અથવા બીજા કોઈ આવેશને દબાવી રાખવાની શક્તિ; સહનશીલતા; સબુરી.

ખાયકી, સ્ત્રી૦ અન્યાયે ગેરવાજબી રીતે ખાવું તે; લાંચ રૂશવતરૂપે જે કંઇ મેળવવું તે; હકનું મળતર નહિ તે; ખાઉકી; ચોરી છુપીથી ઉડાવી ખાવું તે; ખરચી; પેદાશ; મળતર.

ખાચો, પું૦ અંડ; વૃષણ.

ખાર, પું૦ (સં. क्षार) ખારાટનો પદાર્થ; જેમાં ખારાશ હોય તે; જેમાં મીઠું અથવા લૂણ (લવણ) જેવો ગુણ, સ્વાદ અને ખાસિયત હોય તે પદાર્થ. ખાર બરડ ને પાસાદાર હોય છે. ચોમાસામાં તે ઓગળે છે. (૨) દ્વેષ; વેર; અદાવત; કિન્નો. (૩) ઇર્ષ્યા; અદેખાઈ.

ખારટ, વિ૦ ખારું, જેમાં મીઠા જેવો સ્વાદ હોય તે; ખારાટ.

ખારપાટ, પું૦ જેના પટ–વિસ્તારમાં ખારાટ હોય તે જમીન; અગ્ગરની જમીન; જ્યાં મીઠું પાકતું હોય તે.

ખારપાટિયું, વિ૦ ખારને લીધે બળનારું; ઇર્ષ્યાથી જેનું શરીર લેવાઇ જતું હોય એવું; બળકણું (માણસ)

ખારભંજણું, ન૦ [સં.] મુખ સમારવાનું તે; ઠુંગો; મોં સવાદ કરવાને ખાવાનું જે તે.

ખારવણ, સ્ત્રી૦ ખારવાની સ્ત્રી; ખારવા જાતની સ્ત્રી.

ખારવું, ન૦ પાકો રંગ ચઢાવેલું ગોદડાનું કપડું; ખોળિયું; ગોદડાનું રંગિત કપડું.

ખારવો, પું૦ વહાણ ખેડનારો; ખલાસી; વહાણવટી.(૨) છાપરાં ચાળનારો; ખલાસી. (૩) ખારાટવાળો એક જાતનો ગોળ. :–ખારવો ગોળ.

ખારાજ, જુઓ૦ ખારાટ.

ખારાટ, પું૦ ખારાપણું; ખારાશ; સહેજસાજ ખરાપણું હોય તે.

ખારાશ, સ્ત્રી૦ ખારાપણું.

ખારિયાં, ન૦ ચીભડા અથવા કલિંગડાના મીઠું ચઢાવી અથાણાની માફક રાખી મૂકેલા કકડા. (૨) ભૂખે મરવું તે; લાંઘણો કરવી તે. :–આજ તો ખારિયાં થયાં.

ખારિયું, વિ૦ ખારીલું; ખાર રાખ્યા કરે એવું ઝેરીલું; બળકણું; (૨) જુઓ૦ ખારિયાં.

ખારી, સ્ત્રી૦ સ્વાદે ખારી અને વળી ખારી જમીનમાં થતી એવી એક જાતની ભાજી; વનસ્પતિ. (૨) એક અમુક વજનનું તોલ. (૩) વિ૦ ખારીલું.

ખારીલું, વિ૦ ખારવાળું; દ્વેષીલું; ઝેરીલું; દ્વેષી; જેના મનમાં વેર ઝેર રહ્યા કરતું હોય તેવું.

ખારીવલા, સ્ત્રી૦ એક જાતનું પંખી. એમ કહેવાય છે કે એ પંખી જેના માથા ઉપર થઇને જાય તેની પાઘડી બળે.

ખારું, વિ૦ જેમાં ખારાટ હોય તેવું; જેનો સ્વાદ ખારવાળો મીઠા જેવો હોય તે. (૨) અકારું; અપ્રિય; અળખામણું. (૩) ખારવાળું; ઇર્ષ્યાળુ; ઝેરીલું. ખારુખારું ઉસ અથવા ખારુખારું દવ=બહુજ ખારું.

ખારુઇ, સ્ત્રી૦ વિધવાને પહેરવાનું એક વસ્ત્ર.

ખારેક, સ્ત્રી૦ [સં. खर्जूर] ખજુરીનું સુકું ફળ; ખારક.

ખારેકપાક, પું૦ ખારેકોને ખાંડી તેમાં બીજાં વસાણાં નાંખીને બનાવેલો ખાવાનો પદાર્થ.

ખારેકીબોર, ન૦ ખારેકના જેવાં મોટાં અને લંબગોળ બોર; મોટાં લાંબાં બદરીફળ; અમદાવાદી અથવા બનારસી બોર.

ખારો, પું૦ [સં. क्षार] પાપડિયો ખાર; સંચોરો.

ખારોડ, વિ૦ ક્ષારવાળી જમીન; ખારી જમીન; ભેજવાળી, જેમાં ક્ષારનો અંશ હોય એવી, (જમીન, ભૂમિ.)

ખારોપાટ, પું૦ છોકરાઓની એક રમત. (૨) ખારાટવાળી જમીન.

ખાલ, સ્રી૦ [सं. खल्ल] ચામડી; ત્વચા; હાડપિંજરનું આચ્છાદન અથવા ઢાંકણ; છાલ; ખોલ; પડ.

ખાલડી, સ્ત્રી૦ ત્વચા; ખાલ; ચામડી.

ખાલપો, પું૦ [सं. खल्ल+पू=સાફકરવું] જનાવરોની ચામડીને કમાવી સાફ કરનારો; ચામડિયો; ચમાર.

ખાલવવું, ક્રિ૦ સ૦ ખાલી કરવું; ઠાલવવું.

ખાલસા, વિ૦ [अ. खालसाह्] પોતાનું જ; પોતાની કૂલ માલીકી, તાબા કે સત્તાનું; અમુક એક વ્યક્તિના પોતાના તાબાનું; સરકારી; સરકારના પોતાના વહીવટ તળેનું. (સન ૧૮૨૧ માં ઓન. સર મૌંટ સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટનની ગુજરાતમાં બ્રિટિશ સત્તા થયાની જે નોંધ છે તેમાં ખાલસાનો એવો અર્થ કર્યો છે કે, બ્રિટિશ સરકારનો પોતાનો અને પોતાના વહીવટ તળેનો જે મુલક તે 'ખાલસા'; અને ચોથ વસુલ કે ખંડણી આપનારાઓના વહીવટનાં જે ગામો તે 'ગરાસિયા' કે 'ઇનામી' જાણવાં. સીખની પ્રજાસત્તાથી ઉભા થયેલા રાજ્યને અને લસ્કરને 'ખાલસા' કહેતા. સર લેપલ ગ્રિફિન 'રણજીતસિંહ'માં જણાવે છે કે, ડો. ટમ્પના મત પ્રમાણે 'ખાલસા' અરબી શબ્દ છે અને તેનો શબ્દાર્થ પોતાની મીલકત એવો થાયછે. ગુરુની પોતાની ખાસ મીલકત એવો એનો લક્ષ્યાર્થ છે.) આગવું; (સરકાર જ જેનો ધણીરણી હોય એવું જે કંઈ તે; આવો હાલ ખાલસાનો અર્થ થાયછે.) સરકારનું પોતાનું; સરકારી.

ખાલી, સ્રી૦ શરીરનો અમુક ભાગ એકજ સ્થિતિમાં રહેતાં રુધિરાભિસરણના અટકાવથી તેમાં જે ઝણઝણાટ ઉત્પન્ન થાય છે તે; ઝણઝણી; ઝઝણી. ક્રિ૦પ્ર૦ :–ખાલી ચઢવી અને ખાલી આવવી=ઝણઝણી ચઢવી.

ખાલી, વિ૦ [अ.] જ્યાં કંઈ ન હોય તેવું; ભરેલું ન હોય એવું; જેમાં કંઈ મૂકેલું, પડેલું ન હોય એવું; ઠાલું; વસ્તુરહિત. (૨) નકામું; વ્યર્થ; અમસ્તું. (૩) માત્ર; ફક્ત. (૪) પૈસા વગરનું.

ખાલીખમ, અ૦ તદ્દન ખાલી; ઠાલુંઠમ.

ખાલીપડવું, ક્રિ૦ અ૦ કામ ન વાપરે તેવું થવું; ન વપરાવું. (૨) પુરાયા ભરાયા વગર રહેવું. (૩) નંખાઈ જવું; નબળા પડી જવું; શરીરે નબળું થઈ જવું.

ખાલીપીલી, અ૦ અમસ્તું; નકામું; વ્યર્થ; વગર કારણે.

ખાલું, ન૦ [सं खल्ल] જોડાના તળિયા ઉપરની ચામડાની ખોલ તે; જોડાનું ઉપલું ચામડું. (૨) સાળના તંતુઓ વચ્ચે રાખવામાં આવતો બરુ. (૩) ખળાના અનાજ ઉપર ઢાંકવાનું ઘાસ. (૪) કસ આવવાને એક ચોમાસું પડતર રહેવા દીધેલો ક્યારડો, અથવા ખેતર.

ખાલેશ, વિ૦ [अ.] સાફ; ખુલ્લું; કૂડ કપટરહિત. :– ખાલેશ દીલ.

ખાવંદ, પું૦ જુ૦ ખાવિંદ.

ખાવરું, વિ૦ [सं. खाद्=ખાવું] ખાઉધરું; જે તે ખાખા કરતું હોય એવું; ખાવાની અત્યંત લલુતાવાળું.

ખાવાનું, ન૦ [सं. खाद्य] ખાવાની જે કંઈ ચીજ કે ચીજો તે; ખાઉ; ખાવાના કામની જે કંઈ વસ્તુ તે. (૨) ખોરાક; ખાનપાન.

ખાવિંદ, પું૦ [अ.] ઈશ્વર; સરદાર; શેઠ; માલીક. (૨) ધણી; પતિ; વર; સ્વામી.

ખાવું, ન૦ [सं. खाद्] ખાવાનું; કાચુંકોરું ખાવાનું; ભાથું; ટીમણ; જે કંઈ ખાવાજેવું હોય તે. (ફળફળાદિ, મેવો મિઠાઈ)

ખાવું, ક્રિ૦ સ૦ [सं. खाद्=ખાવું] મોંએ ચાવી ચગળીને ગળે ઉતારવું; ભક્ષણ કરવું; જમવું;

મળવું. (રોટલો ખાધો; ગોળી ખાધી) (૨) સહેવું; વેઠવું; ખમવું. (માર ખાવો, હાર ખાધી. ગમ દમ ગાળ કે ખોટ ખાવી) (૩) વાપરવું, ભોગવવું; અનુભવવું; ઉપયોગમાં લેવું. (હવા-દવા-રસ્તું ખાવું) (૪) લાગવું; ખરચ પડવું. (આ મકાને બહુ રૂપિયા ખાધા) (૫) ક્રિયા કરવી. (છિંક આંકડી ગુલાંટ અને ફેરા ખાવા) (૬) ચોરી છુપીથી લેવું; ગેરઉપયોગ કરવો; વગર હકે લેવું. (લાંચ ખાવી. મીલકત ખાધી) ક્રિ૦ પ્ર૦ પૈસા ખાવા=લાંચ લેવી; અન્યાય કરવો. તડકો ખાવો=સુકાવું. થાક ખાવો=આરામ લેવો. વધામણી ખાવી=સૌથી પહેલાં આનંદની વાત કોઇને જઈ કહેવી. ખાઇ બમાડવું=બરોબર બદલો નહિ આપવો. ખાઇને ખોદવું=નીમકહરામ થવું. ખાવા ધાવું=ભયંકર લાગવું; ભય ઉપજાવવો. ખાવા લેવું-આપવું=કન્યાનાં માબાપે બદલામાં નાણાં લેવાં. ખાઇ જવું=ઓહિયાં કરવું; ઉચાપત કરવું. ખાઇપી લેવું=પરવારવું; તૈયાર થવું. ખાતોપીતો=સુખી; સારી સ્થિતિવાળો. ખાઇપીને મંડવું=ખંતથી કામ કરવું. સાથે ખાવું=આડો વ્યવહાર રાખવો.

ખાવો, પું૦ ઘણાં ઉંડાં મૂળવાળું એક ઘાસ. (આવા ઘાસની જડો ખેતરોમાં બહુ ઉંડી જતી રહે છે. અને જ્યાં સુધી તેને ખોદી કાઢવામાં આવે નહિ, ત્યાં સુધી જમીન કસ આપતી નથી)

ખાસ, વિ૦ [अ.] પોતાનુંજ; પોતીકું. બહુજ અગત્યનું; જરૂરનું; મુદ્દાનું.

ખાસગત, વિ૦ [अ.] પોતાનુંજ; પોતાને લગતુંજ. (૨) ખાનગી.

ખાસગી, જુઓ ઉપલો શબ્દ.

ખાસડકુટો, પું૦ ખાસડાં ખાધા કરે એવો માણસ. (૨) માથાકુટનું, કંટાળોભરેલું કામ; કુથાનું કામ.

ખાસડાંબાજી, સ્ત્રી૦ એકબીજાઉપર ખાસડાં નાંખીને ગમ્મત કરવી તે; ગદ્ધામસ્તી; અસભ્ય-મૂર્ખ માણસોની ખોટી લડાઇ; અસભ્ય ખોટી લડાઇ લડવી તે.

ખાસડાંખોર, વિ૦ ખાસડકુટો.

ખાસડિયાંકેળાં, ન૦ લાંબાં અને ત્રણ ધારાં એક જાતનાં કેળાં; એની અંદર વચમાં કાળો રેસો હોય છે.

ખાસડું, ન૦ પગરખું; જુનું અને ઘસાયેલું પગરખું; જુનો જોડો.

ખાસદાર, પું૦ સાથે રહેનારો માણસ; પરિચારક; સેવક; અનુચર.

ખાસદોસ્ત, પું૦ ખરેખરો બહુજ પ્રીતિવાળો મિત્ર; ખાનગી મિત્ર. છાની વાત જાણનારો —અંગત મિત્ર.

ખાસબરદાર, પું૦ લશ્કરી અમલદારનાં હથિયાર ઉંચકનારો; સરદારનાં હથિયાર લઇ સાથે ફરનાર.

ખાસાનુંબીડું, ન૦ વૈષ્ણવોના મંદિરોમાં મહારાજને અને ઠાકોરજીને માટે જે ખાસ બીડાં બનાવવામાં આવે છે તે.

ખાસિયત, સ્ત્રી૦ [अ.] સ્વભાવ; પ્રકૃતિ. (માણસની) ગુણ; ધર્મ; અસર; (પદાર્થની) (૨) ટેવ; આદત.

ખાસી, વિ૦ જેના વીર્યોત્પાદક અવયવ કાપી નાંખેલા હોય એવું; વૃષણ રહિત. (બળદ અને ઘોડો જેના વૃષણ કાપી નાંખેલા હોય તે ખાસી કહેવાય છે)

ખાસું, વિ૦ [अ.] સારું; રૂડું; મઝેનું.

ખાસું, અ૦ વાહવાહ; સારું; બેશ. (૨) શાબાશ; ભલે.

ખાળ, પું૦ [सं क्षाल्=ધોવું] પાણીની નીક; નળ; (મેલું-ધોવરામણનું પાણી વહી જવાને બાંધેલો માર્ગ-ગોળ નળી કે નાળથી બાંધેલી નીક) નાની જેને એક છેડે પાણી જવાની નળી મૂકેલી હોય એવી ચોકડી.

ક્રિ૦ પ્ર૦ ખાળે જવું=પિશાબ કરવા જવું; ખાળે બેસવું=પિશાબ કરવો.

ખાળકુંડી, સ્ત્રી૦ મેલું પાણી જે ખાળમાં થઈને વહી જતું હોય તે ખાળને છેડે પાણીમાંનો કચરો ઠરી રહેવા બનાવેલી કુંડી તે.

ખાળકુવો, પું૦ ખાળનું (મેલું) પાણી જવાને કરેલો ઉંડો ખાડો, કુવો તે. (૨) સંડાસનો કુવો; શૌચકૂપ.

ખાળવું, ક્રિ૦ સ૦ વચમાંથી બંધ પાડવું; થોભાવવું; અટકાવવું; રોકવું; આગળ ન વધે એમ કરવું.

ખાળું, ન૦ જમાની; જામીનગીરી; બાંયધરી; સાન.

ખાળો, પું૦ ખળાઈ રહેવું તે; ખોટી રહેવું પડે તે; રોકાણ; અટકાવ. (૨) વાર; વિલંબ. (૩) અંતર; મુકામ; વિસામો. (જે.થાનો ખાળો) વિ૦ ખાળનાર; રોકનાર.

ખાં, પું૦ [ફા] મુસલમાન ગૃહસ્થો અને અમીરોને બોલાવવાનો ખિતાબ; સરદાર; શાહજાદો. ખાં=સાહેબ. (૨) ખૂબી પિછાનનાર; સમજનાર; કદર બુજનાર; ઉસ્તાદ. :– એ ભાઈસાહેબ તો કવિતા અને ગાયનના ખાં છે.

ખાંખડિયું, ન૦ (ખુંખું કરવા ઉપરથી) હાંસો; ઉધરસ.

ખાંખણ, ન૦ ચોળવાનું એક ઓસડ; દવા.

ખાંખત, સ્ત્રી૦ ચાનક; ધ્યાન; કાળજી; ખંત. (૨) છીટ; અણખત.

ખાંખતી, વિ૦ ખાંખતવાળું; ખંતીલું; નાનું મોટું, કામ કે નકામું જે કંઈ હોય તે સાચવી રાખવાની ખંતવાળું.

ખાંખરોટવું; ક્રિ૦ સ૦ ખંખેરીને ચોપડવું; જરા જરા લગાડવું; થોડું લઈ ઘસીને બધે ચોપડવું તે. (રોટલી ખાંખરોટવી)

ખાંખાખોળા, પું૦ ખુણે ખોચરે આમતેમ બધે ખોળંખોળા કરવી તે; બધે ઠેકાણે ઉચું નીચું કરીને ખોળવું તે. (આ શબ્દ બહુવચનેજ વપરાય છે) ક૦ પ્ર૦ ખાંખાખોળા કરવા=આમ તેમ ખુણે ખોચરે શોધવું. ખંતથી શોધવું.

ખાંખારવું, ક્રિ૦ અ૦ ખુંખારવું; હાંસવું; ખુંખારો કરવો. (૨) ઘોડાનું બોલવું; અવાજ કરવો.:–ઘોડો ખાંખારે છે.

ખાંખારો, પું૦ જુ૦ ખુંખારો.

ખાંખાં, ફાંફાં. (કાઠિયાવાડ)

ખાંગડ, પું૦ ભાગેલો તૂટેલો બેડોળ એકાદો કાકરો; કુકો. (૨) બહુ ગરમી લાગવાથી પીગળી ગયેલી ઈંટનો કકડો તે; લોઢ.

ખાંગડી, સ્ત્રી૦ નાનો ખાંગડો.

ખાંગડો, પું૦ [સં. क्षर्=ખરવું] ખરી ગયેલો કોઈ આખી વસ્તુનો એકાદો ભાગ તે; કાંકરો; કુકો. (૨) શંખલા; સીપ વગેરેના કકડા કે કાંકરા તે.

ખાંગુ, પું૦ જાણભેદુ; ચાડખુ; મળતિયો; ખરી વાતનો જાણનાર. (ચોરનો ખાંગું. નર્મ.)

ખાંચ, સ્ત્રી૦ ખાંચો; ખુંચ; ખોલ; ખોભણ; નાનો ખાડો; ખાણ. (૨) સાંકડ; ગુંચવણ. (૩) ખોટ; ટોટો; નુકસાન. (૪) જમે ઉધારનો ટાળો નહિ મળવો તે; વધઘટ; ખોટ.

ખાંચકો, પું૦ (ખમચાવું) ખમચાઈ રહેવું તે; આંચકો; અટકવું કે પાછા પડવું પડે તે; ખંચાઈ જવું પડે તે; અટકાયત; ખંચાવું તે.

ખાંચખુચ, નાની મોટી ખોડ ખાંપણ; ભૂલચૂક; બારીક શારીરિક દોષ; વાંધોસાંધો. (૨) બારીક જે કંઈ જાણવા જેવું હોય તે; ઝીણવટ.

ખાંચખુંચવાળું, વિ૦ ખોડ ખાંપણ જાણનારું; ઝીણી નજરનું; ઝીણવટવાળું. (૨) ખુંચ-

વણુવાળું. (૨) વાંકું; ઉંચુંનીચું.

ખાંચડ, સ્ત્રી૦ કઠણુની એક તરફની ઉંડી જગા તે; ઢોળાવની બાજુની ખીણ.

ખાંચવું, ક્રિ૦ સ૦ ખેંચી રાખવું; પાછું હઠાવવું.

ખાંચાખુંચી, સ્ત્રી૦ નાના મોટા ખાંચાવાળી સ્થિતિ તે; ખુણાખોચરા; ખાડાખૈયા; ઉંચુંનીચું; ગલીકુંચી.

ખાંચો, પું૦ એક સરખા ધાર સપાટી અથવા લીટીમાં પડતો ખાડો અથવા વાંક તે. (૨) સાંકડો રસ્તો; ગલી; રસ્તાનો ફાંટો; નાનો મહોલ્લો કે પોળ. (ઘોબાંના ખાંચો) (૩) ખુણો. (૪) વાંધો; હરકત. (૫) અટકાવ; બંધી.

ખાંચાળું, વિ૦ ખાંચાવાળું; વાંધાવાળું.

ખાંજણ, સ્ત્રી૦ જ્યાં દરિયાનું પાણી આવીને ભરાઈ રહેતું હોય એવી જગા.

ખાંજરું, ન૦ ખુણાનું ઠેકાણું; ખુલ્લું જાહેરમાં ન ગણાય એવું સ્થાન; ખુણો. :– આ કામ ખાંજરે નાંખશો નહિ. (૨) કુટણીનું સ્થાન.

ખાંડ, સ્ત્રી૦ [સં. खण्ड] ગળપણવાળા રસને ઉકાળી તથા સ્વચ્છ કરી બનાવેલી રેતી જેવી કે પડેલદાર વસ્તુ; ખંડ કણુ કણુદાર ગળપણ. શર્કરા. ક્રિ૦ પ્ર૦ ખાંડ વાપરવી=મીઠું બોલવું; ખાંડ પીરસવી=સારું વગાડવું. ખાંડ ખાવી =જખમારવી; ખાલી બોલવું. (લોક બોલે છે તે ખાંડ ખાય છે)

ખાંડકુટ, સ્ત્રી૦ મનમાં જે ગડભાગ થવી તે; ગુંચવણ; અમુંઝણુ; અકળામણ; ગભરાટ, ઉત્તાપ; ચિંતા; ફીકર; અજંપો.

ખાંડણિયું, ન૦ ખાંડવાનું હથિયાર તે; સાંબેલું; મુસળ. (૨) પહોળો ખાંડણિયો; કોઇપણ વસ્તુ ખાંડવાનું ડગળું.

ખાંડણિયો, પું૦ [સં. खल] પત્થર અથવા લાકડાનું ખાંડવાનું ગચિયું તે; ખાંયણિયો; પત્થર અથવા લાકડાના ગચિયામાં ગોળ ખાડો કરી બનાવેલું ખાંડવાનું તે.

ખાંડણી, સ્ત્રી૦ અહિંતહિં ફેરવી શકાય એવું લાકડાનું કે ધાતુનું ખાંડવાનું પાત્ર; નાનો ખાંડણિયો; ખાંયણી.

ખાંડણું, ન૦ ખાંડવાની વસ્તુ તે; ખાંડવાનું જે તે. (જેમ દળણું)

ખાંડવ, ન૦ [સં.] કુરુક્ષેત્ર આગળનું એક વન, કે જે કૃષ્ણની સહાયથી અર્જુને બાળ્યું હતું તે.

ખાંડવું, ક્રિ૦ સ૦ વસ્તુના જુદા જુદા ભાગ થઈ જાય તેમ તેને કચરવું; કુટવું; ભાગવું; વાટવું; કકડા કકડા કરવા; ફોતરાં છોડાં કાઢવાં. (૨) આઘાત કરવો; ઘા ધક્કા મારવા; ખંડાય એમ કરવું. (૩) અકળાવવું; રગડવું; ખુંદામારવું.

ખાંડિયું, ન૦ નાની ભેંશ; જોટકું.

ખાંડી, સ્ત્રી૦ વીસમણનું માપ; અમુક વજન જેટલો જથો.

ખાંડીબંધ, વિ૦ પુષ્કળ; ખાંડીએ મપાય, જોખાય એટલું; ઘણું. (૨) અ૦ જથે; સામટું; સાગે; બાંધેજથે.

ખાંડું, વિ૦ [સં. खण्डित] ખંડિત; આખું નહિ તે; ખંડિત થયેલું; ભાગેલું; ટૂટેલું; ખાણુ પડી હોય એવું.

ખાંડું, ન૦ [સં. खड्ग] એક તરફ ધારવાળી તરવાર; સીધી અથવા વાંકી પણુ પાનાની વચમાં ખોભણવાળી તલવાર; તરવાર. (૨) વર વગરની જાન. (ગરાસિયા અને કોળીઓમાં એવો રિવાજ છે કે, વર તરફના કેટલાક માણસો (જાનૈયા) એક તરવાર લઈ કન્યાના બાપને ત્યાં જઈ કન્યાને લઈ વરને ત્યાં પાછા ફરી આવે છે. કન્યા વરને ઘેર આવ્યા પછી લગ્નવિધિ થાય છે. (તેઓ જે ખાંડું–તરવાર લઇને કન્યાને લેવા જાય છે તે)

ખાંધ, સ્ત્રી૦ [સં. स्कंध] શરીર અને માથાને જોડનારો ગળાની બાજુનો અવયવ; ગરદન. (૨) ખભા આગળ અથવા પશુના આગલા બે પગ આગળ કરોડને છેડે જે માંસ પિંડ હોય છે તે; ખુંધ. ક્રિ૦ પ્ર૦ ખાંધદેવી–આપવી=ટેકોકરવો; મદદ આપવી; ઉંચકાવવું.

ખાંધિયો, પું૦ ઉંચકનાર; ખાંધે ચઢાવીને લઈ જનાર; મદદ ટેકો આપનાર; મડદું ઉંચકનાર. (૨) ખુશામતિયો. (૩) સાથી; મદદગાર.

ખાંધી, પું૦ ખાંધવાળો; બળદ.

ખાંધું, ન૦ (કાંધું) અમુક મુદતને આંતરે આંતરે અને કકડે કકડે નાણાં ભરવાની જે ગોઠવણ તે; હફતો.

ખાંપણ, સ્ત્રી૦ ખામી; ખોડ; કસર; એબ; દોષ. (૨) મડદા ઉપર ઓઢાડવાનું કપડું; કફન.

ખાંપવું, ક્રિ૦ સ૦ પાવડાથી આમતેમ ફેરવવું; થોડુંથોડું ખોદીને ખેંચવું; ઉપર ચઢાવવું. (૨) સોરવું; ખાંપા હોય તે કાઢી નાંખવા; સાફ કરવું. :–બળિયા ખાંપવા.

ખાંપો, પું૦ સપાટીની ઉપર રહી ગયેલો કરચો; ફાંસડો; શાખા; વજ; ગરજો; ખુંપરો.

ખાંભ, પું૦ [સં. स्तम्भ] સ્તંભ; થાંભલો; થાંભ.

ખાંભી, સ્ત્રી૦ પરાક્રમ કરીને મરી ગયેલાં માણસના સ્મરણાર્થે તેને બાળવા અથવા દાટ્યાની જગાએ જે સ્તંભ ઉભો કરવામાં આવે છે તે; પાળિયો; ચોતરો. (૨) ખોભણું; ખાડોખાંચો. (પાટિયાં બેસાડવાને લાકડામાં પાડેલી ખાંચ)

ખાંમી, જુ૦ ખામી.

ખાંયણિયો, પું૦ જુ૦ ખાંડણિયો.

ખાંયણી, સ્ત્રી૦ ખાંડવાનું પાત્ર તે; જુ૦ ખાંડણી.

ખાંયણીપરાઈ, સ્ત્રી૦ ખાંડણી અને દસ્તો.

ખાંસવું, ક્રિ૦ અ૦ ઉધરસ ખાવી; ઠાંસવું; ખુંખારવું.

ખાંસી, સ્ત્રી૦ ઉધરસ; ઠાંસો; વાછરડા તથા વાછેરા વગેરેના વૃષણ કાપવા તે.

ખિચખિચ, અ૦ [સં. कृच्छ्रम् प्रा. किच्छम] ભરચક; સજડાસજડી; ગીચ; ચિકાર. એક એકને દાબી કે ચંપાઇને રહે તેમ ભરેલું કે નાખેલું હોય એવું. 'ખિચખિચ' એવી તરેહનો અવાજ કરતું. (ખિચખિચાણ.)

ખિચગાલ્લું, ન૦ સરસામાન લાવ લઇ જા કરવાનું ગાડું; ખટારો; ધીરું અને હેલા ખાતું જાય એવું જે યાન તે. વિ૦ ધીમું અને મહેનતનું કામ કરનારું (માણસ)

ખિચાખિચ, જુ૦ ખીચોખીચ.

ખિચોખિચ, અ૦ એક બીજા સાથે ભચરડાઇ સંકડાઇને રહેલું હોય તેમ. (૨) વિ૦ એક બીજાની વચ્ચે અવકાશ રહે નહિ તેમ સજડાસજડ ભરેલું; ગીચ; ચિકાર; અડોઅડ; લગોલગ; ભરચક; ઠસોઠસ.

ખિજગાલ્લું, જુ૦ ખિચગાલ્લું.

ખિજડો, પું૦ [સં. खदिर] એક જાતનું કાંટાવાળું ઝાડ; સમડો. હવનમાં અને લગ્નાદિ શુભ પ્રસંગમાં આનું લાકડું કામ આવે છે. (સમિધ અને માણકસ્તંભ ખિજડાનાં થાય છે)

ખિતાબ, પું૦ (અ.) સારી કિંવા ખોટી ઓળખનું ઉપનામ તે; પદવી; ઇલકાબ; માનની કે આબરૂની ઓળખ તે; ઉપાધિ.

ખિદમત, જુ૦ ખીજમત.

ખિન્ન, વિ૦ [સં खिद्] મનોભંગ થઇ પાછું પડેલું; ના ઉમેદ થઇ ગયેલું; દીલગીર; શોકાતુર; ખાટું; નાસીપાસ; દુઃખી; આશા ભંગ થયેલું. પીડિત; નિરુત્સાહ.

ખિન્નતા, સ્ત્રી૦ [સં. खिद्] નાસીપાસી; ના ઉમેદી; કાર્ય–ધારણા સિદ્ધ ન થવાથી થયેલી

જે અસર તે; શોક; દીલગીરી; મનોભંગપણું; ખિન્ન થવું તે.

ખિમણું, ન૦ દાગીનાઓમાં નંગ બેસાડવાનું જે ખાનું તે. (નથની, વાળીના ચાંપામાંનું નંગ.) વાળીના ચાંપામાં જડેલો હીરો.

ખિમા, જુ૦ ક્ષમા.

ખિયાલા, (ખિયાલું=ખ્યાલ=તરંગવાળું) ખીલેલું; મત્ત; તરંગી. ઉ૦ પિયા પિયાલા ને હુવારે ખિયાલા. ભોજો.

ખિલકોડી, સ્ત્રી૦ જુ૦ ખીસકોલી. ગામડિયા કે અનાર્ય લોકો આમ બોલે છે.

ખિલત, જુ૦ ખિલ્લત.

ખિલવત, ન૦ (अ.) ખાનગી સલાહ; ગુપ્ત મસલત.

ખિલાવટ, સ્ત્રી૦ ખીલી રહે એમ કરવું તે; પ્રફુલ્લ કરવું; કેળવીને સરસ બનાવવું તે; ખીલે એવી રીતે કરવું તે; ખૂબ ખીલવવું તે.

ખિલાડી, જુ૦ ખેલાડી.

ખિલાવવું, ક્રિ૦ સ૦ ખીલે એમ કરવું; ફુલાવવું; બહેલાવવું; ચઢાવવું; ઉડાવવું; લહેરમાં ચઢાવવું; મશ્કરી કરી ગમ્મત કરવી; રમાડવું; ઉશ્કેરવું; ઉત્તેજન આપવું.

ખિસોડી, જુ૦ ખીસકોલી.

ખિલોણું, ન૦ રમવાનું જે સાધન તે; રમકડું; નાનાં છોકરાંને રમવાનું વતરણું તે.

ખિલ્લત, સ્ત્રી૦ પ્રીતિ મહેરબાની અથવા પ્રસન્નતા બતાવવાને જે પોશાક આપવો તે; સરપાવ; પહેરામણી; પોશાકની ભેટ. રાજા પાદશાહે કોઇ માણસને ઓદ્ધા ઉપર નિમોજતાં તેને જે પોશાક આપવો તે. (આમાં કપડાં ઘરેણાં અને હથિયારનો સમાવેશ થાય છે)

ખિલ્લો, જુ૦ ખીલો.

ખિસમિસ, સ્ત્રી૦ (फा. किशमिश) ઠળિયા વગરની સુકી નાની લાલ કે કાળી દ્રાક્ષ.

ખિચાર, સ્ત્રી૦ સંક્રાંત; ઉત્તરાયન.

ખિસવું, જુ૦ ખસવું. (સુરત તરફ ટંટંક ચાંપીને બોલનાર (અજ્ઞાન) ખસવું ને ખિસવું એમ બોલે છે)

ખિસ્કોલી, સ્ત્રી૦ ખીસકોલી. ઉ૦ ખાખરની ખિસ્કોલી.

ખિંટલિયાળું, વિ૦ વાંકડિયું; આંકડીવાળું (વાળ) ઝીણા ધારદાર ખીલાના જેવું; ખટકે ખુંચે એવું. ઉ૦ ખિંટલિયાળી આંખડી. (ખીટી ઉપરથી-ખીટીઓ-ઉભી અણિયો-વાળું, રોમાંચયુક્ત)

ખિંડ, જુ૦ ખીણ.

ખીખી, અ૦ અવાજ થાય અને દાંત દેખાય તેમ હસવું તે; હસવાનો અવાજ; ખડખડ. (૨) મજાક કરીને હસવું તે; દાંત કાઢવા તે.

ખીચ, વિ૦ ગીચ; ભરચક; ભરપુર. (૨) ના૦ ખીચડી (નું ટુંકું નામ)

ખીચડિયું, વિ૦ [कृशर किचर] શેળભેળિયું; પંચરંગી; જેમાં એકથી વધારે જાતિનું મિશ્રણ હોય એવું :-ખીચડિયું જણતર.

ખીચડી, સ્ત્રી૦ એકઠું કરેલું જુદી જુદી જાતનું અન્ન વગેરે તે; મિશ્રણ; શેળભેળ. (૨) એકઠાં કરેલાં ચોખાદાળનો રાંધેલો અગર નહિ રાંધેલો જથો તે. (૩) સીધું. (૪) હલકો અને સહેલો એક જાતનો ખાવાનો પદાર્થ. ક્રિ૦ પ્ર૦ ખીચડી ખાતી નકામાં ભથ્થાં ખાવાં ને બેસી રહેવું. કહે૦ વખાણી ખીચડી દાંતે વળગે. ખીચડી ખવડાવવી =ભરણપોષણ કરવું.

ખીચડું, ન૦ ખીચડીનું તુચ્છ રૂપ; હલકો ખોરાક; સામાન્ય ખોરાકનો જે હલકો પદાર્થ તે. (૨) ખોરાક; સીધું: ખાણું. કહે૦ ગાંડાનું ખીચડું ખાવું ને ગાંડાની સાથે જવું.

ખીચડો, પું૦ પ્રમાણમાં બહુપણું અને જાત તથા બનાવટમાં સાદાઇ દેખાડનારું ખીચડીનું ગ્રામ્ય રૂપ; આખા ચોખામગનો અથવા આખાં બહુદાણાનો ખાવાનો એક

પદાર્થ. (૨) ગોટાળો; ગડબડસડબડ; શેળભેળ; ગડબડગોટો.

ખીચી, સ્ત્રી૦ ખીચડી; બાજરીની ભાખરીનું કાલું રૂપ; વધારે દીલી અને બહુ ચડી ગયેલી ખીચડી તે. (૨) જાર કે ચોખાના લોટને બાફીને બાંધવો તે.

ખીજ, સ્ત્રી૦ અમુક બાબતથી ચિડાઈ જવાની જે ખાસિયત તે; ખીજવાઈ જવાનું જે કંઇ કારણ હોય તે; ચીડ; રીસ; ક્રોધનું નિમિત્ત તે.

ખીજમત, સ્ત્રી૦ તાબેદારી પૂર્વક સરભરા કરવી તે; સેવા; ચાકરી; હાજરી; હજુર; તહેનાત; પરિચર્યા.

ખીજમતદાર, પું૦ સેવક; હજુરિયો; પરિચારક; તહેનાતમાં રહેનારો નોકર; ખવાસ. (૨) હુંડો.

ખીજમતદારી, સ્ત્રી૦ ખીજમતદાર તરીકે કરવાની જે નોકરી ચાકરી તે; સેવા; પરિચર્યા; કામ તે.

ખીજવવું, ક્રિ૦ સ૦ ખીજવાય તેમ કરવું; ચીડવવું; ગુસ્સે કરવું; ઉશ્કેરવું; સતાવવું; પજવવું.

ખીજવાવું, ક્રિ૦ અ૦ ચિડાવું; ગુસ્સે થવું; ઉશ્કેરાવું.

ખીજવું, ક્રિ૦ અ૦ [विद्-खिजिअम] ગુસ્સે થઈ ઠપકો દેવો; વઢવું; લઢવું; ચિઢાવું; ધમકાવવું; કોપવું.

ખીટલિયાળું, વિ૦ અણીદાર ખરજાઓવાળું; ખીલાઓ-અણીદાર ખીલાઓવાળું; કાસ્મું; વિંધી નાંખે એવું.

ખીટી, સ્ત્રી૦ સરસામાન ભરવવા કે પાઘડી કપડાં લટકાવવાને ભિંતમાં જે લાકડા કે લોખંડના નાના ટૂંકા ખીલાઓ ઘાલવામાં આવે છે તે; ખીલી; ભિંતમાં ચણેલો લાકડાનો કિંવા મારેલો ધાતુનો કકડો, આંકડો તે. કહે૦ ખીટીએ પોતિયું=નહિ લેવાદવા તે. ક્રિ૦પ્ર૦ ખીટીએ મૂકવું=ઉંચે મૂકવું.

ખીટો, પું૦ ભોંય કે લાકડામાં ઠોકીને ઘાલવાનો લાકડાનો કે લોખંડનો માથાવાળો જે ખીલો તે, ખીલો; ખુંટો; મેખ.

ખીડકી, જુ૦ ખડકી.

ખીણ, સ્ત્રી૦ જમીન અથવા પર્વતના બે મોટા ભાગ વચ્ચેનો જે પ્રદેશ તે; (ગંગાની ખીણનો દેશ બહુ ફળદ્રૂપ છે.) ટેકરીઓની વચ્ચે આવેલો સાંકડો રસ્તો અથવા અવકાશ તે; કોતર; ખો; ખાડો; ગર્ત.

ખીમો, પું૦ (અ.) માંસનો છુંદો; છુંદેલું, કાપી કાપીને ઝીણીઝીણી કરચો કરેલું માંસ.

ખીર, સ્ત્રી૦ [सं. क्षीर] ભાતને પાણીમાં ચઢવ્યા પછી તેમાં થોડું દૂધ નાંખી ઉકાળીને બનાવેલો ખાવાનો એક પદાર્થ તે. (૨) જેની બનાવટમાં દૂધ હોય અને દૂધ જેમાં મુખ્ય હોય એવું ભોજન તે. (૩) દૂધ. (૪) નિઃસાર.

ખીરું, ન૦ લોટ અને પાણી ભેગાં અડવાળી કરેલો ખીર જેવો જાડો પ્રવાહી રગડો; પુડા કે ભજિયાં બનાવવાને તૈયાર કરેલું વેસણ તે; જલેબી બનાવવાને ખમીર ચઢાવી તૈયાર કરેલો આથો. (૨) બહુજ કુમળી એક જાતની કાકડી.

ખીરોદક, ન૦ [सं. क्षीर+उदक] દૂધના જેવું ચોખ્ખું ધોળું પાણી તે; પવિત્ર ચોકખું જળ હોય તે. પું૦ દૂધ જેવા ધોળા પાણીનો એક પૌરાણિક સાગર. (૨) ન૦ સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું ધોળું રેશમી વસ્ત્ર.

ખીલ, પું૦ [सं. कील] આંખનાં પોપચામાં જે લોહીમાંસના નાના નાના ગઠ્ઠા થાય છે તે; કાંકરા; માંસના ડચકા, મસા તે. (૨) માણસ જુવાનીમાં આવતાં તેના મોં ઉપર જે નાની નાની ફોલ્લીઓ થઇ આવે છે તે.

ખીલગોટીલો, પું૦ છોકરાંની એક રમત; ધંટીખીલડો.

ખીલડો, પું૦ [सं. कील] ઘંટીના નીચલા પડની વચ્ચે ઘાલવાનો ઉપલું પડ જેની ઉપર ફરે છે એવો ખેરના લાકડાનો ખીલો; ખુંટો અણીદાર લાકડાનો કકડો; ગરજો.

ખીલદટ્ટો, પું૦ છોકરાંની એક રમત; ઘંટીખીલડો.

ખીલમાંકડી, સ્ત્રી૦ ઘંટીના ઉપલા પડની વચ્ચે ખીલડાવાળું જે લાકડું તે;

ખીલવટ, સ્ત્રી૦ ખીલવણી; ખીલવવું તે; ખેડાણ. (૨) પું૦ કપડામાં જે અડધેથી કિંવા અધુરેથી દોઢ સાંધો કરવો તે.

ખીલવટો, પું૦ ખીલવનાર.

ખીલવણી, સ્ત્રી૦ ખિલાવવું તે; શોભાવવું તે; બહલાવવું તે; પ્રતિદિવસ મહેનત લઇ લઇને ઉત્તરોત્તર સારું બનાવવું તે. (૨) ચઢવણી; ઉશ્કેરણી.

ખીલવવું, ક્રિ૦ સ૦ ખીલે તેમ કરવું. (૨) કેળવીને વધારે સારું બનાવવું. (૩) ચઢાવવું; ઉશ્કેરવું; ફુલાવવું; ગમ્મત ઉપર લઈ જવું. (૩) ફાંટવું; સાથે સીવવું.

ખીલવું, ક્રિ૦ અ૦ ફૂલવું; ઉઘડવું; પ્રફુલ્લ થવું; વિકસવું. (૨) શોભવું; દીપવું; પૂર્ણતાએ પહોચવું; રૂપે સુંદર દેખાવું; બહારમાં આવવું; (૩) ગમ્મતે ચઢવું; ખુશીમાં આવવું; (૪) ચઢવું; ઉશ્કેરાવું; વિફરવું; ફાટવું.

ખીલાપાટી, સ્ત્રી૦ પેચ પાડવાનું (પેચના આંટા પાડવાનું) ઓજાર તે.

ખીલારખું, વિ૦ ખીલે બાંધ્યું રહેનારું; બહાર ચરવા નહિ જતાં માત્ર ખીલે બંધાઈ રહેવાની જેને ટેવ પડી ગઇ હોય એવું (ઢોર). (૨) ખીલા સરખું; ખીલા રોકું; ખીલાના ઘાટનું. માટી અથવા પત્થર ઉપર ઉપસેલો કે ખણેલો જે આકાર તે. :–ખીલારખા અક્ષરની તકતીઓ મધ્ય એશિયામાંથી જડે છે.

ખીલી, સ્ત્રી૦ નાનો ખીલો; ચુંક; મેખ; ડેસ. (૨) ટાંકણી. ખીલી ઠોકવી; (દઢકરવું, સજડ બેસાડવું) હરકત નાંખવી.

ખીલીખટકો, પું૦ ખીલી ખુંચવા જેટલી જે પીડા તે; હરકત; અડચણ; હાનિ; ઈજા; નડતર. :– તમારા છોકરાને ખીલીખટકો આવવા દઇશું નહિ.

ખીલીપસિયારાં, ન૦ જેની અંદર ખીલી રાખવાથી ઉઘાડવાસ થાય એવાં બરડવાં તે; ખીલીવાળાં કલ્લાં સાંકળાંનાં મોંઢિયાંના નકુચા તે.

ખીલો, પું૦ [सं. कील] એક તરફ અણી અને બીજી તરફ માથું હોય એવો લાકડા લોઢાનો નાનો મોટો કકડો તે; ચુંક. (૨) લાકડાની મેખ. (ઢોર બાંધવાની) ફાંસ; ફાચર. ખીલાને જોરે કૂદે. ક્રિ૦ પ્ર૦ ખીલે બાંધવું=નક્કી, પાકું કરવું; ખાતરી કરવી. ખીલો ઠોકવો=તળ દબા પડવું.

ખીસર, પું૦ ઠંડીનો દિવસ.

ખીસકોલી, સ્ત્રી૦ [प्रा. खारिकडी] ઉંદરના જેવું કંઇક નાનું ચપટું અને ગુચ્છાદાર પુંછડીવાળું પ્રાણી; ખિસ્કોલી.

ખીસાકાતરું, વિ૦ ખીસું કાતરનાર; ભીડમાં છુપી રીતે કોઇનું ખીસું કાતરીને અથવા તેમાં હાથ ઘાલીને ચોરી કરનાર. (૨) ના૦ સારા દેખાવનો ચોર; શાહચોર.

ખીસાખરચ, ન૦ સાધારણ રીતે અડફાઉ ખરચ કરવાને ખીસામાં રાખવાનું જે નાણું તે; પોતાને પસંદ પડતી બાબતમાં ખરચવાનું ખાનગી ખાસ ખરચનું નાણું તે.

ખીસાખાલી, વિ૦ ભિખારી; જેની પાસે કંઈ હોય નહિ એવું; કંગાલ.

ખીસિયાણું, જુ૦ ખસિયાણું.

ખીસું, ન૦ (फा. खीसह) શરીર ઉપર પહેરવાના કપડામાં કંઈ વસ્તુ નાણું વગેરે મૂકવાને સીવણના અંતરપટથી કોથળી જેવું કર્યું હોય તે; ગજવું; ગુંજું. (૨) ઘર.

રુ૦ પ્ર૦ ખીસાખાલી=ગરીબ. ખીસાભરુ=લાંચિયો; લોભી. ક્રિ૦ પ્ર૦ ખીસામાં ઘાલવું–મૂકવું=લઇલેવું. ખીસાનું તર=પૈસાદાર. ખીસું ભરવું=પોતે પોતાનું કરવું; લાંચલેવી.

ખુઆર, જુ૦ ખુવાર.

ખુજલી, સ્ત્રી૦ કંડુ; ખણજ; ચેળ; વલુર; ધવડાટ; ખંજવાળ. (૨) ખંજવાળવું પડે એવો એક જાતનો ત્વચારોગ; ખરજ; ખસ; દદ્રુ, લુખસ, ખરજવું, વગેરે કીડના રોગો તે. (૩) જેથી ખણવું પડે વા જેનાથી ખંજવાળ થઇ આવે એવી રજોટી તે; ખજુળી; એક જાતની રજ(ખુવારફળી કાચ વગેરેની).

ખુટકો, પું૦ ખોટ; ઘટ; ઓછ; ખૂટ; કસર.

ખુટડો, પું૦ બળતા લાકડાનો બળીને ધગધગ થઇ ગયેલો ખોટારો; લાળો. (૨) ખોયણું.

ખુટાડવું, ક્રિ૦ સ૦ ઓછું થાય એમ કરવું; ઘટે એમ કરવું; ઘટાડવું; ખૂટે એમ કરવું. (૨) ફોડવું; ફિટાડવું.

ખુટેલ, વિ૦ જેની પાસેથી ધન ખૂટી ગયું હોય એવું; દીન; કંગાલ. (૨) દેવાળિયું; ફૂટેલ.

ખુડ, ન૦ ધાબું; અગાસી.

ખુડી, (ખુડે) અ૦ બાળકને ઉધરસ ચઢે ત્યારે તેને વાંસે હાથ ફેરવતાં બૈરાં આવો જે શબ્દ બોલે છે તે. (ખુડી–ખુડે)

ખુણ, સ્ત્રી૦ [સં. क्षुद् क्षुण्ण] નિશાની; ચિહ્ન. (૨) ખુણો; કોણ; દિશા.

ખુણિયાળું, વિ૦ ખુણાવાળું; જેને ખુણા હોય એવું; ખુણાઓવાળું.

ખુણો, પું૦ કોણ; ખૂણો.

ખુત, સ્ત્રી૦ અડચણ; હરકત. (કાઠિયાવાડ)

ખુદ, સ૦ (फा.) પોતે; જાતે; જે વ્યક્તિને ઉદ્દેશીને બોલાતું હોય તે વ્યક્તિ પોતે જ તે. ખુદનું=પોતાનું; નિજ. (૨) વિ૦ અસલ; યથાયોગ્ય; મૂળ જેવું હોય તેવું; શુદ્ધ; ખરું.

ખુદા, પું૦ [फा.] પરમેશ્વર; ઇશ્વર; પ્રભુ. કહે૦ ખુદા પાળમેં ચહાય સો કરે. ખુદા પાધરો તો વેરી આંધળો. ખુદા મહેરબાન તો ગદ્ધા પહેલવાન. ખુદા કરેને=પ્રભુ કરેને; પરમેશ્વરની ઇચ્છા હોયને.

ખુદાઈ, વિ૦ [फा.] ખુદાનું; ખુદા સંબંધી. (૨) કુદરતી; પરમેશ્વરકૃત; દૈવી. (૩) પવિત્ર; પાક. (૪) છળકપટ રહિત; સાદું; ભોળું.

ખુદાતાલા, પું૦ [फा.] પરમેશ્વર; પરવરદિગાર; પ્રભુ.

ખુદાપરસ્ત, વિ૦ [फा.] પ્રભુપરાયણ; હરિશરણ; ખુદાને માનનાર–પૂજનાર; આસ્તિક.

ખુદાવંત, વિ૦ [फा.] ખુદા સમાન; ખુદાના જેવું; ઇશ્વિરતુલ્ય. મોટાપણું દેખાડનાર વિશેષણ, મોટી ઉપમાવાળું; રાજારાણી કે માલીકને બોલાવતાં કે અરજ કરતાં વપરાતું સંબોધન.

ખુન, જુ૦ ખૂન.

ખુનકી, સ્ત્રી૦ [फा.] લહેર (ઉંઘ અથવા કેફની) ઘેન ભરેલી આળસ.

ખુનખાર, વિ૦ [फा.] રુધિરપાતક; રક્તસ્રાવી; લોહી રેડાય એવું; લોહીની છોળો ઉડે એવું. (ખૂન=લોહી–પાડવા જેવા ખાર=દ્વેષવાળું) પ્રાણહારક; અતિઘાતકી.

ખુનરેજી, સ્ત્રી૦ [फा.] કતલ; કાપાકાપી; જેમાં ખૂનની–લોહીની નીકો વહે એવી મારામારી અને કાપાકાપી તે. (ખૂન+રિખતન=રેડવું) ઘાત; પ્રાણહાનિ.

ખુનામરકી, સ્ત્રી૦ ખુનરેજી; કાપાકાપી.

ખુની, વિ૦ [फा.] ખૂન કરનાર; હત્યારું; ખૂન કરે એવું; ઘાતકી; જેની આંખોમાં ખૂનનો જુસ્સો હોય તેવું; મારી નાંખે કે જીવ લે એવું.

ખુન્નસ, સ્ત્રી૦ ખૂન કરાવે એવી જે ઝેરી લાગણી તે; દ્વેષાતિશયની તીવ્રતા તે; ગુસ્સો; ઝેર; કિન્નો લેવાની જે અતિ કરડી લાગણી તે; કિન્નો; ખાર.

ખુન્નસી, વિ૦ ખુન્નસવાળું; પ્રાણ લે એવા ઝેરવેરવાળું; કિન્નાવાળું; ખારીલું; ઝેરી; ડંસીલું.

ખુબ, વિ૦ ઘણું; પુષ્કળ.

ખુબસુરત, વિ૦ [फा.] સારા ચહેરાવાળું; દેખાવડું, શક્કાદાર; રૂપાળું; ફૂટડું; સુંદર; રળિયામણું. (ખૂબ=સુંદર+સુરત=દેખાવ, સિન્નો; આકૃતિ-ચહેરો)

ખુબસુરતી, સ્ત્રી૦ [फा.] ખુબસુરતપણું તે; સ્વરૂપ; રૂપ; સુંદરતા. (૨) શોભા.

ખુબાફોડ, ન૦ સીપો ફોડી ખાનારું પંખી.

ખુબી, સ્ત્રી૦ [फा.] વસ્તુની અંદર રહેલો જે સારામાં સારો ગુણ તે; રહસ્ય; અદ્દભુતતા. (૨) મઝા; લહેજત. (૩) યુક્તિ; ચતુરાઇ; સ્વભાવની જે રંજક છટા તે. (૪) ભલાઈ; સારાપણું; નેકી; ચમત્કાર.

ખુબીદાર, વિ૦ ખુબીવાળું; ચમત્કારિક; વિચિત્ર.

ખુમચો, પું૦ ઢળતા કાનાની છાછર થાળી; ટાટ; તાસક. (૨) ખુમચામાં ભરીને જે ભેટ આપવામાં આવે છે તે; ભેટની વસ્તુ-મિઠાઈ વગેરે તે.

ખુમારી, સ્ત્રી૦ [फा.] સ્વાભિમાનતા; અહંતા; પોતાનાં ધન વૈભવ અને ઓદ્ધા વગેરેનો જે ગર્વ તે. (૨) કેફથી આંખમાં જે હુંપદનો જુસ્સો તરતો દેખાય છે તે.

ખુમાશ, સ્ત્રી૦ [फा.] ગંજીફાનાં પાનાં જે રંગનાં હોય તેમાંના એકાદ રંગની જે ઝળક તે; રંગની ભભક. (ફે ..:)

ખુર, ન૦ [सं. खुर] ખરી; ઢોરના પગનો નખ; ડાબલો; નખનો એકાદ ભાગ તે

ખુરચન, ન૦ (ખરી=નખથી ઉખાડીને ચિ. ઉ૦ ચયન=એકઠું કરેલું તે) ભુકો; દાઝ; ખપોટી; ઉખાડીને એકઠું કરેલું ખાવા જેવું જે કંઇ તે. (૨) ચવેણું; કચુમર; કાચુકોરું ખાવાનું તે.

ખુરદો, પું૦ (ખુડદો) [फा.] કિમતી સિક્કાને વટાવી જે ઘણું અને ઉતરતી ઉતરતી કિંમતનું હલકી ધાતુનું નાણું લેવું તે; પરચુરણ રૂપિયાનો ખુરદો=રૂપિયાના આનાનું જે ઓછી કિંમતનું ઘણું નાણું તે. (૨) ભંગાર; કકડેકકડા કરી નાંખવા તે. (૩) તોડી ઉડાડી પુરું કરવું તે.

ખુરદોકરવું, વેચીને નાણાં કરવાં; વેચી નાંખવું. (૨) કાઢી નાંખવું.

ખુરમું, ન૦ એક જાતનો ભોજ્ય પદાર્થ-મિઠાઇ. "ખાજાં ને ખુરમાં." લોચાપુરી.

ખુરસી, સ્ત્રી૦ [फा.] ઢિંચણ જેટલી ઉંચી લાકડાની નેતરે ભરેલી આઢેલીને બેસાય એવી બેઠક; માંચી.

ખુરસું, ન૦ માટીનું બેસાણું; અંગીઠીની ઓટલી.

ખુરસેદ, પું૦ [फा.] સૂર્યનારાયણ; સુરજ; આફતાબ (સૂર=ઉ. ખુર)

ખુરાસાની, વિ૦ ખુરાસાનનું, ખુરાસાની અજમો ઇરાન તરફથી આવતાં એક જાતનાં બીજ.

ખુલતું, વિ૦ ઢીલું; બહાર પડતું; ખુલ્લું રહેતું હોય એવું; શરીરને ભિડાઇને રહે નહિ એવું; પહોળું રહેતું હોય એવું. (૨) શોભતું સારું લાગતું; ખલતું.

ખુલવું, ક્રિ૦ અ૦ ઉઘડવું; મોકળું થવું; ખસી જવું; ખુલ્લું થઈ જવું; ખીલવું; નહિ બંધ રહેવું. (૨) શોભવું; સારું દેખાવું; દીપવું.

ખુલાસો, પું૦ [फा.] ખુલ્લું-સ્પષ્ટ થઇ જવાપણું તે; ભેદ જણાવો તે; કશું અંધારામાં -અજ્ઞાનમાં નહિ રહેતાં બધું સ્પષ્ટ ઉઘાડું પડી જવું અને સમજાઇ જવું તે; સ્પષ્ટતા; સમજણ; ગડગચ્ચો; શંકા કે વહેમ કાઢી નાંખવો તે. (૩) નિકાલ; નિર્ણય; રસ્તો. (૪) ફરાગતપણું; છૂટ; મોકળાશ.

ખુલ્લું, વિ૦ ઉઘાડું; બંધ-ઢાંકેલું નહિ એવું; મોકળું; સ્પષ્ટ; ખુલ્લી આંખે દેખાતું; છુપું નહિ એવું; જાહેર; ચાહન. (૨) નિર્મળ; ચોક્ખું. (૩) સાફ સમજાય અને સંભળાય એવું. (૪) નહિ ઘેરાયેલું. (૫) નહિ ઘેરું; ઉઘડતું; આછું. (૬) ભુંડું; નાગું; અસભ્ય. (૭) નિષ્કપટી; ભોળું; ઉદાર; ગડગચ્ચા વગરનું; સારું.

ખુવાબ, પું૦ [फा.] સ્વપ્નું; શમણું.

ખુવાર, વિ૦ [फा.] અત્યંત દુઃખી; હેરાન; ખીદીખીદી થઇ જવું તે; પાયમાલ; બેજાર. (૨) શરણુપ્રાય.

ખુવારી, સ્ત્રી૦ [फा.] પાયમાલી; બેજારી; હાનિ. (૨) નાશ; ક્ષય; વિનાશ; હાણ.

ખુશ, વિ૦ [फा.] હરખમાં આનંદમાં હોય એવું; આરોગ્ય; સુખી. (પ્રસન્ન)

ખુંશકી, સ્ત્રી૦ [फा.] જમીન ઉપરનો રસ્તો. (જળમાર્ગે નહિ) કાફલા ખુશકીએ અને વહાણો જળમાર્ગે જાય છે.

ખુશખબર, સ્ત્રી૦ [फा.] મંગળ સમાચાર; આનંદ ઉપજાવે એવી ખબર તે; વધામણી.

ખુશનુમા, વિ૦ [फा.] ખુશ લાગે એવું; આનંદકારક; નયનાનંદ; સુંદર; મજેનું; જોતાં મનને ખુશ કરે એવું; મનોરંજક; રમણીય; આનંદકારક લાગે, મનને રાજી કરે–ઉલ્લસિત થવાય એવું.

ખુશબખતી, સ્ત્રી૦ [फा.] ખુશી થવાનો વખત; ખુશીની સામે ખુશી બતાવવી તે; હાસ્યવિનોદ.

ખુશબો, સ્ત્રી૦ [फा. खुश+बो] સુગંધ; ગંધ; વાસના; સુગંધી; સુવાસ; પરિમળ.

ખુશબોઈ, સ્ત્રી૦ [.] સુગંધ; સુવાસના.

ખુશબોદાર, વિ૦ [फा.] સુવાસત; સુગંધી; ગંધવાન.

ખુશમિજાજી, વિ૦ [फा.] ખુશ રહે એવા સ્વભાવનું; આનંદીસ્વભાવનું; રંગીલું; હસમુખું; ગમ્મતી–રમુજી.

ખુશામત, સ્ત્રી૦ [फा.] કોઇને વહાલા થવા અથવા મતલબ સાધવાને માટે હદથી જાદે વખાણવું તે; તારીફ કર્યા કરવી તે; હાજી હા કરવી તે; શુશ્રૂષા; પળશી; સારું લાગે તેમ સેવા કર્યા કરવી તે; સંતોષણ.

ખુશામતખોર, વિ૦ ખુશામત કરનાર; ખુશામતિયું.

ખુશામતિયું, વિ૦ ખુશામત કરનારું; તારીફ કરીને કામ કાઢી લેનાર; હાજી હા કર્યા કરનાર; ખુશામતખોર.

ખુશાલ, વિ૦ [फा.] ખુશ હાલતમાં હોય એવું; ખુશી; આનંદવાળી હાલતમાં હોય એવું; સુખી. (૨) આરોગ્ય; તંદુરસ્ત.

ખુશાલી, સ્ત્રી૦ ખુશી ભરેલી જે સ્થિતિ તે; આનંદથી મગ્ન હાલત; ખુશી. (૨) કુશળતા; આરોગ્ય.

ખુશી, સ્ત્રી૦ [फा.] આનંદમગ્નતા તે; હર્ષ; રાજીપો. (૨) મરજી; ઇચ્છા; રુચિ; ભાવ. ક્રિ૦ પ્ર૦ ખુશી કરવું=આનંદ પામે તેમ કરવું; રાજી કરવું; હર્ષ પામે એવી રીતે રીઝવવું; નાસીપાસ નહિ થાય એમ કરવું. (૩) વિ૦ આરોગ્ય; તંદુરસ્ત; રાજી; સુખરૂપ; આનંદ ભરી હાલતવાળું.

ખુસરો, વિ૦ બડમુંછો; જેને મુંછો ન હોય એવો પુરુષ; નાજર.

ખુસિયો, વિ૦ ખાસી કરેલો; વૃષણરહિત.

ખુંખારવું, ક્રિ૦ અ૦ ઉધરસ આવતી હોય ત્યારે અથવા બીજે કોઈ કારણે ગળું સાફ કરવાને ગળાની ઘાંટીમાંથી 'ખુંખું' એવો અવાજ કાઢવો તે; ગળામાંથી 'ખુંખું' એમ કરવું. (૨) પોતાનું અસ્તિત્વ કે હાજરી બતાવવાને અવાજ કરવો. (૩) હણહણવું.

ખુંખારો, પું૦ ગળામાંથી 'ખુંખું' એવો જે અવાજ કરવામાં આવે છે તે; ખંખારો. (૨) હણહણાટ.

ખુંચ, સ્ત્રી૦ સપાટીમાં પડેલો નાનો વાંકો ખાડો; ખુણો. (૨) ભૂલ; ચૂક; ખોટ. (ખુંચખોંચ) ([illegible] અદાવત; ઝેર; વેર; ખાર. (૪)બારીકી; [illegible]. (૫)ગુંચવણ; ખટકો.

ખુચખાંચ, સ્ત્રી૦ ખાડોખૈયો; સપાટી ઉપરની સહેજસાજ અસમતા તે. (૨) ભૂલચૂક; ઘોવચકો; ખોડખાંપણ.

ખુંચવું, ક્રિ૦ અ૦ [सं. क्षुर्] અણીદાર કાંકરી જેવી વસ્તુનું ચામડીને લાગવું; ચામડીમાં

ભોકાવું; ધોંચાવું; ખટકવું. (૨) દુખવું; કરકર લાગવું. (૩) અસર થયા કરવી; દુ:ખ થયા કરવું; નહિ નિરાંત વળવી; મનમાં લાગ્યા કરવું. :–એ વાત મને ખુંચ્યા કરે છે. કળી રહેવું; વળગી રહેવું. :–ખાંટાયેલાં શુંરે ખુંચી રહ્યો.' પ્રીતમ. ચરચરવું; ખટકવું. નહિ મન માનવું; અસંતોષ રહેવો. :–એના પેટમાં ખુંચે છે.

ખુંચાવવું, ક્રિ૦ સ૦ ખેંચીને લઇ લેવું; ઝુંટાવી લેવું; હરી લેવું. ખુંચી લેવું; ખુંચવી લેવું; ખુંચાવી લેવું; તાણી લેવું; બળથી લઈ લેવું.

ખુંટ, પું૦ હદનું નિશાન. (૨) અ૦ બરોબર; માપસર.

ખુંટડી, સ્ત્રી૦ પગનું ઠેસણ.

ખુંટડું, ન૦ ખુંટવાનું ઓજાર; ચીપિયો. (૨) ખુંટવાનું જે કામ તે; ખૂટણ.

ખુંટણ, ન૦ ખુંટવું તે; ખુંટવાનું જે કાર્ય તે; ખુંટવાની ક્રિયા. (૨) ચીમટો; ચીપિયો.

ખુંટવું, ક્રિ૦ સ૦ [સં. कृष्] મૂળ સાથે ખેંચી નાંખવું; જડમૂળથી ઉખાડી નાંખવું; વીણી-વીણીને નિર્મૂળ કરવું. દ્વેષ કે અભાવપૂર્વક કોઈ વસ્તુ માણસ વગેરેનું નિકંદન કાઢવું; ટુંપવું; (વાળ) ચુંટવું; વિણવું; વિંધવું.

ખુંટાઉં, ન૦ ખોયણું; બળતા લાકડાનો કકડો.

ખુંટિયો, પું૦ બાજીગર; ખેલાડી; જાદુગર; માયાવી. (૨) સાંઢ.

ખુંટી, સ્ત્રી૦ ખીટી; મેખ; કપડાં ભરવવાને ભિંતે કિંવા ફુડાતાળે જડેલો જે વાંકો કે સીધો ખીલો તે. (૨) ખુણો (કપાળની બે બાજુએથી વાળ ટુંપાવી જે ખુણા કઢાવ્યા હોય તે) (૩) અંગરખાની કળી.

ખુંઠું, ન૦ ઠુંઠું; કરચો; ખરચો. કાપી નાંખેલા ઝાડનું જે થોડું થડ જમીનમાં રહેલું હોય તે.

ખુંટો, પું૦ ખીલો; મેખ; મોટી ચુંક; માથા-વાળો લોખંડ કે લાકડાનો અણીદાર કકડો. (૨) ગરજો; ઠુંઠું; ભોંય અથવા લાકડામાં ઉભું રહેલું ગરજા જેવું ઠંઠુકું તે. (૩) બંદરમાં લંગરાતાં વહાણો ઉપર લેવાતો કર.

ખુંદણું, ન૦ ધિંગાણું; કૂદતાં કૂદતાં ફરવું તે; ધમ્માચકડી; ખુંદાખુંદ કરી મૂકવી તે.

ખુંદવું, ક્રિ૦ સ૦ ઉભે ઉભે પગ ઉંચાનીચા કરીને ગદડવું–ચાંપવું; ગુંદવું; કચરવું. (૨) પગ ઉંચાનીચા આડાઅવળા મૂકતાં ને તાળી પાડતાં તથા કૂદતાં કૂદતાં ગાવું. (બૈરાં પાટ ખુંદે છે) (૩) હેરાન કરવું; જેમ નરમ થાય તેમ તેમ વધારે વિતાડવું; પજવવું. ઉ૦ જેમ ખુંદી ખમું છુંરે, નચાવી નાચું છું. દયારામ. પગથી ખુંદીને ઢીલું–નરમ કરવું.

ખુંદાખુંદ, સ્ત્રી૦ ગુંદાગુંદ; કચરાકચરી. (૨) કુદાકુદ; ધમ્માચકડી કરવી તે.

ખુંદાવવું, ક્રિ૦ સ૦ ગુંદાવવું. (૨) હમચી લેવરાવવી; કૂદતાં ને ઘૂમતાં ગવરાવવું.

ખુંદાળવું, ક્રિ૦ અ૦ ખાઇપીને મોજ મારવી.

ખુંધ, સ્ત્રી૦ [સં. स्कन्ध] ખભા આગળ પીઠપર જે ઢેકો નીકળેલો હોય તે; વાંસો વળી જવાથી થયેલો ટેકરો.

ખુંધું, વિ૦ ખુંધવાળું; જેના વાંસા ઉપર ઢેકો નીકળેલો હોય તેવું; બરડેથી વળી ગયેલું.

ખુંતવું, ક્રિ૦ અ૦ કળવું: કાદવમાં ઉતરી પડવું; પેસી જવું.

ખુંપ, પું૦ પરણવા જતા વરનું માથું અને ચહેરો ઢંકાય તેમ જરીકસબના તારનો કે ફૂલના હારડાનો જથો, ચારે તરફ ઝૂલી રહે તેમ તેના માથાપર નાંખવામાં આવે છે તે. :–ગુલાબના ફૂલનો ખુંપ.

ખુંપડી, સ્ત્રી૦ નાની છત્રી; પેણી કે ઢાલના જેવા આકારની પાંદડાં અને વાંસની સળી-ઓની બનાવેલી છત્રી.

ખુંપડો, પું૦ મોટી છત્રી; છત્ર; ટોપ.

ખુંપરો, પું૦ ખરચો; ઝાડ કે છોડ કાપી લીધા પછી કે ભાગી પડયા પછી જમીનમાં ઉભો રહેલો તેનો જે થોડોક ભાગ તે; દાંતો. (૨) ખરચો કે દાંતો ભરાયાથી કપડામાં જે ફાટ કે ચીરો પડયો હોય તે.

ખુંપવું, ક્રિ૦ અ૦ અંદર ઉંડું પેસવું; ઉંડું ઉતરવું; પેસવું; ભોકાવું; વિંધાવું; દાખલ થવું. (૨) અંદર ઉતરી ચોટી જવું;–માં ભરાઈ રહેવું; કળીજવું. :–સોય પણ ખુંપે નહિ એવું આ કપડું છે. ભેંશ કાદવમાં ખુંપી ગઈ.

ખુંપાવવું, ક્રિ૦ સ૦ ખુંપે એમ કરવું; પેસાડવું; દાખલ કરવું. (૨)–માં–અંદર ઘાલી દેવું; ઘોચવું.

ખૂટ, સ્ત્રી૦ ખોટ; જે ખૂટતું હોય તે; કસર; ઓછ; ઘટ.

ખૂટવું, ક્રિ૦ અ૦ [સં. कुंठ्=અટકવું ઉ૦ प्रा. खुट्टक] ઓછું થવું; ઘટવું; કમી થવું. (૨) પુરું થઈ જવું; આવી રહેવું. ઉ૦ ખૂટયું ખાવા શું પિયેર તારે, કરવાં કપડાં પડે પણ મારે.

ખૂન, ન૦ [फा.] જીવથી મારી નાંખવું તે; ઘાત; હત્યા; પ્રાણ લેવો તે; ખૂન કાઢી નાંખવું તે. (૨) લોહી; રુધિર; રક્ત. (૩) કોઇનો જીવ લેવા જેવો જે ગુનો તે. (૪) ઝેર; વેર લેવાની તરસ, જુસ્સો.

ખૂપવું, ક્રિ૦ અ૦ પેસવું; દાખલ થવું; અંદર જવું. (૨) જમાવવું:–દેશ દેશ નવી દુકાન ખૂપવે. જીવરામ ભટ્ટ.

ખૂબ, વિ૦ [फा.] ઘણું; પુષ્કળ; જોઇએ તેથી વધારે. (૨) સરસ; સારું, સુંદર; મજેનું.

ખૂચ, જુ૦ ખુંચ.

ખૂચવું, જુ૦ ખુંચવું.

ખૂંટ, પું૦ જમીનની અમુક હદ અથવા માપ દેખાડવાને દાટેલો પત્થર તે; જમીનનું માપ દેખાડનારી નિશાની તે. (૨) વિ૦ પુરેપુરું; બરોબર અને તડોતડ; જરા પણ કમી નહિ એવું :–આ ધોતીજોડો ખૂંટ દસ હાથનો છે.

ખૂંપ, જુ૦ ખુંપ.

ખૂણો, પું૦ [સં. कोण] બે બાજુઓ કે બે દિશાની લીટીઓ જ્યાં મળતી હોય તે જગા; ખાંચો; પ્રાંત; અણી. (૨) ખાડો; ખાણ.

ખે, પું૦ [સં. क्षय] ક્ષીણ થઈ જવું તે; ક્ષય; નાશ; પાયમાલી.

ખેચર, ન૦ [સં. खे+चर्] આકાશમાં ગતિ કરનારું; હવામાં [illegible]નાર. (૨) ન૦ આકાશમાં ફરનારું પ્રાણી. (૨) ચંદ્ર તારા વગેરે ગ્રહ. (૪) દેવ. (૫) ભૂતપ્રેતાદિ તે. (૬) વિ૦ આકાશમાં ઉડનાર–દેવ, ગ્રહ, પંખી.

ખેચરી, સ્ત્રી૦ જેનામાં આકાશ–હવામાં ફરવાની શક્તિ હોય એવી સ્ત્રી; દેવી; ભૂતડી; જોગણી. ઉ૦ ખાઉં ખાઉં હું ખેચરી, કાળ રૂપ થઈ કાળંકા. શામળ. (૨) હવામાં ગતિ કરવાની વિદ્યા કે શક્તિ તે. (યોગમાં) આકાશમાં ફરનારી સમળી; એક જાતની યોગમુદ્રા; યોગીઓનું એક જાતનું આસન.

ખેટ, ન૦ નાનું ગામડું. (૨) શિકારી (આખેટ)

ખેટક, ન૦ વ્યસન; ગાંડું; ચોહ; વળગાટ; ચડસ; વહેમ. (૨) પું૦ શિકારી; (આ–ખેટક) (૩) ન૦ ગામ; નાનું ગામડું.

ખેટકી, વિ૦ શિકાર કરનાર; જેને શિકારનો ચોહ હોય એવો. (૨) ના૦ શિકારી. (૩) ખેતીકાર; ખેડુત.

ખેટલી, સ્ત્રી૦ ગુંથેલા ચોટલા વચ્ચે જે ખાલી લીટી તે; સેંથી.

ખેટું, ન૦ છેટું; અંતર.

ખેટે, અ૦ વેગળે; છેટે; આઘે; દૂર.

ખેડ, સ્ત્રી૦ ખેતરને ખોદી, હળી, ચાસી, ક્લપી સાફ કરવાની ક્રિયા તે; જમીનને વાવણી કરવાને યોગ્ય બનાવવાની જે ક્રિયા તે

ખેડવું તે; ખેતી કરવી તે. (૨) ગામ; વાસસ્થાન. ઉ૦ ઉજડ ખેડે વાગે ઢોલ. (૩) એક જાતની કંટાળી વનસ્પતિ; કાંટાવાળો એક રોપો.

ખેડણ, (ખેડાણ) ન૦ ખેડવું તે; ખેડવાની જે ક્રિયા તે.

ખેડણહાર, વિ૦ ખેડનાર; ખેડુત. (૨) મહેનત લેનાર; કાર્ય કરનાર; ચલાવનાર. (૨) ન૦ નાયક; સુકાની; ખારવો; નાવિક.

ખેડતર, વિ૦ ખેતી થાય ખેડાય એવી જમીન; (પડતર નહિ) ખેડાતું હોય એવું; જે જમીન કે ખેતર ખેડાતું રહેતું હોય તે.

ખેડવું, ક્રિ૦ સ૦ [સં. कृष्] અનાજ વાવવા માટે જમીનને સાફ કરી ઉખાડી પોચી ને સરખી કરવી; સુધારવું; સરખું અને સારું કરવું. (૨) કેળવવું; ખીલવવું; સફરો કરવી; ખંતથી ધંધો કરવો. (૩) વહેવું; ચલાવવું; વેપાર કરવો; મહેનત લેવી; વિહારવું.

ખેડહક, પું૦ ખેડવાનો જે હક તે; જમીનની માલીકીનો નહિ પરંતુ ખેડુત તરીકે કામ કરવાનો હક તે.

ખેડાણ, વિ૦ ખેડેલું; ખેડાતું હોય એવું. (૨) ન૦ ખેડાતી હોય એવી જે જમીન કે ખેતર તે. (૩) ખેતી; વાવેતર કરવા અને ખેડવાનો જે ઉદ્યોગ તે. ખેડાવું તે. (૪) ખેડાતી એવી જે જમીન તે.

ખેડુ, ન૦ [म.] ગામડું. (૨) ખેડુત.

ખેડુત, પું૦ ખેડવાનો ધંધો કરનાર; કૃષીકાર; કર્ષક; ખેડનારો; ખેતીકાર-કણબી.

ખેડો, પું૦ ખેળો.

ખેત, ન૦ [સં. क्षेत्र શેત] ખેતર. :-ધણ ખેતમેં૦

ખેતર, ન૦ [સં. क्षेत्र] અનાજ વાવવાને ખેડીને સાફ કરેલો જમીનનો જે કકડો તે; ખેડાતો જે જમીનનો અમુક માપનો કકડો તે. (૨) જે ઉદ્યોગથી રળાતું હોય તે; ધંધો. (૩) અવકાશ; મોકળાશ; માગ; પુષ્કળ જગા. (૪) શરીર; જે ધંધાઉદ્યોગથી રળવું કમાવું તે; કાર્યવિસ્તાર.

ખેતરપંડી, જુ૦ છેતરપંડી.

ખેતરપાળ, પું૦ ખેતરનું સંરક્ષણ કરનારો જે દેવ તે; ગ્રામદેવતા; ગામને પાદરે રહેતો દેવ.

ખેતરવા, વિ૦ એક ખેતરના માપ જેટલું અંતર હોય તેટલું; એક ખેતર જેટલા છેટા ઉપરતું. વત્-વા=જેટલું; જેટલે; અંતરનું: પ્રમાણનું. :-અંગુઠાવા.

ખેતરવું, ક્રિ૦ સ૦ છેતરવું; ઠગવું; વહાવું; ફોસલાવવું; ફસાવવું.

ખેતરાઇ, સ્ત્રી૦ ઘણાં ખેતર એક બીજાની સાથે લગતાં હોય તે બધી જમીન. પાટ; પાટી; ક્ષેત્રપાટી; એક સેઢે ઘણાં ખેતરો હોય તે.

ખેતરાડું, વિ૦ ખેતર સંબંધી; ખેતરને લગતું. (૨) (ખેતર આડું) ખેતરની વચ્ચેથી નીકળતું; અંદર થઇને જતું; નેળનો નહિ પણ ખેતરમાં થઇને જવાનો માર્ગ.

ખેતરામણ, જુ૦ છેતરામણ.

ખેતરાં, ન૦ નાનાં નાનાં ખેતરો તે.

ખેતી, સ્ત્રી૦ [સં. कृषि] ખેડવાનું કામ. (૨) વેપાર. ઉ૦ ખેતી કરો હર નામની. ખેડવા વાવવાનો ધંધો તે; ખેડવાનું કામ તે; ખેડુતનું કામ અને ધંધો તે. (૨) વેપારવણજ. (૩) ખંતથી મહેનત લેવી તે.

ખેતીકાર, પું૦ [સં. कृषिकार] ખેડુ; ખેડુત.

ખેતીવાડી, સ્ત્રી૦ [સં. क्षेत्र+वाटिका] અનાજનાં ખેતર ને ફળોની વાડી. (૨) જમીન ખેડવાનો ધંધો. (૩) કણસલાનો અને ફળ ઝાડનો પાક કરવાનો જે ઉદ્યોગ તે; અનાજ અને ફળાદિનો પાક કરવો તે; વનસ્પતિ ઉગાડવાનો ધંધો તે; ખેડુતનો ધંધો.

ખેદ, પું૦ [સં.] વહાલી વસ્તુના વિયોગથી અથવા અણગમતી વસ્તુ મળી આવેથી મનમાં જે

દુઃખ થાય તે; શોક; દીલગીરી; પસ્તાવો. ક્રિ૦ પ્ર૦ ખેદ કરવો; ખેદ પામવો. [खिद्] નિરાશા કે દુઃખની જે લાગણી તે; શોક; દીલગીરી; ખોટું લાગવું તે; સંતાપ; પશ્ચાત્તાપ; પસ્તાવો. ખેદયુક્ત=ખેદવાળું; દીલગીર.

ખેદયુક્ત, વિ૦ ખેદવાળું; દુઃખથી ભરેલું.

ખેદન, જુ૦ છેદન. (૨) ખેદ કરવો તે.

ખેદના, સ્ત્રી૦ ખેદ; દુઃખ; પીડા.

ખેદાનમેદાન, વિ૦ ખણાઇને મેદાન જેવું થઈ ગયેલું; ઉખડી ગયેલું; પાયમાલ થયેલું એવું; નાશ થઈ જવું તે; ખરાબખસ્ત; તારાજ.

ખેદીવ, પું૦ મીસરના મુસલમાન રાજકર્તાનું ઉપનામ.

ખેદો, પું૦ (કેડો) પુંઠ પકડવી તે; પાછળ પડવું તે. ઉ૦ એકદા ગયો તે વન માંય, કીધો હસ્તીનો ખેદો ત્યાંય. દયારામ. આ અર્થ-યુક્ત—સ્પષ્ટ નથી.

ખેન, ન૦ (सं. खिद्) નડતર; આડ; કંટાળો આપે, માથું ફોડાવે એવું જે તે; પીડા; મુસ્કેલી; વિપત; દુઃખ; બહુ મહેનત પડવી તે. (૨) કંટાળો; મુસીબત; મોટું ખેન ખેનખાટલો=મોટું ખેન.

ખેપ, પું૦ સ્ત્રી૦ કોઇ દૂરની જગોએ જઇને પાછું આવવું તે; દરેક આવજાવ તે. (૨) લાંબી મુસાફરી; સફર. (૩) મોસમે મોસમે વેપારી વસ્તુનું એક દેશથી બીજે દેશ આવવું જવું તે. (૪) એક એકવારી; વખત. (૫) પછવાડે લાગવું તે; મહેનત; અભ્યાસ; ચાનક; ખંત; ખેપ કરવી. [क्षिप्] જવું અને પાછા આવવું તે; જઈ આવવું તે; દરેક આવજાવ તે; આંટો; ફેરો; પર્યટન. (૨) હપતો; વારો; વખત; પ્રસંગ. (૩) સફર; મુસાફરી. (૪) પાછળ લાગવું પડવું તે. ચાંપ કે ખંતથી કાર્ય કરાવવાને સામા માણસને ટોકયા કરવો તે. (૫) મોસમે મોસમે માલની જે આવજા થવી તે. (૬) કાસદનું લવાજમ.

ખેપટ, સ્ત્રી૦ છિયાડી; રજ; કચરો.

ખેપન, ન૦ [सं. क्षेपन] કાઢવું—નાખવું તે.

ખેપિયો, પું૦ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ઝડપથી સંદેશો લઇ જનારો; હલકારો; ખેપ કરનારો; કાસદ; ઉતાવળો ચાલી સંદેશો કે કાગળપત્તર લઇ જનાર; પગદોડનો ધંધો કરનાર; દૂત.

ખેપી, વિ૦ [सं. आक्षेपी] આક્ષેપી; ચાનકદાર—વાળું; આક્ષેપ કરનારું; ચાનકવાળું.

ખેમ, વિ૦ [सं. क्षेम] કુશળ; આરોગ્યવાળું; શુભ.

ખેમકુશળ, ક્ષેમકુશળ.

ખેમખુશાલી, સ્ત્રી૦ સુખી હાલત; આરોગ્ય; તંદુરસ્તી.

ખેર, અ૦ [अ.] કંઇ ચિંતા નહિ, હશે, હોય. (૨) સ્ત્રી૦ પીડા; બલા. :—ખેર ગઈ

ખેર, પું૦ એક જાતનું મોટું ઝાડ. હિંદમાં ખેર બધે ઠેકાણે થાય છે. એનું લાકડું બહુજ કઠણ અને કાળું હોય છે. ખેરના જાડા થડમાં તેના કઠણ ગરના રેસાઓની ઉભી સળીઓ થાય છે તે બહુજ નક્કર ને કઠણ હોય છે. તે દવાના કામમાં આવે છે ને ખેરસાલ કહેવાય છે. ખેરની છાલ અને લાકડાંને પલાળી ઉકાળીને જે ઘન સત્ત્વ કાઢવામાં આવે છે તે કાથો કહેવાય છે. ખેરને બાવળની માફક ગુંદર થાય છે તે પણ દવાના કામમાં બહુ ઉપયોગી ગણાય છે. ખેરીગુંદર. તેની છાલ અને લાકડામાંથી રંગ પણ બને છે.

ખેરખટ, અ૦ (ખેરખેરાં) એકાએક; જોતજોતામાં; ખરેખર. :—સાચે એ તો ત્યાંથી દોડયો ને ખેરખટ જતો રહ્યો.

ખેરખાહ, વિ૦ [अ.] શુભેચ્છક; ભલું ચહાનાર; સંભાળ લેનાર; દોષ સામું ન જોતાં રૂડું ઇચ્છનાર; હિત કરવાની વૃત્તિ રાખનાર; હિતચિંતક; ખેરખાં.

ખેરખાહી, સ્ત્રી૦ [अ.] ભલું કરવાની ઇચ્છા તે; ખેરખાહપણું; સદિચ્છા; સુજનતા.

ખેરણ, વિ૦ ખરી છુટું પડેલું; ખરી પડેલું; વેરાયેલું; વેરણખેરણ. આ શબ્દ એકલો વપરાતો નથી પણ વેરણખેરણ આમતેમ અવ્યવસ્થિત રીતે પડેલું હોય એવું દેખાડનારા સંયુક્ત શબ્દના ઉત્તરપદ તરીકે વપરાય છે.

ખેરવવું, ક્રિ૦ સ૦ ખરી પડે એમ કરવું; તૂટીને નીચે પડે એમ કરવું; પડી જાય તેમ કરવું. (૨) ખસેડવું; દૂર કરવું; કાઢી મૂકવું. (૩) માથું ફોડાવવું; કંટાળો આપવો; પજવવું. (૪) કાઢી લેવું; મેલવું; પ્રાપ્ત થાય એમ કરવું; તજવીજથી દૂર કરવું; કાઢી મૂકવું.

ખેરસલ્લા, સ્ત્રી૦ [અ.] સમાધાન; સુખરૂપતા; કંઈ કજિયો ફીતુર નથી, પણ બધું સુલેહભરેલું હોય એવી હાલત. (૨) અ૦ હશે; હોય; જતું કરી દેવું તે; થઈ ગયું તે; થઇ ગયું, એમ કરીને મન વાળવાનો જે ઉદ્‌ગાર તે; બળ્યું; ટળ્યું.

ખેરસાર, (ખેરસાલ) પું૦ ખેરનાં લાકડાંમાંથી નીકળતો એક જાતનો સળીદાર ગર. (૨) ખેરનાં લાકડાંને પલાળી ઉકાળી પાણી બાળીને કાઢેલું જે ઘન સુકું સત્ત્વ તે; કાથો.

ખેરસાલ, પું૦ ખેરના લાકડામાંથી નીકળતો એક ભુકો, ઓસડ દાખલ કામમાં આવે છે.

ખેરંચો, પું૦ [फा.] રજ; ઘાસ; જેર. (ધાતુનો)

ખેરંટો, જુ૦ ખેરંચો.

ખેરાત, સ્ત્રી૦ [અ.] ગરીબને આપી જે ધર્મ કરવો તે; ભીખ; ગરીબોને આપવું તે; દાન કરવું તે; દાન; ધર્માદો.

ખેરાતી, વિ૦ ખેરાત કરવાને કાઢેલું. (૨) ખેરાત કરનાર.

ખેરિયત, સ્ત્રી૦ [અ.] સુખરૂપતા તે; ક્ષેમ; સમાધાન; સ્વસ્થતા; સુલેહ. સુલેહ; શાંતિ અને સુખરૂપતા હોય એવી જે સ્થિતિ તે; ક્ષેમકુશળતા; સ્વાસ્થ્ય; ચેન; આનંદ; નિરુપદ્રવતા; નચિંતતા; સમાધાની.

ખેરી, અ૦ મેંઢો; ઘેટો. (૨) લુગડાં કાગળ વગેરે વસ્તુઓમાં પડતી એક જાતની જિવાત. ગરમ લુગડાંમાં અને કાગળમાં જે જીવ પડે છે તે; ઉધેઇ.

ખેરીજ, વિ૦ [अ.] વધારાનું; અંદર આવી ગયેલું ન હોય તે. (૨) અ૦ વગર; વિના; સિવાય. અંદર આવી જતું ન હોય એવું; વધારાનું.

ખેરું, વિ૦ ખરી જાય; તરત બુઝાઈ જાય એવું; માલ વગરનું; ઝબકિયું. ઉ૦ જેવું ચાંદરણું (અજવાળું—ભડકાનું) ખેરિયું અને જેવી વેળુની ભિંત. જીવરામ ભટ્ટ.

ખેરો, પું૦ દોરીઓને ગુંથીને બનાવેલો જાળીદાર કોથળો; ઝોળી. (આંબેથી કેરીઓ ઉતારવાની દોરીની ઝાળીદાર અંકોડી. (૨) અડાયાંનો ભુકો; ગોર; પોંખ પાડવાનો ડાંડિયો.

ખેલ, પું૦ [सं. खेल] રમત; ગમ્મત; ક્રીડા. (૨) તમાસો; ભવાઇ; નાટક; જોવાનું. (૩) લીલા; બનાવટ; રચના. (૪) વ્યાપાર; ધતિંગ, ઉદ્યમ.

ખેલખોના, સ્ત્રી૦ખરાબી; પાયમાલી. ઉ૦ સાગર ન ચલે ને વાસુકી ન હલે, જોરે હલે તો કરે ખેલખોના. ભોજોભગત.

ખેલણી, સ્ત્રી૦ છોકરાંને રમવાની પુતળી. (ખેલણું=રમકડું)

ખેલણું, ન૦ રમકડું.

ખેલન, ન૦ [सं. खेल्=રમવું] રમત; ક્રીડા. (૨) તમાસો; ખેલ થવો તે; ભજવાવું તે; નાટક; દૃગ્દર્શન.

ખેલવણું, ન૦ ખેલવાનું જે કંઇ હોય તે; રમકડું; રમવાનું સાધન કે નિમિત્ત.

ખેલવું, ક્રિ૦ અ૦ [सं. खेल्] ક્રીડા કરવી; રમવું; ગમ્મત કરવી; તમાસો કરવો. (૨) ચાલવું; તજવીજ કરવી. વ્યવહરવું; કંઇક હેતુ પુરઃસર યુક્તિથી કાર્ય કરવું; યુક્તિમાં–પ્રપંચમાં ફરવું.

ખેલાડી, પું૦ [સં. खेल] ખેલ કરનાર; ભવાયો; નટ; અથવા હર કોઈ જાતનો ખેલ કરતો હોય તે. (૨) વિ૦ ખેલાવે એવું; ખિલાવીને કામ કાઢી લે એવું; ચતુર; પોતાનું કામ હરકોઈ રીતે કાઢી લે એવું મુસદ્દી.

ખેવ, સ્ત્રી૦ [સં. क्षण] ક્ષણ; પળ; વેળા. (આ શબ્દ એકલો વપરાતો નથી પણ શબ્દના બીજા ભાગ તરીકે તત્ક્ષણના અર્થમાં વપરાય છે. :– હે દેવના પણ દેવ તું તતખેવ દીલમાં ધર દયા.

ખેવટ, પું૦ માર્ગદર્શક; દોરનાર. (૨) ખારવો; નાયક; સુકાની. ઉ૦ વિના ખેવટ કોઇ પાર ન પાવે, વિના નાવ ડૂબે તરતાં. નિરાંતભગત.

ખેવડો, પું૦ એક જાતનું ઘાસ.

ખેવના, સ્ત્રી૦ કાળજી; ચાનક; ખંત; સંભાળ.

ખેસ, પું૦ ખભે નાંખવાની પિછોડી; દુપટ્ટો; અંગવસ્ત્ર; પુરુષને ખભે નાંખવાનું વસ્ત્ર.

ખેસવવું, જુ૦ ખસેડવું.

ખેસી, વિ૦ નજીકનું; પાસેનું; અંગતસાથી; સોબતી; અંતરનું.

ખેહ, પું૦ ક્ષય; ખે. (૨) સ્ત્રી૦ રજ; ધૂળ.

ખેળ, સ્ત્રી૦ જવઘઉં વગેરે અનાજની રાબ; લોટમાંથી કાઢેલું ચીકણું સત્ત્વ; આર; કાંજી. ઘઉંના લોટની લહાઇ :(સુતરને–વાણાતાણાને પાવામાં આવે છે તે.)

ખેળો, પું૦ નાટક કે ભવાઇમાં સ્ત્રીનો વેષ લેનારો પુરુષ તે; ભવાયો; ભવાયા જેવા દેખાવની સ્ત્રી તે. નાટક કે ભવાઇમાં વેષ લેનારો પુરુષ તે; ભાંડ.

ખેંકડો, પું૦ કાચબો.

ખેંખલી, વિ૦ જીર્ણ; અંદરથી ખવાઇ ગયેલું; ખખખળી ગયેલું; ક્ષય જેવા રોગથી ખુંખું કરી કરીને સુકાઇ ગયેલું, હાડપિંજર થઇ રહેલું એવું; નિર્માલ્ય; અશક્ત; અત્યંત કૃશ; શુષ્ક.

ખેંખેં, અ૦ ઉધરસને લીધે ખુંખું એવો વારંવાર થતો અવાજ; ઉધરસ ખાતાં થતો અવાજ; ખુંખું થવું તે.

ખેંચ, સ્ત્રી૦ ખેંચવું તે; ખેંચાણ; તાણ. (૨) આગ્રહ.

ખેંચતાણ, સ્ત્રી૦ ખેંચવું ને તાણવું તે; ખેંચાખેંચ; સામસામાં બે બળથી આમતેમ તણાવું તે; આગ્રહ.

ખેંચમખેંચા, સ્ત્રી૦ તાણાતાણ; આમથી તેમ તેમથી આમ એમ સામસામેથી ખેંચવું તે. (૨) અતિઆગ્રહ કરવો તે.

ખેંચવું, ક્રિ૦ સ૦ [સં. कृष्] જોર કરીને પોતાની તરફ આણવું; પોતાની ભણી લેવું; આકર્ષવું; તાણવું. (૨) કસવું; તંગ કરવું. (૩) આગ્રહ કરવો; આગ્રહથી વળગી રહેવું. (૪) આંકવું; દોરવું. :–લીટી ખેંચવી. (૫) કાઢવું. :–પાણી ખેંચવું. (૬) અંદર લેવું; ચૂસવું; શોષીલેવું. પવન પાણી વગેરે. (૭) ગફલતીમાં જવું; ખોવાઇ જવું; ઉડી જવું. પૈસા કાગળ વગેરે. (૮)વહેવું; વહોરવું-ઝઘડો દોષ. (૯) સહન કરવું નિભાવવું. સંસારનાં તરીલાં ખેંચી થાકી ગયા. (૧૦) લંબાવવું; મોટેથી બોલવું. રાગ ઘાંટો ખેંચવો. (૧૧)સજ કરવું. ધનુષ–તલવાર. (૧૨)તોડવું; ઉખાડી નાંખવું; નિર્મૂલ કરવું. જીભ–દાંત. (૧૩) તત્ત્વ કાઢવું.

ખેંચાખેંચ, સ્ત્રી૦ સામસામે ખેંચવું તાણવું તે; તાણાતાણી; ઉપરાઉપરી ખેંચાવું તે. (૨) અતિ આગ્રહ કરવો તે. ઘણા જણે ઘણી બાજુથી ખેંચવું તે; તાણ; ભીડ; તંગી.

ખેંચાણ, ન૦ તાણ; આગ્રહ; આકર્ષણ; ખેંચવું તે; ખેંચે એવું જે તે.

ખેંચાણકારક, વિ૦ ખેંચે એવું; આકર્ષક; લક્ષ કે ધ્યાન ખેંચે એવું.

ખેંચાવું, ક્રિ૦ અ૦ તણાવું; ખેંચાઈ જવું.

ખેતાળવું, નાસી જવું.

ખેન, ન૦ તોબા; મુશ્કેલી; વિપત; પીડા;

દુઃખ; આપદા; બહુજ પરિશ્રમ પડવો તે.

ખે, પું૦ [સં. क्षय] ખઇ; ક્ષય; ધાસણીનો રોગ; રાજક્ષ્મા. (૨) સ્ત્રી૦ ખાડો; ગર્ત; ખો; કુંડ.

ખેડ, પું૦ ખરડ; લેપ; થથરડો. ગાઢા પ્રવાહીનો લેપ તે; લગાડવું તે. (૨) સુકવણું; સુકાવું તે; પાણીનું શોષણ થઈ જવું તે; પાણી વગર જે સુકાપણું થવું તે સૂક; ખરડિયું=પાક સુકાઇ જાય એમ વરસાદનું જતું રહેવું અને તેથી અર્દ્ધ દુષ્કાળ જેવી સ્થિતિ થવી તે.

ખો, સ્ત્રી૦ [फा.] ટેવ; આદત; ચસકો; વ્યસન; પેધું; હવસ. (અમુક કરવાનો સ્વભાવ થઈ જવો તે.) વેર; અદાવત.

ખો, સ્ત્રી૦ ખાડો; કોતર; બખોલ. પાણીના મારાને લીધે જમીનની સપાટી ઉપર ઉંડાં વહેળિયાં પડે છે તે.

ખોઇ, સ્ત્રી૦ ઝોળી; ખોઇયું; નાનાં છોકરાંને સુવાડવા માટે ઘોડિયાએ જે કપડાનો કકડો બાંધવામાં આવે છે તે.

ખોઇયું, ન૦ નાના છોકરાને સુવાડવા ઘોડિયે બાંધવાનું ભરેલું વા રંગેલું કપડું તે; ઝોળી; ખોયું.

ખોખ, ન૦ (ખોખું-ખખ) કદે મોટું પણ સંગીન નહિ એવું જે તે; ખખ; ખળખળી ગયેલું પણ કદે મોટું ખોખું તે.

ખોખરાટ, પું૦ ખોખરાપણું; બેસૂરતા.

ખોખરું, વિ૦ બેસૂરું; શુદ્ધ અખોવન અવાજ ન કરતું હોય એવું; ભાગેલું; તૂટેલું; ફૂટેલું. જેની એકતારતામાં (અવાજની) ભંગ થયેલો હોય એવું; અવ્યક્ત. ક્રિ૦પ્ર૦ ખોખરું કરવું=થોડો માર મારવો; ઝાપટવું; હલકું કરવું; નરમ થાય એમ કરવું.

ખોખલી, સ્ત્રી૦ ઘરડી શિયાળ. (૨) વિ૦ ખળખળી ગયેલી દાંત વગરની વૃદ્ધા.

ખોખલો, વિ૦ પું૦ વૃદ્ધ; ખળભળી ગયેલો; ખુંખું કર્યા કરતો હોય એવો; જરાજીર્ણ. ખોખલો પંડયો=વૃદ્ધ પંડિત-ઘરડો મહેતાજી; ઘરનો બ્રાહ્મણ.

ખોખાવું, ક્રિ૦ અ૦ વેર-અદાવત રાખવી.

ખોખું, ન૦ અંદરથી પોલું ને સત્ત્વ રહિત જે કંઇ હોય તે; કારીગરી વગરની સાધારણ બનાવટની પેટી. દિવાસળીનું ખોખું, દેવદારનું ખોખું. (૨) આખી નહિ પણ કકડાઓની બનાવેલી હલકી પાઘડી. :—આ પુનાનું ખોખું છે. (૩) ભરપાઈ થઇ ગયેલી હુંડીનો કાગળ; નમુનો; ડોળિયું; ખીચું; મુસદ્દો; રેખાકૃતિ. (૪) સત્ત્વ ખેંચી લીધેલી કોઇ પણ વસ્તુ; કુચો. (૫) જીર્ણ થઇ ગયેલું હોય એવું જે તે; વૃદ્ધ-ખળભળી ગયેલું જે શરીર તે, કલેવર.

ખોગીર, સ્ત્રી૦ [फा.] ઘોડાની પીઠ ઉપર નાંખવાનું ઉનનું પોચું નાનું ગાદલું; ડળી.

ખોચરેલ, વિ૦ ખવાઇ કે ખોતરાઇ ગયેલું ખાંચા અને ખાડાવાળું.

ખોચંદે, અ૦ કટેકાણે; ખુણે.

ખોજ, સ્ત્રી૦ ખંતીલી તપાસ; શોધ; ખોળ.

ખોજવું, ક્રિ૦ સ૦ ખંતથી તપાસવું; શોધવું; ખોળવું.

ખોજો, પું૦ પુરુષત્વહીન જે નર તે; હીજડો; વ્યંડળ; જનાનખાનામાં સ્ત્રીઓની તહેનાતમાં રહેનારો ચાકર; નપુંસક; પંઢ. (૨) હિંદુ મટી મુસલમાન થયેલી એક જાત.

ખોટ, સ્ત્રી૦ ભૂલ; ચૂક; ગણતાં કે કામ કરતાં જે કંઇક રહી જાય તે. (લખતાં ખોટ કરવી) (૨) નુકસાન; ટોટો; ગેરલાભ. (વેપારમાં ખોટ ગઇ) (૩) ઓછ; ઓછાપણું; કમી રહેવું તે; ઘટ; અપૂર્ણતા. (અન્નની ક્યાં ખોટ છે) (૪) અછત. (ખોટનું છૈયું) ક્રિ૦ પ્ર૦ ખોટ જવી=નુકસાન થવું.

ખોટકો, જુ૦ ખુટકો; ઘટ.

ખોટંખોટા, અ૦ ખોટેખોટું; ખોટાની-અસત્યની જે પરંપરા તે; જુઠેજુઠું ચલાવવું તે.

ખોટાઇ, સ્ત્રી૦ જુઠ; અસત્યતા. (૨) હરામીપણું; કામ નહિ કરવાની ટેવ; આળસાઈ.

ખોટારવો, પું૦ ધગધગતો-બળતો કોયલો; જીવતો લાળો; જવાળા અને ધુણી વગરનો લાકડા છાણાનો ધગધગતો કકડો.

ખોટારું, ન૦ જુઠાણું; અસત્ય; ખોટું કરેલું હોય એવું તે; તરકટ; બનાવટ.

ખોટારો, પું૦ ધગધગતો કોયલો; લાળો; અંગારો. (૨) ઇંટાળો.

ખોટી, સ્ત્રી૦ વાટ જોતા રહેવું તે; ઢીલ; વાર; વિલંબ; થોભવું તે. ક્રિ૦ પ્ર૦ ખોટી કરવું=રાહ જોતા રાખવું; વાર લગાડવી; ખાળવું. ખોટી થવું=રાહ જોવી; ખોટી રહેવું.

ખોટીલું, વિ૦ ખોટાં હાડકાંનું; આળસુ.

ખોટું, વિ૦ ખરું નહિ તે; અસત્ય; જુઠું. :-ખોટું કહેવું. (૨) ભૂલચૂકવાળું; જેમાં ભૂલ હોય એવું. હિસાબ ખોટા છે. (૩) જેવું હોવું જોઇએ તેવું નહિ તે; બગાડવાળું, ભુંડું, નઠારું, હીણું. -:ખોટો રૂપિયો. (૪) ફરી જાય એવું; ફેરવાળું; બેવફા. (૫) જેને મહેનત લેવી ન ગમે એવું; આખાં હાડકાંનું; આળસુ. (૬) ન૦ માઠું; અપ્રસન્ન થવું-નાખુશ થવા જેવું લાગવું તે. ક્રિ૦ પ્ર૦ ખોટું લાગવું=માઠું લાગવું; નાખુશ થવું; દુભાવું; ખિન્ન થવું. ખોટી નજર=કુદૃષ્ટિ. ખોટીચાલ=વ્યભિચારી-ગેરવર્તણુંક.

ખોડ, સ્ત્રી૦ ન્યૂનત્વ; ઓછાપણું; કસર; ખામી; એબ. (૨) ટેવ; આદત; ખો; વાંકાપણું. (૩) કલંક; લાંછન.

ખોડ, પું૦ લાકડાનો મોટો અને બહુજ ભારે થડનો ભાગ તે; ઝાડના થડની જે મોટી ગાંઠ તે.

ખોડખાંપણ, સ્ત્રી૦ ભૂલચૂક; જે કંઇ ખોટું કે અયોગ્ય હોય તે; ન્યૂનાધિકપણું; ખામી; દોષ.

ખોડવું, ક્રિ૦ સ૦ દાટવું; ઘાલવું; રોપવું; ઉભું કરવું. (કચ્છ કાઠિયાવાડ.)

ખોડંગાવું, ક્રિ૦ અ૦ લંગડાવું; ખોડાતું ચાલવું; એકાદ પગ રીતસર મૂકીને તથા ઉપાડીને નહિ ચલાવું.

ખોડાવું, ક્રિ૦ અ૦ એકાદ પગ લંઘાય એમ ચલાવું; ખોડું હિંડાવું; લંગડાવું.

ખોડિયું, વિ૦ હીનાંગ; ખોડવાળું; જેનામાં કંઇક ખોડ હોય એવું; અપંગ.

ખોડીખમચી, સ્ત્રી૦ ખોડંગતા ખોડંગતા અને ધીરે ધીરે ચાલવું તે. (૨) એક પગે કૂદતા કૂદતા ચાલવાની છોકરાંની એક રમત.

ખોડીબારું, ન૦ ઢોરોથી પેસાય નહિ એવું તેમજ ઓલંગીને જવું પડે એવું ખેતર અથવા વાડાઓમાં પેસવાનું જે છિંડું તે; બે ફાંકાંવાળું લાકડું જમીનમાં ઘાલીને જવાઆવવાનું જે બારું કરેલું હોય તે.

ખોડું, વિ૦ જેને પગે ખોડ હોય એવું; લંગડું; ખોડંગાઇને ચાલનારું, અપંગ.

ખોડો, પું૦ [सं. क्षय] નાશ; ધાણ; સંહાર. ક્રિ૦ પ્ર૦ ખોડો કાઢી નાંખવો=ક્ષય થાય એમ કરવું તે.

ખોડો, પું૦ દાદર કે ઉંદરીથી ઉતરતો માથામાં થતો એક જાતનો ત્વચારોગ. (વાળના મૂળમાં કચરો ભરાયાથી આ રોગ થાય છે અને તેથી ચામડી સુકાઈ તેની ધોળી કપોટીઓ બાઝે છે.)

ખોણિયું, ન૦ ખુણા પાડવાનું ખુણાવાળું એક ઓજાર; કાટખુણો.

ખોતરણી, સ્ત્રી૦ દાંત ખોતરવાની સળી. (૨) ઘાસ ધરો વગેરે ખોતરવાનું ઓજાર; ખરપડી. ખણવા-ખોદવાનું ઓજાર; ટાંકણું.

ખોતરણું, ન૦ ખોતરવાનું ઓજાર; ટાંકણું; ખરપડી; ખોતરવાના કામમાં આવે એવું જે કંઈ હોય તે. (૨) છિદ્ર; વાંક; દોષ;

ખાનું. (નણંદ તો ભોજાઇનાં ખોતરણાંજ કાઢ્યા કરે છે. અહિં ખોતરણું હમેશ બહુ વચને વપરાય છે.)

ખોતરવું, ક્રિ૦ સ૦ છિદ્ર મારફતે કોઈ સળી નાંખી અંદરથી ઉખાડવું; ખણવું; ખોદવું; ઉખાડવું, નખથી ઉખાડવું; ટાંકવું. (૨) પાયમાલ કરવું; ઉખાડીને નાખી દેવું.

ખોતરામણ, ન૦ ખણવા અથવા ખોતરવાનું લવાજમ તે.

ખોદકામ, ન૦ જમીન ખોદવાનું જે કામ તે; જમીનને સરખી કરવાનું અથવા જમીનમાં કુવા અને તળાવ વગેરે કરવાને ખોદવાનું જે કામ તે; કોતરકામ.

ખોદણી, સ્ત્રી૦ ઇર્ષ્યાથી કોઇ માણસની પાછળ તેનું કોઇ ને કોઇ રીતે ભુંડું બોલ્યા કરવું તે; ખોદ ખોદ કરવું તે; નિંદા; બદબોઈ; ગીબત; દોષ કાઢ્યા કરવા તે.

ખોદવું, ક્રિ૦ સ૦ સપાટીની અંદર ખાડો પાડવો; જમીન ઉખાડવી; ખણવું; ખોતરવું; કોતરવું; નકશી પાડવી; નિંદા કરવી; ભુંડું બોલવું; કોઇનું બુરું થાય એમ કરવું; ઉખાડવું.

ખોદા, પું૦ (ખુદા) ઇશ; પ્રભુ; ઈશ્વર; પરમેશ્વર.

ખોદાઈ, વિ૦ ખુદાને લગતું; દેવતાઇ; ચમત્કારિક; અદ્ભુત; દૈવી.

ખોદાણ, ન૦ ખોદાયેલું જે તે; ખોદેલું જે કંઇ તે; ખોદકામ. :—આ ખોદાણ બરોબર નથી. પાણીના મારાથી ખોદાઇ ગયેલી જે જમીન તે. (તેનાથી ઉલટું પુરાણ—પુરણી—ભાઠું.)

ખોદામણ, ન૦ ખોદવાની જે મજુરી તે; ખોદવાનું લવાજમ.

ખોદામણી, સ્ત્રી૦ જુઓ ખોદામણ.

ખોદાવંત, વિ૦ ખુદાના જેવું; ઇશ્વરી; પરમેશ્વર જેવું. (રાજા પાદશાહના નામને લગાડવામાં આવતી ઈશ્વરત્વદર્શક ઉપમા.)

ખોદાવવું, ક્રિ૦ સ૦ કોઇ ખોદે એમ કરાવવું.

ખોદાવું, ક્રિ૦ અ૦ પાણીના મારાથી અથવા બીજી રીતે ખોદાઈ જવું; ઉંડું ને ઉંડું થતા રહેવું. (૨) પેટમાં ગુડગુડ એવો અવાજ થવો.

ખોદું, જુ૦ ખોધું.

ખોધું, ન૦ જાડો અને બહુ ભારે લાકડાનો કકડો તે; લાકડાનો મોટો સુકો અને જાડો થડનો ભાગ.

ખોપ, જુ૦ ખોફ.

ખોપડું, ન૦ ઝુંપડું.

ખોપરી, સ્ત્રી૦ માથાના ઉપલા ભાગનું કઢાઇના તળિયા જેવું હાડકું તે; તાળવું. (માથાની ઉપરનું—મુખમાંનું નહિ)

ખોપરું, જુ૦ કોપરું; ટોપરું.

ખોફ, પું૦ ગુસ્સો; ઇતરાજી; દ્વેષ; ક્રોધ; કોપ.

ખોબલો, પું૦ ખોબો; બે હાથના પંજા છતા રાખી એકઠા કરવાથી જે પડિયા જેવો આકાર બને છે તે.

ખોબો, (ભો) પું૦ બે હાથના પંજા છતા એકઠા કરવાથી બનતો કોઈ વસ્તુ ધારણ કરાય એવો આકાર તે; બે પોશ જોડવાથી બનતો હાથેલીઓનો ખાડો.

ખોભ, જુ૦ ક્ષોભ.

ખોભણ, સ્ત્રી૦ ખાંચો; ખાડો; ઠેસ; ચાંપ કે ઉલાળો અટકે એવો જે ખુણો કે ખાડો ખાંચો તે. (૨) બો; ગુફા; પોલ; ભેખડ; કોતરની બે બાજુઓનો ઢોળાવ તે.

ખોભરવું, ક્રિ૦ અ૦ ઉભા રહેવું; ખોટી થવું; રાહ જોતા રહેવું; થોભવું; અટકવું.

ખોય, સ્ત્રી૦ જુ૦ ખો.

ખોયણ, જુ૦ ખોયણું.

ખોયણી, સ્ત્રી૦ બળતી વસ્તુને પ્રવાહીમાં ચાંપવી તે; વઘાર; વઘારણી.

ખોયણું, ન૦ એક છેડેથી સળગેલું—બળતું લાકડું અથવા સળેખડું તે. (૨) જામગરી; બળતું

થાય એમ કરવાનું જે એક તરફથી લાગતું લાકડું તે. (૩) સળી; ચાંદલું; લઢાઈ થાય એવી ઉશ્કેરણી કરવી તે.

ખોયું, જુઓ ખોઇયું.

ખોરણ, ન૦ ખોરાઈ ગયેલું હોય તે; હોલવાઈ ગયેલું એવું જે તે. (૨) ખોરવાનું જે કંઈ સળી-લાકડું વગેરે હોય તે.

ખોરડું, (ખોલડું) ન૦ ઝુંપડું; માટીની ભિંતનું નાનું ઘર.

ખોરવું, ક્રિ૦ સ૦ ખંખેરવું; (બળતાં લાકડાંને) સંકેલવું; બળીને કજળવા જેવાં થયેલાં એ લાકડાંને એક બીજાની સાથે અફાળી તેની કાજળી ઉડાડી મૂકવી. (૨) તળે ઉપર કરવું; ખણી ખોતરી જોવું; રાખ ઉડાડી મૂકવી. ખંખેરીને બાળવું. ક્રિ૦ પ્ર૦ ખોરી બાળવું=બહુ સારી રીતે બાળી મૂકવું. (૨) ગોળી વાળવું; સમાધાન કરી નાંખવું.

ખોરસું, ન૦ ત્રિપાઈ; જેને ત્રણ પાયા હોય એવી ઘોડી; નાનું ટેબલ.

ખોરંચે, (ભે) ખુણેખોચરે; અભરાઇએ; નિકાલ ન થાય એવી રીતે કે એવે ઠેકાણે.

ખોરાક, પું૦ [ફા.] જેની ઉપર પ્રાણીનાં જીવન ટકે એવી તેમને ખાવાની વસ્તુ; ગુજરાન કરવાની વસ્તુ; ખાવાનો પદાર્થ; ખાજ. (અન્ન, ભાજીપાલો, ઘાસ અને માંસ વગેરે) જેનાથી કોઇ વાતનો નિર્વાહ થાય તે. (વાંચન એ લેખનનો ખોરાક છે, દુનિયાંમાં બનતા બનાવો તે વર્તમાનપત્રોનો ખોરાક છે).

ખોરાકી, સ્ત્રી૦ ખોરાકની વસ્તુઓ તે; ખાવાનું.

ખોરાકીપોષાકી, સ્ત્રી૦ ગુજરાનનું અને પોષાકનું જે સાધન તે; ખાવા પહેરવાની જે ગોઠવણ તે; આજીવિકા; જિવાઇ; નિર્વાહની સોઇ તે.

ખોરાશ, સ્ત્રી૦ ખોરાપણું; ખાવાની-અન્ન જેવી વસ્તુમાં ઘણા દિવસ રહેવાથી થયેલો જે સ્વાદવિકાર તે.

ખોરું, વિ૦ જુનું થવાથી બેસ્વાદ થયેલું; જુનાપણાના વિકાર-સ્વાદ કે ગંધવાળું.

ખોલ, સ્ત્રી૦ ટોટી; ખોલી; લાકડી છત્રીને છેડે ધાતુની જે ઢાંકણુ-ચુડી બેસાડવામાં આવે છે તે.

ખોલ, સ્ત્રી૦ કપડાના સીવણમાં જે નહિ બેસતાપણું રહે છે તે; ખામી; કરચલી; ખોડ. (૨) ઉપરની ચામડી; જીર્ણ-કતરી ગયેલી ત્વચા, કાંચળી. (સાપની ખોલ)

ખોલકી, સ્ત્રી૦ નાની ગધેડી.

ખોલકો, પું૦ ખોલો; ગધેડો. (૨) મૂર્ખ; અણસમજુ ને શરીરે તથા વયે મોટો તે.

ખોલણહાર, વિ૦ ઉઘાડનાર.

ખોલવું, ક્રિ૦ સ૦ ઉઘાડવું; બંધ હોય તેને ખુલ્લું કરવું. (૨) કાઢવું; સ્થાપન કરવું; પ્રવર્તાવવું. -:દુકાન ખોલી છે. (૩) પડદો ખસેડવો; દેખાય એમ કરવું. ઉ૦ ઘુંઘટડા ખોલને રાધે.

ખોલી, સ્ત્રી૦ ધાતુનું પોલું અને ચુડી જેવું લાકડી છત્રીના છેડાનું ઢાંકણુ તે. (૨) ઓરડી. (૩) ગધેડી.

ખોલું, વિ૦ખુલ્લું રહેતું હોય એવું; ઉઘાડું; ઢીલું.

ખોલો, પું૦ ગધેડો. (૨) ગમાર જેવો મૂર્ખ માણસ તે; ઉમ્મરે શરીરે મોટો પણ સમજમાં અણસમજુ રહેલો હોય એવો માણસ.

ખોવરાવવું, ક્રિ૦ પ્રે૦ ગુમાવરાવવું.

ખોવું, ક્રિ૦ સ૦ ખબર ન રહે એવી રીતે વસ્તુનું પોતાની પાસેથી જતું રહેવું; ગુમ થવું; ગુમાવવું. (૨) ગેરલાભ થવો. (૩) એળે જવું.

ખોસવું, ક્રિ૦ સ૦ જોરથી દાખલ કરવું; ઘોંચવું; ઘાલવું; ભોંકવું.

ખોસાવું, ક્રિ૦ અ૦ એની મેળે દાખલ થવું; ઘલાવું; ભોંકાવું; ઘૂસવું; અંદર ભરાવું; પક્ષમાં જવું; લાગતા રહેવું; પેસવું.

ખોહ, સ્ત્રી૦ ગુફા.

ખોહો, પું૦ ખોસનારો. (૨) મોટો મૂર્ખ.

ખોળ, સ્ત્રી૦ ખોળવું તે; શોધ; તપાસ; તજવીજ.

ખોળ, પું૦ તેલીબીજમાંથી તેલ કાઢી લીધા પછી રહેલા કુચા તે. (૨) સ્ત્રી૦ ગલેફ; ઢાંકણુ; પડ; કપોટી.

ખોળવું, ક્રિ૦ સ૦ શોધવું; અમુક વસ્તુ વિશેષ મેળવવાને આમતેમ જોવું; તપાસ કરવી તે; તપાસવું.

ખોળંખોળા, અ૦ ખોળાખોળ; શોધાશોધી; અહિંતહિં એક બે જણે જે ખોળવા મંડી જવું તે.

ખોળંભો, (બો) પું૦ વિલંબ; વાર લાગવી તે; વખત ગુમાવવો તે.

ખોળાંખંખોળાં, ન૦ ખુણેખોચરે છાની રીતે જોવું તે; ફાંફાં મારવાં તે.

ખોળાખોળી, સ્ત્રી૦ શોધાશોધ; આમ તેમ ખોળવું તે.

ખોળાખોળી, સ્ત્રી૦ શોધાશોધ; તપાસ; તજવીજ.

ખોળાદાન, ન૦ વામમાર્ગીઓની એક નિર્લજ્જ ક્રિયા.

ખોળાધર, પું૦ ઓળખાણનો જે માણસ તે; જામીન; હુંડીનાં નાણાં લેનારે આપનારની ખાતરી થાય એવું જે ઓળખીતું માણસ બતાવવું તે.

ખોળાભરણું, ન૦ સીમંત; અઘરણી.

ખોળી, જુ૦ ખોલી.

ખોળિયું, ન૦ તળાઈ ગોદડાં વગેરે ભરવાનું જે એવડું કપડું તે; ખોલ. (૨) દેહ; શરીર; કલેવર.

ખોળો, પું૦ પલાંઠીએ બેસતાં અથવા ઉભે પગે બેસતાં પેટથી ઢુંટણ લગીનો જે ભાગ બને છે તે; અંગરખાની, પિછોડીની, પાલવની બે હાથ અથવા પગની વચ્ચે કંઈ લેવાને બનાવવામાં આવતી ઝોળી; અંક; ઉછંગ. ક્રિ૦ પ્ર૦ ખોળે બેસાડવું=કન્યાને સાસુ કે સસરાના ખોળામાં બેસાડવાની એક વૈવાહિક રીત. (૨) નિર્ભય કરવું; સંતાન કરી લેવું; ખોળે લેવું; દત્તક કરવો; પુત્રીકૃત કરવું. ખોળો ભરવો=સીમંત કરવું; અઘરણી કરવી; પહેલીવારનો ગર્ભાધાન સંસ્કાર કરવો તે. ખોળો પાથરવો=આજીજી કરવી; કાલાવાલા કરવા.

ખોંખારવું, ક્રિ૦ અ૦ ખુંખારો થાય એમ ઠાંસવું; ઠાંસવું; ઉધરસ ખાવી. (૨) પોતે છીએ, એમ અસ્તિત્વ બતાવવાને ગળામાંથી અવાજ કરવો. (૩) ખોંખારીને કહેવું–બોલવું=ખુલાસાથી સ્પષ્ટ રીતે જે તે કહી દેવું; ચોકખુ જણાવી દેવું; ખુલાસો કરવો.

ખોંખારો, પું૦ ખુંખારો; ખોંખારવું તે.

ખોંચ, સ્ત્રી૦ ખોંચો; ખોભણું; ખાડો પડેલો હોય એવું જે તે; ખાણું; ગુંજ. (૨) કસર; ટોટો; કમીના. (૩) વાંધો; હરકત; અડચણ. (૪) મુસ્કેલી; ગુંચવણ.

ખૌખૌ, અ૦ ક્ષુધાનો અતિ આતુરતા દર્શક ઉદ્ગાર. ક્રિ૦ પ્ર૦ ખૌખૌ કરવું=ક્ષુધાનું એબાકળાપણું બતાવવું.

ખ્યાત, વિ૦ પ્રસિદ્ધ; જાણીતું; પંકાયેલું; નામીચું.

ખ્યાતિ, સ્ત્રી૦ પ્રસિદ્ધિ; ઓળખ; કીર્તિ; જાણીતાપણું; નામાંકિતપણું.

ખ્યાલ, પું૦ [फा.] વિચાર; કલ્પના; ધ્યાન; કયાસ; દરિઆફ્ત. (૨) તર્ક. (૩) કેડો; છાલ; પુંઠ. (૪) ગાયનની એક ગત; પહેલું ધ્રુવ પદ, બીજે ખ્યાલ અને છેલ્લે ટપ્પો. કવિતાની એક રચના.

ખ્યાલી, વિ૦ તાર્કિક; હવાઇ. (૨) ખ્યાલ બનાવનાર.

ખ્યાલીખુશાલી, સ્ત્રી૦ મોજમજા; ગાનતાનમાં ખુશી રહેવું તે.

ખ્રિસ્તી, વિ૦ ઇસુખ્રિસ્ત સંબંધી; ઇશુના ધર્મનું.

ખ્વાબ, પું૦ સ્વપ્ન; શમણું.

ખ્વાર, જુ૦ ખુવાર.

ગ, પું૦ [સં. ग] ગુજરાતી લિપિના મૂળાક્ષરો-માંનો ચૌદમો અને વ્યંજનોમાંનો કંઠસ્થાની ત્રીજો વર્ણ—અક્ષર. (અલ્પપ્રાણ) (૨) 'સારીગમપધની' માંનો ત્રીજો ગાંધાર સૂર; ગાંધાર રાગનું ટુંકું રૂપ, અથવા સાંજ્ઞિક નામ. (૩) વિ૦ [गम्—જવું ઉપરથી] ગતિ કરનાર; જનાર; હીલચાલ કરનાર. (ગત્યર્થદર્શક પ્રત્યય):—ખ+ગ=ખગ=આ-કાશમાં ગતિ કરનાર; ઉડનાર તે પંખી. ઉર+ગ=ઉરગ=પેટે ચાલનાર, તે સાપ.

ગઈ, વિ૦ [સં. गता જવુંનું ભૂ. કૃ. પું૦ ગયો, સ્ત્રી૦ ગઇ અને ન૦ ગયું.] ગયેલી; અતીત; વીતેલી; ભૂતકાળની. કહે૦ ગઇ આબરુ પાછી ન આવે. ગઈ જુવાની અને આવ્યો બુઢાપો, તે પાંતીનો કેવો કુડાપો. ગઈ વાતનો શોક શો ? ગઇ ઘડી જોશીએ વાંચતો નથી. ગઇ ગુજરીને મૂકો વિસારી. ગઇ પળ પાછી ન આવે. ગઇ તે ગઇ. રૂ૦ પ્ર૦ ગઇ કાલ=અચિર; હમણાંજ; ઘણો વખત થયો નથી એમ. :—મોગલાઈ તો હિંદના ઇતિહાસમાં ગઇ કાલની વાત છે. ગઇ ગુજરી=થઇ ગયું, બનવાનું બની ગયું, એમ દિલાસો લેતાં આપતાં બોલાય છે. ભૂતકાળની બાબત. જે કંઈ બનવાનું હોય તે બની બધું શાંત પડી ગયું હોય એવી હાલતમાં ભૂતકાળના વિસરી જવા જેવા બનાવને માટે આમ કહેવાય છે.

ગઉ, જુ૦ ગૌ અને ગાઉ.

ગઉચર, જુ૦ ગોચર, અથવા ગૌચર.

ગઉદાન, જુ૦ ગૌદાન.

ગએલું, જુ૦ ગયેલું.

ગકાર, પું૦ [સં.] ગ એવો ઉચ્ચાર તેમજ અક્ષર ને; ગગ્ગો.

ગગડવું, જુ૦ ગડગડવું.

ગગણવું, જુ૦ ગણગણવું.

ગગન, ન૦ [સં.] આકાશ; વ્યોમ; નભ; આભલું. ક્રિ૦ પ્ર૦ ગગનમાં ગાજવું=ઘણે ઉંચે ગર્જના થવી. (૨) મોટાઇમાં રહેવું. (૩) બહુ ઉંચું હોવું. :—ઉંચા મહેલ ગગનમાં ગાજે. (૪) કંઇ પણ ગણતરીમાં નહિ હોવું. ગગન સાથે વાતો કરવી=મોટી મોટી વાતો કરવી; ફુલાવું; બડાઇ મારવી. બહુ ઉંચું હોવું. :—ઉ૦ રાજમંદિરના કળશો તો ગગન સાથે વાતો કરે છે. ગગનનાં પક્ષી ઝાલવાં—પકડવાં=હાથમાં આવે નહિ એવી વસ્તુને હાથમાં લઇ લેવાની હોશિ-યારી બતાવવી. ગગનચુંબિત=બહુજ ઉંચું; આકાશને ચુંબન કરતું હોય એવું.

ગગનગાંઠિયા, પું૦ તળીને ખાંડ પાયેલા ઘઉંના લોટના વાટા; એક જાતની મિઠાઇ. (બહુવચને વપરાય છે.)

ગગનચર, વિ૦ [સં.] આકાશમાં ગતિ કરનાર; ખેચર; પંખી; હવામાં ઉડનાર; દેવ, દાનવ, ભૂતપિશાચ, વગેરે.

ગગરી, સ્ત્રી૦ નાનો ગગરો; નાની ગાગર. ગગરિયાં [હિં.] ગાગર.

ગગરું, વિ૦ (ગરગરું) ગરગર થઇને ગરી પડે એવું; ભભરું; દાણાદાર; કકરું.

ગગરો, પું૦ પહોળા પેટાનું પણ સાંકડા મોંનું તાંબા પીતળનું પાણી વાસણ. ક્રિ૦ પ્ર૦ ગગરો ફેરવવો=ભીખ માગવી. (૨) ઉપર ઘી પિરસાય એવો વરો કરવો.

ગગળવું, જુ૦ ગળગળવું.

ગગળું, વિ૦ (ગળગળું) ઢીલું; પોચું; ગળી ગયેલું. ગદ્ગદ; રોઇ જાય એવું; નરમ. :—એ તો બિચારો ગગળો થઇ ગયો.

ગગી, સ્ત્રી૦ છોકરી; પુત્રી. (કાઠિયાવાડ)

ગગો, પું૦ છોકરો; પુત્ર.

ગગ્ગો, પું૦ ગ અક્ષર; ગકાર. ઉ૦ ગગ્ગા ગોરી ગાય વિયાય, ગગ્ગે વાછરડું ચરવા જાય.

ગંગ, સ્ત્રી૦ ગંગા. (કવિતામાં વપરાય છે) (૨) પું૦ હિંદી ભાષાનો એક પ્રસિદ્ધ કવિ.

ગંગલીધાંચણ, સ્ત્રી૦ દંતકથાઓમાંની એક જાદુગર સ્ત્રી:–ભાઇના રોગદોગ જજો ગંગલી ધાંચણને ત્યાં. શામળભટ્ટની વાર્તાઓમાંની એક જાદુગર ધાંચણ.

ગંગા, સ્ત્રી૦ [સં.] હિંદુસ્તાનની એક મોટી નદી; જાહ્નવી; ભાગીરથી. (૨) નદી; સરિતા. કોઇ પણ નદીને માટે વપરાય છે. ક્રિ૦ પ્ર૦ ગંગા કરવી=નહાવું. ઉ૦ ભાઇ મારો ગંગા કરે. કહે૦ ગંગા નહાયા=મુક્ત થયા; છૂટયા; પંચાતી મટી; પરવાર્યા. રૂ૦ પ્ર૦ ગંગાભાગીરથી=વિધવા સ્ત્રીઓને માટે આમ લખાય બોલાય છે. ગંગાસ્વરૂપ=ગંગાના જેવી પવિત્ર=વડીલ સ્ત્રીને માટે વપરાય છે. ગંગાનો પ્રવાહ=જેને દોષ લાગે નહિ એટલું જ નહિ, પરંતુ જે દોષને પણ નિવારણ કરે એવું હોય તે. :– નાત તો ગંગાનો પ્રવાહ છે=નાતને દોષ લાગતો નથી, એ તો સામી દોષને ટાળે છે.

ગંગાગોળી, સ્ત્રી૦ એકજ ઉલેચણે જેમાંથી સૌ કોઇ પાણી પીતું હોય એવી સબડળ ગોળી. (૨) સર્વના ઉપયોગમાં આવતું હોય એવું જે તે; જેને દોષ–દૂષણ લાગે નહિ તે; સદા પવિત્ર ગણાય એવું જે તે. સારાને નઠારા એકે અર્થમાં વપરાય છે.

ગંગાજમની, વિ૦ ગંગા અને જમનાંના પ્રવાહની માફક એક બાજુ જુદા જુદા રંગનું હોય એવું; એક તરફ એક અને બીજી તરફ બીજો રંગ હોય એવું. :–ગંગાજમની કોરનાં ધોતિયાં. ગંગાનું પાણી સફેત અને જમનાંનું પાણી કાળું હોઈ બેનો સંગમ થયા પછી પણ કહે છે કે, એકત્ર વહેતા પ્રવાહમાં કાળો અને ધોળો રંગ દેખાઇ આવે છે, તે ઉપરથી બે બાજુ જુદા જુદા રંગ હોય એવી કોરને અથવા કપડાને ગંગાજમની કહેવામાં આવે છે. ગંગાજમની છાપ=વચમાં મૂળ અને તળે ઉપર ટીકા હોય એવી રીતે છાપેલું તે.

ગંગાજળ, ન૦ [સં૦] ગંગાનું પાણી; સ્વચ્છ પવિત્ર પાણી. (૨) વિ૦ શુદ્ધ; સ્વચ્છ; નિર્મળ; પવિત્ર. :–ગંગાજળ જેવું=નિર્દોષ; પવિત્ર; લાંછનરહિત. ઉ૦ ગંગાજળ જેવાંરે, કે સાંભળો સાસુજી. દયા.

ગંગાજળી, સ્ત્રી૦ ગંગાજળ રાખી–ભરી મૂકવાનું પાત્ર;ગંગાજળના ચંબુ; ગાગર. (૨) તાંબાકુંડી. (૩) ઘોડાની એક જાત.

ગંગાધર, પું૦ [સં.] ગંગાને ધારણ કરનાર શિવ; શંકર; મહાદેવ.

ગંગેઠી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ.

ગંગેરીપાન, ન૦ એક જાતનાં ધોળાં (ગંગાના પાણી ઉપરથી) નાગરવેલનાં ખાવાનાં પાન.

ગંગોતરી, (ગંગોત્રી) સ્ત્રી૦ હિમાલયમાંથી ભાગીરથીનો પ્રવાહ જ્યાં આગળ મેદાનમાં ઉતરે છે ત્યાં આગળનું ગંગાનું નામ; પર્વતમાંથી ઉતરી આવતી ગંગા. આ જગાનું યાત્રાના સ્થળ તરીકે મોટું માહાત્મ્ય છે. લોકો ત્યાંથી ગંગાજળ લઈ જાય છે.

ગંગોદક, ન૦ [સં.] ગંગાનું પાણી; ગંગાજળ.

ગચ, અ૦ માફક. તમાકુ ગચ આવવી. (૨) (ગચ્ચ) વિ૦ સજ્જડ; ગચિયાની માફક બાઝી જાય એવું અથવા બાઝી ગયેલું.

ગચકડુ, જુ૦ ધચરકું.

ગચન, વિ૦ ભરાઇ ગયેલું; ઠંસાઈ ગયેલું; મગ્ન.

ગચરકુ, જુ૦ ધચરકું.

ગચાગચ, જુ૦ ગીચ; ભરચક.

ગચિયું, ન૦ માટી, ચુનો, ઈંટ અને પત્થરનો બાઝી ગયેલો ગઠ્ઠો; મોટું ઢેફું; ચોસલું. (૨) આડ; હરકત; નડતર. કહે૦ વચમાં ગચિયું ના નાંખ. ક્રિ૦ પ્ર૦ ગચિયાં નાંખવાં =હરકત કરવી.

ગચેટા, પું૦ કોઈ પણ વસ્તુનું બીજી કોઈ વસ્તુ સાથે અથવા પોતાના વિભાગો સાથે બાઝી જવું તે; ગચ્ચ થઈ જવું તે. :—સડેલા અનાજના ગચેટા બાઝે છે.

ગચ્ચ, અ૦ સજડ. (૨) વિ૦ અભિન્ન; છૂટે-છૂટે નહિ એવું.

ગચ્ચી, સ્ત્રી૦ છોબંધ જમીન; છોપ્રસ્તાર; અગાસી. (૨) માટી, ઈંટ, કાંકરા અને ચુનો વગેરેનુ એકસાથે સજડ બાઝી જવું તે. આ શબ્દ ચુના સાથે જોડાયેલો વપરાય છે. :—ચુનાગચ્ચી=કાંકરેટ; ચુનાનાં ગચિયાં-વાળું જે તે. :—ચુનાગચ્ચીનું ચણતર. (૩) વર્ગ; પ્રકાર.

ગચ્છ, પું૦ [सं. गम] સમુદાય; સમૂહ; જથો; તડ; સંઘ. :— એ તો બીજા ગચ્છના યતિઓ છે. (૨) પ્રમાણ અને શ્રેઢિમાં કહેલા અંકોની સમુદાય સંખ્યા; વર્ગ; પ્રકાર.

ગચ્છંતી, સ્ત્રી૦ [सं. गच्छन्ति] જતા રહેવું તે; આઘા પાછા થઇ જવું તે; નાસી જવું તે. ક્રિ૦ પ્ર૦ ગચ્છંતીકરીજવું; નાસીજવું; પલાયન— પોબારા ગણી જવા; ખસી જવું.

ગજ, પું૦ [प्रा. गज्जो] કોઈ પણ અંતરનાં બે બિંદુઓ વચ્ચેનું છેટું ભરવાનું એક માપ તે; ચોવીસ આંગળનું માપ; ચોવીસ આંગળનાં માપનો લોખંડ અથવા લાકડાનો ચપટો કકડો. (૨) ધાતુનો નક્કર સળિયો; બંદુકનો ગજ. (૩) આડી; બારણાની ભુંગળ. ક્રિ૦ પ્ર૦ ગજગજ કૂદવું=રાજી રાજી થઇ જવું; આનંદથી ઉભરાઇ જવું; મકલાઈજવું. ઉ૦ અલકકિશોરી જો તેનું ચાલત તો ગજગજ કૂદત. સરસ્વતી. ગજ જેવું=સંગીન; મજબુત; નક્કર. કહે૦ ગજની ઘોડી અને સવા ગજનું ભાડું=ટકાની ડોસી ને ઢબ્બુ મુંડામણ. ગજ ભરે પણ તસુએ ન ફાડે=વાતો મોટી મોટી કરે પણ કરવાનું આવે ત્યારે કરે કંઈ નહિ એવું. રજનું ગજ કરવું=વધારી દેવું; પિંછાનું પારેવું કરવું. ગજ ઘાલવા=મજબુત અજય્ય હોવું. ઉ૦ એના માથામાં શું ગજ ઘાલ્યા છે? એનું માથું શું અછેદ્ય છે? એ કંઇ અજય્ય નથી; એની શી મગદુર છે, એવા અર્થમાં વપરાય છે. એના ટાંટિયામાં ગજ ઘાલ્યા છે=તે બહુજ મજબુત થાકે નહિ એવો ભટકનારો છે.

ગજ, પું૦ [सं.] હાથી; હસ્તિ; માતંગ.

ગજકણ, ન૦ એક જાતનું રેશમી કપડું. ઉ૦ પીળા ગજકણનું કાપડું. પ્રા. કા.

ગજકરણ, પું૦ એક જાતનો ત્વચારોગ; ખુજલી; દાદર.

ગજકરણી, સ્ત્રી૦ નોળી કર્મમાંની એક ક્રિયા; હાથીની માફક ઘણું પાણી પી તેને પાછું કાઢી નાંખવું તે. (૨) એક જાતની વનસ્પતિ.

ગજગમન, ન૦ [सं.] હાથીની માફક મદભર ડોલતાં ડોલતાં ચાલવું તે; ડોલતી અને મગરૂરીભરી ચાલ તે; ગજગતિ; ગજચાલ.

ગજગામા, સ્ત્રી૦ [सं.] હાથીના જેવી ચાલવાળી સ્ત્રી; ગજગામિની. ઉ૦ એના હાથમાં એક વૃક્ષ છે, હું તારો ગજગામા. પ્રા. કા.

ગજગામિની, સ્ત્રી૦ [सं.] હાથીના જેવી સુંદર લટકાળી ચાલવાળી સ્ત્રી.

ગજઘંટ, પું૦ [सं.] હાથીની પગરવટ થતી નથી તેથી તે આવતો જણાવવા માટે તેની બે બાજુએ જે ઘંટ બાંધવામાં આવે છે તે. ઉ૦ ગજઘંટ નાંખીને ઈંડાં ઉગાર્યાં; પંખીની કરી પ્રતિપાળ. મુકુંદ.

ગજછાયા, સ્ત્રી૦ [सं.] હસ્ત નક્ષત્રના વાદળાંની છાયા તે; ભાદરવા મહીનામાં હસ્ત નક્ષત્રમાં વાદળાં થતાં હોય એવામાં મહાલય શ્રાદ્ધ કરવાનું મોટું માહાત્મ્ય છે.

ગજદંત, પું૦ [सं.] હાથીદાંત; દંતુશળ.

ગજદળ, ન૦ [सं] હાથીઓનું સૈન્ય; હસ્તિદળ.

ગજધર, પું૦ ગજને ધરનાર—ગજ પાસે રાખનાર તે; દરજી; મેરાઇ. ઉ૦ ગજધર કહે

દહાડા પાધરા દૈત્યના, શિવ વરદાનની છાપરે.

ગજપતિ, પું૦ મોટો હાથી; હાથીઓમાં ઉત્તમ હાથી.

ગજપિંપર, સ્રી૦ [સં. गजपिप्पली] પિંપરની એક જાત; એક જાતની ગરમ ઓષધિ.

ગજપુટ, પું૦ [સં.] ઔષધને ભાવના આપવાની એક રીત; ધાતુઓ મારતાં તેને જે સખત આંચ આપવામાં આવે છે તે.

ગજપુષ્પી, સ્રી૦ [સં.] એક જાતની વનસ્પતિ; જેને હાથીના કાન જેવાં પહોળાં ફૂલ થાય છે તે વેલી.

ગજબ, પું૦ [अ.] મોટો જુલમ; મહાભયંકર અને વિસ્મયકારક બનાવ; કહેર; ઉ૦ આ શો ગજબ કર્યો ગોર ભુંડા. ક. દ. ડા. મોટું દુઃખ; મોટી આપત્તિ; મોટી આફત; જેનાથી વિસ્મય અને ત્રાસ છૂટે એવું જે કંઈ તે. (અજબથી ઉલટું) (૨) વિ૦ પુષ્કળ; ઘણું; મસ; અત્યંત. એ તો ગજબ પૈસો વાપરે છે.

ગજબી, વિ૦ ગજબવાળું; જુલમી; ત્રાસદાયક. ઉ૦ ઘણું ગજબીરે ગિરધારી, ઘર માર્યુંરે, આંખ તમારી. દયારામ.

ગજમુક્તા, ન૦ [સં.] મોટાં મોટાં મોતી; સારાં અને મોટાં મોતી. સંસ્કૃત સાહિત્ય પ્રમાણે એમ કે, હાથીના ગંડસ્થળમાંથી એક જાતનાં મોતી નાકળે છે. એ મોતી ગજમુક્તા કહેવાય છે.

ગજર, (ગઝર) સ્રી૦ રાજદ્વાર ઉપર પહોર પહોરને અંતરે ચોકી બદલાતાં જે ઘડિયાળાં વગાડવામાં આવે છે તે; ચોઘડિયાં.

ગજરાજ, પું૦ [સં.] મોટો હાથી; સારી જાતનો અને મોટા કદનો હાથી.

ગજરું, ન૦ ફૂલનો ખેરખો; હાથને કાંડે બાંધવાને ફૂલનો ગુંથીને બનાવેલો ટુંકો હારડો. (૨) સોના મોતીનું સ્રીઓને કાંડે પહેરવાનું એક જાતનું ઘરેણું; [illegible] ગુજરી.

ગજરો, પું૦ ગજરું; ફૂલનો તોરો; ખૂબ ફૂલ ભરેલો હારડો.

ગજલ, (ગઝલ) સ્રી૦ [फा.] ફારસી પિંગળમાંનો એક રાગ ગજલમાં પાંચથી વધારે એતો હોય છે. એક આસ્તાઇ અને બીજી આંતરા તરીકે આવે છે. ઉર્દુમાં એને રેખતો પણ કહે છે.

ગજવદન, પું૦ [સં.] ગણપતિ; ગજાનન.

ગજવવું, ક્રિ૦ સ૦ [स. गर्ज्] ગાજે એમ કરવું; શબ્દાયમાન કરવું; ડંકો વગાડવો. :—એ તો રોઈ રોઇને ગામ ગજવે એવો છે.

ગજવાકાતરું, પું૦ વિ૦ ગજવાં કાતરી લેનાર; ખીસાચોર; ગાંઠિયો.

ગજવું, ન૦ [સં. गंजा=ચીજ મૂકવાનું સ્થાન] ખીસું; ગુંજું. રૂ૦ પ્ર૦ ગજવાના વર=પહેરામણી આપવી પડે એવા વર; કુળવાન; ખાનદાનના છોકરા કે જેમને કન્યા ઉપરાંત વાંકડો—અમુક નાણાં પણ આપવાં પડે એવા મોંઘા. ક્રિ૦ પ્ર૦ ગજવું ભરવું=લાંચ લેવી; ગમે તેમ કરીને (અપ્રમાણિકપણે) પૈસો એકઠો કરવો. ગજવું જોઇને વાત કરવી=ગજા પ્રમાણે કામ કરવું; શક્તિને અનુસરીને વર્તવું. કહે૦ ગજવામાં નહિ કોડી ને ઉભે બજાર દોડી=વગર પાણીએ શેઢ ફિડાડવી. ગજવાં હોય ભારી તો રોજ જઇએ વાડી=જેવા પાસે પૈસા તેવી મોજ. ગજવામાં ઘાલવું=લાંચ આપવી. (૨) પહેરામણી—ભેટ આપવી. (૩) નહિ ગણગારવું; કંઈ પણ લેખામાં નહિ લેવું; નહિ લેખવવું.

ગજવેલ, સ્રી૦ ખરું લોઢું; પોલાદ. (૨) એક જાતના ચોખા. (૩) ભાગે ટૂટે કે વળે નહિ એવું જે તે.

ગજશાળા, સ્રી૦ [સં.] હાથીખાનું; હાથીઓનો તબેલો.

ગજાનન, પું૦ [સં.] ગણપતિ; ગણેશ.

ગજાર, (ગોઝાર) સ્ત્રી૦ ઓરડાની સમચોરસતા અથવા લંબચોરસતા કે ચતુર્દિશાની સમતા રાખવાને માટે શિલ્પશાસ્ત્ર પ્રમાણે વેધ આવે નહિ તે માટે અસમ બાજુઓનો જે જુદો ખંડ પાડવામાં આવે છે તે. આ ખંડ ઘણે ઠેકાણે રસોડા તરીકે અને કોઈ ઠેકાણે બેસવા ઉઠવા કે સર સામાન મૂકવા માટે વપરાય છે. (નાગરિકો ગજાર અને સામાન્યલોક ગોઝાર કહે છે.) અસમ બાજુનો ઓરડો; ઓરડાની બાજુનો ખંડ; બાજુની અંધારી ગલી.

ગજાવવું, ક્રિ૦ સ૦ શબ્દાયમાન કરવું; ગાજે એમ કરવું; ગાજી રહે એમ કરવું.

ગજિયાણી, સ્ત્રી૦ ગજી પનાનું વધારે ઉંચી જાતનું રેશમી કપડું.

ગજિયું, ન૦ ગજ પનાનું જાડા સુતરનું કપડું; ખાદી. (૨) વિ૦ માપમાં ગજનું.:—ગજિયાં પતરાળાં.

ગજિયો, પું૦ આસરે ગજ જેટલો લાંબો ધાતુનો સળિયો; ગજ.

ગજી, સ્ત્રી૦ ગજ જેટલા પનાનું ઝીણા વણાટનું એક જાતનું રેશમી કપડું. :—સુરતની ગજી અને અમદાવાદનો મશરૂ વખાણાય છે.

ગજું, ન૦ શક્તિ; સામર્થ્ય; તાકાત; ગુંજાશ. (૨) પરિમાણ; પાત્રતા; યોગ્યતા; પહોચ. ૩૦ પ્ર૦ ગજા વિનાનુ ગાતર=જોઇએ તે કરતાં વધારે પડતું હોય એવું જે કંઇ તે. ગજું તપાસવુ—શક્તિ જોવી; ખમી શકવાપણું જોવું. ગજા પ્રમાણે ખરચવું=પોતાની શક્તિ હોય તે પ્રમાણે ખરચવું. કહે૦ ગજા વિનાની ગધેડી ને અમદાવાદ સુધી ખદેડી=લાંબા સાથે ટુંકો જાય. મરે નહિ ને માંદો થાય.

ગજેન્દ્ર, પું૦ [સં.] હાથીઓમાં ઇન્દ્ર જેવો તે; મોટો હાથી; વડો હાથી; ઉત્તમ હાથી.

ગજેન્દ્રમોક્ષ, પું૦ [સં.] એ નામનુ એક સ્તોત્ર. (૨) એ નામની એક પૌરાણિક કથાઃ— એક મોટા હાથીને મગરે પકડયો હતો. હાથીએ તેના જડબામાંથી છૂટવા સ્તુતિ કરી તે ઉપરથી વિષ્ણુએ તેને છોડાવ્યો હતો.

ગજ્જર, પું૦ વડો સુતાર; સુતારોનો ઉપરી; મિસ્ત્રી; મુકાદમ વડો. (રસોઇયાનો વડો પણ ગજ્જર કહેવાય છે.) (૨) અમુક વખત થયો એવું દર્શાવનારો જે ઝંકારનાદ તે. (૩) સમય; કાળ; બરોબર વખત. :— બારની ગજ્જરે હું જાગ્યો ત્યારે ખડખડાટ થતો હતો.

ગંજ, પું૦ [સં.] ઢગલો; રાશિ; આવલી; માળા; (સટ.) એક જાતની એક બીજામાં બેસતી વસ્તુઓની ઉતરડ, ગોઠવણી તે.

ગંજન, ન૦ ગાંજી જવું તે; છેતરપિંડી; શેહમાં થાપ મારીને કામ કાઢી લેવું તે. (૨) જુલમ; ત્રાસ આપવો તે; પીડન.

ગંજવું, ક્રિ૦ સ૦ છેતરવું; ભોળવવું; ધૂતવું. (૨) પીડવું; દુઃખ દેવું; જુલમ કરવો. ઉ૦ પ્રજાને ભૂપત ગંજે. શામળ.

ગંજાવર, વિ૦ (ગંજ+આવરવું=ઢાંકી દેવું) બહુજ મોટું; ઉંચાઇમાં તેમજ વિસ્તારમાં બહુજ મોટું; અતિ વિશાળ; અત્યુચ્ચ; જબ્બર; અતિ ઘણું; ન ઢાંકી કે આવરી શકાય એવું.

ગંજિયું, ન૦ ગંજમાંનું એકાદ પાત્ર; ગંજમાંની વાડકી; છાલિયું. (૨) વિ૦ સટનું; ગંજમાંનું એક; એકએકમાં પડે એવી વસ્તુઓમાંનું એક. (૩) એક બીજાને મળતું; સમતા—મળતાપણાવાળું.

ગંજી, સ્ત્રી૦ ઘાસનો મોટો ઢગ; ઘાસનું મોઢવું; ઓઘલો; ઘાસનાં પુળિયાંનો મોટો ઢગલો અથવા એવા ઢગલાઓ જ્યાં હોય તે જગા. ૩૦ પ્ર૦ ગંજીનો કુતરો=નિઃસ્વાર્થ બીજાને રોકનાર—પીડનાર. કુતરો પોતે ઘાસ ખાતો નથી તેમ છતાં જેને તે

ખાવાના કામમાં આવે છે એવા ઢોરને ભસીને અટકાવે છે તે ઉપરથી. ગંજીનો સાપ= છુપો દુશ્મન.

ગંજીફરાક, ન૦ ગળેથી પહેરવાનું ઉન અથવા સુતરનું બદન; શરીરે ચપટ આવી રહે એવું ગુંથણીનું કુડતું.

ગંજીફો, પું૦ રમવાનાં પાનાંનો જથો; પાનાંનો થોક. (૨) એક તરેહની પાનાંની રમત; પાનાં-પત્તાં રમવાની એક રમત. આમાં ચાર રંગનાં તેર તેર મળીને બાવન પાનાં હોય છે. દરેક રંગનાં તેર પાનાંમાં એકથી દસ સુધી તે તે રંગનાં ટપકાંવાળાં એક્કો; છક્કો-દસ્સો વગેરે નામથી ઓળખાતાં દસ અંકપત્ર, એક રાજા, એક રાણી અને એક ગુલામ, મળીને તેર હોય છે. દશાવતારના ગંજીફામાં ૧૨૦ પાનાં હોય છે. બિઝિક વગેરે તેની જુદી જુદી રમતો છે.

ગંજેટી, જુ૦ ગંજેરી.

ગંજેરી, વિ૦ ગાંજાનો વ્યસની; ભંગી; ચલમમાં કેફી વસ્તુ પીનાર.

ગટ, અ૦ [હે. દે. ઘટ્ટ] ગળામાં વસ્તુ ઉતરતાં થતો એક અવાજ. ક્રિ૦ પ્ર૦ ગટગટાવી જવું=ગટ ગટ અવાજ થાય એમ તમામ સપાટાબંધ-ઘુંટડે ઘુંટડે પી જવું.

ગટક, અ૦ ગટ લઇને; ઝટ; તરત; એકદમ. ત્વરાથી ગળતાં થતો એવો અવાજ. :- ગટક ઉતરી જાય.

ગટકગટક, અ૦ સપાટાબંધ; તરત. (૨) એક પછી એક; ઉપરાઉપરી. :- ગટકગટક કેવા કોળિયા ગળે ઉતારે છે.

ગટકરીજવું, ક્રિ૦ ગળીજવું; પીજવું; અપ્રમાણિપણે ખાઇજવું.

ગટકાવવું, ક્રિ૦ સ૦ ગટ થાય એમ ખાવું; ગળી જવું; પચાવી જવું; ઓહિયાં કરી જવું. ગટકાવી જવું=ગળી જવું; ખાઇ જવું. (અપ્રામાણિક રીતે)

ગટગટ, અ૦ ગટગટ એવો અવાજ થાય એમ; ત્વરાથી; સપાટાબંધ; ઝટ.

ગટગટક, અ૦ ઝટ; તરત; એકદમ.

ગટપટ, સ્ત્રી૦ કોઈ સાંભળે નહિ તેમ ધીમેથી છાનીછાની વાતો કરવી તે; ગુંજ; ગોઠ. (૨) ખાનગી વાતચીત કે ધાલમેલ કરવી તે; ઉંડી ખાનગી મિત્રતા રાખવી તે. ઉ૦ ગટપટ ભૂલીરે, મારા હરિ વિના એક વાત. ધાલમેલ; છુપો સંવ્યવહાર.

ગટર, સ્ત્રી૦ ગંદું પાણી જવાની નીક-મોરી; ખાળ.

ગટરપટર, અ૦ આમ તેમ; ઉંધુંચતું; ગમે તેમ; લોચલોચા કરીને; છાનુંછપનું આમથી તેમ કરીકારવીને સમજાવવું તે.

ગટુચી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ; કડુ.

ગટ્ટ, જુ૦ ગટ; ગટક.

ગઠ્ઠી, વિ૦ [સં. वामन દે. હે. गिठ्ठो] ઠિંગણું; નીચું; નીચી ટુંકી બાંધણીનું.

ગઠ્ઠુ, વિ૦ ઠિંગણું પણ જાડું ને લઠ્ઠું; ગેટકી ટુંકી ગરદનનું-નાના પણ મજબુત બાંધાનું.

ગઠ્ઠો, પું૦ [સં. ग्रन्थि] ધાતુ અથવા બીજા કોઇ પણ પદાર્થનો રસ ઠરી જઇને બાઝેલો લંબગોળ ગાંગડો; લઠ્ઠો; ગચિયું; ચોસલું; મોટી લગડી. (૨) ગાંઠ; ગાંઠો. (૩) ઢેફું; ખડબું. લોહીના ગઠ્ઠા. (૪) કલાઈ અથવા સીસું ભરેલી કોઠી. (૫) દબાવીને બાંધેલી ગાંસડી.

ગઠડી, સ્ત્રી૦ (જેને ગાંઠ વાળેલી હોય એવી પોટલી) ગાંસડી; નાની પોટલી; બચકી.

ગાંઠિયો, પું૦ ગંઠિયો; ખીસાકાતરુ. (૨) ઠિંગણો ને લઠ્ઠું; મજબુત બાંધાનો માણસ. વિ૦ લુચ્ચો; પહોંચેલો; છેતરાય નહિ એવો; કામેલ.

ગડ, ન૦ [સં. ग्रन्थि] ગાંઠ; ગુમડું; મોટી ગાંઠ-જેને પાકતાં અને મોં થતાં ઘણીવાર લાગે એવું વિકારી લોહીનું સુજન. ગડગુમડ= ત્વચાનો એક રોગ. લોહીની નાની ગાંઠો

તે ગુમડાં, અને લોહીની મોટી ગાંઠ તે ગડ.

ગડ, પું૦ જુઓ ગઢ.

ગડગચ્ચો, પું૦ ઘણી વસ્તુઓ આમતેમ ખડકેલી અથવા પડેલી હોય એવી જે સ્થિતિ તે; ખીચડો; ગડબડગોટો; ઘણી વસ્તુઓનું ભેગું થઈ જવું તે; સંકડાશ; ઘણીક વસ્તુઓનો ભરાવો.

ગડગડ, અ૦ ગડબડતી વસ્તુને લીધે થતા અવાજનું અનુકરણાત્મક રૂપ; ગડગડ, એવો અવાજ થવો તે. ગોઠીમડાં ખાતાં ખાતાં ગડગડવું તે.

ગડગડવું, ક્રિ૦ અ૦ ગડબડવું; ગોઠીમડાં ખાતાં—તળે ઉપર થતાં ઢાળને લીધે નિચાણ તરફ પડવું. 'ગડગડ' થવું; કોઈ વસ્તુ ગડબડતી હોય એવો અવાજ થવો; ગાજવું. ઉ૦ રિપુ આવી ગડગડશે. ઓખાહરણ. (૨) ગાજવું; વાગવું; વાદિત્રમાંથી અવાજ થવો.

ગડગડાટ, અ૦ સટસટાટ. (૨) પું૦ ગડગડ એવો જે અવાજ તે; ગર્જના. ઝડપ અને જોસ બતાવનારો શબ્દ.:—હવે તો એનું કામ ગડગડાટ ચાલે છે.

ગડગડાવવું, ક્રિ૦ સ૦ ગડગડ થાય એમ કરવું; ગડબડાવવું. (૨) પીવું; ગુડગુડ થાય એવી રીતે ખેંચવું.:—હુકો ગડગડાવતો બેઠો. ગડગડી જાય એમ કરવું.

ગડગુમડ, ન૦ નાનાં મોટાં ગુંમડાં; ત્વચારોગ; ત્વચારોગનો ઉપદ્રવ.

ગડડગફ, અ૦ ટપ; જોતજોતામાં જતું રહે તેમ; એકદમ અદૃશ્ય થઈ જવું એવો અર્થ બતાવે છે. સપાટાબંધ :—એ તો ગડડગફ તરત બેસીજ ગયો. ઉ૦ ગયા તે ગડડગફ ગયા, પહોંચ્યાનાં પરમાણ કોઇએ નવ મોકલ્યાંરે. ધીરોભક્ત.

ગડદાગડદી, સ્ત્રી૦ ગડદે ગડદે લડવું—મારામાર કરવી તે; મુક્કામુક્કી. (૨) ભીડાભીડ; બહુ ભીડ હોય એવી હાલત તે.

ગડદાપાટુ, ન૦ મુક્કા અને પાટુઓની મારામાર; હાથપગથી માર મારવો તે.

ગડદાપેચ, વિ૦ ગડદાના મારથી ઢીલું થઇ ગયેલું; નરમ; શિથિલ; અધમુવું.

ગડદામુક્કી, સ્ત્રી૦ ગડદા અને મુક્કીનો માર. બેઉ હાથના પંજાઓ એકઠા કરી જોરથી વાંસાપર મારવામાં આવે તે ગડદો, અને એક હાથના પંજાને વાળીને જે પ્રહાર કરવામાં આવે તે મુક્કી, કહેવાય છે.

ગડદી, સ્ત્રી૦ [फा गिर्द=धूळ] ભીડ; ઠઠ; ઠઠ્ઠી; ઘણા માણસોનો જમાવ થયેલો હોય એવી હાલત.

ગડદો, પું૦ [दे. गुद्दामिअं] બે હાથના પંજાને અથવા એક હાથના પંજાને વાળી મુદ્‌ગર જેવો કરી જોરથી કોઇના વાંસામાં મારવો તે; મુક્કો; ધોક્કો; ધીમકો. કહે૦ ગડદો મારવો અને ગડદો ખાવો=સાટાસાટી; આપવું તેમ લેવું તે; ખાવું ને ખવડાવવું; સમ વ્યવહારતા.

ગડબ, સ્ત્રી૦ ગાંઠ; ચોસલું; ગડ; સોજો ચઢી આવીને થયેલો લોહીનો ભરાવો. (૨) ચાંપીને સજડ કરેલું જે તે.

ગડબડ, સ્ત્રી૦ અવ્યવસ્થા; બેતાલહાલત; ગભરાટવાળી હાલત (મનની અથવા બહારની) ઉથલપાથલ; ભૂલ; અંધેર; ગુંચવણ; દંગો; ફિસાદ; માથાફોડ; ખટપટ; ઘોંઘાટ; કલબલ.

ગડબડગોટો, પું૦ ગોટાળો; લોચો વાળવો તે; ઉલટું સુલટું કરી નાંખવું તે; ઘાલમેલ કરી મૂકેલું હોય એવુ જે તે. શેળભેળ કરી નાંખેલું હોય એવું જે તે. અસ્તવ્યસ્ત; ક્રિ૦ પ્ર૦ ગડબગ ગોટો વાળવો:=ઘાલમેલ કરવી; ઉંધુંચતુ કરવું. ગોટાપિંડાળો કરવો; બગાડવું; ન કરવાનું કરીનાંખવું.

ગડબડવું, ક્રિ૦ અ૦ તળે ઉપર અને ઉપર તળે થતું ઢાળને લીધે નીચે સરવું; લોટવું; ગડબડી પડવું.

ગડબડસડબડ, સ્ત્રી૦ ગડબડ ગોટો; ધાલમેલ; ગોટાળો.

ગડબડાટ, પું૦ ગડબડ થવી તે; ઘોંઘાટ સોરબકોર.

ગડબડિયું, ન૦ ગડબડી પડવું તે; અડબડિયું; તળે ઉપર થઈ જવાય તેમ પડવુ તે; ગડબડી પડાય એમ થઇ જવું તે; ગોથું; અમળાઇ પડવું તે; ઓકું. (૨) વિ૦ ગડબડ કરનારું; ગડબડ કરે એવું; ગડબડ થાય એવું કરવાનો જેનો સ્વભાવ હોય એવું; બોલબોલ કરે એવું; ધાંધલિયું.

ગડબવું, ક્રિ૦ સ૦ ઉપરથી ડાબી કે ચગદીને અંદરની વસ્તુને સખત બેસાડવી; દાબી ચાંપીને ઠાંસીઠાંસીને ભરવું. :– બંદુક ગડબવી. (૨) મારીને અધમુવું કરવું.

ગડભાંગ, સ્ત્રી૦ (ઘડવું અને વળી ભાગી નાંખવું તે ઉપરથી) ઘડભાંગ વિચાર થવો થવો ને વળી પડી ભાગવો તે; ઢચુંપચું; કરવા ન કરવા સંબંધીની જે અદબદ વિચારણા તે; ડામાડોળપણું; અમુક કાર્ય કરવા ન કરવા માટે મનમાં વિચારોની જે ડહોળાડહોળ થાય તે. ઉ૦ વિચાર મનમાં બહુ થયા, કરવો કવણ ઉપાય, ગડભાંગ થઇ મનમાં ઘણી કે ખવાય વા ન ખવાય. સુંદર.

ગડમથલ, સ્ત્રી૦ ઉથલપાથલ; માથાફોડ; ફેરફાર. (૨) ખટપટ. (૩) છૂટવાને જે મહેનત કરવી તે; ફાંફાં મારવાં તે; મુશ્કેલી–દુઃખ કે બંધનમાંથી મુક્ત થવાને જુદી જુદી અનેક રીતે ઉદ્યોગ કરવો તે; યત્ન; મહેનત.

ગડવું, ક્રિ૦ અ૦ અંદર ગડી પડવું; પેસવું; અંદર જવું. (ધીરેથી ગડબડીને પેસવુ તે) બેસવું:—ભુજ પાસે ભીડંતાં કંકણ કણ ગડિયાં રે, કે શુ એને કાળજડે કઠોર કુચઅડિયાંરે. દયારામ. (૨) લોટવું; ગડબડવું; ઢળી પડવું.

ગડવો, પું૦ ઘડાના જેવો ગોળ પણ પડધીદાર લોટો; ઘડો.

ગડાકુ, સ્ત્રી૦ [સં. ગુડ=ગોળ] ગોળ અથવા મહુડાંની રસીમાં વાટીને બનાવેલું તમાકુનું મિશ્રણ. (હુકામાં પિવાય છે.) (૨) થાકીને લોથ થઇ જવું; નરમ ઘેંશ જેવા થઇ જવું; થાકથી અને ઉંઘથી ઘેંઘટ થઇ જવું તે ક્રિ૦ પ્ર૦ ગડાકુ થવું–ઘેનથી ઘેરાઈ જવું; તલ્લીન થઈ જવું.

ગડારો, પું૦ નાનો ખાડો; જેમાં શેલડીની આંખો રાખવામાં આવે છે તે ખાડો. (૨) ઢોરના આગલા પાછલા પગ વચ્ચે જે અવકાશ રહે છે તે; અંતરાય; પેટ ને છાતીનો વિસ્તાર.

ગડિયું, ન૦ તમાકુનાં પાંદડાંની જુડી (આમળીને વાળેલી જુડી તે ગડિયું, અને વગર આમળે વાળેલી ગડી તે પડો)

ગડી, સ્ત્રી૦ ગરની અંદર જે ગઠ્ઠા હોય તે. (૨) ભજિયાંની કણી. (૩) પું૦ ઘરધંધો કરનારો દખણી ચાકર.

ગડી, સ્ત્રી૦ કપડાના પડને એક બીજાની ઉપર વાળવું તે; કપડાની વાળેલી સ્થિતિ. (૨) ગાંઠ; કાંકરી. (૩) આંસ; સળ; કોઇ વસ્તુના વળી રહેવાથી આંકો પડે તે; આંટી; ગેડ. ક્રિ૦ પ્ર૦ ગડી પડવી=ગાંઠ પડવી. (૨) અંટસ–વાંધો પડવો. (૩) ઝીણી કણી પડવી; ગાંઠાઈ જવું.

ગડીબંધ, વિ૦ ગડી જેમની તેમ વાળેલી હોય એવું; ગડીવાળું; વગર ઉકેલેલું.

ગડુચી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ.

ગડુડવું, ક્રિ૦ અ૦ ગાજવું; ગડુડગડુડ થવું; ગર્જવું.:–તોપ ગડુડે. ગડગડવું.

ગડુડુડ, અ૦ મોટા અને ભારે અવાજથી હવામાં જે સશબ્દ મોટો ક્ષોભ થાય છે તેનું અનુકરણાત્મક ઉચ્ચારણ.—ગડુડુડ ગરજે મેઘ.

ગડો, પું૦ ગાંઠિયો; કાંકરો; મરડિયો. ઉ૦ ઝીણી રેતીમાં ગડા નહિ ભળે, રજમાં રજ સમાય.

ભોજેભગત. (૨) ટોલ; જકાત; હાંસલ. (કાઠિયાવાડ)

ગઢ, પું૰ [હિં. દે. गड्डो] પહાડ ઉપર બાંધેલો કિલ્લો. (આવા કિલ્લાની નજીક વસેલા શહેરની આગળ આ શબ્દ જોડાય છે.–જુનાગઢ; પાવાગઢ; પ્રતાપગઢ.) ક્રિ૰ પ્ર૰ ગઢ જીતવો =મુસ્કેલ કામ પાર ઉતારવું. ઉ૰ અમે ઇડરિયો ગઢ જીત્યાંરે. ગઢ ઉથલાવવો=મોટો ફેરફાર કરવો; બહુ મોટી ઉથલપાથલ કરવી.

ગઢપતિ, પું૰ [સં.] કિલ્લાનો વડો; ઉપરી અધિકારી; કિલ્લેદાર; રાજા.

ગઢવી, પું૰ માગણની એક જાત; ચારણ. કહે૰ ગઢવી ઘેરના ઘેર=અગમનિગમની વાતો કરવી અને કરવું ત્યારે કંઈ નહિ, એવા અર્થમાં વપરાય છે.

ગઢવું, ન૰ દાણા ભરવાની કચરાની પકવેલી કોઠી; પાકી કોઠી. (૨) નાનો ઘડો; માટલું. જેમકે=ગોળનું ગઢવું.

ગઢાણ, ન૰ બીડ; જંગલ; જ્યાં એકલું ઘાસ થતું હોય એવી જગા–જમીન.

ગઢી, વિ૰ ગઢમાં રહેનાર. (૨) સ્ત્રી૰ નાની કોઠી; પાણી કે દાણા ભરવાનું ઘડું.

ગઢેરો, પું૰ ઘરડેરો; મોટો; વૃદ્ધ.

ગણ, પું૰ [સં.] ટોળું; જથો; સમુદાય. (૨) જાત; વર્ગ. (૩) દેવના સેવકો; દૂત.:–શિવના ગણ. (૪) ૨૮ રથ, ૮૧ ઘોડા, અને ૧૩૫ પાયદળ લશ્કરની જે ટુકડી તે. (૫) તારાના ઝુમખામાંનો અક્કેકો તારો–નક્ષત્ર. (૬) છંદશાસ્ત્રમાં અમુક માત્રાના ત્રણ ત્રણ અક્ષરના ખંડ તે.:–'મગણ. (૭) સંખ્યા; રકમ. (૮) લાભ; નફો; ફાયદો. (ગુણ ઉપરથી) કહે૰ ગણના ભાઇ દોષ=ગુણ ઉપર અવગુણ કરવો તે; સારું કરવા જતાં સામું બુરું ફળ મળવું તે.

ગણકારવું, ક્રિ૰ સ૰ માનવું; માન આપવું; લેખવવું; પતકરવું; ગાંઠવું; દરકાર કરવી; ધ્યાનમાં લેવું; લક્ષપર લેવું. (ગણગારવું એમ અમદાવાદમાં બોલાય છે.)

ગણગણ, અ૰ [સં.] માખની પાંખનો અવાજ; અમુક અવાજનું અનુકરણાત્મક ઉચ્ચારણ; ગુણગુણ; બણબણ. (૨) બડબડવું તે; જલ્પવું તે.

ગણગણતું, વિ૰ ગણગણતા અવાજવાળું; માખ ભ્રમર વગેરેની પાંખના અવાજ જેવું. (૨) અસ્પષ્ટ; જેમાં આનાકાની–હા ના હોય એવું.:–ગણગણતું બોલશો માં.

ગણગણવું, ક્રિ૰ અ૰ 'ગણગણ' થવું; માખ ભ્રમર વગેરેની પાંખનો અવાજ થવો; તેમની પાંખ વાગે એમ તેમનું આમતેમ ઉડવું. અહિં બહુ માખો ગણગણે છે. (૨) નાકમાં બોલવું; મનમાં બડબડવું. (૩) આનાકાની કરવી; ચણચણવું; અસંતોષ બતાવવો.

ગણગણાટ, પું૰ ગણગણ એવો અવાજ તે; માખ વા ભ્રમરની પાંખનો અવાજ. (૨) નારાજ થઈ બડબડવું તે; ટીકટીક. ક્રિ૰ પ્ર૰ ગણગણાટ કરવો=બડબડવું; અપ્રસન્નતા બતાવવી. ખડખડવું.

ગણગારવું, જુ૰ ગણકારવું.

ગણગોટી, સ્ત્રી૰ એક જાતનું ઝાડ.

ગણતર, ન૰ ગણવું તે; ગણતરી. (૨) ગણવાનું કામ.

ગણતરી, સ્ત્રી૰ ગણતર; ગણવું તે. (૨) ગણવાની રીત. (૩) ગણીને કાઢેલી સંખ્યા. (૪) લેખું; દરકાર; તમા; હિસાબ; ગણના. ક્રિ૰ પ્ર૰ ગણતરી કરવી=ગણવું. ગણતરીમાં લેવું=સામેલ કરવું; તુલના કરવી.

ગણતી, (સ્ત્રી) ગણતરી.

ગણના, સ્ત્રી૰ [સં.] ગણતરી. (૨) તુલના; માન; પ્રતિષ્ઠા. (૩) લેખું; હિસાબ; કિંમત.

ગણનાથ, પું૰ગણોનો ઉપરી; ગજાનન; ગણપતિ.

ગણનાયક, પું૰ ગણનાથ; ગણપતિ.

ગણપતિ, પું૰ ગણનો ઉપરી–શંકરનો પુત્ર; ગજાનન.

ગણુપતિચોથ, સ્ત્રી૦ [સં.] દરેક માસની વદિ ચોથ તે; માર્ગશીર્ષ વદિ ચોથ; ભાદરવા સુદિ ચોથ. જે ચોથે ગણુપતિનું વ્રત કરાય છે તે ચોથ.

ગણુરવ, પું૦ [સં.] ગણુગણુ એવો જે અવાજ તે; ગણુગણાટ.

ગણુવટ, ન૦ ખેતરમાં જે અનાજ થાય તે ઉપરથી ગણતરી કરીને આપવાની કિસ્ત સંબંધી લખાણ; જમીનના ભાડાનો દસ્તાવેજ; ગણોત.

ગણુવું, ક્રિ૦ સ૦ [સં. गण्=ગણવું] એક બે ને ત્રણ, એમ સંખ્યા કહેવી અથવા માંડવી; ગણતરી કરવી; હિસાબ કરવો. છુટી વસ્તુ હોય તેનું માપ પરિમાણ લેવું. (૨) દરકાર કરવી; લેખવવું. (૩) માન આપવું; માનવું. :–ગણે તો દેવ નહિ તો પત્થર. (૪) કિંમત કરવી. (૫) અનુભવી થવું. (૬) ગણતરી કરવી; હિસાબ કરવા. (૭) માં સામેલ ન રાખવું.:–એને વિદ્વાનમાં કોણ ગણે છે?

ગણુસારો, પું૦ અવાજની ચેતવણી; ઇસારો; ભાસ; સાન; અવાજથી અથવા કોઇ જાતની હીલચાલની ચેતવણી આપવી તે.

ગણાધિપ, પું૦ [સં. गण + अधिप] ગણના અધિપ–રાજા તે; ગણેશ.

ગણાવું, ક્રિ૦ અ૦ ગણતરી થવી; ગણાઇએ એમ હોવું; માં–ગણના થવી; નામ હોવું; અમુક ઉપમાથી ઉપલક્ષિત થવું; ખપવું; મનાવું. :– એ તો મોટામાં ગણાય છે. (૨) ભરાઇ રહેવું=તેના દહાડા ગણાઇ રહ્યા.

ગણિક, પું૦ [સં.] ગણક; જોશી; ગણિતથી દશા જોનાર. ઉ૦ ન જમે અન્ન, ન પાણી પીએ, કોઇ ન જાણે કારણ કિયે; પૂજ પુછારણને ઉતાર, ભુવા ગણિક મેલ્યા હાર.

ગણિકા, સ્ત્રી૦ [સં.] ગુણકા; વેસ્યા; કંચની; રામજણી; પાતર.

ગણિત, ન૦ [સં.] ગણતરી કરવાનું શાસ્ત્ર; આંકડાથી ગણતરી કરવાની વિદ્યા; હિસાબ ગણવાની રીત. (૨) વિ૦ ગણેલું.

ગણિતપદ્ધતિ, સ્ત્રી૦ [સં.]ગણતરી કરવાની રીત.

ગણિતપાટી, સ્ત્રી૦ આંકડાઓથી ગણતરી કરવાનું જે પાટિયું અથવા પત્થરપાટી તે. (૨) ગણિતનું કોષ્ટક; અમુક બાબતની ગણતરી કરીને કાઢી રાખેલા આંકડાઓનું પત્રક;કોઠો.

ગણિતપ્રમાણ, ન૦ ચાર સંખ્યાનું પ્રમાણ. આમાં પહેલી અને બીજીની બાદબાકી. ૩–૪ ની બાદબાકીની બરોબર હોય છે.

ગણિતવિદ્યા, સ્ત્રી૦ [સં.] ગણતરી કે હિસાબ વગેરે કરવાનું શાસ્ત્ર; ગણિતશાસ્ત્ર.

ગણિતશાસ્ત્ર, ન૦ [સં.] ગણિત વિદ્યા.

ગણિતશાસ્ત્રી, પું૦ [સં.] ગણિત જાણનારો; ગણિતશાસ્ત્રનો વિદ્વાન.

ગણિતશ્રેઢી, સ્ત્રી૦ [સં. श्रेढि] બબ્બે આંકડાની સંખ્યા જેમાં વારંવાર એની એજ આવે તે.

ગણિતસાર, પું૦ ગણિતથી કાઢેલી તારીજ.

ગણિતાધ્યાય, પું૦ ખગોળનો ગણિતને લગતો એક સંસ્કૃત ગ્રંથ.

ગણીમત, જુ૦ ગનીમત.

ગણીલેવું, ક્રિ૦ સ૦ એકે એક જોઈ તપાસીને ગ્રહણ કરવું.

ગણું, વિ૦ [સં. गुण] અમુક જેટલું ગુણિત; (અમુક અંકની આગળ જોડાતાં તેટલીવાર વધારે એવો અર્થ બતાવે છે.) પાંચગણું; ત્રણગણું.

ગણેશ, પું૦ [સં.] ગણનો ઇશ; ગણપતિ. ક્રિ૦ પ્ર૦ ગણેશ બેસાડવા=આરંભ કરવો.

ગણેસિયું, ન૦ ચોરનું નરાજ જેવું ખાતર પાડવાનું હથિયાર; જેનાથી (ખાતર પાડવામાં) ગણેશાયનમઃ આરંભ કરવામાં આવે છે તે. ગણેસિયો=ભાગવા અથવા તોડવાનું હથિયાર.

ગણેસણે, જુ૦ ગનેસને.

ગણોત, ન૦ [સં. गण+पत्र] જમીનદાર અને ખેડૂત વચ્ચેનું સાંધનું લખત. જમીનદારને

મળતું ખેડુત તરફનું સાલિયાણું; સાંથ; વજે. (૨) સાંથપટો; ખેતર કે જમીનની ભાડાચિઠ્ઠી.

ગણોતનામું, ન૦ સાંથપટો; જમીન ખેતર વાવવા આપ્યાનું જમીનદાર અને ખેડુત વચ્ચે થયેલું લખત; જમીનની ભાડાચિઠ્ઠી.

ગણોતિયો, પું૦ ગણોતવાળો; જેણે જમીનદાર પાસેથી ગણોત કરી જમીન વાવવા રાખી હોય તે; ભાડુતી ખેડુત. (૨) જેને ગણોત ભરવું પડતું હોય તે.

ગંઠણ, ન૦ [सं. गुम्फ] ગાંઠણ; ગુંથણી; ગુંથવાની આવડત; ગાંઠવાની કળા.(૨) ગંઠામણ; ગુંથવાનો દોરો. (૩) ગંઠાઇ ગયેલું જે તે. ઝાડના રેસા માંસ અને અવયવ વગેરેનું વધવાપણું રોકાઇ જવાથી તેના વાઢની જે ગાંઠ બંધાઇ જાય છે તે.

ગંઠવું, જુ૦ ગાંઠવું.

ગંઠાઇ, સ્ત્રી૦ ગંઠામણ; ગંઠામણી.

ગંઠામણ, ન૦ ગાંઠેલું જે તે; ગંઠણ; ગાંઠવાનો ગુંથેલો દોરો. (૨) ગાંઠવા કે ગુંથવાનું જે કંઈ મહેનતાણું તે. (૩) ગાંઠવા ગુંથવાની જે છોપ આવડત તે; કળા.

ગંઠામણી, સ્ત્રી૦ ગાંઠવા ગુંથવાનું મહેનતાણું; ગંઠામણ; ગંઠાઇ.

ગંઠાવવું, ક્રિ૦ સ૦ ગાંઠો મારીમારીને ગુંથાવવું; કીડિયાં, મોતી અને મણકા વગેરેને દોરાથી ગુંથાવવાં.

ગંઠાવું, ક્રિ૦ અ૦ ગંઠાઈ જવું; ગંઠાવા જેવું થવું. (૨) બંધાઇ જવું; સજડ થઈ જવું; વૃદ્ધિ થતી અટકવી.

ગંઠિયો, પું૦ [सं ग्रंथि] ઠગારો; ધુતારો; કોઇ તરેહથી કામ કાઢી લેનારો; ઠગ. (૨) ખીસાકાતરુ; ચોર; ગંઠીછોડો.

ગંઠીછોડો, પું૦ ગાંઠે બાંધેલું નાણું વગેરે છોડી લેનારો; ગાંઠે બાંધેલી વસ્તુઓ છોડીને ચોરી લઇ જનારો; ગંઠિયો; ખીસાકાતરુ.

ગંઠો, પું૦ ગાંઠેલું કોટે પહેરવાનું આભૂષણ; કંઠો. (૨) દાબીને બાંધેલી ગાંસડી.:–એ ગંઠા ઘાસ આવ્યું. (૩) ગુંઠો; જમીન ભરવાનું એક માપ; આઠ ફૂટ લંબાઇનું માપ.

ગંઠોડો, પું૦ તોડો; સાંકળું; અંકોડા ગુંથીને બનાવેલું પગે પહેરવાનું ઘરેણું. (૨) હાથનાં સોનાનાં સાંકળાંમાંનું એક. (૩) અંકોડો; કડી; આંકડો. (સાંકળાનો એક ભાગ) (૪) પેર; ગાંઠો.:–પિંપળીમૂળના ગંઠોડા. (૫) એક જાતની મિઠાઇ.

ગંડ, ન૦ [सं.] ખાંધ આગળનો ભારે માંસલ અવયવ; ખુંધ. (૨) વિ૦ ગાંડું. (શામળની કવિતામાં) ડોક કે ગળાની ઉતરતી સપાટી.

ગંડક, વિ૦ ગાંડું; ઘેલું.

ગંડકી, સ્ત્રી૦ [सं.] અયોધ્યાની પેલી તરફ આવેલી હિમાલયમાંથી નીકળતી એક નદી. ગંડકીમાં શાલગ્રામ થાય છે.

ગંડમાળ, સ્ત્રી૦ [सं.] ગળાની નજીક થતો એક જાતનો ગંઠિયો રોગ; કંઠમાળ.

ગંડવો, પું૦ ગાંડો. (૨) ભડવો.

ગંડસ્થળ, ન૦ હાથીના કાનની ઉપર ને આસપાસનો ભાગ; બોચી; કુંભસ્થળ; ખુંધ આગળનો ભાગ.

ગંડું, વિ૦ ગાંડું; ઘેલું.

ગંડુડી, સ્ત્રી૦ ગાંડી; ઘેલી; વિ૦ ગાંડા જેવી; (સ્ત્રી) દાધાબળી; વેતાવગરની.

ગંડૂષ, પું૦ [सं.] કોગળો.

ગંડેરી, સ્ત્રી૦ શેલડીના નાના નાના ગોળ કકડા તે; પેર. (૨) છોલેલી શેલડીના કકડા. (૩) લાકડાના થડના ટુંકા ટુંકા ગોળ કકડા.

ગણણી, જુ૦ ગળણી.

ગણણું, જુ૦ ગળણું.

ગણ્યુંગાંઠયું, વિ૦ ગણતરીનું; મર્યાદિત; થોડુંક.

ગત, સ્ત્રી૦ [सं.] સ્થિતિ; હાલત; અવસ્થા. :– મારી ગત હું જ જાણું. (૨) કળા; ખુબી; ચતુરાઇ; યુક્તિ. (૩) રાગ; ઢાળ;

આલ.:- જેવી ગતે વાજાં વાગે તેવી ગતે ગવાય. (૪) શક્તિ; બળ. (૫) સ્વાભાવિક વર્તન વિશેષ.:-વાણિયાગત. (૬) પરિપાક; મુઆ પછીની સ્થિતિ. ક્રિ૰ પ્ર૰ ગતે ઘાલવું= ઠેકાણે પાડવું. (૭) વિ૰ ગયેલું.

ગતકડું, ન૰ ટિંખળ; હસવું આવે અથવા ગમ્મત પડે એવું બોલવું અથવા ટોળ કરવું તે; મજાક; ટોળ.

ગતભર્તૃકા, સ્ત્રી૰ [સં.] વિધવા; રાંડીરાંડ.

ગતાગત, વિ૰ [સં ગત+આગત] આવ્યુંગયું.

ગતાગમ, સ્ત્રી૰ સમજ; સમજણ; જ્ઞાન.

ગતાનુગતિક, વિ૰ [સં.] પુંઠે જનાર; ચીલે ચીલે ચાલનાર; પરંપરાને અનુસરનાર.

ગતિ, સ્ત્રી૰ [સં.] અવસ્થા; દશા; હાલત. (૨) બળ; શક્તિ. :-બાળકની શું ગતિ ? (૩) મતિ; બુદ્ધિ; સમજણ; (૪) ચાલ; ગમન; વેગ. :- અશ્વગતિ. (૫) મરણાંતર અવસ્થા; મુક્તિ; મોક્ષ. :- મુઆ પછી શી ગતિ થશે. ન૰ ગતિનું જોર; કાળબળ.

ગતિભંગ, વિ૰ શક્તિહીણ; કાર્ય કરવાની શક્તિનો નાશ થયો હોય એવું; લંગડું; જેનાથી હીલચાલ થઇ શકે એમ ન હોય એવું.

ગતિમંત, વિ૰ ગતિવાળું; ગતિમાં હોય એવું; હાલીચાલી શકતું.

ગતિમાન, વિ૰ [સં.] ગતિવાળું; ગતિમાં હોય એવું.

ગતિમાર્ગ, પું૰ [સં.] ગ્રહાદિને ફરવાની કક્ષા.

ગતિયું, વિ૰ ગતે ગયેલું; સદ્ગત; (અવગતિયું= નહિ પણ ગતે ગયેલું, એ શબ્દના જેટલો આ શબ્દ વપરાતો નથી.) ગત રમી જાય એવું; યુક્તિથી કામ કાઢી લે એવું.

ગતેઘાલવું, ક્રિ૰ સ૰ ઠેકાણે પાડવું; દાટી કે બાળી દેવું; વ્યવસ્થા કરી નાંખવી; ઉત્તર ક્રિયા કરી દેવી.

ગદ, સ્ત્રી૰ રમતમાં હાર થવી તે; હાર. (૨) રોગ; પીડા; દુઃખ.

ગદક્કું, ન૰ મિષ; બહાનું.

ગદગદ, અ૰ ગદ્ગદ થઇ ગયેલું હોય તેમ; કંઠ ભરાઈ ગયેલો હોય તેમ.

ગદગદિયાં, ન૰ ખૂબ મોજમઝા ને ખાનપાનની રેલછેલ હોવી તે; ગદબદિયાં એમ પણ બોલાય છે. :- ધીકેળાં.

ગદગદું, વિ૰ અંદરથી અડધું કાચુંપોચું; પાણી પોચું; ઢીલું; પલળીને નરમ થયેલું. (૨) કહોયેલું.

ગદડવું, ક્રિ૰ સ૰ પગવતે દાબવું; છુટું પડે નહિ અને વાંક આવે એવું થાય તેમ ખુંદવું; દાબવું; મસળવું અથવા કચરવું; ચોળી નાંખવું. (સુરત તરફ આમ પણ અમદાવાદ તરફ છુંદવું એટલે ધારવાળા હથિયારથી રજરજ જેટલા કકડા કરવા) રગડવું; હેરાન કરવું; દુઃખ દેવું.

ગદબદ, વિ૰ ખદબદ; જેમાં ઉપરાઉપરી કીડા હાલ્યા કરતા હોય એવું.

ગદબદિયાં, ન૰ નાણાંની અને ખાનપાનની રેલછેલ હોવી તે; પૈસા ટકાની પુરતી; આર્થિક લાભવાળી સુસ્થિતિ; ધીકેળાં.

ગદલું, વિ૰ ગંદું; મેલું; અસ્વચ્છ. [गो+दल्= ભાગવું) ગાયોથી વટાયેલું; ગંદું કરાયેલું હોય એવું; ગમાણિયું.

ગદવું, ક્રિ૰ અ૰ દઢ ઉભા રહેવું. (૨) ખુંદવું; ધૂળમાં મળી જવું. (૩) દોડવું.

ગદા, સ્ત્રી૰ [સં.] લોખંડના ગોખરુદાર ગટ્ટાવાળી ટુંકી લાકડી; મોટું ચોસલું; શિલા; લડાઇનું એક હથિયાર.

ગદાધર, વિ૰ [સં.] ગદા નામના આયુધને ધારણ કરનાર; વિષ્ણુભગવાન.

ગદાયુદ્ધ, ન૰ [સં.] એકલી ગદાઓથીજ યુદ્ધ કરવાની જે રીત છે તે; બે જણ વચ્ચે ગદાઓથી યુદ્ધ કરવામાં આવે તે.

મહાભારતમાં છેલ્લે દુર્યોધન અને ભીમ વચ્ચે જે યુદ્ધ થયું હતું તે.

ગદારવું, ક્રિ૦ સ૦ સ્થિર રાખવું; ટેકો આપવો.

ગદાવવું, ક્રિ૦ સ૦ થકવવું; દડ-રેતમાં દોડાવવું અને તેમ કરીને થકવવું; ફેરાઆંટા ખવડાવવા.

ગદ્દિયાણી, સ્ત્રી૦ પીળાં ફૂલનો એક છોડ; કાંસકી.

ગદ્દિયાણો, પું૦ અડધા તોલા ભારનું એક વજન; સોળ વાલ ભારનું વજન (સોનાનું).

ગદેલું, ન૦ ખૂબ રૂ ભરેલું હોય એવું એકલિયું ગાદલું; મશરૂવાળી પોચી તળાઈ; રૂ ભરેલી જાડી ગાદી.

ગદ્ગદ, વિ૦ શોક, દુઃખ, હર્ષ કે પ્રેમ વગેરેથી ભરાઇ ગયેલા કંઠવાળું; ઢીલું; પોચું.

ગદ્ધાઈ, સ્ત્રી૦ ગદ્ધાપણું; મૂર્ખાઇ.

ગદ્ધામસ્તી, સ્ત્રી૦ ઘણી ધાંધલ થાય એવી મસ્તી કરવી તે. મૂર્ખાઇ ભર્યું તોફાન; ગદ્ધા પાટુ; લાતો નાંખવી મારવી અને તોફાન કરવું તે.

ગદ્ધાપચીસી, સ્ત્રી૦ મનુષ્યનાં પહેલાં પચીસ વર્ષનો કાળ, કે જેમાં પુખ્ત વિચાર થયેલા હોતા નથી અને મૂર્ખાઇ તથા ઉદ્ધતાઇ ભરેલાં કાર્ય બહુ થાય છે તે કાળ.

ગદ્ધાવૈતરું, ન૦ ગધેડા જેવું અણસમજનું ખોટું વૈતરું કરવું તે.

ગદ્ધી, સ્ત્રી૦ ગધેડી; ગધેડાની માદા.

ગદ્ધેયું, ન૦ જાડી અને બેડોળ વસ્તુ; જુના વખતનો એક જાડો સિક્કો. (૨) એક જાતનું જીવડું. (દાણામાં થાય છે તે)

ગદ્ધો, પું૦ ગધેડો; ખર. (૨) વિ૦ મૂર્ખ; બેવકૂફ.

ગદ્ય, ન૦ [सं.] સાદું લખાણ; ગવાય નહિ એવું, તેમજ કવિતાના નિયમોના બંધારણ વગરનું લખાણ.

ગદ્યપદ્ય, ન૦ સાદું તેમજ કવિતાબદ્ધ લખાણ.

ગદ્યાત્મક, વિ૦ જેમાં ગદ્ય અને પદ્ય બેઉ હોય એવું; સાદા લખાણવાળું.

ગધેડી, સ્ત્રી૦ ગધેડાની માદા; ગદ્ધી; ગર્દભી.

ગધેડું, ન૦ રાસભ; ખર.

ગધેડો, પું૦ ગર્દભ; ગદ્ધો; રાસભ. (૨) મૂર્ખ; અણસમજુ; વૈતરું કરી જાણે એવો માણસ. ક્રિ૦ પ્ર૦ ગધેડાબનવું=મૂર્ખ ગણાવું. કહે૦ ગધેડાના પાછલા પગ જેવો. ગધેડાનો વિવાહ ને પાટુએ રળિયાત. ગધેડી ગંગામાં નહાય તોય ગાય ન થાય. ગધેડી ફુલેકે ચઢી. ગધેડે ચઢીને ઘેર ઉતરવું. ગધેડાવૈતરું કરવું. ગધેડાનું પુંછડું પકડી રાખવું. ગધેડે ગવાવું. ગધેડાને ડફણાં ને તેજીને ઇસારો. ગધેડા ઉપર અંબાડી. ગધેડાની જોડે ઘોડું બાંધે તો આખરે ભુંકવા શીખે. ગધેડાને લિંડે પાપડ ન થાય. ગધેડાને તાવ આવે એવું. ગધેડાને માથે શિંગડાં.

ગધેવાન, વિ૦ ગધેડાં હાંકનાર. (૨) ગમાર.

ગનીમત, સ્ત્રી૦ [फा.] સંતોષસૂચક ઉદ્ગાર; બસ; ઘણુંએ; જોઇએ એટલું હોવું તે; ઇશ્વિર કૃપા; સુભાગ્ય;

ગનીમ, પું૦ [अ.] મુસલમાન; મોગલ. (૨) દુશ્મન; શત્રુ.

ગનેસને, અ૦ સણસણાટે; કાનોકાન; ગણુસારે.

ગંદકી, સ્ત્રી૦ ગંદવાડ; કચરો પુંજો અને વાસ મારે એવી ખરાબ વસ્તુઓ પડેલી હોય એવી હાલત; કાદવ કીચડવાળી જગા.

ગંદવાડ, સ્ત્રી૦ ગંદકી; અસ્વચ્છ જગા. (૨) અસ્વચ્છતા; ગંદું એવું જે તે. અહિં તહિં પડેલો જે કચરો પુંજો તે; ગંદવાડો.

ગંદું, વિ૦ અસ્વચ્છ; ગંધવાળું; મેલું; કસોળું; ગોળું.

ગંધ, સ્ત્રી૦ [सं.] વાસ; બો; સોડમ. સારી તેમજ નઠારી બન્ને વાસને માટે વપરાય, તોપણ નઠારી વાસને માટે ખાસ વપરાય છે. સુ અને દુઃ થી તેના સારા ખોટા અર્થ દેખાડાય છે. (૨) તિલક; ટીલું; ચાંલ્લો; ચંદન.

ગંધક, પું૦ પીળા રંગની અત્યંત બરડ અને ગરમીથી ઓગળી જઇ બળે એવી એક ધાતુ. તેની જ્વાળા આસમાની અને વાસ આકરી હોય છે.

ગંધઘાણ, સ્ત્રી૦ નઠારા વાસનું ચારે બાજુ ફેલાવું તે.

ગંધપુષ્પ, ન૦ ઘસેલું ચંદન અને ફૂલ.

ગંધમાદન, પું૦ [સં.] હિમાલયમાં આવેલો એક પૌરાણિક ક્રીડાપર્વત.

ગંધરપ, પું૦ ગંધક. (૨) [સં. गंधर्व.] ગવૈયાની એક જાત. તે જનોઇ પહેરે છે.

ગંધરાજ, પું૦ એક જાતનું ફૂલઝાડ. (૨) સુખડ; ચંદન.

ગંધર્વ, પું૦ [સં.] અર્ધદેવની નૃત્ય અને ગાન કરનારી એક જાત. સ્વર્ગનો ગવૈયો.

ગંધર્વનગર, ન૦ [સં.] આકાશમાં ઘડીમાં દેખાય અને ઘડીમાં અદૃશ્ય થાય, વળી પાછું બીજે ઠેકાણે દેખાય અને જતું રહે, એવું જે એક કલ્પિત નગર તે. જાડી પાતળી હવાની લહરીઓ ઉપર સૂર્ય કિરણના આડાંતેડાં પ્રસરણને લીધે કોઇ કોઇ વાર પૃથ્વી ઉપરના ચિતારો ઉલટાસુલટા આકાશમાં પ્રતિબિંબ રૂપે દેખાય છે અને તેથી મેઘધનુષની માફક કોઇ કોઇ વાર આકાશફલક ઉપર નગર અને વાડીઓ વગેરે હોય એવું દેખાય છે, એ છાયાના જે ખાલી દેખાવો તે ગંધર્વનગર કહેવાય છે. મૃગજળ જેવું.

ગંધર્વલગ્ન, ન૦ ગંધર્વવિવાહ.

ગંધર્વવિવાહ, પું૦ [સં.] પ્રીતિલગ્ન; વર કન્યા અન્યોન્યમાં સમજી પરણી લે છે તે. શાસ્ત્રમાં આઠ જાતના વિવાહો કહેલા છે તેમાંનો એક લગ્નપ્રકાર. શકુન્તલા અને દુષ્યંતનો વિવાહ ગંધર્વવિવાહ હતો.

ગંધર્વવેદ, પું૦ [સં.] ગંધર્વોનો જે વેદ તે; ગાયનશાસ્ત્ર; ગવૈયાઓની વિદ્યાનું શાસ્ત્ર તે. ગાવા અને બજાવવાની કળાનું જે શાસ્ત્ર તે.

ગંધવતી, વિ૦ ન૦ [સં.] ગંધવાળી; જેમાં ગંધ એવો ગુણ હોય એવી—પૃથ્વી.

ગંધવહ, પું૦ [गन्ध + वह्=વહેવું] ગંધને વહી જનાર તે; વાયુ; પવન.

ગંધવા, પું૦ વ્યક્તિની વાસ આવે એટલી સમીપતા તે; નજીકપણું; સહવાસ; સોબત; સંગ; સાથે રહેવાપણું. ઉ૦ વહુ વરસાદ ને ધુમાડો, એ ત્રણનો ગંધવા ગમે નહિ ને તે ત્રણ વગર ચાલે નહિ.

ગંધવાહ, પું૦ જુઓ ગંધવહ.

ગંધસાર, ન૦ સુખડ; ચંદન. [સં.] સુગંધીદાર વસ્તુ; અત્તર.

ગંધાક્ષત, પું૦ [સં. गंध + अक्षत] ચંદન અને અક્ષત; તિલક કરીને અક્ષત ચોઢવા તે; વરણ કરવું તે. ક્રિ૦ પ્ર૦ ગંધાક્ષત કરવા=બ્રાહ્મણોની પૂજા કરવી; વરણ કરવું.

ગંધાતું, વિ૦ ગંધ મારતું હોય એવું; મેલું; બદબોવાળું; દુર્ગંધયુક્ત.

ગંધાર, પું૦ [સં.] ગાયનના સાત સ્વરમાંનો એક સ્વર. (૨) મનમાંનું મનમાં ને મનમાં ન રહેતાં તેની કંઇક વાત બહાર નીકળે તે.

ગંધાવું, ક્રિ૦ અ૦ વાસ મારવી; બદબો નીકળવી. (૨) કહોવું; બગડવું; સડવું.

ગંધીલું, વિ૦ વાસ મારતું; ખરાબ.

ગંધ્રપ, પું૦ ગંધર્વ. (૨) ગંધક.

ગંધિયાણું,=જુ૦ ગાંધિયાણું.

ગંધીલું, વિ૦ અદેખું; ઝેરીલું. (૨) ચીકણું; ગંધની—પવનની સાથે લડી પડે એવું; લડકણું.

ગપ, સ્ત્રી૦ અફવા; પાયા વિનાની લોકમાં ચાલતી વાત; ખબર; લોકવાયકા; ઉડતી વાત. (૨) જુઠાણું; વાતના ખોટા તડાકા. ક્રિ૦ પ્ર૦ ગપ મારવી=ગપ ચલાવવી; ગપેગપ ચુંવાળસો.

ગપગપ, અ૦ ઉપરાઉપરી; ટપટપ; એક પછી એક; ડબડબ. :— ગપગપ કેવા કોળિયા ગળે ઉતારે છે.

ગપગપગપ, અ૦ ધીમે ધીમે કાણામાં કંઈ ઘાલતાં ને કાઢતાં થતો અવાજ તે.

ગપગોળો, પું૦ અફવા; ગપાટો; ખોટેખોટી વાતનું ચાલવું તે.

ગપતાળિયું, ન૦ ડગળું; ઘા અથવા ઝટકો મારીને આખામાંથી જુદો પાડેલો કકડો; ચોસલું; ગચિયું.

ગપતાળું, ન૦ કાપીને કરેલો કકડો.

ગપસપ, સ્ત્રી૦ ગપ; ગપની સાથે 'સપ' નિરર્થક વપરાય છે.

ગપાંશ, પું૦ મોટી ગપ (ગપ્પાંશ) જેમાં કંઇક ગપ જેવું હોય એવી વાત તે; વાત. મન રિઝવવા કે વખત ગાળવા વાત ચલાવવી તે.

ગપાગપ, સ્ત્રી૦ ગપગપ; ગપાગપી. (૨) અ૦ એક પછી એક; વગર અટકે; ઉપરાઉપરી.

ગપાગપી, સ્ત્રી૦ ગપની પરંપરા; ઉપરાઉપરી મુક્કીઓ પડવી તે.

ગપાટો, પું૦ અફવા; ઉડતી વાત.

ગપાષ્ટક, ન૦ [सं. + अष्टक] ગપની પરંપરા તે; જુઠા અને ખોટા તડાકા; ગપ.

ગપોડું, ન૦ ગપ; અફવા. (તિરસ્કારમાં)

ગપોલિયું, ન૦ ગપ; ગપોડું. (૨) ધીમેધીમે કાણામાં ઘાલવું તે.

ગપ્પાં, ન૦ આડીઅવળી આમતેમની વાતચીત કરવી તે; વાતો; સાધારણ કંઇ ખાસ વિષય ઉપરની નહિ એવી વાતો તે.

ગપ્પાંગોષ્ઠી, સ્ત્રી૦ વાતચીત; સાચી ને બનાવટી કહાણી કિસ્સા જેવી વાતો કરીને વખત કાઢવો તે.

ગપ્પી, વિ૦ ગપ મારનાર; અફવાઓ ઉડાડનાર:-ગપ્પીને ઘેર ગપ્પી ગયા. (૨) જેનું બોલવું વારંવાર ગપ્પ જેવું થતું હોય તે (માણસ):-એતો બડો ગપ્પી છે.

ગપ્પીદાસ, પું૦ તડાકા ગપ મારનાર; ખોટી વાત ચલાવનાર; જેની વાત વારંવાર ગપ ઠરેલી હોય એવો માણસ.

ગપ્પું, ન૦ ગપ. ગપથી હલકા પ્રકારનું જુઠાણું; અફવા; ખોટી વાત. ક્રિ૦પ્ર૦ ગપ્પાં મારવાં=અર્થ વગરની વાતો કરીને વખત કાઢવો.

ગફલત, સ્ત્રી૦ [अ.] ભૂલ; ચૂક; સ્ખલન. (૨) બેપરવાઇ કે વિસ્મૃતિથી કામમાં ધ્યાન નહિ આપવું તે; અસાવધાની.

ગફલતિયું, વિ૦ ગફલત કરવાની આદત પડી ગયેલી હોય એવું; સ્ખલનશીલ.

ગફલતી, વિ૦ ગફલત કરે એવું. (૨) સ્ત્રી૦ ગફલત; સ્ખલન; ભૂલ.

ગફૂલું, જુ૦ ગભરું.

ગફા, જુ૦ ગુફા.

ગફેફો, પું૦ મોટો કોળિયો; બુકો. 'ગફ' એવો અવાજ થાય તેમ એકદમ મોઢું ભરવું તે.

ગબ, અ૦ ચટ; ઝટ; એકદમ; ઓચિંતું. -:ગબ દઇને ગોદો માર્યો.

ગબગબ, અ૦ ઉપરાઉપરી; ટપોટપ. (૨) કાદવાલથી થતો એવો એક તરેહનો અવાજ. (૩) કોઇ વાત કરતું હોય ત્યાં વચમાં બોલવું તે.

ગબડગંડ, વિ૦ દાધારંગું; સાહસિક; ઉદ્ધત. કાન હોય એવું; બોળિયું. ઉ૦ અંધેરી નગરી ગબ્બગંડ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં.

ગબડગંદું, વિ૦ ઠેકઠેકાણેથી ગંદું હોય એવું; સાબડબોથું.

ગબડવું, ક્રિ૦ અ૦ તળે ઉપર થતા સરવું; ઉંચેથી નિચાણ તરફ ગતિ થતાં તળે ઉપર થતા જવું. (૨) આળોટવું; લોટવું; ગબડી પડવું=ગડબડી ખાઈ નીચે પડવું.

ગબડૂકી, જુ૦ ગબરડી.

ગબરડી, સ્ત્રી૦ એકદમ દોડી જવું તે; દોડીને નાસી જવું તે; દોટ મૂકવી તે.

ગબરૂ, વિ૦ માંસથી ભરેલું અને રૂપાળું:-ગબરૂ ગાલે પડતા ખાડા. (૨) ભરેલું (પૈસા વગેરેથી) પું૦ માંસથી ભરેલો ગોરો ને રૂપાળો જુવાન.

ગબાગબ, અ૰ ગબ, ગબ, થાય એમ; ઉપરા ઉપરી; ટપોટપ. (૨) ધોળાધોળ.

ગબાગબી, સ્ત્રી૰ ધોળાધોળ; ધબાધબ. ગબ ગબ થાય એવું જે તે; મુક્કામુક્કી; ગડબડ; મારામાર; બોલાબોલી.

ગબાર, સ્ત્રી૰ ખાડો. (૨) કપરોટવાળો ખાડો.

ગબારો, પું૰ [સં. गर्भागार] ઉના પવનથી ફૂલીને ઉડે એવી કાગળની કોથળી; નાનું વિમાન; હવાઇ; દારૂખાનાનું ઉંચે ઉડે એવું એક રમકડું.

ગબી, સ્ત્રી૰ બદી; અગલ. લખોટીઓની રમતમાં જે નાનો ખાડો કરવામાં આવે છે તે.

ગબોગબ, અ૰ ગબગબ; ઉપરાઉપરી; એકદમ; એક પછી એક; ઉપરાઉપરી મુક્કીનો માર પડતો હોય એમ.

ગબોળો, પું૰ ફજેતો; ભવાડો; ઘોંઘાટ; ગપગોળો; ખોટો ને હોહા થાય એવો ગુમાટો.

ગબ્બ, અ૰ ભોંકાતાં નીકળતો એવો અવાજ; ગબ.

ગબ્બર, ન૰ [સં गह्वर] ખો; ખીણ; ગુફા; પર્વતમાંની ઉંડી ખીણ; પોલી કરાડ.

ગબ્બર, વિ૰ ભરેલું; ભરપુર; પૂર્ણ. (પૈસાથી) (૨) જબ્બર; તર; ખમી શકે એવું; પૈસાદાર; સંગીન; તાજું.

ગબ્બી, સ્ત્રી૰ બદી.

ગબ્બો, પું૰ ખાડો; ખાંચો. ગોદો; મુક્કો; ધીમકો. (૨) બુદ્ધિવિહીન કણબી; રાભો.

ગભરાટ, પું૰ અકળામણ; મનમાંની ગુંચવણ; દુ:ખ. (૨) હાંફળાંફાંફળાં થઈ જવું તે; કંઈ સૂઝ પડે નહિ એવી સ્થિતિ. ક્રિ૰ પ્ર૰ ગભરાટ થવો=અકળાઈ જવું; ગભરાવું. ગભરાટ કરવો=ગભરાયા જેવો દેખાવ કરવો.

ગભરામણ, સ્ત્રી૰ અકળામણ; જીવ ચુંથાઈ જવો તે; શ્વાસ ન લેવાય અને જીવ તલપાપડ થઈ જાય એવી જે પ્રકૃતિ થવી તે; ગભરાટ; મુંઝવણ. ઉ૰ ગભરામણ મને ઘરડપણમાં થાય છે ઘણીરે. શું થશે ને શું નહિ, તેને લગતી ભારે ચિંતા થવી તે.

ગભરાવવું, ક્રિ૰ સ૰ ગભરાય તેમ કરવું.

ગભરાવું, ક્રિ૰ અ૰ રસ્તો ન સૂઝે એવી હાલતમાં આવવું; ગુંચવાવું; બહાવરા થવું; અકળાવું. (૨) દુ:ખી થવું.

ગભસ્તિ, પું૰ [સં.] કિરણ; કર.

ગભા, પું૰ [સં. गर्भ] ગળફા; બળખા. (ક્ષયના)

ગભાણ, સ્ત્રી૰ ગમાણ; [સં गवाक्ष] ઢોરના ખીલા આગળ આડું લાકડું રાખી ચાર નાંખવાને કરેલી જગા. (૨) ન૰ગામના પાદરપરની ગોચર જમીન.

ગભાર, પું૰ દેવાલયની અંદરનો ભાગ; જેમાં મૂર્તિ હોય તે ભાગ; ગર્ભાગાર.

ગમ, સ્ત્રી૰ બાજુ; પાસુ; તરફ. (૨) મનનું વલણ; પસંદ પડવું તે. (૩) સમજણ; સૂઝ; ભાન. (૪) સાંખી રહેવું તે; ખામોશ; ગમ ખાવી, સહન કરી જવું; લોહીનો ઘુંટ ગળી જવો. (૫) [અ.] શોક; દીલગીરી; હાય; અફસોસ. (૬) આણી તરફ; ભણી:– એણીગમ જા.

ગમગીન, વિ૰ દીલગીર; શોકાતુર; ઉદાસ; દુ:ખી; શોકમાં ડૂબેલું. ઉદાસ.

ગમગીની, સ્ત્રી૰ દીલગીરી; શોક; ગમ.

ગમચાં, ન૰ બોલતાં બોલતાં ગળી જવું તે; આનાકાની કરવી; વિચારી વિચારીને અને નામરજીથી બોલવું. ક્રિ૰ પ્ર૰ ગમચાં ખાવાં=રહીરહીને બોલવું.

ગમત, સ્ત્રી૰ જેમ ગમે તેમ કરવું તે; ખુશીમાં વખત કાઢવો તે.

ગમતિયાળ, વિ૰ ગમતી.

ગમતી, વિ૰ ખુશી કરે એવું; ગમ્મત કરનાર અને આપનાર; રમુજી.

ગમતું, વિ૰ મનને ગમે એવું; ભાવતું; પસંદ પડતું; રુચિકર; અનુકૂલ.

ગમન, ન૰ [સં.] ચાલવું તે; ચાલ; ગતિ.

ગમનાગમન, ન૦ [सं.] આવવું જવું તે. (૨) આવજા.

ગમવું, ક્રિ૦ અ૦ ગોઠવું; મનમાનવું; પસંદ પડવું; માફક આવવું; ચેન પડવું.

ગમા, પું૦ શક્તિ; તાકાત; બળ. હાલચાલની શક્તિ; :–હવે ડોસાના ગમા ભાગ્યા છે.

ગમાણ, સ્ત્રી૦ ઢોરને ખાવાનું ઘાસ નાંખવાની જગા; ગભાણ.

ગમાણિયું, ન૦ ગમાણની આડી; ઘાસ તણાઇ વેરાઇને ઢોરના પગ તળે આવે નહિ તે માટે ખીલા આગળ રખાતું આડીનું લાકડું. (૨) વિ૦ બાંધ્યું રહેતું; ફરતું અને ચરતું નહિ એવું. :–ગમાણિયા ઢોર.

ગમાંનક, ન૦ [सं. गवान्नक] ગાયને ઘાલવાનું અન્ન; ગોગ્રાસ.

ગમાર, વિ૦ ગામડિયું; રોચું; જંગલી; મૂર્ખ; બુદ્ધિહીન; અસભ્ય; અવિવેકી.

ગમાવવું, જુ૦ ગુમાવવું.

ગમી, સ્ત્રી૦ દીલગીરી; શોક. (૨) અ૦ તરફ; ભણી; ગમ. હમેશ શોક કર્યા કરતું હોય તેવું; ગમવાળું; દીલગીર રહેતું; શોકાતુર.

ગમેતેમ, અ૦ જેમ ફાવે તેમ; મરજીમુજબ; ઇચ્છા પ્રમાણે. (૨) કોઈ પણ રીતે.

ગંભાર, જુ૦ ઘંભાર.

ગંભીર, વિ૦ [सं.] આશ્ચર્ય તેમજ ભય ઉપજાવે તેવું મોટું; વિશાળ; પ્રૌઢ. (૨) ઠરેલ; ભારેખમ. (માણસ ને વિચાર) (૩) ધીર; સહનશીલ (સ્વભાવ વગેરે)

ગંભીરતા, સ્ત્રી૦ [सं.] ગંભીરાઇ; ગંભીરપણું.

ગંભીરપણું, ન૦ ગંભીરાઇ.

ગમ્ય, વિ૦ [सं. गम्] જવાય સમજાય તેવું.:– ઇંદ્રિયગમ્ય. અગમ્ય=ન જવાય એવું.

ગયણ, જુ૦ ગગન

ગયવર, પું૦ [सं. गजवर] મોટો હાથી.

ગયાજી, સ્ત્રી૦ ગયા નામનું તીર્થસ્થળ. પટણા નજીક ગંગાના કિનારાપર આવેલું એક પવિત્ર યાત્રાનું સ્થળ; આ ઠેકાણે શ્રાદ્ધ કરવાનું મોટું માહાત્મ્ય ગણાય છે.

ગયાવાળ, પું૦ એ નામની બ્રાહ્મણ વાણિયાની એક નાત.

ગર, પું૦ [सं. गर्भ] ફળમાંનો પોચો અને પાણી ભર્યો મેદા જેવો ભાગ તે; મગજ; માવો. (૨) મનનો ભેદ; મર્મ. (૩) ઝેરી હગાર; ગલ. (૪) ફા૦ પ્ર૦ કરનાર.:–સોદાગર; કારીગર.

ગરક, વિ૦ [अ.] ડૂબેલું; અંદર ગયેલું. (૨) મગ્ન; લીન; અંદર રચી ગયેલું એવું. ક્રિ૦ પ્ર૦ ગરક થવું=બૂડવું; એકદમ નીચે ઉતરી પડવું.

ગરકવું, ક્રિ૦ અ૦ કાદવ કે પ્રવાહી વગેરેમાં ડૂબી જવું; અંદર પેસી જવું; લીન થઇ જવું.

ગરકાવ, વિ૦ ભરપુર; ભરેલું; ચકચુર; મશગુલ.

ગરગડવું, જુ૦ ગડગડવું.

ગરગડિયું, જુ૦ ગડગડિયું.

ગરગડી, સ્ત્રી૦ નાનું ફરે એવું પૈડું; ગરેડી.

ગરગર, અ૦ ગરવું તે; ઝીણી રજ.

ગરચવું, (ગળચવું) ક્રિ૦ સ૦ ઇચવું; અકરાંતિયાની માફક ખાવું.

ગરજ, સ્ત્રી૦ [अ.] કાર્યસિદ્ધિ માટે જેની અગત્ય હોય તે; આવશ્યકતા; ખપ; દરકાર. (૨) અડીવેળા; તંગી. (૧) મતલબ; સ્વાર્થ. ક્રિ૦ પ્ર૦ ગરજ સારવી=તંગી મટાડવી. કહે૦ ગરજ ગળી. ગરજે ગધેડી. ગરજે ગધેડાને બાપ કહે. ગરજ મતલબી. ગરજવાનને અક્કલ નહિ. ગરજ સરી કે વૈદ વેરી.

ગરજણ, સ્ત્રી૦ એક જાતનું પંખી; ગડઘણ.

ગરજના, જુ૦ ગર્જના.

ગરજમતલબી, વિ૦ સ્વાર્થી.

ગરજવું, જુ૦ ગર્જવું.

ગરજાઉ, વિ૦ ગરજવાન; જેને ગરજ હોય તે. (૨) આપમતલબી; સ્વાર્થી.

ગરજી, વિ૦ ગરજવાન.

ગરજીલું, વિ૦ ગરજવાળું.

ગરજુ, વિ૦ ગરજવાન. કહે૦ 'ગરજુ ને ગધેડો એ બરાબર.

ગરજો, પું૦ ઊભો અને સીધો કાંટો; સાંઠો–સળિયો; ખીલો. (૨) પ્રરોહ; અંકુર. (૩) ખુંપરો.

ગરડવું, ક્રિ૦ અ૦ [સં. घर्ष्] ખેંચવું; તાણવું. (૨) ઘુંટવું. ક્રિ૦ સ૦ ગળામાંથી બોલવું; ઘુરકવું. ઉ૦ ગાયે ગીત ગરડી, અંગ મરડી અંગે અનંગ જગાડતી. પ્રેમા.

ગરડગાફ, (ગરડગપ) અ૦ ગરડ એવા અવાજ સાથે અંદર જતું રહેતું હોય તેમ. ગરડ ગરડ એમ થતાં થતાંમાં ઓચિંતું ગરડ દઈને અંદર જતું રહેતું હોય એમ; એકદમ; એકાએક.

ગરઢ, જુઓ ઘરઢ.

ગરઢું, જુઓ વૃદ્ધ.

ગરણી, સ્ત્રી૦ [સં. गल्] ઝીણાં કાણાંવાળી વાડકી; ગળણી.

ગરણીજી, સ્ત્રી૦ જૈન આર્યા; જૈન સ્ત્રીસાધુડી.

ગરણું, ન૦ પાણી વગેરે ગાળવાનું જે સાધન તે; ગાળવાનું કપડું; ગળણું.

ગરથ, જુઓ ગર્થ.

ગરદ, વિ૦ [फा.] સાંકડે આવી ગયેલું; ખૂબ ભચેલું; સંકીર્ણ.

ગરદન, સ્ત્રી૦ [फा.] ગળાનો પાછલો ભાગ; બોચી; ડોક. ક્રિ૦ પ્ર૦ ગરદનમારવું=જીવ લેવો; મારી નાંખવું. (૨) ઘણુંજ નુકસાન કરવું.

ગરદી, સ્ત્રી૦ [फा.] ગીરદી; ભીડ; ઠઠ; સંકીર્ણતા.

ગરદો, પું૦ તમાકુનાં પાદડાંનો ભુકો.

ગરનાળ, સ્ત્રી૦ છરાના ગોળા ભરવાની ખાંડણી જેવી તોપ.

ગરનાળું, ન૦ વરસાદનું પાણી જવા આવવાને માટે ઉઘાડવાસ થાય એવો જે બાંધેલો માર્ગ હોય તે; પાણી જવાનો જે સાંકડો નાનો અને બાંધેલો માર્ગ તે.

ગરબડ, જુઓ ગડબડ.

ગરબડવું, જુઓ ગડબડવું.

ગરબડસડબડ, સ્ત્રી૦ ઉધુંચતું; ગડબડગોટો.

ગરબડાટ, જુઓ ગડબડાટ.

ગરબી, સ્ત્રી૦ લહેકાવીને ગાવાનું પદ; દેશી. (૨) સ્ત્રીઓમાં ગવાતી એક જાતની દેશી કવિતા.

ગરબો, પું૦ મોટી ગરબી; લહેકાવીને ગાવાનો એક રાગ; રાસડો. (૨) ગાતાં ને તાળીઓ પાડતાં દીવા કે માંડવીની આસપાસ ફરવું તે. (૩) દેવી પ્રસાદન માટે માટલીને કાણાં પડાવી નવરાત્રી દરમિયાન તેમાં ચાલુ ઘીનો દીવો રાખી રાતે તેની પાછળ ગવડાવવાનું એક વ્રત તે. ક્રિ૦ પ્ર૦ ગરબો કોરાવવો–મંડાવવો. ઉ૦ ગરબે રમવાને ગોરી નીસર્યાંરે લોલ.

ગરભછાંટ, સ્ત્રી૦ છરા ભરેલો દારૂનો ગોળો. આ ગોળામાં પથરા, ખીલા, છરા વગેરે ભરી દારૂ ગડબેલો હોય છે. એ ગોળો ઉડીને જ્યાં પડે છે ત્યાં પાછો જોરથી ફાટે છે અને તેમાંના પેલા છરા ખીલા વગેરે ઉડી આસપાસ ઘણું નુકસાન કરે છે. આગલા વખતમાં ખાંડણીના આકારની તોપ મારફતે આવા ગરભછાંટના ગોળા દુશ્મનની સામે ફેંકવામાં આવતા અને તે જ્યાં જઈને ફાટતા ત્યાં ઘણું નુકસાન કરતા.

ગરમાવો, પું૦ ગરમી; ઉષ્ણતા; હુંફ.

ગરભ, જુઓ ગર્ભ.

ગરમ, વિ૦ [સં. घर्म] ઉનું; તપેલું; ઉષ્ણ. (૨) જલદ; તીખું. (૩) જોસમાં આવેલું. ક્રિ૦ પ્ર૦ ગરમ થવું=તપી જવું; ગુસ્સે થવું.

ગરમમસાલો, પું૦ મરી તજ અને લવિંગ વગેરે તેજાનાનો ભુકો. એ રસોઈની કેટલીક વાનીઓમાં નાંખવાના કામમાં આવે છે.

ગરમર, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ. એ અથાણાના કામમાં આવે છે.

ગરમાઈ, સ્ત્રી૦ ગરમી.

ગરમાઉ, વિ૦ ગરમ; ગરમી ઉત્પન્ન કરવાના ગુણવાળું.
ગરમાગરમ, વિ૦ ઉનુંઉનું; તરત ઉનું કરેલું.
ગરમાવો, પું૦ ગરમી.
ગરમાળો, પું૦ એક જાતની સિંગ; એક ઓષધિ.
ગરમી, સ્ત્રી૦ [फा.] ઉષ્ણતા; ઉનાશ; તાપ. (૨) તિખાશ. (૩) દાહ; ધામ; બફારો. (૪) તોર; જોર. (૫) ટાંકીપરમિયાનો રોગ.
ગરસું, ન૦ છાછરું તપેલી જેવું વાસણ.
ગરમેલ, સ્ત્રી૦ રુંવાંટીવાળો એક જાતનો નાનો છોડ. એના મૂળનું તથા એની ઉપરના ભાગનું અથાણું થાય છે. ગરમર.
ગરલ, ન૦ [सं.] ઝેર; વિષ.
ગરવ, જુઓ ગર્વ.
ગરવું, ક્રિ૦ અ૦ [सं. गृ—गॄ] પડવું; ખરી પડવું; ખરવું. (૨) અંદર પેસવું. (૩) વિ૦ ગંભીર; ગૌરવવાળું. ઉ૦ ગોખે ગરવાને ચઢી.
ગરાડ, વિ૦ મોટું. (૨) સ્ત્રી૦ ખાડો; ઢાળ; ચીલો.
ગરાડી, વિ૦ ઘણોજ વ્યસની; પી, પી કરનાર. (ભાંગ અફીણ ગાંજો વગેરે)
ગરાડો, પું૦ ઇમારતની દિવાલનો પાયો નાંખવા જે લાંબો ઊંડો ખાડો ખોદવામાં આવે છે તે.
ગરાસ, પું૦ [सं. ग्रास] ગુજરાનને માટે મળેલો જમીનનો જે ઇનામી કકડો તે. મુસલમાન લેખકો કહે છે કે પહેલાં ગામમાં થતી લુંટફાટ અટકાવવા માટે ભિલ, રજપુત કે એવાજ બીજા મારફાડિયા માણસોને શાંત રાખવા ગામમાંથી જમીનનો અમુક ભાગ કાઢી આપવામાં આવતો. એ જમીન તે રખેવાળીના બદલામાં ભોગવતો ને તે ગરાસ કહેવાતી. ભાટલોકોની વહી(ચોપડા) પ્રમાણે રાજ્યકર્તાના કુટુંબીઓને ગુજરાન માટે જે જમીન આપવામાં આવતી તે; ભાયાતો વગેરે સગાંને ગુજરાન માટે મળેલી જે જમીન તે. વડોદરાના રેસિડંટ મિ. મેલવીલ કહે છે કે ગરાસ શબ્દ કોળિયાના અર્થમાં વપરાય છે અને તે શબ્દ એવું બતાવે છે કે ' ગુજરાન. ' તે રાજ કુટુંબના મૂળ પુરુષના વંશજોને ગુજરાનને વાસ્તે જે જમીન મળેલી હોય તેવી જમીનને માટે વપરાય છે.
ગરાસણ—ણી, સ્ત્રી૦ ગરાસિયાની સ્ત્રી; ગરાસિયા જાતની સ્ત્રી. ઉ૦ કયી વહુ તે ગામની ગરાસણીરે. સ્ત્રીગીત.
ગરાસિયો, પું૦ ગરાસખાનારો રજપુત; જમીનદાર; રાજવંશી ભાયાત. રજપુતોને હિસ્સે આવેલી જમીનની ઉપજ ખાનાર; બીજા લોક પાસેથી કર લેનાર તથા થોડો ઘણો અમલ ચલાવનાર રજપુત તે.
ગરીબ, વિ૦ [अ.] નિર્ધન; પૈસા રહિત; દીન. (૨) કંગાલ; દરિદ્રી; બાપડું; દુઃખી. (૩) ભલું; સાલસ; સહનશીલ; ઠંડા સ્વભાવનું. ગરીબગુરબાં—ગુરબાં=કંગાલમાણસો. ભિખારીઓ; દુર્બળ અને દુઃખી.
ગરીબડું, વિ૦ ગરીબ.
ગરીબપરવર, વિ૦ [फा.] ગરીબની પર્વરચી કરનાર—સંભાળ લેનાર. મોટા અમલદાર કે ગૃહસ્થને માનાર્થે આ શબ્દ લગાડાય છે.
ગરીબાઈ, સ્ત્રી૦ ગરીબી.
ગરીબી, સ્ત્રી૦ નિર્ધનપણું; કંગાલિયત; દળદર; ભલાઈ; સાલસાઈ.
ગરિષ્ઠ, વિ૦ [सं.] ભારે; ઝટ ન પચી શકે એવું; સંગીન.
ગરુ, જુઓ ગુરુ.
ગરુડ, પું૦ [सं.] એક અતિ મોટું ને જબરું માંસાહારી પંખી. પંખીઓમાં એ સૌથી મોટો અને જોરાવર હોવાથી પક્ષીઓનો રાજા કહેવાય છે.
ગરુડપુરાણ, ન૦ [सं.] અઢાર પુરાણોમાંનું એક પુરાણ. આ પુરાણ મુએલા માણસની પાછળ વંચાવવામાં આવે છે.

ગરુડગામી, વિ૦ [સં. गामी=જનાર] ગરુડ ઉપર બેસીને જનાર; વિષ્ણુ.

ગરુડધ્વજ, વિ૦ જેની ધ્વજામાં ગરુડનું ચિહ્ન હોય તે.

ગરુડો, (ગરોડો) પું૦ ઢેડનો ગુરુ; અંત્યજ ગોર.

ગરુર, વિ૦ મગરૂર; અહંકારી; મિજાજી.

ગરુરી, સ્ત્રી૦ [અ.] ગર્વ; અહંકાર; મગરૂરી; પતરાજ; ગુમાન.

ગરુવું, જુઓ ગરવું.

ગરો, પું૦ ગરોડો; ઢેડનો ગોર.

ગરોડો, પું૦ જુઓ ગરો.

ગરોદર, વિ૦ [મ.] ભારેવાઈ; ગર્ભવંતી; દહાડાવાળી; હમેલદાર.

ગરોળી, સ્ત્રી૦ [સં. गृहालिका. દે. घरोली] મગધરની જાતનું બિલ્લસ જેવડું કે તેથી સહેજ નાનું ઘરની દિવાલો ઉપર ફરતું પ્રાણી; ઘરોળી.

ગર્ક, જુઓ ગરક.

ગર્ગ, પું૦ વૃષ્ણિકુળના ગુરુ. શ્રીકૃષ્ણને ચૂડાદિ સંસ્કાર કરાવનાર બ્રાહ્મણ. એમણે એક ગર્ગસંહિતા નામે પુસ્તક રચેલું છે.

ગર્જન, ન૦ [સં. गर्ज्] ગરજવું તે.

ગર્જના, સ્ત્રી૦ [સં. गर्ज्] વરસાદનું ગાજવું તે. (૨) સિંહનું તડુકવું તે. રૂ૦ પ્ર૦ સિંહ ગર્જના=મોટેથી તાડુકો કરવો તે; તાડુકો; મોટેથી હા ના કહેવી કે ઠપકો દેવો તે.

ગર્જિત, વિ૦ [સં.] ગાજી રહેલું; ગર્જના કરતું. ઉ૦ દસે દિશા ગર્જિત થઈ રહી હતી. (૨) બોલેલું; તાડુકેલું; કહેલું.

ગર્ત, સ્ત્રી૦ ખાડો; ખાણ.

ગર્થ, પું૦ નાણું; પુંજી; માયો; પૈસો. ઉ૦ ગર્થ હતો જે ગાંઠ, મૂરખ ખોઈ બેઠો માયા. ક. દ. ડા. કહે૦ ગર્થ ગાંઠે ને વિદ્યા પાઠે.

ગર્દ, સ્ત્રી૦ ઝીણી ધૂળ; રજ; રેણું; છિયાડી. ઉ૦ આ જુઓ ગર્દ ઉડે ઘણી, મહેલ થઇ ગયા મેલા.

ગર્દભ, પું૦ [સં.] ગધેડો.

ગર્દભી, સ્ત્રી૦ ગધેડી.

ગર્દવ, જુઓ ગર્દભ.

ગર્ભ, પું૦ [સં.] સ્ત્રી પુરુષ-નરમાદાના સંયોગ- યોગથી સ્ત્રી-માદાના ઉદરમાં જે જીવ રૂપે જન્મનાર પિંડ બંધાય છે તે; ગાભ; હમેલ. (૨) ગર; અંદરનો પોચો માવો; વૃક્ષ ને ફળ માંહેલો સુકુમાર ભાગ. (૩) ક્ષેત્ર.

ગર્ભધારણ, ન૦ [સં.] ગર્ભ ધારણ કરવો તે; ગર્ભ રહેવો તે.

ગર્ભપાત, પું૦ [સં.] ગર્ભનું પડવું તે; ગર્ભ પાડવો તે.

ગર્ભયાતના, સ્ત્રી૦ [સં.] ગર્ભને જે દુઃખ સહન કરવું પડે છે તે; ગર્ભવાસનું દુઃખ.

ગર્ભવંતી, સ્ત્રી૦ [સં.] ભારેવાઇ; હમેલદાર; દહાડાવાળી.

ગર્ભવાસ, પું૦ [સં.] ગર્ભનું ઉદરમાં રહેવું તે.

ગર્ભશ્રીમંત, વિ૦ [સં.] જન્મથી શ્રીમંત- પૈસાદાર હોય એવું; શ્રીમંતને ઘેર જન્મેલું.

ગર્ભસુતરું, વિ૦ જેની અંદર સુતરના તાર હોય એવું; અર્દ્ધ હીરાગળ.

ગર્ભસ્થાન, ન૦ [સં.] ગર્ભને રહેવાનું જે સ્થાન તે; ગર્ભાશય; કૂખની અંદરનો ભાગ.

ગર્ભસ્રાવ, પું૦ [સં.] ગર્ભનું ગળવું તે.

ગર્ભાધાન, [સં. आधान] ગર્ભનું મુકાવું તે; ગર્ભસ્થાનમાં બીજનું રોપાવું તે. (૨) એ નામનો એક સંસ્કાર.

ગર્ભાશય, ન૦ [સં. + आशय] ગર્ભસ્થાન.

ગર્ભિણી, વિ૦ [સં.] ગર્ભવંતી.

ગર્ભિત, વિ૦ [સં.] જેમાં બીજી વસ્તુ ઉંડાણે રહેલી હોય એવું; જેમાં અર્થ ભાવ વગેરે રહેલું હોય એવું.

ગર્વ, પું૦ [સં.] અભિમાન; અહંકાર; મગરૂરી; ગુમાન, પતરાજી; માન.

ગર્વિત, વિ૦ [સં.] ગર્વવાળું.

ગર્વિષ્ઠ, વિ૦ [સં.] અહંકારી; મગરૂર; અભિમાની.

ગર્વી, વિ૦ અહંકારી; અભિમાની.

ગર્હિત, વિ૦ નિંદ્ય; હલકું.

ગર્હ્ય, વિ૦ [સં.] નિંદવા જેવું; હલકું.

ગલ, પું૦ માછલાં પકડવાની આંકડી.(૨)ચલમમાં બળીને કોયલો થઇ ગયેલી ગડાકુની ગડી. (૩) બિલાડી; કુવામાંથી વસ્તુ કાઢવાની અંકોડીઓનો જથો (૪) સાપ; ગરોળી વગેરેની ઝેરી હગાર અથવા લાળ. (૫) લાંચ; લાલચ. (૬) ગુલબાસ.

ગલકી, સ્ત્રી૦ એક જાતનો શાકનો વેલો. એનાં ફળ ગલકાં કહેવાય છે.

ગલકું, ન૦ ગલકીનું ફળ. તુરિયાની જાતનું એક શાકફળ.

ગલગલિયાં, ન૦ [સં. गल्] ગલી; ગીલી; હાસ્ય.

ગલગોટો, પું૦ એક જાતનું ફૂલઝાડ.

ગલત, વિ૦ [અ.] પાયાવગરનું; અસત્ય; ખોટું; જુઠું; ઠામ ઠેકાણા વગરનું.

ગલધાણી, સ્ત્રી૦ ગોળ અને ધાણીની સુખડી; ધાણીની ગલપાપડી.

ગલંતિકા, સ્ત્રી૦ ગળતી.

ગલપાપડી, સ્ત્રી૦ સુખડી; ગોળપાપડી.

ગલબલ, અ૦ ગળામાં બોલાતું હોય એમ.

ગલબા, પું૦ [અ. घलबा] ફટાકા.

ગલબું, ન૦ ગપ; અફવા.

ગલબો, પું૦ અફવા.

ગલમેંદી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ; મોટી મેંદીનો છોડવો.

ગલહુતી, સ્ત્રી૦ ગોળ અને ઘી પાણી સાથે મેળવી તરત જન્મેલા બચ્ચાના મુખમાં મેલવાને બનાવેલું મિશ્રણ.

ગલાલ, ન૦ (ગુલાલ) એક જાતનું રાતું ચૂર્ણ; કેટલાંક કંદના લોટને પતંગના લાકડાંના ઉકાળામાં રંગી સૂકવી ચાળેથી ગલાલ બનેછે.

ગલાસ, પું૦ [અં. Glass] બિલોરી કાચનો પ્યાલો.

ગલી, સ્ત્રી૦ ધોરી રસ્તેથી જુદી પડી આડી અવળી થઇને જતી સાંકડી વાટ, શેરી તે; સાંકડી પોળ; ગલીકુંચી=આમ તેમ આડી-તેડી શેરીઓની વાટ તે. (૨) અજાણ્યા સ્પર્શથી ચામડીને થતી અસર; ચમક.

ગલીકુંચી, સ્ત્રી૦ આડાઅવળા અને સાંકડા ગલીઓમાંના-શેરીઓના માર્ગ તે.

ગલીચ, વિ૦ [અ.] ગંદું; મેલું; કચરાવાળું; ગંધાતું.

ગલીચી, સ્ત્રી૦ ગંદવાડ; ગંદકી.

ગલીચો, પું૦ [फा.] ગાલીચો; બુટ્ટાદાર ગુંથણીનું પથરણું.

ગલીપચી, સ્ત્રી૦ ગીલીગીલી.

ગલેફ, પું૦ [फा.] ગાદી તકિયા વગેરેની જે ખોલ તે; આચ્છાદન તે.

ગલેફી, સ્ત્રી૦ એક જાતનાં ભજિયાં.

ગલેફું, ન૦ ગાલની અંદરનો ભાગ તે; ગાલનો પોચો ગાભલા જેવો ભાગ.

ગલેલી, સ્ત્રી૦ તાડફળની અંદરનો કુમળો ગલ. એ લોકો ખાય છે.

ગલોલ, સ્ત્રી૦ જોતર જેવું દોરી અથવા ચામડાનું કાંકરા અથવા ગોળા ફેંકવાનું સાટ જેવું ગુંથણુ તે.

ગલોલો, પું૦ ગોળો; ગોળમટોળ; તાજો અને ભરેલો એવો ગોળો.

ગલ્લ, પું૦ [સં.] ગાલ.

ગલ્લકી, સ્ત્રી૦ ઓધ તરફની એક નદી. એમાં શાલગ્રામ થાય છે. ગંડકી.

ગલ્લાંતલ્લાં, અ૦ ગાંગાંતલ્લાં.

ગલ્લો, પું૦ [फा.] વેપારીનું પરચુરણ વકરાનું નાણું રાખવાનું પાત્ર; ખજાનો. વકરાના પૈસા રાખવાની પેટી અથવા માટી કે ધાતુ આદિનું વાસણ.

ગવન, ન૦ [અં. Gown] સ્ત્રીઓને પહેરવાનું સુતરાઉ ઝીણું છાપેલું કપડું; છાયલ. (૨) ગમન. નર્મ.

ગવડાવવું, ક્રિ૦ સ૦ ગાય તેમ કરવું; ગાવાની પ્રેરણા કરવી; ગાવા લાગવું; ગાવામાં મદદ કરવી. ગાવું ને ગાવા લાગવું. (૨) લોકમાં નિંદા થાય એમ વર્તવું અથવા કરવું; નિંદા કે ચર્ચા કરાવરાવવી.

ગવરી, જુ૦ ગૌરી. (૨) વિ૦ ગોરી; ધોળા અને સહેજ લાલ ધાબાવાળી. :–ગવરી ગાયનાં દૂધ.

ગવર્નર, પું૦ [અં. Governor] એકાદ મોટા પ્રાંતનો સુબો; હાકેમ; ઇલાકાનો વડો. :–મુંબાઇનો ગવર્નર.

ગવર્નરજનરલ, પું૦ [અં. Governor General] આખા દેશનો હાકેમ; વડો સુબો. હિંદુસ્તાનનો ગવર્નર જનરલ વળી વાઇસરાય પણ કહેવાય છે.

ગવલી, પું૦ [સં. गोपाल] ગોવાળિયો; ઢોર રાખનાર અને દૂધ દહિં વેચવાનો ધંધો કરનાર. (મુંબાઇમાં વપરાય છે)

ગવાક્ષ, ન૦ [સં.] જાળિયું; હવા અજવાળાને માટે દિવાલમાં રાખેલી નાની જાળીદાર બારી. ઉ૦ ગવાક્ષ માર્ગે હજી તો જતી હતી, કપોતવર્ણી ધૂમવેણી ધૂપની.

ગવાડવું, ક્રિ૦ સ૦ કોઇ ગાય તેમ કરવું; ગવડાવવું; ગાવા લાગવું.

ગવાનીક, ન૦ [સં. गवान्नम ગમાનક] ગૃહસ્થ ઘરમાં તૈયાર થયેલી રસોઇમાંથી ગાયને માટે જે ધાન જુદું કાઢવામાં આવે છે તે; ગોગ્રાસ.

ગવાર, (ગુવાર) પું૦ એક જાતના દ્વિદલ ધાન્યનો છોડ, તેની શિંગ તથા તેનાં બી. ગુવાર–ગવાર (કઠોળ) ઢોરને ખવડાવવાના કામમાં આવે છે.

ગવારફળી, સ્ત્રી૦ ગુવારની શિંગ.

ગવારશિંગ, સ્ત્રી૦ ગુવારની જે ચપટી શિંગો શાક તરીકે વપરાય છે તે.

ગવાવું, ક્રિ૦ અ૦ ગવાય તેમ થવું; ગાતાં ફાવવું. (૨) વગોણું થવું; નિંદાવું. ઉ૦ ઘણા દિવસની ગવાઉં છું જુઠી, તે આજ લઇએ લહાવો. દયારામ. ફજેત થવું; બેઆબરૂ થવી; ગામમાં નઠારી વાત ચાલે તેમ થવું. :–તે તો આજકાલ ગામમાં ખૂબ ગવાય છે. નર્મ.

ગવાહી, સ્ત્રી૦ [અ.] સાક્ષી; પુરાવો.

ગવાળો, પું૦ સારો નરસો તેમજ કામનો અને નકામો સરસામાનનો જથો; કપડાં તથા પરચુરણ સામાન રાખવા ભરવાનો કોથળો. :–ઘેલીનો ગવાળો; ઝોળણો.

ગવેહ, પું૦ ખાર; વેર; દ્વેષ.

ગવૈયો, પું૦ [સં. गायक] ગાયન કરનારો; ગાવા બજાવવાનો ધંધો કરનારો; ગાયક; ગંધર્વ.

ગવ્ય, ન૦ [સં.] ગાયનું છાણ.

ગસગસ, અ૦ ધસધસ.

ગસેડવું, જુ૦ ધસરડવું.

ગસ્ત, સ્ત્રી૦ [फा.] ચોકી; રખવાળી.

ગહન, વિ૦ [સં.] ન સમજાય ન પહોચી વળાય એવું મોટું; ઉંડું અને અઘરું હોય તે; બિયાબાન; ગંભીર.

ગહ્વર, ન૦ [સં.] પર્વતની અંદરની બખોલ; ગુફા; મોટો ઉંડો પહાડમાંનો ખાડો.

ગળ, સ્ત્રી૦ માછલાં પકડવાની આંકડી; અંકોડી; બડીશ.

ગળકેરી, સ્ત્રી૦ પુષ્કળ ગોળ નાંખીને બનાવેલું કેરીનું એક વાનીનું શાક; જેમાં ગળપણ નાંખેલું હોય એવું કેરીનું અથાણું.

ગળકો, પું૦ અમુક જાતના સ્વાદની લાલચ તે; ભાવ; રુચિ; આસ્વાદનની ઇચ્છા.

જિહ્વા સ્વાદ; જીભની લઘુતા; લળકો; ખાવાનો ઉત્સાહ; ગળ્યું ખાવાનું વ્યસન.

ગળગળવું, ક્રિ૦ અ૦ [સં. गद्गद्] ગળગળું થવું; ગળગળી જવું; ગદ્દગદ્દ થઈ જવું; ઢીલા થવું.

ગળગળું, વિ૦ નરમ; પોચું; ઢીલું; પાણી પાણી જેવું. (૨) ગરીબ; દીન; ગદ્દગદ્દ.

ગળગોટિયો, વિ૦ ગોળ; ગોળમટોળ.

ગળચકું, જુ૦ ગચકકું.

ગળચટું, વિ૦ સહેજ ગળપણવાળું હોય એવું; મીઠું; જરા ગળ્યું.

ગળચવાં, જુ૦ ગળચાં; ગમચાં.

ગળચવું, ક્રિ૦ અ૦ ખાવું; જમવું. (તુચ્છકારમાં) ખૂબ ખાવું; અકરાંતિયા થઈને ખાવું; ગળા લગી પેટ ભરવું.

ગળચવો, પું૦ પુરુષને ગળે પહેરવાનું સોનાના તારનું ગુંથેલું એસેરું એસતું ઘરેણું; ગળાને આવી રહે એવો ગુંથણીનો દાગીનો.

ગળચિયું, ન૦ ડૂબતા માણસના ગળાનું બહાર નીકળવું ને અંદર જવું તે; ડુબકાં ખાવાં તે. (૨) ગળચી; ગળાનો ભાગ. (૩) વિ૦ ગળા બરોબર પાણી આવે એવું. :—નદીમાં ગળચિયાં પાણી છે.

ગળચી, સ્ત્રી૦ ગળાનો પાછલો ભાગ; ગરદન; ડોકી; ગળું.

ગળણી, સ્ત્રી૦ [સં. गल्] પાણી દૂધ વગેરે પ્રવાહી ગળવાનું ઝીણાં કાણાંવાળું પાત્ર; ગળવાનું જે સાધન તે; ગળણું.

ગળણું, (ગયણું) ન૦ પાણી વગેરે પ્રવાહી ગળવાનું કપડું; ગાળવાનું સાધન.

ગળત, વિ૦ [સં. गल्] નાપાયાદાર; પાયા વગરનું; ખોટું; અસત્ય. (૨) ગળતું; ગળ્યા કરે એવું; ગલંત. :—ગળત કોઢ.

ગળતકોઢ, પું૦ [સં. गलित+कुष्ठ] હાથ પગનાં આંગળાં ને ખુટ વગેરે સડીસડીને ગરી પડતાં જાય એવો એક ભયંકર ચેપીરોગ; પત; શરીર અને અવયવોને સડાવી ગાળી નાખનારો કુષ્ઠરોગ.

ગળતી, સ્ત્રી૦ [સં. गलंतिका] જેમાંથી ધીરે ધીરે ઝીણી ધારે પાણી ટપક્યા કરે એવા છિદ્રવાળી ઝારી; મહાદેવ ઉપર પાણી ગળતું રાખવાનું પાત્ર.

ગળથુથી, સ્ત્રી૦ તરત જન્મેલા બાળકને ટોવા માટે ગોળ, ઘી અને પાણી વગેરે એકઠાં કરીને બનાવેલું પેય; ગળથુલી.

ગળપણ, ન૦ ગોળ ખાંડમાંનો જે મીઠો સ્વાદ ગુણ તે; મિઠાશ; ગળ્યો સ્વાદ. (૨) જેમાં મિઠાશ હોય એવી ચીજ. :—ગોળ, ખાંડ. :—જેવું ગળપણ ઘાલીએ તેવું ગળ્યું થાય.

ગળફો, પું૦ ખોંખારવાથી છાતી અને ગળામાંથી જે શ્લેષ્મ છુટું પડી મુખવાટે નાના લોંદા રૂપે બહાર પડે છે તે; બલગમ; બળખો.

ગળમાણું, ન૦ (ગળવાણું) ઘઉંના લોટને શેકી તેમાં ગળ્યું પાણી નાંખી ઉકાળીને બનાવેલું પેય; ગળવાણું. ઉ૦ ગળમાણું ને ગોળ, રૂડી આરોગો રસરોટલીરે, ઠાકોર મારા ઠીક. થાળ.

ગળધરી, સ્ત્રી૦ અજીર્ણ વિકારથી અન્નનળમાં જે ચરચરાટ—બળતરા થાય છે તે; અન્નનળની બળતરા; પિત્ત વિકારની તિખાશની ગળામાં થતી અસર.

ગળધાઇ, સ્ત્રી૦ ગળધરી.

ગળપટ્ટો, પું૦ ગળે વિંટવાનો ઉનનો ગુંથેલો પટ્ટો; ગળે વિંટાળવાનું ગુંથેલું ગરમ કપડું.

ગળવું, ક્રિ૦ અ૦ [સં. गल्] પ્રવાહીનું કોઇ પાત્ર કે વસ્તુમાંથી છિદ્રદ્વારા બહાર નીકળવું; ચૂવું; નીતરવું; ટપકવું. :—તપેલામાંથી પાણી ગળે છે, છાપરું ગળે છે. (૨) ઢીલું થવું; પાકવું. :—આંબા ગળવા માંડયા છે. (૩) હવા, પાણી અથવા તાપથી એકરસ થઈ જવું; ઓગળવું; પ્રવાહી થવું. :—ચોમાસામાં મીઠું ગળે છે, પાણીમાં સાકર ગળે છે, અને

તાપમાં સીસું ગળે છે. (૪) બફાવું; ચઢી જવું. :—આ દાળ થોડાજ વખતમાં ગળે છે. (૫) તવાઈ જવું; ઉતરી જવું; સુકાઈ જવું. :—આ છોકરો બહુ ગળી ગયો. (૬) અંદરને અંદર વિકારનું વિખરાઇ જવું. (૭) ફળવું. ક્રિ૦ સ૦ આખુંને આખું ગળે ઉતારવું. :—હું એક ગોળી ગળું છું. સાપ ઉંદરને ગળી ગયો. (૨) શુદ્ધ કરવું; મળ અથવા કચરારહિત કરવું. :—પાણી ગળવું; ગાળવું. (૩) મૌન રહેવું; ચૂપ રહેવું; ઉત્તર નહિ આપવો. :-તે વાત ગળી ગયો. રૂ૦ પ્ર૦ ગળતીગોદડીએ=પરવાર્યા પહેલાં; અધવચ.

ગળામણ, ન૦ ગળવાની મજુરી; ગળવાનું લવાજમ. :—ટાંકું ગળામણ આપવું પડશે. તોલે દોઢિયું ગળામણ બેસશે પણ સોનું સાફ ચોકખું થશે. (૨) ગળ્યાનો કચરો; ગળતાં જે કંઇ નીકળ્યું હોય તે.

ગળામણી, જુ૦ ગળામણ.

ગળાવું, ક્રિ૦ અ૦ ધાતુનું તાપ લાગવાથી રસરૂપ થવું; પ્રવાહી થવું. (૨) સુકાઇ જવું; ઘસાવું; ઓછું થઇ જવું. (૩) ગાળ્યું હોય અથવા ગાળી શકાય એવું થવું.

ગળી, સ્ત્રી૦ કંઠ; અવાજ; સૂર. :—એની ગળી બહુ સારી છે.

ગળી, સ્ત્રી૦ (સં. નીલી] એક જાતની વનસ્પતિ. એ વનસ્પતિમાંથી નીકળતું સત્ત્વ; રંગ. ગળીના નાના નાના છોડ થાય છે. તેને કાપી એક મોટા કુંડમાં બુડાડી મૂકવાથી કહોઇને તેનો રસ પાણીમાં ઉતરે છે. છોડનાં ડાંખળાં પાણીમાંથી કાઢી નાંખી રગડા જેવા પાણીને ખૂબ વલોવી ઠરવા દેતાં નીચે ઘેરા આસમાની રંગનાં ખડબાં બાઝે છે. કુંડમાંથી નીતરેલું પાણી કાઢી નાંખી રંગની ગોળીઓ વળાય છે. તે રંગાટીના કામમાં આવે છે.

ગળિયારો, પું૦ ગળીથી કપડાં રંગનારો.

ગળિયું, વિ૦ [સં. गालित] ગળી ગયેલું; ઢીલું; નિર્માલ્ય; જેના પગમાં શક્તિ ન હોય એવું: અશક્તિ સ્વભાવ રૂપ થઇ જવાથી કાયર થઇ ગયેલું. :—ગળિયો બળદ.

ગળિયેલ, વિ૦ ગળીવાળું; ગળીના રંગનું;નીલું.

ગળિયો, પું૦ કાંટાનો જથો; ઉપાડો; ભારો. (૨) કચરાનો ગારનો લોચો કે પિંડ. :—કુંભારે ચાકપર ગળિયો ચઢાવ્યો. નર્મ.

ગળું, ન૦ [સં. गृ, गल्] ધડ અને મસ્તકની વચ્ચેનો અવયવ; બે ખભાની વચ્ચમાં આવેલો અને જેની ઉપર અથવા જેને આધારે મસ્તક રહેલું છે તે શરીરનો એક ભાગ; કંઠ; કોટ; ગરદન. (૨) મુખ અને નાસિકાદ્વારા અન્ન, પાણી અને પવનને શરીરની અંદર જવા આવવાનો નળ, માર્ગ; મુખની અંદરની બારીનો નળ તે. (૩) સાદ; અવાજ; સૂર. :—એનું ગળું બહુ સારું છે. ક્રિ૦ પ્ર૦ ગળું પડવું=આંચકાથી કે ખેંચાયાથી છોકરાંને થતું એક દરદ. ગળે પડવું=આળ ચઢાવવું; તહોમત મૂકવું; સામા બાઝી પડવું. કોઇ કામ કાઢી લેવાને બાઝી પડવું; બથાવી પડવું; પારકું તે પોતાનું હોવાનો દાવો કરવો. ગળે ઘાલવું=બીજાને માથે નાંખી દેવું; સોંપવું; ઓઢાડી દેવું; જવાબદારી કોઇને માથે નાંખવી. (૨) ગળામાં મારવું; ઘોચવું. ગળકટ્ટો=ગળાં કાપનાર; ઠગ; વિશ્વાસઘાતી; કસાઈ; જલાદ. ગળાંકાપુ=વિશ્વાસઘાતી. ગળું કરવું=છોકરાંના ગળામાં થયેલા દુઃખને–ગળું પડવાથી કાકડો વળી ગયો હોય તેને આંગળી નાંખી ઠીક કરવો. ગળાંફાંસુ=ખૂની; ગળે ફાંસો ભેરવી મારી નાંખે એવું. ગળે હાથ નાંખવો=આલિંગન કરવા જવું. ગળે હાથ મૂકવો=ગળાના સોગન ખાવા. ગળું પકડવું=ખાતાં–ભોગવતાં અટકાવવું. ગળે ઉત-

રવું=ઠસવું; ધ્યાનમાં આવવું; પસંદ પડવું; ખાતરી થવી. ગળે ટાંટિયા ભરવવા=સામાને બાઝી પડવું; જોખમદારી નાંખવી. ગળે ટાંટિયા આવવા=ગુંચવાઇ જવું; મુશ્કેલીમાં આવી પડવું. ગળે બંધાવું=પોતાને માથે લેવું; જોખમદારી વહોરવી. ગળામાં જીભ ઘાલવી=મૌન રહેવું; બોલ બોલ નહિ કરવું; મુંગા રહેવું. ગળે વળગાડવું-કોઇની ઉપર નાંખી દેવું. ગળે જોતરું ઘાલવું=જોખમદારી આપવી. ગળું બેસી જવું=ગાવાથી, રોવાથી અથવા શોષથી અવાજ નહિ નીકળવો. ગળું આવી જવું=ગળામાં સોજો થઇ આવવો. ગળે નખ મારવો=ગુંગળાવીને મારી નાંખવું. ઉ૦ એને ગળે નખ મારતાં, મારા ધ્રૂજિયા હાથ, હત્યાની કરનારી હું નથી. ગળે ઝલાવું=મુશ્કેલીમાં આવી પડવું; ન ખસી જવાય એવી સ્થિતિમાં આવવું; પકડાઇ જવું. ગળે છરી મૂકવી=કોઇ માર્યું જાય તેમ કરવું; કોઇને નુકસાનમાં ઉતારવું; મુશ્કેલીમાં કે હાનિમાં ઉતારી દેવું. ગળેફાંસો આવવો=મુશ્કેલીમાં આવી પડવું. ગળું કાપવું=દગો દેવો.

ગળેટૂંપો, પું૦ ગળેફાંસો.

ગળેપડુ, વિ૦ ગળે પડે એવું; પૂછવા જતાં પૂછનારનેજ બાઝી પડે એવું.

ગળેલું, વિ૦ ગળ્યું હોય એવું; સ્વચ્છ; ચોકખું; જેમાંથી કચરો કાઢી નાંખ્યો હોય એવું. (૨) પાકેલું; ઢીલું થયેલું. (૩) એક રસ થયેલું; ગલિત.

ગળો, સ્ત્રી૦ [સં. गलू] એક જાતની કડવા સ્વાદની વેલ; કડવી લતા-વનસ્પતિ. દેશી વૈદકમાં બહુજ અગત્યની વનસ્પતિ છે. એને મથી તેમાંથી કિવનિન જેવું કડવું સત્ત્વ કાઢવામાં આવે છે. ગળોસત્ત્વ.

ગળ્યું, વિ૦ જેમાં ગળપણ હોય એવું; મીઠું; મિઠાશદાર; ગોળ સાકરના જેવા સ્વાદવાળું; મધુર. :-આ કેરી બહુ ગળી છે. કહે૦ ગળ્યું ગળ્યું ખાય તે વૈદ પાસે જાય. ગળ્યું લાગ્યું આલ, અને મામાને ઘેર ચાલ.

ગા, સ્ત્રી૦ [સં. गौ] ગાય. ભરવાડ રબારી લોકો 'ગા' કહે છે.

ગાઈ, સ્ત્રી૦ ગાય.

ગાઉ, પું૦ [સં. गव्यूति] અમુક અંતરનું માપ; કોસ; દોઢ કે પોણા બે માઇલનું અંતર તે.

ગાગર, સ્ત્રી૦ [સં. गर्गरी] સાંકડા મોંનું માટી કે તાંબા પીતળનું પાણીવાસણ; ગગરાથી મોટું પાણીવાસણ; અમુક ઘાટનો ઘડો.

ગાગરડી, સ્ત્રી૦ નાની ગાગર. (કવિતામાં).

ગાગરબેડિયું, ન૦ ઉપરા ઉપરી ચઢાવેલી બે ત્રણ ગાગરોની ઉતરડ; બેડું. (૨) ઉપરા ઉપરી ચઢાવી મૂકેલી કોઇપણ વસ્તુની ઉતરડ; શિંકી. ગાગરબેડિયાની માનતા=માતાને વધામણું દેવાની એક રીત.

ગાગેર, જુ૦ ગાગર.

ગાજ, ન૦ એક જાતનું કપડું. રેશમી અને સુતરાઉ બેઉ જાતનું. (૨) બોરિયું ઘાલવાનું કિનારીએ ઓટેલું બાકું; ગુંથીને બનાવેલું બુટનનું નાકું.

ગાજર, ન૦ [સં. गर्जु] ગુજરડા જેવું એક જાતનું શકરકંદ; રાતડિયું. કહે૦ ગાજરની પીપુડી વાગી તો વાગી નહિ તો કરડી ખાધી=સફળ થયું કિંવા નિષ્ફળ ગયું તો પણ ફાયદાકારક હોય એવા કામને માટે આ કહેવત વપરાય છે, અર્થાત્ ગાજરની પીપુડી કરી અને વાગી તો જાણે પીપુડી થઇ અને ન વાગી તો ખાવાના ઉપયોગમાં આવી, એટલે કે, એકે રીતે નકામી પડી નહિ. ગાજરિયું તાણવું અથવા ખેંચવું=મોટું ઉભું ટીલું કરવું. તુચ્છ લાભના અર્થમાં પણ 'ગાજર' વપરાય છે. :-એમાં શું મળવાનું છે ? ગાજર.

ગાજરિયો, પું૦ કપાળમાં ગાજર—ગુજરડા જેવું જે ટીલું કરવામાં આવે છે તે. :—વહેવાઇને ગાજરિયો કાઢો. નર્મ.

ગાજવીજ, સ્ત્રી૦ [सं. गर्ज्+विद्युत] ગર્જના અને વીજળીઓ થવી તે; વરસાદનું ગાજવું અને વીજળીઓ થવી તે.: આજે તો ગાજવીજ સાથે ખૂબ વરસાદ પડયો. (૨) ખૂબ ધામધૂમ કરવી તે.

ગાજવું, ક્રિ૦ અ૦ આકાશમાં ગડગડાટ થવો; ગર્જવું. (૨) ગર્જના થવી; તડુકવું (સિંહાદિકનું) (૩) મોટું નામ કરવું. (૪) અવાજ થવો; વાગવું. :-મંદિરમાં નોબત ગાજે છે. (૫) મોટેથી બોલવું; ઠપકો આપવો. :—તે તો બહુ ગાજ્યો. (૬) ધામધુમ કરવી; ફુલાવું; વૈભવ દેખાડવો. ઉ૦ વીરો ક્યાંરે ગાજ્યો ને ક્યાંરે ગડગડયો, ક્યાં વરસ્યો અશાડો મેઘ. સ્ત્રીગીત. વહાલાજી હું તો તમારા બળથી ઘણી ગાજું. (૭) તુમાખીમાં રહેવું. રૂ૦ પ્ર૦ ગાજતું વાજતું=છાનુંમાનું નહિ એવું; સશબ્દ; ગર્જના કરતું અને વાજિંત્રો વગાડતું; ચાહન; જાહેર. કહે૦ ગાજતુંવાજતું સૌ માંડવે આવશે=એની મેળે જાહેર થશે. ગાજંતા મેહ વરસે નહિ અને ભસતા કુત્તા કાટે નહિ=બોલનારો કરતો નથી, પરંતુ નહિ બોલનારો કરી બતાવે છે. ગાજે તેનું વાજે=બોલતાનાં બોર વેચાય.

ગાઠવું, ક્રિ૦ અ૦ ઠગાવું. ઉ૦ દમયંતી કહે ઉઠી કાં ન નાઠો, અસ્યા ગરવો થઇશું ગાઠયો. (૨) ઘસાવું; ઘસાઇ જવું.

ગાઠું, વિ૦ ઘસાયેલું; નબળું પડી ગયેલું. ઉ૦ પૂંઠ નાગેન્દ્રની ત્યાં ગાઠીરે. પ્રેમાનંદ. (૨) ઓછું; આછું.

ગાઠેલું, વિ૦ ઘસાયેલું :—ગાઠેલા પૈસા.

ગાડદી, પું૦ [અં. Guard] સિપાઇ; સૈનિક; કિલ્લાની રક્ષા કરનારો સૈનિક સિપાઇ; પહેરેગીર.

ગાડર, ન૦ [सं. गड्डर दे. गड्डरी.] ઘેટું; મેઢું.

ગાડરિયું, વિ૦ ગાડરના જેવું; ગાડર જેવા સ્વભાવનું. રૂ૦ પ્ર૦ ગાડરની માફક એક એકને પગલે વગર વિચારે ચાલ્યા જવું તે; એકકે કર્યું તેમજ બીજાએ વિચાર કર્યા વગર કરવાની રીત; એકએકની પાછળ જવું તે; અંધશ્રદ્ધાનુકરણ.

ગાડરું, ન૦ ગાડર; ઘેટું.

ગાડલું, ન૦ ગાડું. (કાઠિયાવાડ)

ગાડવું, ક્રિ૦ સ૦ દાટવું; ખોદીઘાલવું; જમીનની અંદર ખાડો કરી તેમાં મૂકવું.

ગાડવો, પું૦ [सं. घट] માટીનું નાના સાંકડા મોંનું ઘડા જેવું ગોળ વાસણ (ઘી ભરવાનું.) રૂ૦ પ્ર૦ ઘીનો ગાડવો=બહુજ પ્રિય. :—ફીકો મળ્યો એટલે એને તો જાણે ઘીનો ગાડવો મળ્યો. બહુ મોંઘું. ગાડવાનું ઘી=ચોકખું ગામડાનું ઘી.

ગાડી, સ્ત્રી૦ [सं. गम् गंत्री दे. गड्डी] બે અથવા ચાર પૈડાંનું પૈડાંના ગડગડવાથી જમીન ઉપર ચાલતું યાન; પૈડાંના ફરવાથી ચાલતું કોઇ પણ જાતનું નાનું અથવા મોટું યાન, ડમણી; રેકલો; નાનું ગાડું; ચારઠ; બગી; સગરામ; વગેરે જાતજાતની ગાડીઓ થાય છે. (૨) રેલવે આગગાડી; બળદગાડી; ઘોડાગાડી; ઉંટગાડી. કહે૦ ચાલે તેને કહે ગાડી, એવી ગુજરાત ગાંડી. ગાડી દેખી પગ થાકે=સાધન હોય તો સુખાભિલાષ થાય. ગાડી વાડી ને લાડી ત્રણે છે અર્થાત્ સર્વ વૈભવ છે.

ગાડીઘોડો, પું૦ ગાડી અને ઘોડો; વાહનનું સાધન. :—એ હજી ગાડીઘોડો રાખતા નથી. એમને ત્યાં હજી વાહનનું સાધન નથી.

ગાડીત, પું૦ ગાડી હાંકનારો; ગાડીવાન.

ગાડીવાન, પું૦ ગાડીત; ગાડી હાંકનાર. કહે૦ ગધ્ધોને ગાડીવાન સરખા.=ગાડીવાન પણ

ગધેડા જેવો મૂર્ખ અને હઠીલો હોય છે, એવા અર્થમાં વપરાય છે.

ગાડું, ન૦ [સં. गन्त्री દે૦ गड्डी] માણસોને બેસવા માટે, ખેતીના કામ માટે અને સરસામાન ભરવા માટે ઉપયોગમાં આવતી જાડી બાંધણીની ગાડી; ખટારો. રૂ૦ પ્ર૦ ગાડુંગરીડું=ગાડું અને તેવુંજ બીજું કોઇ જાતનું યાન. ક્રિ૦ પ્ર૦ ગાડું ચલાવવું–હાંકવું=જેમ તેમ કરીને કામ ચલાવવું; ધીરજથી વહેવાર ચાલુ રાખવો. ગાડેગાડાં=પુષ્કળ; બહુજ. ગાડાવાટ=રાજમાર્ગ. ગાડે બેસીને આવવું=જાહેર ખુલ્લીરીતે આવવું.

ગાઢ, વિ૦ [સં.] જાડું; ઘણું; વધારે; ઘટ; અત્યંત. :– ગાઢપ્રીતિ; ગાઢઅંધારું. (૨) પુષ્કળ; સજડ; ભર; ઘોર. :–ગાઢનિદ્રા.

ગાઢું, વિ૦ ગાઢ; અતિ પ્રસંગવાળું; બહુજ.

ગાણું, ન૦ [સં. गान] ગીત; ગાયન; ગાન. ઉ૦ ગાણુંને ગાતાંરે વાહણું વહી ગયું.

ગાંડીવ, ન૦ [સં. गांडीव] અર્જુનનું ધનુષ.

ગાત, ન૦ [સં. गात्र] ગાત્ર; અંગ; શરીર. ઉ૦ શ્રવણુ મન કરે ગુહ્ય વાત, દરસે પરસે નારી ગાત. નિષ્કુલાનંદ.

ગાતડી, સ્ત્રી૦ છાતી અને બરડો ઢંકાય એમ ઓડસોડીએ શરીર ઉપર કપડું બાંધવું તે; ઘાટડી.

ગાતર, ન૦ [સં. गात्र] ગાત્ર; અંગ; શરીર. (૨) શરીરના જુદા જુદા માંસલ વિભાગો તે. ક્રિ૦ પ્ર૦ ગાતર ગળે=ગાત્ર શોષાઈ જાય. ગાતર નમાવીને કામ કરવું–ગાતર ભાગવાં=શ્રમ લઇને કામ કરવું; મહેનત કરવી.

ગાત્ર, ન૦ [સં.] અંગ; શરીરના ભાગ; અવયવ; શરીરના માંસલ ભાગ.

ગાથા, સ્ત્રી૦ [સં.] એક જાતની જુની કાવ્ય રચના; ગીતિ; સાદી ઇબારતની કાવ્યમાં લખેલી જુની વાર્તા; ઇશ્કની કહાણી. ગાથાશાસ્ત્ર=પૌરાણિક કથાવિજ્ઞાન; પૌરાણિક કથા; દેવતાઈ કથાઓ. ઉ૦ એક ચિત્તે સાંભળ બાઇ, ગાથા અત્રિની સુખદાઇ. પ્રેમાનંદ. કવિતામાં લખાયેલી પ્રાચીન કથા.

ગાદલું, ન૦ [સં. गद्दुल] ખુબ રૂથી ભરેલું, જાડું અને પોચું ગોદડું.

ગાદી, સ્ત્રી૦ ગાદલું નાંખી બનાવેલી બેઠક; બેસવા આઢેલવાની સોઇવાળી બેઠક; આસન; તખ્ત; સિંહાસન; રાજપાટ.

ગાદીતકિયો, પું૦ બેસવાને ગાદી અને આઢેલવાને તકિયાવાળું આસન. (૨) ધન ધાન્યથી પૂર્ણ સુખસ્થિતિ; શેઠાઈ; ધનાઢ્યતા. રૂ૦ પ્ર૦ ગાદીતકિયો અથવા દોરીલોટો=વેપારરોજગારમાં યાહોમ કરવા માટે વપરાય છે. એવું સાહસ કે જેમાંથી કાં તો શેઠાઈ મળે કે કાં તો દેશપરદેશ ફરવું પડે.

ગાદીપતિ, પું૦ ગાદીનો ધણી; રાજા; મહંત; ઉપરી; શેઠ. (૨) વારસઃ–કાલુભાજ ગાદીપતિ છે.

ગાન્ધર્વ, પું૦ [સં.] ગાયન કરનારો; ગવૈયો; ગવૈયાની એક જાત. (૨) વિ૦ ગન્ધર્વનું કે તેને લગતું. (૩) વિવાહનો એક પ્રકાર. જેમાં વરકન્યા પોતે પોતાની મેળે એકઠાં થાય તે વિવાહ. ગાંધર્વવેદ=ગાયનકળાની વિદ્યા.

ગાન્ધાર, પું૦ [સં.] એક દેશનું નામ. (૨) એક રાગનું–સૂરનું નામ.

ગાન્ધારી, સ્ત્રી૦ [સં.] ગાન્ધાર દેશના રાજાની કુંવરી; કૌરવોની માતા. આ રાણીએ પોતાનો પતિ (ધૃતરાષ્ટ્ર) જન્મથી આંધળો હોવાને લીધે પોતે પણ આંખે પાટા બાંધી આખો જન્મારો અંધાપો વેઠયો હતો.

ગાફેલ, વિ૦ [अ.] બેખબર; અસાવધ; અનવધાની; અલક્ષ. ક્રિ૦ પ્ર૦ ગાફેલ રહેવું=અનવધાની રહેવું; લક્ષ નહિ રાખવું; સોસળા રહેવું.

ગાબડી, સ્ત્રી૦ નાનું ગાબડું; નાનું કાણું; પતરી અથવા ફોતરી ઉખડવાથી સપાટી ઉપર પડેલો છાછરો ખાડો. (૨) એકાએક કોઇ બહાનું કાઢી નાસી જવું તે; એકાએક સામો માણસ જાણે નહિ તેમ ગુમ થવું તે; ગેરહાજર રહી જવું તે. :—ગાબડી મારી ગયા.

ગાબડું, ન૦ ભિંત અથવા પાટિયાની સપાટી ઉપર પડેલું બાકોરું; મોટું કાણું; ખાડો; છિદ્ર. વહાણમાં ગાબડું પડયું તેથી ફુવારાની માફક અંદર પાણી ભરાવા માંડયું. (૨) સટકી જવું તે; ગેરહાજર રહી જવું તે. ક્રિ૦પ્ર૦ ગાબડું પૂરવું=નુકસાન વાળીઆપવું.

ગાભ, પું૦ [સં. गर्भ] ગર્ભ. ઉ૦ આભ ગાભ ને રોતાં બાળ. આ શબ્દ પશુની માદાના ગર્ભ માટે બહુધા વપરાય છે.

ગાભણી, વિ૦ [સં. गर्भिणी] ગર્ભવાળી; જેને ગર્ભ રહેલો હોય એવી; સગર્ભાવસ્થાવાળી પશુની માદા.

ગાભરવું, ક્રિ૦ અ૦ ગભરાવું; બીવું; ભયભીત થવું; કંઇ સૂઝે નહિ એવી સ્થિતિમાં પડી જવું; બહેબાકળા થઈ જવું.

ગાભરું, વિ૦ ગભરાટવાળું; કંઇ સૂઝ પડે નહિ એવી સ્થિતિમાં પડેલું; બહેબાકળું; અકળાયેલું; ગુંચવાયેલું; શાંત ચિત્ત ન હોય એવું.

ગાભલું, ન૦ [સં. गर्भ] ગર્ભના સુકોમળ ખંડ જેવું નાજુક; પોચું અને ભરેલું એવું જે તે; ખંડ; ભાગ; કકડો; ગાભો. (૨) વાદળાનો જથો.

ગાભાચુંથા, પું૦ કકડે કકડા થઇ ગયેલા અને ચુંથાયેલાં કપડાંના કાપલા તે; કપડાંના મેલા ડૂચા; કાગળ કે કપડાંનો નકામો ફાટયો તૂટયો જથો.

ગાભો, પું૦ ફાટેલો તૂટેલો અને મેલો કપડાનો કકડો: ચુંથરું: પાઘડીમાં ઘાલવાનું ઓતાનું; કપડાનો કકડો. (૨) મઢેલાં ઘરેણાંમાં જે તાંબા અથવા ચાંદીનો તેજ ઘાટનો ઢાળિયો નાંખવામાં આવે છે તે. (૩) ગર; ડુચો; ક્રિ૦ પ્ર૦ ગાભેગાભા કાઢી નાંખવા=કકડે કકડા થઇને ઉડી જાય એમ કરવું. અભિમાન ઉતરી જાય તેમ સંપૂર્ણ હરાવવું; મહાત કરવું.

ગામ, ન૦ [સં. ग्राम] જ્યાં કેટલાંક ઘર અને થોડીક વસ્તી હોય એવું ઠેકાણું; માણસોનું નાનું વસ્તીસ્થાન; ગામડું; ખેડ. કહે૦ ગામમાં પેઠાના સાંસા ને પટેલને ઘેર ઉનાં પાણી. જે ગામ જવું નહિ તેનું નામ શું? ગામ વચ્ચે રહીને ઘર કેમ બળાય? ગામ ગયું સૂતું જાગે. ગામ ગાંડું કરવું. ગામ માથે કરવું. ગામનો ઉતાર. ગામ ગામનાં પાણી પીવાં. ગામ જેવી દિવાળી.

ગામગરાસ, પું૦ [સં. ग्रामग्रास] ગામ અને ગરાસ તે; ગામ જમીન અને તેના ભોગવટાનો હક તથા સ્વામિત્વ તે; રાજાએ સેવાના બદલામાં, સૈનિક નોકરી માટે આપેલી જમીન. ગામની આવક રૂપી આજીવિકા તે.

ગામગોર, પું૦ [સં. ग्रामगुरु] ગામોટ; ગામનો પુરોહિત;ગામનું ધાર્મિક કામકાજ કરાવનારો બ્રાહ્મણ.

ગામઠી, વિ૦ [સં. ग्रामस्थ] ગામડાનું તે; જાડું; અસંસ્કૃત; દેશી; ગામને લગતું. :— ગામઠી નિશાળ.

ગામડિયું, વિ૦ ગામડાની રીતભાતનું; ગામડાનું હોય એવું; અસંસ્કૃત; નહિ સુધરેલું; સાદું.

ગામડિયો, પું૦ ગામડાનો રહેવાસી; રાંચો; રાભો; અનાગરિકજન.

ગામડી, સ્ત્રી૦ નાનું ગામડું. (તિરસ્કારમાં)

ગામડું, ન૦ નાનું ગામ.

ગ્રામદેવી, સ્ત્રી૦ [सं. ग्रामदेवता] ગામનું રક્ષણ કરનારી જે દેવતા કે શક્તિ હોય તે; ગ્રામદેવતા.

ગામપંચ, ન૦ ગામના આગેવાનોનું મંડળ તે.

ગામવછો, પું૦ [सं. ग्रामविपत्ति] ગામથી જુદા પડવું તે; ગામત્યાગનું દુઃખ; ગામનો વિયોગ.

ગામસારણી, સ્ત્રી૦ [सं. ग्रामसारणी.] આખા ગામને ભોજન આપીને સરભરા કરવી તે; ગામનું-તેરતાંસળીનું જમણ તે; શંભુમેળો.

ગામી, વિ૦ ગામવાળો; જેને ઘેર ગામગરાસ હોય એવો; ગામધણી. ઉ૦ ગામી નામી ને મહીપતિ, નારને વશ વર્તી રહે. શામળ. (૨) વિ૦ જનાર=ક્ષેત્રગામી ગુરુતલ્પગામી.

ગામેતી, પું૦ ગામનું રક્ષણ કરનાર; ગામનો કોટવાળ. (૨) ગામધણી.

ગામોટ, પું૦ ગામગોર; ગામના શૂદ્રાદિક લોકને શુભાશુભ કર્મ કરાવનાર; ગામનું ધાર્મિક કામકાજ કરનાર.

ગામોટું, ન૦ ગામના ગોર તરીકે તમામ લોકોનું ધર્મ સંબંધી તેમજ બીજું કામકાજ કરવું તે; ગામોટપણું. ઉ૦ અલ્યા ગોર, તમે ગામોટાને જાણો સળો, તો તો ગોરપદું જાણો, તમે ઘૃતમાં તળો. વીરજી.

ગામોતર, પું૦ [सं. ग्रामअउत्+तॄ.] ગામનો બહારવટિયો; ગામમાંથી નારાજ થઈને નીકળી પડેલો.

ગામોતરું, ન૦ (सं. ग्रामान्तर) ગામ તજી જવું તે; પરદેશ ફર્યા કરવું તે: ગામનો • ત્યાગ કરીને જતા રહેવું તે; વિવાસન; દેશત્યાગ. ક્રિ૦ પ્ર૦ ગામોતરાં કરવાં=પરદેશ ફરીને રળવું.ઉ૦ગામોતરાં કરી કરીને ધન મેળવ્યું તે; એક વરામાં ધૂળ. પ્રા. કા.

ગામ્ભીર્ય, ન૦ [सं.] ગમ્ભીરતા; ગમ્ભીરપણું.

ગાય, સ્ત્રી૦ [सं. गौ] જેને ગળે ગોદડી જેવી ચામડી લબડતી હોય એવી જાતના પશુની માદા; ધેનુ. ગાયનો નર તે ગોધો, આખલો, સાંઢ; અને ખાસી કરેલો હોય તે બળદ. આ પ્રાણી અને તેનાં છાણ મુતર પવિત્ર ગણાય છે. ગાય ગરીબ પ્રાણી હોવાથી ગાય જેવું ગરીબ-સાલસ એમ કહેવાય છે. કહે૦ ગાયે ગળ્યું રતન ગાય જીવાડવી ને રતન કાઢી લેવું. ગાય દોહી ગધેડીને પાવું. ગાયવાળો તે ગોવાળ. ઘેર ગાય બાંધવી. ગાયના બાપ જેવું. ગાયનું ભેંસ તળે અને ભેંસનું ગાય તળે=સમજ્યા વગર ઉથલ પાથલ ને ફેરફાર કરવો તે. કન્યાને ગાય જ્યાં દોરે ત્યાં જાય=જેમનો કંઈ અવાજ નથી એવાં ગરીબ. ગાય પછવાડે વાછરડું =દાન ઉપર દક્ષિણા. ગાય લેવી દુઝતી ને વહુ લેવી ઝુલતી. ગાય વગરનું વાછડું=મા વગરનું છોકરું.

ગાયક, પું૦ [सं.] ગવૈયો; ગાવાનો ધંધો કરનાર; ગાનારો.

ગાયકવાડ, પું૦ એક રાજવંશી અટક. (મરાઠી) વડોદરાના રાજાઓ ' ગાયકવાડ ' કહેવાય છે.

ગાયકવાડી, વિ૦ ગાયકવાડને લગતું; ગાયકવાડના રાજ્ય અમલ જેવું, અર્થાત્ સોસળું; અંધાધુંધ.

ગાયકા, સ્ત્રી૦ [सं.] ગાનારી.

ગાયત્રી, સ્ત્રી૦ [सं.] એક વૈદિક મંત્ર (ॐ. तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धियो यो नः प्रचोदयात्) આ મંત્રને ' ગાયત્રી ' દેવીરૂપે માનવામાં આવ્યો છે અને ઉપવીત સંસ્કાર થયા પછી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને માથે નિત્ય તેનો જપ કરવાની ફરજ નંખાયેલી છે. (૨) ચોવીસ અક્ષરનો એક વૈદિક છંદ. આમાં છછ અક્ષરનાં ચાર કિંવા આઠઆઠ અક્ષરનાં ત્રણત્રણ પદ આવે છે. ગાયત્રીપુરશ્ચરણ=સવાલાખ ગાયત્રી

મંત્રનો જુમલો કરવા તેટલા જપનો પ્રયોગ કરવો તે.

ગાયન, ન૦ ગાવું તે; ગાન; ગીત. ગાવાની વિદ્યા, કળા. ગાયન કળા=ગાવાની ચતુરાઇની વિદ્યા; ગાયન સંબંધી જે આવડ ખુબી વગેરેને લગતું વિજ્ઞાન તે.

ગાર, સ્ત્રી૦ છાણુ અને માટીને સાથે મસળીને બનાવેલો ગારો; માટીનો કેલ; પલાળીને લોંદો થાય એવી કરેલી માટી. (૨) વિ૦ ભિંજવેલું. ગાર જેવું=ઘણુંજ ટંડું; ટાઢું. ટંડુગાર એમ કહેવાય છે. કહે૦ ગારે લિંપ્યાં ઘર સૌનાં.

ગાર, પું૦ [फा.] કરનાર અર્થ બતાવનારો પ્રત્યયઃ—મદદગાર, જુલમગાર.

ગારદી, પું૦ [अं. Guard] પહેરેગીર; ગાર્ડ.

ગારવો, પું૦ ગર્વ. ઉ૦ માનવતી મા કર ગારવો. પ્રેમાનંદ.

ગારિયું, ન૦ ઢુબો. રાંધેલા ધાન ઉપર ઢાંકવાનું ટોપલા જેવું માટીનું ઠામ. વિ૦ ગારનું; માટીનું.

ગારિયો, પું૦ ગાર વહેનારો મજુર.

ગારુડી, પું૦ [सं. गारुडिक] બાજીગર; જાદુગર; ચમત્કારી નજરબંધીના ખેલ કરનાર; ખેલાડી; વાદી. સાપ વગેરે ઝેરી પ્રાણીઓને પકડી તેમની રમતો લોકને દેખાડી આજીવિકા કરનાર; મેલીવિદ્યા જાણનાર; ચિકિત્સક; ભિષક. ઉ૦ વિષય વિષ વાધ્યું ઘણું ને ગોઠમાં નહિ ગારુડી. ભાલણ.

ગારુડીવિદ્યા, સ્ત્રી૦ જાદુવિદ્યા; વાદીવિદ્યા; ઇન્દ્રજાળની વિદ્યા.

ગારો, પું૦ ગાર; પંક; કાદવ; કચરો. (૨) કેલ; ચુનાને કેળવીને બનાવેલી ગાર.

ગાર્ગી, સ્ત્રી૦ [सं.] વૈદિકકાળની એક મહા વિદુષી અને વેદાંતી સ્ત્રી.

ગાર્ડ, [अं. Guard] રખેવાળ; સંભાળ રાખનાર. રેલવે ગાડીના પાછલા ડબામાં આખી ગાડીની સંભાળ રાખનાર જે અમલદાર રહે છે તે. (૨) સૈનિક; લશ્કરી સિપાઈ. ગાર્ડ ઓફ ઓનર=મોટા અમલદારને લશ્કરી માન આપનારી ટુકડી.

ગાર્હપત્ય, પું૦ [सं.] ગૃહસ્થના ઘરનો અગ્નિ; અગ્નિહોત્ર લેનાર જે અગ્નિને હમેશ પોતાના ઘરમાં બળતો રાખે છે તે અગ્નિ.

ગાર્હસ્થ્ય, ન૦ [सं.] ગૃહસ્થપણું; પરણેલી જિંદગીની સ્થિતિ તે.

ગાલ, પું૦ [सं. गल्ल] મોંની ફાડની બન્ને બાજુનો નાની ગાદી જેવો માંસલ ભાગ. (૨) સ્ત્રી૦ પંક્તિ; ઘાલ.

ગાલફાડિયું, ન૦ એક જાતની દળદાર પૂરી; ઘારીપૂરી.

ગાલમશુરિયું, ન૦ મશરનું ગાલ તળે ઘાલવાનું નાનું અને ગોળ ઓસીકું.

ગાલાવેલું, વિ૦ દાધારંગું; અડધું ગાંડા જેવું; ભોળું અને કંઇક ઓછી સમજવાળું.

ગાલી, સ્ત્રી૦ [सं.] ગાળ; અપશબ્દ. (૨) ખીણ; બે ડુંગર વચ્ચેની જગા.

ગાલીચો, પું૦ [फा.] જેમાં વેલ બુટ્ટા ફૂલ વગેરે વણેલું—પાડેલું હોય એવું સુંદર બિછાનું કે પાથરણું; ઉંચી જાતની સેતરંજી.

ગાલ્લી, સ્ત્રી૦ નાનું ગાડું; ગાડી; ડમણી. (૨) ત્રીસ મણનું માપ. તેણે સાત ગાલ્લી ઘઉં ભર્યા.

ગાલ્લું, ન૦ ગાડું; મોટી ગાલ્લી; ખોચગાલ્લું.

ગાલ્લો, પું૦ મોટા પાટલા જેવી નીચે પૈડાંવાળી છોકરાંને રમવાની ગાડી.

ગાવડી, સ્ત્રી૦ ગાય; ધેનુ.

ગાવદી, વિ૦ ગંદું; ગોબરું. (૨) જંગલી; મૂર્ખ; અણસમજુ.

ગાવું, ક્રિ૦ સ૦ [सं. गै] કાનને પ્રિય લાગે એવી રીતે રાગ કાઢવો; રાગોટવું; લહેકાવીને કવિતા બોલવી. (૨) વખાણ કરવાં; સ્તુતિ કરવી; ઉપકાર વગેરે સારું કામ કહી દેખાડવું. :– તે કંઈ કરશે તો વારે વારે ગાયા કરશે. નર્મ.

ગાસ, પું૦ [અં. Gas] ગ્યાસ; વનસ્પતિ અને બીજાં કેટલાંક દ્રવ્યોને ગરમી આપતાં તેમાંથી નીકળતી ધુણી જેવી એક હવા. ખનિજ કોલસાના ગાસના દીવા થાય છે.

ગાસલેટ, ન૦ [અં.] પાણી જેવું એક ખનિજ તેલ. આ તેલ બળતણ તરીકે તેમજ દીવા માટે વપરાય છે. બરમામાં તેના કુવાછે.

ગાળ, સ્ત્રી૦ [सं. गालि] અપશબ્દ કહેવો તે; કોઈને રીસ ચઢે તેવું તેને કહેવું તે; અશુભ ભાષણ. (૨) પું૦ કુવા વગેરે નવાણ ગાળતાં જે કંઈ કચરો વગેરે નીકળે છે તે.

ગાળવું, ક્રિ૦ સ૦ કચરો કાઢીને તળાવ કુવાને ઉંડા કરવા; પુરણી કાઢવી. (૨) ધાતુઓને આંચ દઈ રસ જેવી કરવી; ઓગાળવી. (૩) પાણી વગેરેમાંથી કચરો કાઢી નાંખવાની ક્રિયા કરવી. (૪) શોષવી નાંખવું; ઘટાડવું; ઓછું કરવું; પાતળું કરી નાંખવું. (૫) વખત કાઢવો; ગુજારવું, વ્યતીત કરવું.

ગાળાગાળી, સ્ત્રી૦ સામસામે ગાળો દઇ લડવું તે.–ગાળાગાળીની લડાઈ; બોલબોલા.

ગાળિયું, ન૦ ગાળાવાળું દોરડું તે; ઢોરની ડોકમાં નાંખવાનું ગાળાવાળું દોરડું; બંધના દોર. (૨) ગળણી. (૩) ગળતાં રહેલું તે; છાશના કુચા. ક્રિ૦ પ્ર૦ ગાળિયું કાઢવું= બંધન કે દાવપેચમાંથી નીકળી જવું; વચમાંથી ખસી જવું; નીકળી જવું. (૨) માથે નહિ રાખવું.

ગાળી, જુઓ ગાળ.

ગાળું, ન૦ વચમાંનો વખત.

ગાળો, પું૦ સરકાવી અથવા સજડ કરી શકાય એવી દોરડાની ગાંઠવાળી આંટી; ફાંસો; સરકવાળી ગાંઠ. (૨) બૈરાંને પહેરવાનું રેશમી કપડું; છાયલ. (૩) અંતર; બેની વચમાંનું જે કંઇ તે; ફેર; ગાળો; વટાવ. (૪) ઘરના લંબાણ ભાગોમાંનો અકેકેક તે; ખંડ; વિભાગ. (૫) પનો; ઓસાર; પહોળાઈ. (૬) મોસમ; રત. :–કેરીગાળો. (૭) ઘંટીમાં દળણું ઓરવાનું મોં. (૮) સાંધા; શરીરબંધ. ક્રિ૦ પ્ર૦ ગાળો કાઢવો=ચોકું દળવું; ઘંટીનું મોં સાફ કરવું.

ગાંગડી, સ્ત્રી૦ [सं. किंकर] નાનો ગાંગડો; કણ; નાની ગાંઠ. (૨) બટાકા; પટેટા.

ગાંગડુ, પું૦ ન પલળે અને ન ચઢે એવો દાણો; ડોળ. (૨) વિ૦ કઠણ; નરમ ન થાય એવું; ન ચઢે એવું; પલળે કે બફાય નહિ એવું. જેવું અને તેવુંજ રહી ગયેલું (માણસ.) ક્રિ૦ પ્ર૦ ગાંગડુ રહેવું=ડોળમોળ રહેવું; નહિ સુધરવું.

ગાંગડો, પું૦ [सं. किंकर] સુકાયેલી વસ્તુનો કે નક્કર ચીજનો કકડો; મોટો કણ; પાસલો.

ગાંગરવું, ક્રિ૦ અ૦ બરાડવું; ગાય અથવા બળદનું બોલવું.

ગાંગલું, વિ૦ નબળું; દીન; ગરીબ; કાંગલું; માલ વગરનું. સ્વભાવનું બહુજ નરમ હોય એવું; મોઢેથી માખ પણ ન ઉડે એવું.

ગાંગાંતૂંગાં, ન૦ આનાકાની; કરવું કે ન કરવું એમ કર્યા કરવું તે; હા ના કર્યા કરવી તે; બહાનાં બતાવ્યા કરવાં તે.

ગાંગું, વિ૦ રાંક; ગરીબ; નબળું. પું૦ ગાંગો. સ્ત્રી૦ ગાંગી.

ગાંગો, પું૦ તન, મન અને ધનથી ગરીબ તે. કહે૦ ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી.

ગાંઘરડવું, ક્રિ૦ અ૦ સાદ બેસી જાય તેમ

તાણીને ગળામાંથી રોવું; રો રો કર્યા કરવું; ઘાંટો તાણીતાણીને રોવું.

ગાંજવું, ક્રિ૦ સ૦ [सं. गंज्] છેતરવું; ઠગવું; હરાવવું; ભોળવવું; ફોસલાવવું. ઉ૦ જ્યાં સુધી ગ્રહ પાધરા, જ્યાં સુધી આયુષ્ય હોય, ત્યાં સુધી હાથ આવે નહિ, ગાંજી શકે નહિ કોય. શામળભટ.

ગાંજાખોર, વિ૦ ગાંજો પીનાર; ગંજેરી; ગાંજાનો વ્યસની.

ગાંજાખોરિયું, વિ૦ ગાંજો ફુંકવાની જેને ટેવ પડેલી હોય એવું; ગાંજાનું વ્યસની.

ગાંજો, પું૦ એક જાતની માદક વનસ્પતિ. આનાં પાન ભાંગ તરીકે અને કળીઓ ગાંજા તરીકે વપરાય છે. બન્નેમાં કેફ હોય છે. ભાંગ ઘુંટીને ખાંડ મસાલો નાંખીને પિવાય છે, અને કળીઓ (ગાંજો) ચલમમાં પિવાય છે.

ગાંઠ, સ્ત્રી૦ [सं. ग्रन्थि] આંટીવાળો બંધ; આંટી મારીને બાંધવું તે. (૨) ઝાડના થડમાંનો ભમરાવાળો અને જ્યાંથી ડાળાં ફૂટયાં હોય તે ભાગ; વેઢો; ભમરાવાળો ગંઠાઇ ગયેલો ભાગ. (૩) મનમાં જે આડું આવી જવું તે; અંટસ; આંટી. (૪) દુશ્મનાઈ બંધાઇ જવી તે; વેર; કીનો. ક્રિ૦ પ્ર૦ ગાંઠ બાંધવી=નિશ્ચય કરી નાંખવો; અંટસ રાખવો. ગાંઠ વાળવી=બોધ લેવો; કાન પકડવો; છાનુંમાનું સંઘરવું; ફરીને અમુક કાર્ય કરવું નહિ એવી શીખ લેવી; યાદ રાખવું. ગડબ ગ્રંથિ=આંટી. ગાંઠે=પાસે; કબજે; સ્વાધીનમાં:–ગર્થ ગાંઠે ને વિદ્યા પાઠે. ગાંઠનું=પોતાનું પોતાની તરફનું; જાતનું. ગાંઠનું જોડવું–ઉમેરવું. ગાંઠનું ખાવું અને ગાંઠા સાથે જવું. (૫) સંપ; એક્તા. એ એની એક ગાંઠ છે. ગાંઠ ઘાલવી=લોહી બંધાઇ જવું; સોજો ચઢવો અથવા વેળ થઇ આવવી. ગાંઠ કરવી=કોઇ જાણે નહિ તેમ પોતાની પાસે પૈસા જમા કરવા. મડાગાંઠ= સજડ બંધાઇ જવું. ગાંઠનું ગોપીચંદન= પોતાનું ખરચી પરનું કામ કરવું. ગાંઠગળફા= વાંધાસાંધા. ગાંઠે બાંધવું=લઇ લેવું. ગાંઠ= ધન. :–ગાંઠે પુરો અને બોલાવે શરો. ગાંઠની ખીચડી ને શેઠની ચાકરી. ગાંઠનું દિવેલ લઇ નાચવા જવું. ગાંઠે નહિ કોડી ને ઉભો બજાર દોડી.

ગાંઠડી, સ્ત્રી૦ ગાંસડી. (૨) ધન; સંપત્તિ.

ગાંઠડો, પું૦ પોટલો.

ગાંઠણ, ન૦ બે તાર સાથે જોડાયેલા હોય તે; ગુંચ. (૨) ગંઠાવું તે. (૩) ગાંઠવામાં વાપરેલી દોરીઓ જે દોરા કે તારથી મણકા ગાંઠયા હોય તે. (૪) ગાંઠવાની જે ઢબછબ તે.

ગાંઠવું, ક્રિ૦ સ૦ મણકા કે એવીજ વેહવાળી વસ્તુને દોરામાં પરોવી ગાંઠ વાળી વાળીને એક બીજાની સાથે ગુંથવી તે; એક બીજા સાથે ગંઠાઈ રહે તેમ કરવું. (૨) તાબે રહી હુકમ માનવો; બદવું; પતકરવું; લેખવવું. (૩) મેળવવું; પ્રાપ્ત કરવું. :–કઇ ગાંઠવાનું નથી. રૂ૦ પ્ર૦ ગાંઠે બાંધવું=લાભવું. તે કંઇ ગાંઠી જાય તેમ નથી.

ગાંઠિયો, પું૦ સુકવેલી હળદરનો લાંબો કકડો–ગાંઠો તે. (૨) ચણાના લોટની તળેલી જાડી સેવ. (૩) ગાંઠના આકારનું આંટીદાર જે કંઇ હોય તે. (૪) ધૂર્ત; ગાંજ્યો જાય નહિ એવો; લટ્ટ માણસ. ગાંઠિયો તાવ=મરકી; એવી જાતનો મરજ કે જેમાં સખત તાવ આવે અને બગલ કે જાંગના સાંધામાં કે કોઈ ઠેકાણે ગાંઠ થઇ આવે. ત્રણ ચાર દિવસમાં મરણ થાય. આ મરજ મુંબાઇમાં પહેલ વહેલો સને ૧૮૯૬ માં શરૂ થયો હતો. તે હિંદુસ્તાન ઉપર સર્વત્ર ફેલાઇ ગયો છે. આ મરજ ઉંદરો ને ચાંચડો ફેલાવે છે.

ગાંઠાળું, વિ૦ ગાંઠાવાળું.

ગાઠો, પું૦ મજબુત બંધારણવાળું જે કંઇ તે; ગાંઠ; મોટી ગાંઠ. (૨) કોઇ વસ્તુનો કઠણ ભાગ; વેઢો. (૩) સાંધો અથવા પેરાઇ આગળનો ભાગ. :–વાંસનો શેલડીનો ગઠો.

ગાંડ, સ્ત્રી૦ [સં. ગુદ્દા] શરીરમાંનો મળ બહાર કાઢવાનું દ્વાર; અપદ્વાર; ગુદા. (૨) ચપટું તળિયું; બેસણી. :–આ દડિયાને ગાંડ નથી. ક્રિ૦ પ્ર૦ ગાંડપર હાથ મૂકવો=સાવ નચિંત –બેફીકર રહેવું. ગાંડપર હાથ ને જગન્નાથ=જેને બેપરવાઇ હોય તેને પરમાનંદ. ગાંડમાં પેસવું–ભરાવું=ખુશામત કરી વહાલા થવું; ભરાતા જવું. ગાંડઆંગળી કરવી=છેડછેડ કરવું; ચાંદવાં કરવાં. ચીઢવવું. કહે૦ ગાંડ વગરનો ગોળવો જેમ ગબડાવે તેમ ગબડે. ગાંડ પછવાડે વાત કરવી. ગાંડ તળે રેલો તો પારકી વાત મેલો=પોતાનામાં દોષ હોય તો પરનો દોષ કાઢવો નહિ. ગાંડ બતાવીએ પણ દાંત ન બતાવીએ=કોઇનું હસીને ઉપહાસ્ય કરવું નહિ. ગાંડમારવી=રંજાડવું; સતાવવું; પાછળ પડવું; કંટાળો આપવો. ગાંડના વેહ સુધી ડહાપણ=ઝીણો; દાઢડહાપણ્યો. ગાંડતળે બળે ને પારકાનું હોલવવા જાય. ગાંડ ઢાંકવા ગળણું નહિ ને કાકરીએ ડેરા દેવડાવવા. ગાંડે લંગોટી ને ફતેહખાન.

ગાંડગમચાં, ન૦ આમોદિયાં;મરડાટ;આનાકાની.

ગાંડછા, સ્ત્રી૦ ગાંડાઇ.

ગાંડપણ, ન૦ ઘેલાપણું.

ગાંડાઇ, સ્ત્રી૦ ઘેલાઇ; ગાંડપણ; ઘેલછા.

ગાંડિયું, વિ૦ ગાંડું; ઘેલું.

ગાંડું, વિ૦ [દે. गंडियो] જેનું મન ઠેકાણે ન હોય એવું; ભેજાનું ખસેલું; ડાગળી ચસકેલ; ચળેલું; ઘેલું; દિવાનું. ગાંડા આગળ ગાંડ ધરી તો કુહાડાનો ઘા=ગેરફાયદો થાય એવું; (કામ). ગાંડાં કાઢવાં=ગાંડાના જેવાં કૃત્રિમ આચરણ કરવાં; લાડવું. ગાંડાનાં કંઇ જુદાં ગામ ન હોય ? ગાંડો ને વળી ભાંગ પીધી. ગાંડા જોડે ગમ્મત ને બહેરા જોડે વાત. ગાંડી સાસરે ન જાય ને ડહાઇને શિખામણ દે. ગાંડા લોક ગામડે વસે ને ખાસડું મારે તો ખડખડ હસે.

ગાંડુંઘેલું, વિ૦ ગાંડું; ગંડું. જેવું આવડે તેવું; સાદું; પદ્ધત વગરનું. (૨) અતિ હરખવાળું.

ગાંડાતુર, વિ૦ બહુજ ગાંડું; મોહાતુર; પ્રેમઘેલું.

ગાંદરું, ન૦ [સં. गोपथ्] ગામની પરવાડનો ભાગ કે જ્યાં ઢોર રહેતાં હોય; તે ભાગોળ.

ગાંધી, પું૦ કરિયાણું, વસાણું, મસાલો અને દવા વગેરે પરચુરણ સરસામાન વેચનારો વેપારી. કહે૦ ગાંધીના ગાંધી ને પોઠીના પોઠી. ગાંધીના ગણપતિ ને ગોળનું નૈવેદ્ય. ગાંધી સાથે વેર તેથી કંઇ સાકરને કડવી કહેવાય?

ગાંધિયાટું, ન૦ ગાંધીવટું. (૨) ભેળસેળ. (૩) ધિંગાણું; ગુંચવાડો; ઘાલમેલ.

ગાંધિયાણું, ન૦ સેળભેળ; ગુંચવાડો.

ગાંધીવટું, ન૦ ગાંધીનો ધંધો તે; થોડું થોડું બધી બાબતનું જ્ઞાન હોવું તે.

ગાંયજણ, સ્ત્રી૦ ગાંયજી.

ગાંયજી, ગાંયજાની સ્ત્રી; ગાંયજા જાતિની સ્ત્રી.

ગાંયજો, પું૦ [સં. गंझओ] વાળંદ; નાપિત; હજામ.

ગાંસડી, સ્ત્રી૦ કોઇ વસ્તુનો એકસાથે બાંધેલો જથ્થો તે; પોટલી; બચકો. :–રૂની ગાંસડી. (૨) વૃષણ.:(૩) દલ્લો; પુંજી. :–તેને તો તેનો બાપ ગાંસડી મૂકી ગયો છે.

ગાંસડો, પું૦ મોટી ગાંસડી; પોટલો; ભાર; બોજો; જથ્થો; સમુદાય. ક્રિ૦ પ્ર૦ ગાંસડાં પોટલાં બાંધવાં=ઉચાળો ભરવો.

ગિચ્ચ, વિ૦ ભીડાભીડ આવી રહેલું; સંકડાઈ રહેલું; ભરપુર; સંપૂર્ણ. (૨) અ૦ સજ્જડ; ઘટ.

ગિદ્દડ, વિ૰ સુસ્ત; પડી રહેનાર; આળસુ. (૨) ન૰ શિયાળ.

ગિધ, પું૰ ઘા; ચોટ; આઘાત; પ્રહાર. (ફરતા ભમરડા ઉપર બીજાએ પોતાનો ભમરડો મારવો તે) (૨) ધક્કો; હડસેલો.

ગિબ્બો, પું૰ ગબ્બો; ગડદો; ધોક્કો; જોરથી મુક્કી મારવી તે; ઠાંસો.

ગિરજા, જુ૰ ગિરિજા.

ગિરા, સ્ત્રી૰ [સં. उद्गिर्] વાણી; બોલી; સરસ્વતી.

ગિરાસ, જુ૰ ગરાસ.

ગિરિ, પું૰ [સં.] પર્વત; પહાડ; ડુંગર.

ગિરિજા, સ્ત્રી૰ [સં. गिरि+जा] ગિરિથી જન્મેલી તે; હિમાલયની પુત્રી; પાર્વતી.

ગિરિધર, વિ૰ [સં.] ગિરિને ધરનાર; શ્રીકૃષ્ણ.

ગિરિધારી, પું૰ શ્રીકૃષ્ણ.

ગિરિરાજ, પું૰ [સં.] પર્વતોનો રાજા; હિમાલય. (૨) મોટો પર્વત. :–ઉ૰ દીઠો આજ આબુ ગિરરાજ એવો. ક. દ. ડા.

ગિરિવર, પું૰ [સં.] પર્વતોમાં શ્રેષ્ઠ તે; મોટો પર્વત.

ગિરિવ્રજ, ન૰ [સં.] મગધદેશનું રાજનગર.

ગિરિશૃંગ, ન૰ [સં.] પર્વતનું શિખર.

ગિરીશ, પું૰ [સં. गिरि+ईश] પર્વતોનો ઇશ્વર; હિમાલય પર્વત.

ગિરેબાજ, ન૰ [હિં. गिरना] કબુતરની એક જાત; ગુલાંટ ખાનારું કબુતર.

ગિરેબાન, પું૰ [फा.] ડોક અને ગરદન ઢંકાય એવો પોપાક; ગળુબંધ; ગળપટ્ટો.

ગિલાખોર, વિ૰ ચાડીચુગલી કરનાર; બદબોઇ-ખોર; નિંદક. (૨) પું૰ ચાડિયો.

ગિલ્લી, સ્ત્રી૰ વેળ; શરીરના અમુક ભાગના દરદને લીધે બીજા ભાગ ઉપર સોજો થઇ આવે તે. (૨) મોઇ.

ગિલ્લીદંડો, પું૰ મોઇદંડાની રમત.

ગિલ્લો, પું૰ [फा.] કોઇની આબરૂ જાય એવી વાત ઉડાડવી–કરવી તે; નિંદા; ગીબત.

ગિસ્ત, વિ૰ [फा.] નકામું; ફોગટ. ઉ૰ તે ગિસ્ત બોલ માર્યો ગયો. શામળ.

ગિંદુ, પું૰ ગેંદ; ફૂલનો દડો. ઉ૰ જમનાંમાં ગિંદુ પડયો શોધવેરે. હરિભદ્ર.

ગીગલાવું, ક્રિ૰ અ૰ ગભરાવું; અકળાવું. (૨) કીલકારીઓ કરવી; કિંગલાવું; ખુશી થવું.

ગીગી, સ્ત્રી૰ નાની બાળકી; છોકરી; ગગી.

ગીગો, પું૰ નાનો છોકરો; કીકો.

ગીચ, વિ૰ પાસે પાસે આવી રહેલું; ભિડાયેલું; સંકોચમાં આવેલું; સંકડાઇ રહેલું. (૨) ભરચક; ભરપુર.

ગીચોગીચ, અ૰ ખીચોખીચ; ભરચક; સજડા સજડ; ટાંકોટાંક; ખૂબ ભરાયેલું; અથવા ભિડાઇને ભરપુર થઈ રહેલું હોય તેમ.

ગીડગીડતાન, ન૰ નગારાંની ધુંસ પડી રહી હોય એવી સ્થિતિ; આનંદમંગળ.

ગીત, ન૰ [સં. गै=ગાવું] ગવાય એવું જે તે; ગાયન; કવિતા. (૨) ધોળ; ગરબી; લગ્ન અવસરે સ્ત્રીઓ જે રાગ ગાય છે તે; ગાણું.

ગીતગોવિંદ, ન૰ [સં.] જયદેવ કવિનું બનાવેલું રાધાકૃષ્ણના વિહાર વગેરેના વર્ણનનું એક સંસ્કૃત સંગીત કાવ્ય.

ગીતા, સ્ત્રી૰ [સં.] જ્ઞાનબોધવાળી કવિતાઓનો એક સંગ્રહ. મહાભારતના ભીષ્મપર્વમાં અર્જુનને યુદ્ધ કરવાની ના પાડી ત્યારે તેના સારથિ શ્રીકૃષ્ણે એને જે જ્ઞાનનો ઉપદેશ કરી કર્તવ્ય કરવાને પ્રેર્યો તે તત્ત્વજ્ઞાનને લગતા ઉપદેશનો અઢાર અધ્યાયનો ગ્રંથ. શિવગીતા; અખેગીતા વગેરે. 'ગીતા'નામનાં ઉપદેશક કાવ્યો.

ગીતિ, સ્ત્રી૰ [સં.] આર્યા છંદનો એક ભેદ.

ગીતિના પહેલા અને ત્રીજા ચરણમાં બાર બાર અને બીજા તથા ચોથા ચરણમાં અઢાડ અઢાડ માત્રાઓ આવે છે.

ગીદ, જુઓ ગીધ.

ગીધ, ન૦ [सं. गृध्र] મુએલાં પ્રાણીઓનું માંસ ખાનારું સમળાથી મોટું એક પંખી; ગડધન.

ગીની, સ્ત્રી૦ [अं. पोर्चु] સોનાનો ઈંગ્લંડનો બ્રિટિશ ચલણી સિક્કો. હાલ હિંદમાં ચાલતો પંદર રૂપિયાનો સોનાનો સિક્કો.

ગીબત, સ્ત્રી૦ [अ. ग़यबत=ગેરહાજરી] નિંદા; અપકીર્તિકર ભાષણ; બદબોઇ. (૨) આળ; તહોમત. (૩) ચાડી.

ગીબતખોર, વિ૦ નિંદક; ગીબત કરનાર; જેને નિંદા કરવાની ટેવ હોય તે.

ગીબવું, ક્રિ૦ અ૦ ગડદામારવા; ધીબવું; પીટવું; ટીપવું.

ગીબોગીબ. અ૦ ઉપરાઉપરી; ગીબગીબ થાય તેમ; ધબોધબ.

ગીરદ, સ્ત્રી૦ [फा. गिरद] ઝીણી ધૂળ; રજ; રજોટી; ઝીણું; રજકણ.

ગીરદી, સ્ત્રી૦ માણુસ વગેરેનો ખૂબ જમાવ થયો હોય એવી હાલત; ભીડ; દટ્ટી; ઠઠ; ભરાવો.

ગીર, અ૦ સાધુઓનો અમુક વર્ગ દેખાડનાર પ્રત્યય.:–ભણુતગર. ગિરિનું ગિર ને ગર. (૨) [फा.] જોનાર, લેનાર, વાળો, વગેરે અર્થ બતાવનારો પ્રત્યય. :– તમાસગીર; દસ્તગીર.

ગીરદેશી, સ્ત્રી૦ [फा.] બલિહારી; ખુબી.

ગીર, ન૦ જુનાગઢ પાસેનું ગીરનારને લગતું જંગલ; ગીરનારને લગતો ઝાડીવાળો ભૂ ભાગ. ગીરનું જંગલ. કાઠિયાવાડમાં ગીરના આંબા બહુ વખાણાય છે.

ગીરદો, પું૦ પ્રવાહીનો કચરો; ગાળ; બગદો.

ગીરનાર, પું૦ કાઠિયાવાડમાં જુનાગઢ પાસે આવેલો પહાડ; રૈવતાચળ.

ગીરનારા, પું૦ ગીરનારની આસપાસ રહેનારા બ્રાહ્મણો.

ગીરફતાર, વિ૦ [फा.] તલ્લીન; મગ્ન; મશગુલ; એકતાર; એક ધ્યાન થઇ ગયેલું.

ગીરફતારી, સ્ત્રી૦ [फा.] તલ્લીનતા; એકતાનપણું; મોહવશતા; પરાયણુતા.

ગીરવી, વિ૦ [फा.] ધરેણે આપેલું લીધેલું હોય એવું. ક્રિ૦ પ્ર૦ ગીરવી મૂકવું=ધરેણે મૂકવું.

ગીરો, અ૦ પાસે રાખેલું હોય તેમ; ધરેણે; હવાલે. ગીરોનું=ગાંઠનું; પોતાની તરફનું; પોતાની પાસેનું; પોતીકું. (૨) ધરેણિયાત. ક્રિ૦ પ્ર૦ ગીરો મૂકવું=ધરેણે મૂકવું.

ગીરોખત, ન૦ [फा.] ધરેણિયાત લખત; સાનખત.

ગીર્વાણ, વિ૦ [सं.] દેવ સંબંધી; દેવતાઇ. (૨) સંસ્કૃત.

ગીલતાન, પું૦ [फा.] ઘોડિયાટ; ચીતરેલો ચીકલવટ.

ગીસલું, ન૦ ધુંસરું.

ગીલી, સ્ત્રી૦ શરીરના નાજુક અને કોમળ ભાગને બીજાનો સ્નેહાળ હાથ કે અવયવ અડતાં જે આનંદની લાગણી અથવા ચળવળ ઉત્પન્ન થાય છે તે; મકલાટ; તાની ચળવળ. (૨) મોઈ.

ગીલીદંડો, પું૦ મોઇદંડાની એક રમત.

ગીલીપચી, જુઓ ગીલી.

ગુગળ, પું૦ [सं. गुग्गुल] બાળતાં સુગંધી આપનારો એક જાતનો ગુંદર. ગુગળની કેટલીક દવાઓ પણ થાય છે. તે વાતરોગ ઉપર વપરાય છે. :– યોગરાજગુગળ. આનું ઝાડ ડુંગરી જમીનમાં થાય છે. તેનાં પાન લીમડા જેવાં ને પાંચ પાંખવાળાં હોય છે.

ગુગળી, પું૦ ઓખામંડળના બ્રાહ્મણોની એક જાત. (૨) વિ૦ મેલું; ગંદું. (૩) કંજુસ; બખીલ. રૂ૦ પ્ર૦ ગુગળી જેવો=ગંદો. (૪) સ્ત્રી૦ ગુગળનું નાનું ઝાડ.

ગુચપુચ, વિ૦ [सं. गुप्] છાનુંમાનું; ગુપ્ત;

સંભળાય નહિ એવું; ધીરુંધીરું. (૨) અ૰ ચૂપચાપ.

ગુચ્છ, પું૰ ગોટો; કલગી; પુષ્પ મંજરી અથવા પાન કે બીજી વસ્તુનો જે સમુદાય તે: ઘચુંબલો. (૨) વાળનો જુડો; જથો તે.

ગુચ્છાદાર, વિ૰ ગુચ્છાવાળું; ભરાઉ.

ગુચ્છેદાર, વિ૰ ગુચ્છા હોય એવું; ગુચ્છાવાળું.

ગુચ્છો, પું૰ [सं. गुच्छ] ગોટો; ગુચ્છ. જુલ્ફાં; વાળનો જથો.

ગુજ, સ્ત્રી૰ બે તરફ અણીવાળો ખીલો; બે પાટિયાં સાંધવાનો ખીલો.

ગુજર, પું૰ [सं. गुर्जर] લોકોનું નામ; એક જાતના આ નામે ઓળખાતા લોક. કહે૰ ગુજરની બેટી તે સોનાની પેટી.

ગુજરડું, ન૰ (ગુજરડો) લીલી માટી અથવા ગારાની ગાજર જેવી આકૃતિ. માંગલિક અવસરે ગુજરડાં વેદીની આગળ મૂકવામાં આવે છે; ગુજરું. ગૃહશાંતિ માટે વેદી કરવાને લીલી માટીના જે શંકુ જેવા આકાર બનાવવામાં આવે છે તે; ગણપતિ આગળ મૂકવાનું માટીનું પાત્ર.

ગુજરવું, ક્રિ૰ અ૰ જવું; વીતવું; વહીજવું; વીતીજવું; વટવું; ક્ષય થવો. (૨) પડવું; માથે આવી પડવું. (૩) મરી જવું; નાશ પામવું. રૂ૰ પ્ર૰ ગઈ ગુજરી=વીતી વાત; પાછલી વાત; બની ગયેલી બાબત; જોગ; બનાવ; આફત.

ગુજરાત, સ્ત્રી૰ [सं. गुर्जरराष्ट्र] હિંદની પશ્ચિમ દિશાએ આવેલો ગુર્જરોનો દેશ; આબુથી દમણ અને દ્વારકાંથી દોહદ લગીનો પ્રદેશ. કહે૰ ગુજરાત તેની શી વાત ? ગુજરાતની ગાંડ ને માળવાનું મોઢું. (પાલણપુર)

ગુજરાતી, વિ૰ ગુજરાત સંબંધી; ગુજરાતનું; ગુજરાતને લગતું; ગુજરાતનો રહેવાસી. (૨) સ્ત્રી૰ ગુજરાતની ભાષા; ગુજરાતની બોલી; ગુજરાતના લોક સંબંધી જે રીતભાત વગેરે તે.

ગુજરાન, ન૰ [फा.] જેની ઉપર જીવન નિભાવાય તે; જેથી ટકાવ થાય તે; ભરણપોષણ; આજીવિકા; નિભાવ; નિર્વાહ; ગુજારો. (૨) જેથી જીવાય જિંદગી સલામત રહે એવી ખોરાકીપોષાકીની તજવીજ તે. ક્રિ૰ પ્ર૰ ગુજરાન કરવું=ખાઈપીને જીવવું; નિભાવવું.

ગુજરી, સ્ત્રી૰ [सं. गुर्जरी] ગુજરાત દેશની સ્ત્રી; ગુજરાતણ; ગુજરાતની સ્ત્રી. (૨) ગુર્જર-ની સ્ત્રી. (૩) કંકણી; સ્ત્રીઓને હાથે પહેરવાનું એક પ્રકારનું કાંગરીવાળું ઘરેણું. (૪) શહેર કસ્બામાં સાંજ સવાર ખુલ્લા મેદાનમાં ભરાતું બજાર.

ગુજરીજવું, ક્રિ૰ અ૰ મરી જવું; મૃત્યુ થવું. (૨) વીતી જવું; વહી જવું.

ગુજારટોલ્લો, પું૰ મોઇદંડાની રમતની એક તરેહ.

ગુજારત, સ્ત્રી૰ દરખાસ્ત કરવી તે; રૂબરૂ કરવું તે.

ગુજારવું, ક્રિ૰ સ૰ ગાળવું; વિતાડવું. (૨) ખાવું; રજુ કરવું; વિનવવું; દાદ માગવી. (૩) પાડવું; નાંખવું; સતાવવું; પીડવું. :– દિવસ ગુજારવો. અરજ ગુજારવી. જુલમ ગુજારવો. (૪) બરબાદ કરવું; નિર્ગમન કરવું. :–તેણે પોતાની જિંદગી જાુડમાં ગુજારી.

ગુજારો, પું૰ નિભાવ; નિર્વાહ.

ગુજ્જર, પું૰ [सं.] એક જાતના લોક. (૨) ગુજરાતી. (૩) વિ૰ સુતાર વાણિયાની એક જાત. (૪) એક જાતનો ગુંદર. (૫) બાવળની એક જાત.

ગુટકો, પું૰ જેની લંબાઈ પહોળાઇ ઓછી અને જાડાઇ વધારે હોય એવી બાંધણીની ચોપડી. (ગીતાનો ગુટકો) મોટાં પાનાં હોય તો ગુટકો કહેવાય નહિ.

ગુટિકા, સ્ત્રી૰ [सं.] ગોળી; ગરગોલી. (દવાની)

ગુડ, પું૰ (म.) ગોળ.

ગુડકી, સ્ત્રી૦ સુંથણી; નાનો સુરવાળ.

ગુડવું, ક્રિ૦ સ૦ દાટી ઘાલવું; ડાબી-ચાંપીને ભોંયમાં દાટવું. (૨) કાપવું; વાઢવું.

ગુડાકેશ, પું૦ [સં.] અર્જુન. (૨) શિવ.

ગુડી, સ્ત્રી૦ મંગળસ્તંભ; ખુશીનો ઝુંડો; માણેકસ્તંભ. :-ઘેર ઘેર ગુડી ઉત્સવ થાય. વિષ્ણુદાસ:

ગુડીપડવો, પું૦ ચૈત્રી વર્ષનો ચૈત્ર માસનો સુદિ પડવો તે. (નવા વર્ષનો પહેલો દિવસ-તહેવાર)

ગુડો, પું૦ મરનારને રોવા જવું તે; કાણ; મહોકાણ. (૨) પગનો નળો; ઉભા રહેવાનું બળ. :-એના ગુડા ભાગી ગયા. (૩) વિ૦ લુચ્ચું; શઠ.

ગુણ, પું૦ [સં.] કોઇ પણ વસ્તુની સ્વાભાવિક ખાસિયત તે; ધર્મ. (સોમલનો ગુણ એવો છે કે માણસ મરી જાય.) (૨) માણસ જાતનાં લક્ષણ; શક્તિ; કાબેલિયત; ડહાપણ; આચરણ, વગેરે તે; સારાં લક્ષણ. (૩) ફાયદો; લાભ. (૪) તબિયત ઉપર થતી સારી અસર. (૫) પ્રકૃતિ; સ્વભાવ. (૬) ત્રણ ગુણ; સત્ત્વ, રજ, તમ. (૭) દોરી; પણછ. (૮) ગણીને વધારેલું. :-શતગુણ. (૯) ભૂમિતિમાં ફોંસની જગા. ક્રિ૦ પ્ર૦ ગુણ કરવો=લાભ કરવો; ફાયદો થવો; સારૂં કરવું. ગુણ થવો=સારી અસર થવી; ફાયદો પડવો. ગુણ ભૂલી જવો=અપકારી થવું. ગુણદોષ જોવા=પરીક્ષા કરવી. કહે૦ ગુણના ભાઇ દોષ=ગુણ પછવાડે અવગુણ કરવો તે. ગુણ વિના તે શાનું રૂપ. ગુણ (ગુણ્ય)= સ્ત્રી૦ થેલો; કોથળો. (૨) છાલકું; લગડું. (ગધેડા ઉપરની ગુણ) (૩) ચાર મણનું માપ; ગુણી.

ગુણઓશિંગણ, વિ૦ ગુણ-પાડ તળે આવેલું; સામાના પોતા ઉપર થયેલા ગુણથી દબાયેલું; ઉપકારી; આભારી.

ગુણક, વિ૦ [સં.] જેથી ગણવું તે. (૨) ગુણનાર; આવર્તક.

ગુણકથન, ન૦ [સં.] ગુણ ગાવા તે; ગુણ કહેવા તે; સ્તુતિ; વખાણ; કથા; ગુણાનુવાદ.

ગુણકા, સ્ત્રી૦ ગણિકા.

ગુણકારક, વિ૦ [સં.] ગુણ કરે એવું; ગુણકારી; હિતકર; ઉપયોગી.

ગુણકારી, વિ૦ [સં.] ગુણ કરે એવું; ફાયદો કરે એવું. (૨) ફેર પડે સારી અસર કરે એવું.

ગુણકાંક, પું૦ [સં. गुण+अंक] જે આંકડાથી ગણવાનું હોય તે અંક.

ગુણગાન, ન૦ [સં.] ગુણકથન; સ્તુતિ; વખાણ. (૨) કથા; આખ્યાન.

ગુણગુંજ, સ્ત્રી૦ ગુણનો જે પ્રસાર તે; ખ્યાતિ. (૨) વિ૦ ગુણ જાણનાર. ઉ૦ સ્વાયંભુવની વદી મેં વાત, ગુણગુંજ હે ગુણી. પ્રેમાનંદ.

ગુણગુણ, અ૦ ગણગણ; ભ્રમરની પાંખનો ઝીણો અવાજ. ઉ૦ ગુણગુણ રવે ગુંજ કરતો. (૨) ગુણગુણ એવો અવાજ.

ગુણગ્રાહક, વિ૦ [સં.] ગુણ લેનાર; ગુણ પક્ષપાતી; ગુણ જાણનાર.

ગુણગ્રાહી, વિ૦ [સં.] ગુણને ગ્રહણ કરનાર; ગુણનો જાણ; ગુણજ્ઞ.

ગુણચોર, વિ૦ ખળ; ગુણ છુપાવી રાખનાર; ગુણ જાણવા છતાં તેની પિછાન નહિ કરનાર. (૨) ગુણ દર્શન નહિ કરાવનાર.

ગુણજ્ઞ, વિ૦ [સં.] ગુણ જાણનાર; કદરદાન.

ગુણજ્ઞતા, સ્ત્રી૦ [સં.] ગુણ જાણવાપણું.

ગુણનિધિ, પું૦ [સં.] ગુણસાગર; ગુણથી ભરપુર હોય તે; ગુણનો ભંડાર.

ગુણપાટ, પું૦ [સં. पट] શણ કે સુતળીના વણાટનું તાપડું; તાટ.

ગુણપાડ, પું૦ ઉપકાર; સપાડું; આભાર.

ગુણવંત, વિ૦ [સં.] ગુણવાળું; ગુણવાન; સારા લક્ષણનું; જેણે વિદ્યા, યશ, અનુભવ વગેરે પ્રાપ્ત કર્યું હોય તે.

ગુણવંતી, સ્ત્રી૦ ગુણી; ગુણવાળી સ્ત્રી. (૨) વિ૦ ગુણવાન.

ગુણવાચક, વિ૦ [સં.] ગુણ દેખાડનાર; ગુણ વદનાર. કોઇકિ વસ્તુ કે નામનો સારો ખોટો ધર્મ બતાવનાર વિશેષણનો એક ભેદ.

ગુણવાન, વિ૦ [સં.] ગુણવંત; ગુણવાળું.

ગુણવિશેષણ, ન૦ ખાસ ગુણ બતાવનારો જે શબ્દ તે; જે શબ્દાર્થના ગુણદોષ બતાવે તે. :-રાતો ઘોડો.

ગુણવું, ક્રિ૦ સ૦ એક સંખ્યાને બીજી સંખ્યાના પ્રમાણે વધારવી; એક એકથી વધારવું.

ગુણસાગર, પું૦ [સં.] ગુણનો સમુદ્ર; ગુણનિધિ.

ગુણહીન, વિ૦ [સં.] ગુણરહિત; ગુણ વગરનું; નાલાયક.

ગુણાકાર, પું૦ [સં. गुण + आ + कृ] એક સંખ્યાને બીજી સંખ્યાએ ગણવાથી જે રકમ આવે તે; એક સંખ્યાને બીજીએ ગુણવાની–ટુંકી રીતે સરવાળો કરવાની જે રીત તે.

ગુણાતીત, વિ૦ [સં. गुण+अतीत] ગુણ રહિત; ગુણની મેલી તરફનું; ત્રણ ગુણોની કલ્પના રહિત–નિરાકાર ઈશ્વિર તે.

ગુણાન્વિત, વિ૦ [સં. गुण+अन्वित] ગુણવાળું.

ગુણી, વિ૦ [સં.] ગુણવાળું; જેનામાં ગુણ હોય તે; સદ્‌ગુણી; સદાચારી; સારા લક્ષણ વાળું. ઉ૦ નિવાસ કરી ત્યાંહી રહ્યા, ગુણી માગધ ગુણ ગાય. ભાલણ.

ગુણી, સ્ત્રી૦ ગુંણ; કોથળો; થેલો. (૨) ભુવો; ભૂતપ્રેત કાઢનારો.

ગુણિયેલ, વિ૦ ગુણવાળું, ગુણવંત.

ગુણિયો, પું૦ ઘડાથી મોટું પાણી ભરવાનું વાસણ. (૨) થેલો; ગુંણ. (૩) અમુક વજનનું એક માપ.

ગુણીજન, ન૦ ગુણવાળું માણસ; સુજન; સજ્જન. (૨) વિદ્વાન; ગુણ જાણે એવો માણસ; જેનામાં સારા ગુણો હોય એવું માણસ.

ગુણોત્તર, પું૦ [સં.] સરેરાશ; ભાગે આવતું હોય તે. એક જાતની બે સંખ્યાને પરસ્પર ભાગ્યાથી ભાગાકારની જે સંખ્યા આવે તે.

ગુણ્ણું, ન૦ ગુલ્લું; પાપડનો લુવો.

ગુણ્ય, વિ૦ ગુણવાને યોગ્ય; ગુણાય એવું.

ગુણ્યાંક, પું૦ [સં. गुण्य + अंक] ગુણવા માટેનો જે આંકડો તે; જે આંકડાને બીજી કોઇ રકમ સાથે ગુણીને વધારવો હોય તે.

ગુત્તો, પું૦ [સં. गुप्त] એક હત્થુ વેપાર; ઈજારો; મકતો; માથે લીધેલું તે.

ગુદસ્ત, વિ૦ [फा.] ગત; પાછલું; ગયું; અતીત.

ગુદા, સ્ત્રી૦ [સં. गुद] ગાંડ; મળદ્વાર.

ગુનેગાર, વિ૦ [फा.] જેણે ગુનો કરેલો હોય તે, ગુનામાં આવેલું; દોષી; તકસીર-વાર; અપરાધી; તકસીર કરનાર. (૨) પાપી.

ગુનેગારી, સ્ત્રી૦ ગુના જેવી ભૂલ; ગુનો કરેલો હોય એવી હાલત; તકસીર; ગુનો. (૨) સજા; દંડ.

ગુનો, પું૦ [फा.] દોષ; વાંક; તકસીર.

ગુપચૂપ, અ૦ ચૂપચાપ; વગર બોલવે ચાલવે; કોઇ જાણે નહિ તેમ.

ગુપત, જુ૦ ગુપ્ત.

ગુપતી, જુ૦ ગુપ્તી.

ગુપ્ત, વિ૦ [સં. गुप्त] છાનું; છુપું; કોઇ જાણે નહિ તેવું; સંતાડેલું.

ગુપ્તી, સ્ત્રી૦ લાકડીની અંદર છુપી રહે એવી નાની તરવાર; લાકડીની અંદર રહે એવી જે બેધારી લોખંડની સીધી ચીપ તે.

ગુફતેગો, સ્ત્રી૦ [फा.] મસલત; ખાનગી વાતચીત; ગુંજ; છાની વાત. ગુફતેગુ.

ગુફા, સ્ત્રી૦ [સં.] પર્વત કે ખડકમાંનો ઉંડો અંધારો ખાડો; ખાડ; પહાડમાંનું પોલાણ; મનુષ્ય અને પશુ વગેરે પડી રહે એવી બખોલ.

ગુમ, અ૦ [फा.] મૂક; સ્તબ્ધ; ચૂપ; સજડ. (૨) ચકચુર; મગ્ન; એકતાર. (૩) ગુમાવેલું હોય તેમ; ગયેલું હોય એમ. ક્રિ૦ પ્ર૦ ગુમ કરવું=ખોવું; ગુમાવવું. સંતાડી દેવું; ઓળવવું.

ગુમજ, પું૦ [मार. ग्रुमट] કળશના આકારની કમાનદાર બાંધણી તે; ઘુમ્મટ; કોઇ બાંધકામની ઉપરનો ગોળ અંડાકૃતિ-દેરા જેવો ભાગ તે.

ગુમડું, ન૦ [सं. गुल्म] ગડ; શરીર ઉપર કોઈ પણ ઠેકાણે લોહીના ગઠ્ઠા જેવું થઇ આવી પાકે છે તે. કહે૦ ગુમડે ઘસી ચોપડવાનું. ગુમડું ફાટયું ને વૈદ વેરી.

ગુમથવું, ક્રિ૦ અ૦ ખોવાઇ જવું; ખોવાવું; એકદમ દૃષ્ટિની બહાર જવું; પત્તો ન લાગે એમ ઉડી જવું.

ગુમાન, ન૦ [फा.] અભિમાન; અહંકાર; ગર્વ. ઉ૦ આ પ્રતાપી હરિણાક્ષીના જોબનનો ઉકળાટ તેનું ગુમાન ઉતારી દેતો. સરસ્વતીચંદ્ર ૨. (૨) તોર; પતરાજ; ફાંકો. ક્રિ૦ પ્ર૦ ગુમાન કરવું-રાખવું=અહંતા રાખવી.

ગુમાની, સ્ત્રી૦ [फा.] અહંતા. (૨) વિ૦ અભિમાની; ગર્વી; અહંકારી; ગર્વિષ્ટ. (૨) તોરી; ફાંકો રાખનાર.

ગુમાર, વિ૦ (ગમાર) [फा.] મૂર્ખ; જંગલી; ઉધ્ધત; અણસમજુ; સભ્યતા રહિત. (૨) સુસ્ત; અણકસબી; અણઘડ; જેનામાં આવડ ન હોય એવું.

ગુમાવવું, ક્રિ૦ સ૦ ખોવું; પાસેથી જતું રહે તેમ કરવું. (પૈસા જોર વગેરે) (૨) નકામું કાઢવું; વ્યર્થ જવા દેવું (વખત વગેરે) (૩) ઉડાડી દેવું; ખરચી નાંખવું; ક્ષય કરવો; ધૂળધાણી કરવું.

ગુમાસ્તાગીરી, સ્ત્રી૦ ગુમાસ્તાનું કામ તે. (૨) ગુમાસ્તી; મહેતાગીરી.

ગુમાસ્તી, સ્ત્રી૦ ગુમાસ્તાનું કામ કરવું તે. (૨) ગુમાસ્તા તરીકેનું જે મહેનતાણું તે.

ગુમાસ્તો, પું૦ [फा.] સાહુકારને ત્યાં જે લખનાર તરીકે હોય છે તે; મહેતો; કારકુન; કામ કરનારો; કામદાર; આડતિયો; મુનીમ; સોદો લઇ આવનાર અને હિસાબ રાખનાર; દુકાનનું કામકાજ કરનાર. કહે૦ ગુમાસ્તાને ખિંટીએ પોતિયું.

ગુમ્ફિત, વિ૦ [सं.] ગુંથેલું; સાંકળેલું.

ગુમ્મો, પું૦ ગડદો; મુક્કી.

ગુર, જુઓ ગર; માપો.

ગુરખો, પું૦ નેપાળ અને ભૂતાન તરફના લોકોમાંનો એકાદ પુરુષ; એ જાતનો સૈનિક.

ગુરગુરવું, ક્રિ૦ અ૦ ગુરગુર એવો અવાજ કરવો; ઘુરકવું.

ગુરજ, સ્ત્રી૦ [फा.] ગદા; સાંગ; મુદ્‌ગર; ડંકો. ઉ૦ ગદા ગુરજ પડે બહુ શલ્ય.

ગુરજી, વિ૦ બહુજ ઠિંગણા કૂતરાની એક નાની ને પુષ્કળ વાળવાળી જાત :- ગુરજી (ગરજી) કુતરું.

ગુરથમાની, વિ૦ મૃત; સ્વર્ગવાસી.

ગુરદો, પું૦ [सं. गुर्द] મૂત્રપિંડ; મૂત્ર ઉત્પન્ન કરનારો અવયવ. (૨) લોઢાનો મગદળ.

ગુરવું, ક્રિ૦ અ૦ ઘુરકવું; ઘુઘુકરવું.

ગુરા, પું૦ પગ; ચરણ.

ગુરાબ, ન૦ એક જાતનું વહાણ.

ગુરુ, પું૦ [सं.] ધર્મનો મંત્રનો વિદ્યાનો ઉપદેશ આપનાર; શિક્ષક; મહેતાજી; ઉસ્તાદ; આચાર્ય; પુરોહિત. (૨) એક ગ્રહ. (૩) વિ૦ મોટું; ભારે; દીર્ઘ.

ગુરુગમ, વિ૦ ગુરુદ્વારા પ્રાપ્ત થાય એવું; ગુરુ વગર પ્રાપ્ત ન થાય એવું; ગુરુ પાસેથી મળેલું જ્ઞાન.

ગુરુગમ્ય, વિ૦ ગુરુ પાસેથી સમજણ લીધા વગર આવડે નહિ એવું.

ગુરુતલ્પગામી, વિ૦ [सं. तल्प=गम्] ગુરુનું ઘર મારનાર. ઉ૦ ચોર ગુરુતલ્પગ મધુપાની. દયારામ.

ગુરુતા, સ્ત્રી૦ [सं.] ભારેપણું. (૨) મોટાપણું; મહત્તા; મહત્ત્વ; ગૌરવ.

ગુરુતાઇ, સ્ત્રી૦ ગુરુતા. (૨) શિક્ષકપણું.

ગુરુત્વ, ન૦ [सं.] ગુરુપણું. (૨) મોટાઇ; ગૌરવ. (૩) ભારેપણું; વજન; ભારબોજ.

ગુરુત્વમધ્યબિંદુ, ન૦ [सं.] હરકોઇ ભારનું વચલું બિંદુ કે જ્યાં સઘળો ભાર ઝિલાઈ રહેતો હોય તે. જે બિંદુથી વજનનું સમતોલપણું થતું હોય તે; વચલી રેખા કે લઘુતર ભાગ તે.

ગુરુત્વાકર્ષણ, ન૦ [सं.] સઘળા ભાર અને પદાર્થનું તેના મધ્યબિંદુ તરફ ખેંચાવું તે; નાના વજનનું મોટા તરફ ખેંચાવું તે.

ગુરુત્વરેષા, સ્ત્રી૦ [सं.] ગુરુત્વમધ્યબિંદુ; આકર્ષણ કરનારી લીટી.

ગુરુદક્ષિણા, સ્ત્રી૦ [सं.] શિષ્ય તરફથી અભ્યાસ પુરો થતાં ગુરુને જે બક્ષીસ અપાય છે તે; આચાર્યદક્ષિણા.

ગુરુદ્રોહ, પું૦ [सं.] ગુરુભક્તિનો ભંગ થાય એવું કરવું તે; ગુરુની અવજ્ઞા–અનાદર કરવો તે.

ગુરુદ્રોહી, વિ૦ [सं.] ગુરુનો દ્રોહ કરનાર.

ગુરુપદ, ન૦ [सं.] મોટી પદવી; વડીલપણું. વડા શિક્ષકની પદવી. (૨) શિક્ષક તરીકે કામ કરવું તે.

ગુરુપત્ની, સ્ત્રી૦ [सं.] ગુરુની સ્ત્રી.

ગુરુબંધુ, પું૦ [सं.] શાળાનો ગોઠિયો; સહાધ્યાયી; એકજ ગુરુના શિષ્યોમાંનો જે અકકેક તે.

ગુરુભક્તિ, સ્ત્રી૦ [सं.] ગુરુ ઉપર પ્રેમભાવ રાખવો તે.

ગુરુભાઇ, પું૦ ગુરુબંધુ.

ગુરુમંત્ર, પું૦ [सं.] છુપી સલાહ આપવી તે; છાનુંમાનું સમજાવી દેવું તે.

ગુરુમાન, ન૦ [सं.] વિ૦ મોટું. (૨) પ્રિયનું પ્રિયા ઉપર અને પ્રિયાનું પ્રિય ઉપર રિસાવું અને તે રૂસણું ઘણીવાર રહે તથા તેમાંથી વાંકાં વચન નીકળે તેને કાવ્ય શાસ્ત્રમાં ગુરુમાન કહે છે.

ગુરુવાર, પું૦ [सं.] સાત વારમાંનો એક વાર; બૃહસ્પતિવાર.

ગુર્જર, પું૦ [सं.] ગુજરાત દેશ. (૨) ગુજરાતનો વતની. (૩) એ નામના લોકો. (૪) એ નામની નાતજાતો.

ગુર્જરી, સ્ત્રી૦ [सं.] ગુજરાતણ; ગુજરાત દેશની સ્ત્રી. (૨) ગોવાલણી. (૩) એક જુનો ગુજરાતી રાસ. (૪) રાગની એક ઢબ.

ગુર્વિણી, સ્ત્રી૦ [सं.] ભારેવાઇ; ગર્ભિણી.

ગુલ, ન૦ [फा.] ફૂલ, પુષ્પ; (૨) મોગરો; શિખાંત. બત્તી ઉપરનો બળેલો ભાગ. ક્રિ૦ પ્રિ૦ ગુલ કરવું=વડુ કરવું; હોલવી નાંખવું. ગુલ થઇ જવું=ઓચિંતા ગેરહાજર રહી જવું. ગુલથવું=અસ્ત થવું; જતા રહેવું.

ગુલકંદ, પું૦ [फा.] ગુલાબના ફૂલને સાકરમાં ઘણા દહાડા રાખી મૂકી તૈયાર કરેલો પદાર્થ; સાકર પાયેલી ગુલાબની પાતરી.

ગુલખાર, પું૦ આસમાની લાલરંગ; એક જાતનો રંગ.

ગુલખેરી, નિ૦ [फा.] રતાશ પડતા આસમાની રંગનું.

ગુલગુલાંટિયો, પું૦ છોકરાંની એક રમત; ઉપરા ઉપરી ગુલાંટો મારવાની એક કસરતી રમત.

ગુલછડી, સ્ત્રી૦ [फा.] એક જાતનું ફૂલઝાડ અને તેનાં ફૂલ; ગુલાબનો ગોટો–તોરો.

ગુલછબુ, ન૦ એક જાતનું ફૂલ ઝાડ.

ગુલજાર, પું૦ [फा.] બાગ; ઉપવન; વાડી. (૨) વિ૦ સુંદર; મજેનું; મનોહર; શોભીતું. રઢિયાળું. ગુલસ્તાન.

ગુલતરાશ, સ્ત્રી૦ [फा. गुल–तराश] દીવાનો મોગરો કાતરવાની કાતર.

ગુલતાન, વિ૦ [फा.] લીન; મસ્ત; રસમગ્ન, મશગુલ; એકતાન; મગ્ન; તલ્લીન આનંદમગ્ન.

ગુલતોરો, પું૦ [फा.] ગુલાબનો ગોટો; ગુલાબનો નાનો હાર–ગજરો. (૨) એક જાતનું ફૂલઝાડ. ઉ૦ ડમરો મરવો ગુલાબ ને ગુલ તોરોરે વહાલાજી. રઘુનાથ.

ગુલથવું, ક્રિ૦ અ૦ હોલાઇ જવું; અસ્ત થવું. (૨) જતા રહેવું; એકદમ ગેરહાજર રહેવું.

ગુલદસ્ત, પું૦ [फा.] ફૂલનો ગોટો; તોરો.

ગુલદાન, ન૦ [फा.] ઘરમાં ફૂલ મૂકી રાખવાનું સુંદર પાત્ર; દિવાનખાનામાં તાજાં ફૂલ મૂકવાનું કાચનું અથવા ધાતુનું વાસણ.

ગુલદાઉદી, (દાવડી) સ્ત્રી૦ એક જાતનું ફૂલ ઝાડ; રોપો; છોડ, અને તેનાં ફૂલ.

ગુલબાન, ન૦ [फा. गलबा] ઘોંઘાટ; ઉ૦ ગુલબાન ઘણું ગલીકૂંચીએ. શામળ. આનંદની વાતચીત; ગામગપાટા; તડાકા. (૨) ચેકડીની વાતો; કોઇના ઉપહાસની કે મસ્કરીની તેની પાછળ વાત કરવી તે.

ગુલબાસ, ન૦ [फा.] એક જાતનો ફૂલનો છોડ–રોપો ને તેનું ફૂલ.

ગુલબુ, ન૦ ગપાટો; ગપગોળો; ગુલબાન. ઉ૦ આનું ગુલબુ ગરજ્યું જ્યાંએ, સામત આવ્યા રાજા જ્યાંએ. ગુલબાં થયાં દેશ લુંટાઇ ગયો, નાસતા ત્રાસતા ગાડી જોડી. પ્રેમાનંદ.

ગુલમોહોર, સ્ત્રી૦ [फा.] એક જાતનું ફૂલ.

ગુલર, પું૦ એક જાતના ફળનું ઝાડ. ઉ૦ પીપળા પીપળી વડને ગુલર; પ્રેમાનંદ. (૨) ઉમરડો.

ગુલરું, ન૦ ઉમરડું; ઉમરડાનું ફળ. (૨) લાકડાનું ખડખડે એવું છોકરાંનું રમકડું. ઘોડિયે ગુલરાં. ગુચ્છાગુચ્છાદાર હોય એવું જે તે.

ગુલસ્તાન, સ્ત્રી૦ [फा.] ફૂલવાડી; બાગ; ચમન.

ગુલાબ, ન૦ [फा.] એક જાતનું ફૂલઝાડ (રોપો) અને તેનાં ફૂલ.

ગુલાબજળ, ન૦ ગુલાબની ખુશબોવાળું પાણી.

ગુલાબદાની, ન૦ ગુલાબજળ ભરીને સાજનનાં કપડાં પર છાંટવાની શિશોઇ જેવી ઝીણાં કાણાંવાળી સોના રૂપાની નકશીદાર ઝારી. (૨) ગુલાબ રાખવાનું પાત્ર–છાબ.

ગુલાબદાની સ્ત્રી૦ ગુલાબજળ રાખવાનું પાત્ર; શીશી. (૨) ઝારી; ગુલાબદાન.

ગુલાબી, વિ૦ ગુલાબના જેવા રંગનું. ગુલાબી રંગ બે જાતનો થાય છે. એક ઘેરો લાલાશના અધિકાંશવાળો અને બીજો આછો ખુલતો ગુલાબી. લાલાશના ઓછા અંશવાળો; ધોળાશ ઉપર હોય એવો.

ગુલામ, પું૦ [अ.] ખરીદ કરેલો ચાકર; લુંડો; હલકો વેચાતો લીધેલો નોકર; દાસ. જ્યારે માણસોને વેચવાનો ધંધો ચાલતો ત્યારે મોટા અને પૈસાદાર લોકો બજારમાંથી ઢોરની માફક માણસને ખરીદ કરતા અને તે જન્મ લગી તેનું વૈતરું કરતા તથા જુલમ સહેતા. (૨) નીચ માણસ. (૩) વેશ્યાપુત્ર.

ગુલામગીરી, સ્ત્રી૦ ગુલામી; દાસપણું; ગુલામની જે હાલત તે. (૨) છેકજ હલકી તાબેદારી. (૩) ખુશામત.

ગુલામડી, સ્ત્રી૦ લુંડી; દાસી; ખરીદ કરેલી ચાકર સ્ત્રી.

ગુલામડો, પું૦ ગુલામ. (૨) નીચ-હલકો માણસ.

ગુલામી, સ્ત્રી૦ ગુલામગીરી.

ગુલાલ, ન૦ રાતા રંગનું અને સહેજ સુગંધવાળું ચૂર્ણ.

ગુલાલા, ન૦ એક જાતનું ફૂલ. (આ ફૂલ માઘ ફાગણમાં થાય છે.)

ગુલાંટ, સ્ત્રી૦ જમીન ઉપર માથું ટેકવી પગ ઉંચા કરી બરડા તરફ ઉલટાઇ જવું તે; ગોઠીમડું. (૨) ઉલટું ફરી પડવું તે. ક્રિ૦ પ્ર૦ ગુલાંટ ખાવી–મારવી=ફરીજવું.

ગુલી, સ્ત્રી૦ જીવડાંનું ધોળું અથવા કાબરું ઘર; કોટલું. (૨) ગળી; એક જાતની વનસ્પતિ; જેમાંથી કાળો રંગ નીકળે છે તે.

ગુલ્ફ, ન૦ [सं.] ઘુંટી; ઢિંચણ.

ગુલ્મ, ન૦ [सं.] એક જાતનો ગાંઠનો રોગ; આંટી; ગાંઠ.

ગુલ્લેર, જુઓ ઘુલેર.

ગુલ્લું, ન૦ પાપડને માટે બાંધેલી અડદ કે મગ કઠોળની કણુકના વાટાનો નાનો ગોળ કકડો; પાપડ વણવાને બનાવેલો બાંધેલા લોટનો લુવો.

ગુલ્લાલા, ન૦ એક જાતનું ફૂલ.

ગુવાર, પું૦ એક જાતનું દ્વિદલ કઠોળ અને તેનો છોડ. (૨) તેની શિંગો. એ શાકમાં વપરાય છે. ગવાર.

ગુવારફળી, સ્ત્રી૦ ગુવારની શિંગ; એક શાક.

ગુવારશિંગ, સ્ત્રી૦ ગુવારફળી.

ગુસ્સો, પું૦ કોઇએ કંઇ કહેવાથી તેની સામે થવાનો અથવા વેર લેવાનો મનમાં જે જુસ્સો–ઉભરો ચઢી આવે છે તે; ક્રોધ; રીસ.

ગુહા, સ્ત્રી૦ [સં.] ગુફા; ઝાડ અથવા પહાડમાંની બખોલ; વિવર; મોટું દર.

ગુહ્ય, ન૦ [સં. गुह्=છુપાવવું] રહસ્ય; છાની રાખવા યોગ્ય વાત. (૨) મતલબ; મર્મ; ભેદ. (૩) ગુપ્ત; છુપું; છાનું.

ગુહ્યક, પું૦ [સં.] અર્ધદેવની એક જાત; ગંધર્વ.

ગુંગણું, વિ૦ ‘ ગુંગું ’ એવા ગણગણતા–નાકમાંથી નીકળતા અવાજવાળું; જેનું બોલવું સાફ સ્પષ્ટ નહિ પણ નાકમાંથી ગણગણતું હોય તેવું. નાકમાંથી બોલાતું. ‘ગુંગું’ એવો જેને બોલતાં અવાજ થઇ જતો હોય એવું.

ગુંગળાટ, પું૦ શ્વાસાવરોધ; ગુંગળાવાથી થતી અસર; શ્વાસના રોકાણની ગભરામણ.

ગુંગળાવું, ક્રિ૦ અ૦ હવા–શ્વાસ ન લેવાવાથી અકળાવું; ગભરાવું; શ્વાસના અવરોધથી અમુઝાવું.

ગુંગું, ન૦ કઠણ થઇ ગયેલો નાકનો મળ; લિંટનો લોચો; ખપોટી; છોડ; ગુંગો.

ગુંગું, વિ૦ ગુંગણું. (૨) મુગું.

ગુંગો, પું૦ નાકના મળનો બંધાઈ ગયેલો લોચો, પોપડો. (૨) એક જાતનો જીવડો; એને શરીર, મોં, નાક ને આંખો હોય છે. (૩) બોબડો.

ગુંચ, સ્ત્રી૦ ઝટ ઉકલે નહિ એવી તંતુની આંટી. (૨) ઝટ સમજાય નહિ એવી વાત કે બાબત તે. (૩) બારીકી; પેચ; કોયડો; આંટીઘુંટી.

ગુંચવણ, સ્ત્રી૦ એક વિચાર અથવા વસ્તુનું બીજા અથવા બહુ વિચાર–વસ્તુ સાથે સેળભેળ થઇ જવું તે; આંટી; પેચ; ગડબડ; (૨) ઉકેલ ખુલાસો ન થાય એવું જે કંઇ તે.

ગુંચવણી, સ્ત્રી૦ જેમાંથી કંઇ ઉકેલ સૂઝે નહિ એવી સ્થિતિ તે; ગુંચવણ; ગુંચવાડો.

ગુંચવણિયું, વિ૦ ગુંચવણ ભરેલું.

ગુંચવવું, ક્રિ૦ સ૦ ગુંચાય તેમ કરવું; અકળાવવું; કંઇ સૂઝે નહિ એવી સ્થિતિમાં મૂકી દેવું.

ગુંચવાડો, (રૂ.) પું૦ ગુંચવણ. ગુંચવારો.

ગુંચવાવું, ક્રિ૦ અ૦ ગુંચવણમાં પડવું; સેળભેળ થઇ જવું. (૨) સપડાઇ જવું; ગુંથાઈ જવું. (૩) ગભરાવું. ચિત્તનું વિકળ થવું.

ગુંછળી, સ્ત્રી૦ દોરા–દોરીની ગડી; આંટી. (૨) માંજો; કાચ પાયેલા પતંગના દોરાની દડી.

ગુંછળું, ન૦ ગોળ આકારમાં વિંટેલું હોય એવું જે તે; ગોળ આંટાઆંટાવાળું તે; કુંડાળા વર્તુલના આકારનું જે કંઇ તેઃ–સાપનું ગુંછળું. જલેબીનું ગુંછળું.

ગુંજ, સ્ત્રી૦ છાનીવાત; કાનમાં પેસીને રસથી છાની માની અને ધીરી ધીરી વાતો કરવી તે. (૨) ભમરાની પાંખનો અને ભમરડાના ભ્રમણનો ઝીણો અવાજ તે.

ગુંજવું, ક્રિ૦ અ૦ ગુંગું એવો અવાજ કરવો; ગણગણવું. (૨) ગોટાવું; અંદરને અંદર આવર્તન થવાં (પાઠ જપ ને ધુમાડા વગેરેનાં)

ગુંજા, સ્ત્રી૦ [સં.] ચનોઠી. (૨) ચનોઠી જેટલું એક નાનું વજન તે.

ગુંજાર, પું૦ ભમરા કે મધમાખ વગેરેની પાંખોનો ગુણગુંણુ એવો અવાજ.

ગુંજારવ, પું૦ ગુંજનો અવાજ; ગુંજાર.

ગુંજાશ, સ્ત્રી૦ ગજું; શક્તિ; સામર્થ્ય; બળ.

ગુંજિયું, ન૦ ધુમાયા કરે એવું ઉમાડિયું; ઉલ્કા; ધુમાતો દેવતા. (૨) ગુંજું; ખીસું.

ગુંજું, ન૦ ખીસું.

ગુંઠન, ન૦ સંકળાવું તે; ગુંથણ; ગુંથાવું તે; ગાંઠણ; એક બીજા સાથે ગંઠાયેલું એવું જે તે.

ગુંઠો, પું૦ જમીનનું એક માપ તે. :—બે વીઘા ને ત્રણ ગુંઠા.

ગુંણસું, વિ૦ ગુંણ જેવું જાડું; માંસલ; ગદાલું; બહુજ પુષ્ટ.

ગુંતાવું, ક્રિ૦ અ૦ કામકાજમાં રોકાવું; કામમાં હોવું.

ગુંતો, પું૦ ગુંચ; આંટી. (૨) ડપકો; શક; મમરો. (૩) ગાંઠ; વાંધો; અંટસ. ક્રિ૦ પ્ર૦ ગુંતો પડવો=શક પડવો; ગુંચ આંટી પડવી.

ગુંથણ, ન૦ [સં. ग्रन्थन] ગુંથવાનું જે કામ તે. (૨) ગુંથવાની જે કળા તે. (૩) ગુંથાવું તે.

ગુંથણી, સ્ત્રી૦ ગુંથણનું જે કામ—કામગીરી તે. (૨) ગુંથણની મજુરી. (૩) ગુંથવાની આવડત.

ગુંથવું, ક્રિ૦ સ૦ [સં. ग्रन्थ्] દોરા અથવા તારને આંટી મારી મારીને એક બીજાની સાથે સાંકળી લેવા; દોરા કે તાંતણાઓની આંટી અથવા વળથી જાળી કરવી.

ગુંથામણ, ન૦ ગુંથવાની મજુરી; ગુંથવાનું લવાજમ; ગુંથામણી.

ગુંથામણી, સ્ત્રી૦ ગુંથવાનું લવાજમ તે; ગુંથામણ; ગુંથવાની મજુરી.

ગુંથાવું, ક્રિ૦ અ૦ ગુંથેલા જેવું થવું; સંકળાવું; એક બીજાની સાથે જોડાવું; ગંઠાવું. (૨) ગુંચવાવું; ગુંચવણમાં પડવું. (૩) રોકાવું; કામે લાગવું; સંધાવું.

ગુંદ, પું૦ ગુંદર.

ગુંદડો, પું૦ એક જાતનું ઘાસ.

ગુંદર, પું૦ કેટલાંક ઝાડની છાલમાંથી ઝરતો ચીકણો રસ; નિર્યાસ; ગાળ; સુકાયેલા ને ચીકણા રસના ગાંગડા તે; ગુંદ.

ગુંદરપાક, પું૦ ગુંદર સાથે તેજાનો મસાલો મેળવીને બનાવેલું પકવાન; એક જાતની મિઠાઇ. (૨) ટાઢા માર.

ગુંદરિયું, ન૦ ગુંદર પલાળી રાખવાનું પાત્ર; ગુંદિયું; ગુંદરનું પાત્ર.

ગુંદવડું, ન૦ એક જાતની ખાવાની મીઠી વસ્તુ; ગુલાબજાંબુ.

ગુંદવું, ક્રિ૦ સ૦ પગની એડીએ અથવા હાથથી મુક્કીએ ડાબી ડાબીને નરમ કરવું; કેળવવું; ગુંદાય તેમ કરવું. (૨) મારવું; ઠોકવું. (૩) કચરવું; ખુંદવું; ચાંપીચાંપીને ડાબવું; મસળવું.

ગુંદાવવું, ક્રિ૦ સ૦ ગદડાવવું; ખુંદાવવું; મસળાવવું; ગુંદાય એમ કરવું.

ગુંદાવું, ક્રિ૦ અ૦ કચરાવું; ખુંદાવું; ગદડાવું. ચગદાઇ જવું. (૨) રગડાવું; હેરાન થવું; પીડા સહન કરવી.

ગુંદિયું, વિ૦ ગુંદરવાળું; ચીકણું.

ગુંદી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ; જેને ગુંદાં થાય છે તે ઝાડ.

ગુંદીપાક, પું૦ એક જાતની ખાવાની ચીજ. (૨) માર.

ગુંદું, ન૦ ગુંદીના ઝાડનું ફળ. (ગુંદાં એમ બહુવચને બોલાય છે) એ બે જાતનાં થાય છે. એક નાનાં અને બીજાં મોટાં અથવા પારસ. પારસ ગુંદાંનું અથાણું થાય છે.

ગુંફિત, વિ૦ [સં.] ગુંથેલું; સંકળાયેલું.

ગૂ, ન૦ [સં. गु=गुवति] વિષ્ટા; નરક.

ગૂઇ, સ્ત્રી૦ લખોટાની રમતમાં લખોટી પડે એવો જે નાનો ખાડો કરવામાં આવે છે તે; બદી.

ગૂખાણુ, સ્ત્રી૦ ગૂખાડ; ગૂખાડી.

ગૂઢ, વિ૦ [સં.] છુપું; છાનું. (૨) અઘરું; કઠણ; ન સમજાય એવું; ઉંડું.

ગૂણ, સ્ત્રી૦ અનાજ વગેરે ભરવાનો કોથળો; ઉંટ, ઘોડાં, પોઠી ને ગધેડાં ઉપર નાંખવાનો બે બાજુ પડી રહે એવો કોથળો; છાલકું.

ગૂસેણું, ન૦ ગૂ ઉસરડવાનું ઠીકરું.

ગૃહ, ન૦ [સં.] માણસને રહેવાને બાંધેલું છાપરાવાળું રહેઠાણ; મકાન; ઘર; ઇમારત. (૨) જેમાં વસ્તુ કે પ્રાણી રહી શકે એવું સ્થાન-ઠેકાણું તે; દર, ગુફા, માળો, મ્યાન, વગેરે.

ગૃહપ્રવેશ, પું૦ [સં.] ઘરમાં દાખલ થવું તે.

ગૃહમેધી, વિ૦ ગૃહસ્થાશ્રમી; ઘર લઇને બેઠેલું.

ગૃહવ્યવસ્થા, સ્ત્રી૦ [સં.] ઘર સંબંધી ગોઠવણ તે.

ગૃહસ્થ, પું૦ [સં.] ઘર સંસાર માંડીને રહેલો પુરુષ; સારા કુળનો પ્રતિષ્ઠિત પુરુષ. (૨) સુજન; નાગરિક; સજ્જન. (૩) વિ૦ પૈસાદાર; ધનવાન.

ગૃહસ્થાઈ, સ્ત્રી૦ ગૃહસ્થપણું; કુટુંબની સુસ્થિતિ. (૨) પૈસાદારપણું; સધનતા.

ગૃહસ્થાવટ, પું૦ ગૃહસ્થાઇ. ઉ૦ દેહ કારમી દીપે ઘણું, ખાવા પીવા ખેલ; ગૃહસ્થને ગૃહસ્થાવટ ઘણો, રૂડી રંગની રેલ. શામળ.

ગૃહસ્થાશ્રમ, પું૦ [સં.] મનુષ્ય જીવનના ધર્મશાસ્ત્રોએ પાડેલા ચાર ભાગ-આશ્રમ-માંનો બીજો તે; કુટુંબી થઈ રહેવું તે; સંસાર માંડવો તે. (૨) સ્ત્રી પુરુષે પતિ પત્ની ધર્મે રહેવું.

ગૃહસ્થાશ્રમી, વિ૦ [સં.] ગૃહસ્થાશ્રમવાળું. ગૃહસ્થ આશ્રમમાં રહેલું; સંસારી.

ગૃહસ્થી, વિ૦ સંસારી; બૈરાંછોકરાંવાળું.

ગૃહિણી, સ્ત્રી૦ [સં.] ગૃહસ્થની સ્ત્રી; ઘર ચલાવનારી સ્ત્રી; ઘરધણિયાણી.

ગૃહી, વિ૦ [સં.] ગૃહસ્થાશ્રમ માંડીને રહેલું.

ગેડ, સ્ત્રી૦ ગડી; કપડાને એક પડ ઉપર બીજું બીજા પર ત્રીજું એમ વાળવું તે. (૨) સળ; આંકો.

ગેડી, સ્ત્રી૦ એક છેડેથી વાંકી રમવાની લાકડી; દડીને પાછી મારવાની એક છેડેથી ગાંઠવાળી વાંકી અથવા ચપટી લાકડી.

ગેડીદડો, પું૦ એક તરેહની ગેડીદડાની રમત. ઉ૦ ગેડી દડે રમે વનમાળીરે. પ્રા. કા.

ગેણી, જુઓ૦ ગીની.

ગેન, ન૦ સ્ત્રીઓને પગની આંગળીએ પહેરવાનું વિંટલા જેવું રૂપાનું ઘરેણું.

ગેની, સ્ત્રી૦ બ્રિટિશ સરકારનો પંદર રૂપિયાનો સોનાનો સિક્કો; સોવરીન.

ગેદળ, [સં. गजदल] હાથીઓનું સૈન્ય. ઉ૦ પામ્યો પામ્યો રાજ સિંહાસન આંહી; હેદળ ગેદળ પેદળ પાલખી. મીઠો.

ગેબ, [अ.] ગુપ્ત; અલોપ; એકદમ અદૃશ્ય થઈ જવું તે. (૨) વિ૦ અણછતું; એકાએક ગુમ થયેલું; ન દેખાય એવું. ક્રિ૦ પ્ર૦ ગેબ થઇ જવું=અલોપ થઈ જવું; એકાએક જતું રહેલું; ચોરાઇ જવું;, અછત ઉડી જવું; અચંબો ઉત્પન્ન થાય તેવી રીતે અદૃશ્ય થવું.

ગેબી, વિ૦ [अ.] ન સમજાય તેવું; ઇંદ્રિયાતીત; છુપું; જેનું કંઇ જાણવામાં ન હોય એવું; અતિગુપ્ત. રૂ૦ પ્ર૦ ગેબી અવાજ, ગેબીમાર=છુપોમાર; ગેબીગોળો.

ગેબર, ન૦ [સં. घृतवर] પરસુદીના લોટને રગડી તળીને ચાસણી પાઇ તૈયાર કરેલું પકવાન; મિઠાઇ.

ગેય, વિ૦ [સં.] ગાઇ શકાય એવું; ગાવા યોગ્ય; ગવાય એવું; ગાવાને યોગ્ય.

ગેર, [फ़ा.] નહિ, નિષેધ, અને અભાવ બતાવનારો ઉપસર્ગ. :- ગેરવાજબી; ગેરહાજર, વગેરે.

ગેરઆબરૂ, સ્ત્રી૦ નહિ જે આબરૂ તે; અપમાન; આબરૂનો નાશ થવો તે; બદનામી; ફજેતી; નામોસી.

ગેરઇનસાફ, પું૰ નહિ જે ઇનસાફ તે; અન્યાય; વાજબી ઇનસાફ નહિ તે.
ગેરઉપયોગ, પું૰ દુરુપયોગ.
ગેરકાયદે, અ૰ કાયદેસર ન હોય તેમ; કાયદા વિરુદ્ધ; અન્યાયે.
ગેરખુશી, સ્ત્રી૰ નહિ ખુશી તે; નાખુશી; અરાજીપો.
ગેરત, સ્ત્રી૰ આબરૂ રાખવાની સમજ; લાજ; શરમ.
ગેરફાયદો, પું૰ [फा.] નહિ ફાયદો તે; તોટો; ખોટ; નુકસાન; બગાડ.
ગેરબંદોબસ્ત, પું૰ [फा.] નહિ બંદોબસ્ત તે; અંધેર; અવ્યવસ્થા; ગોટાળો; ગડબડસડબડ.
ગેરમરજી, સ્ત્રી૰ [फा.] કમરજી; નાખુશી; અપ્રસન્નતા. (૨) ઇતિરાજી; ગેરમહેરબાની.
ગેરમહેરબાની, [फा.] અકૃપા; ઇતરાજી.
ગેરમાહીત, વિ૰ અજાણ્યુ; બીનવાકેફગાર.
ગેરમાહીતી, સ્ત્રી૰ અજાણપણું; બેખબર.
ગેરરસ્તે, અ૰ [फा.] આડે માર્ગે; ખોટી રીતે; બેકાયદે, રીતથી ઉલટું.
ગેરરીતે, અ૰ નિયમ વિરુદ્ધ; નહિ રીતસર; અયોગ્ય રીતે.
ગેરલાભ, પું૰ ગેરફાયદો; નુકસાન; ખોટ.
ગેરવર્તણુંક, સ્ત્રી૰ નહિ સારી વર્તણુંક તે; ખોટી–ખરાબ રીતભાત; અસદ્વર્તન.
ગેરવલ્લે, અ૰ મુકરર સ્થળે નહિ પણ ગમે ત્યાં પડયું હોય તેમ; ખોવાયેલું હોય તેમ.
ગેરવવું, ક્રિ૰ પ્રે૰ ગરે એમ કરવું; પાડવું; ખંખેરવું; નીચે ગરાવવું;
ગેરવહીવટ, પું૰ અવ્યવસ્થા; અંધેર કારભાર; યોગ્ય વહીવટ નહિ એવું જે તે; રીતથી ઉલટું તે; અરાજકતા.
ગેરવાજબી, વિ૰ વાજબી નહિ એવું; અયોગ્ય; અઘટિત; અણઘટતું.
ગેરસમજુત, સ્ત્રી૰ ભૂલ; ભ્રમ; સમજફેર.
ગેરસાવધ, વિ૰ ગાફેલ; અસાવધ; અસાવધાન.
ગેરવાટે, અ૰ ખોટે રસ્તે; અનીતિને માર્ગે.
ગેરસોઈ, સ્ત્રી૰ અસગવડ; સોઈ નહિ તે.
ગેરવો, પું૰ છોડ–કરસણ ઉપર ગેરુ છાંટયો હોય એવો જે વનસ્પતિ રોગ થાય છે તે; ઘઉં આદિ શિયાળુ કરસણને થતો એક રોગ.
ગેરશિરસ્તો, પું૰ ધારાસર નહિ તે; યોગ્ય માર્ગ–રૂઢિ નહિ તે; ખોટી રીત. (૨) અ૰ શિરસ્તાસર નહિ તેમ; બેકાયદે; શિરસ્તાસર નહિ એવી રીતે.
ગેરહાજર, વિ૰ હાજર નહિ તે; નહિ હાજરીમાં આવેલું; અપ્રત્યક્ષ. (૨) અસાવધ; ગાફેલ.
ગેરહાજરી. સ્ત્રી૰ હાજર ન હોવું તે; નહિ હાજરી તે; અપ્રત્યક્ષતા.
ગેંગડું, જુ૰ ગાંગડું.
ગેંઘટ, વિ૰ ચકચુર; તલ્લીન; મસ્ત.
ગેંડી, સ્ત્રી૰ ગેંડાની માદા; ૨૦ પ્ર૰ ગેંડી જેવું=શરીરે હૃષ્ટપુષ્ટ; જાડું; સ્થૂલ.
ગેંડો, પું૰ ખરીવાળું છતાં નહિ વાગોળનારું જાડી ચામડીનું ભેંશ જેવું એક જંગલી ચોપગું જનાવર; એના નાક ઉપર એક શિંગડું હોય છે. એના ચામડાની ઢાલો બને છે.
ગેંણાં, જુ૰ ગેંણિયાં.
ગેંણિયાં, ન૰ નાના ઠિંગણા બળદ.
ગેંણું, ન૰ નાનું ને ઠિંગણું બળદિયું.
ગેંદ, સ્ત્રી૰ [प्रा० गेंदम] ફૂલ અથવા રેશમની દડી.
ગૈર, જંગલમાં રહેનાર; પહાડી; ગીરનું.
ગૈરિક, વિ૰ ગેરુનું; ગેરુવાળું; ભગવું. (૨) રાતી માટી; ગોરમટી. (૩) એક જાતની રાતી ધાતુ.
ગો, સ્ત્રી૰ [सं.] ગૌ; ગાય. શબ્દની આગળ જોડાય છે.:–ગોકર્ણ, ગોકુળ, ગોમુખ, ગોપુચ્છ. (૨) ઇંદ્રિય. ગોચર=ઇંદ્રિયોથી જણાય એવું; અગોચર, ઇત્યાદિ.

ગોકર્ણ, ન૦ [સં.] એકતીર્થ; એક જાતનો મૃગ; ગાયના કાન જેવાં જે કાળાં અને ધોળાં ફૂલ થાય છે તે. (૨) ભાગવત માહાત્મ્યમાં ગોકર્ણ નામે બ્રાહ્મણ પુત્રની કથા છે તે. (૩) સાગ.

ગોકર્ણી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ; દુર્વા.

ગોકળઆઠમ, સ્ત્રી૦ શ્રાવણ વદિ આઠમ; કૃષ્ણજન્માષ્ટમી.

ગોકળગાય, સ્ત્રી૦ [સં. इंद्रगोप] ચોમાસામાં લીલા નાના ઘાસવાળાં અને રેતાળ જમીનના ભાગમાં ઝીણા ગોળ મખમલના કકડા જેવા જે જીવ થાય છે તે. (૨) ગાયના જેવાં શિંગડાંવાળો જીવડો; પરમેશ્વરની ગાય.

ગોકળિયું, ન૦ ગોકુળ.

ગોકીરો, પું૦ સોરબકોર; ઘોંઘાટ; હોકારો. ઉ૦ ખોટાને ગોકીરો મરની સાંભળે; હાંરે તોયે શૂરવીરનાં શીર જાય. ભોજોભગત.

ગોકુળ, ન૦ [સં.] ગાયોનું ટોળું; ગૌસમૂહ. (૨) મથુરા પાસેના એક પ્રદેશનું નામ.

ગોક્ષુર, પું૦ [સં.] ગોખરુ.

ગોખ, પું૦ મકાનના આગલા ભાગની બહાર કઠેરાવાળો જે રવેશ તે; છજું; ઝરુખો. (૨) ગોખલો. ઉ૦ ઉંચી મેડી ને અજબ ઝરુખાં; ગોખતણો નહિ પાર. ભોજોભક્ત.

ગોખણપટ્ટી, સ્ત્રી૦ ગોખી ગોખીને મોઢે કરવું તે; ગોખ ગોખ કરવું તે.

ગોખણિયું, વિ૦ ગોખનારું.

ગોખર, પું૦ ગાયોમાં ઉછરેલો ગધેડો.

ગોખરુ, પું૦ [સં.] ગાયની ખરી જેવો એક જાતનો કાંટાવાળો છોડ; ત્રણ કાંટાવાળું એક વનસ્પતિનું બી. (૨) એક તરેહની ફીત.

ગોખલી, સ્ત્રી૦ નાનો ગોખલો.

ગોખલો, પું૦ કોઈ ચીજ મૂકવાને, બેસવાને, અથવા દેવ વગેરેને બેસાડવાને ભિંતમાં જે પોલાણ રાખેલું હોય તે; બારણા વગરનું નાનું તાકું.

ગોખવું, ક્રિ૦ સ૦ [સં. घुष्] સ્મરણ રહે એટલા માટે મોઢેથી વારંવાર બોલ્યા કરવું; પાડે કરવું; એક શબ્દ વાક્ય કે પદને વારંવાર યાદ કરવું; મોઢે કરવું.

ગોખાવવું, ક્રિ૦ પ્રે૦ ગોખે એમ કરવું.

ગોખો, પું૦ પક્ષીનું ઘર-માળો; ગોઠો.

ગોગ્રાસ, પું૦ [સં.] ગાયને માટે કાઢેલું રાંધેલું અન્ન તે.

ગોઘર, પું૦ મોટો ને વકરેલો બિલાડો. ગોઘર જેવું=જાડું; માતેલું. (ઘોઘર)

ગોચર, વિ૦ [સં.] ઇંદ્રિયગમ્ય; ઇંદ્રિયોથી જણાય કે સમજાય એવું. (૨) ગાયો અથવા ઢોરને ચરવા માટે અલગ રાખેલો જે જમીનનો ભાગ તે; ગૌચર.

ગોચરી, સ્ત્રી૦ માધુકરી; ભિક્ષા.

ગોચલું, ન૦ ટોળું; ઘંઘોલિયું; વમળ. ક્રિ૦ પ્ર૦ ગોચલા ગણવા=વામાટામા કરવા.

ગોચવું, ક્રિ૦ સ૦ ભોંકવું; વિંધવું.

ગોજું, વિ૦ ચુંથાયેલું; ગંદું; ગોજું.

ગોઝાર, સ્ત્રી૦ ઓરડાની બાજુની ઓરડી.

ગોઝારું, વિ૦ [સં. गो+हत्या] જ્યાં હત્યા થયેલી હોય એવું; અપવિત્ર; અશુભ; અમંગળ; (જગા વગેરે. ગોઝારો કુવો) (૨) પાપી; (મનુષ્ય) ઘાતકી; ખુની.

ગોઝારો, પું૦ ગાયને હણનારો; હત્યારો. ઉ૦ આ દેહ હવે હું પરહરું; ગોઝારો જીવી શું કરું.

ગોટ, પું૦ એકી વખતે એકજદમે જેટલું મોઢામાં માય તેટલું તે; ઘુંટડો. (૨) ગોળાકાર જથો. (ધુમાડાનો)

ગોટપોટ, અ૦ મોઢે માથે ઓઢી ટુંટિયાં વાળીને સુતેલું હોય તેમ.

ગોટલી, સ્ત્રી૦ કોઈપણ ફળની અંદરના બીજની બીજ; આંબાની ગોટલી.

ગોટલો, પું૦ ફળની અંદરનું કોટલાવાળું બી.:- કેરીનો ગોટલો. (૨) માંસના લોચામાંની રગની ગાંઠ; તેની ગડી પડવી તે. ક્રિ૦ પ્ર૦

ગોટલા ચઢવા=પગની ફેંચમાંની રગોનું ચુંથાઇને વળે ચઢવું.

ગોટાવું, ક્રિ૦ અ૦ ગુંચાવું; ગોટા વળવા; ધુણીના ગોટાનું આમતેમ જવાનો માર્ગ નહિ મળવાથી ધુમાવું.

ગોટાળો, પું૦ તળેઉપર, ઉંધીચતી કે અસરલ એવી જે હાલત તે; ગડબડ; ગુંચવણ; ભૂલ ભરેલી પણ જાણી બુજીને ન સમજાય ન માલમ પડે તેમ ગોટાવેલી વસ્તુસ્થિતિ તે; ઉથલપાથલ; સેળભેળ કરેલું હોય એવું તે; અગડંબગડં. ક્રિ૦ પ્ર૦ ગોટાળો કરવો, વાળવો=ન સમજાય ન જડે તેમ ઉલટસુલટ કરી નાંખવું.

ગોટી, સ્ત્રી૦ ગોટાજેવી કિનારી. (૨) કસબ બાળ્યા પછી રહેલી ધાતુ ગોળી; નાની સરખી ગાંઠ.

ગોટિયું, ન૦ પાઘડીની અંદર ઘાલવાનો કકડો; ઓતાનું. (૨) જેમાથી ધુમાડો નીકળતો હોય એવું ઉંમાડિયું; ખોરણું; જેમાંથી ધુમાડી નીકળતી હોય એવું તે.

ગોટીલો, પું૦ ૧ પિંજવાનું લાકડાનું બે છેડે ગોળ ગટ્ટાવાળું ઓજાર; તાંત ઉપર ઠોકવાની મોગરી. (૨) નક્કર ગોળો; દડો. (૩) કપડાને આમળી તથા ગુંથીને બનાવેલો કુચડો; સાટકો; કપડાને એક છેડે ગાંઠવાળીને બનાવેલું ઝાપટણું.

ગોટેગોટ, અ૦ ઉપરાઉપરી ધુમાડાના ગોટા થવા નીકળવા તે, અથવા ગોટાતું હોય તેમ.

ગોટો, પું૦ સળી સાથે બાંધેલાં ફૂલનો ગુચ્છ; કલગી; તોરો. (૨) ગલગોટો. (૩) ધુમાડાનો ગોળ સમૂહ. (૪) નાળિયેરમાં સુકાઇને દડા જેવું થઈ ગયેલું કોપરું. (૫) ઉંધુંચતું કરી નાંખવું તે.

ગોટોપોટો, પું૦ ગોળાપિંડાળો; લોચો; મોઢે માથે ઓઢીને બેસવું કે સુવું તે.

ગોઠ, સ્ત્રી૦ [સં. गोष्ठी] છાનીવાત; ટાઢામીઠી અંતરની વાતચીત. (૨) ઓચ્છવ; ખુશાલીમાં સાથે બેસી જમવું વાતચીત કરવી વગેરે તે. (૩) ભેટ. (૪) ખાનગી-મિત્રાચારી ભરી મુલાકાત.

ગોઠડી, સ્ત્રી૦ ટાઢામીઠી અંતરની વાતો કરવી તે; ગુંજ; એકાંત વાતચીત; મસલત.

ગોઠણી, સ્ત્રી૦ હાંલ્લાંની ઉતરડ ઉભી કરવાની બેસણી; ઉઢણુ; સુંથિયું. (૨) ગોઠવણ; ભાંજગડ.

ગોઠતું, વિ૦ ગમતું; પસંદ પડતું. (૨) માફક-અનુકૂલ આવતું.

ગોઠવણ, સ્ત્રી૦ ગોઠવવાની રીત તે; રચના; વ્યવસ્થા. (૨) તજવીજ; જુગતિ; તાલમેલ; બંદોબસ્ત; સોઇ; સગવડ.

ગોઠવણી, જુ૦ ગોઠવણ.

ગોઠવવું, ક્રિ૦ સ૦ પડીજાય નહિ તેમ મૂકવું; એક ઉપર એક અથવા જેમ ઠીક લાગે તેમ વ્યવસ્થાપૂર્વક મૂકવું. કોઇ વસ્તુને તે બરોબર રહે તેમ મૂકવી. (૨) યુક્તિ શોધી કાઢવી; તજવીજ કરવી. (૩) બંધબેસતું કરવું; ટાળો મળે તેમ કરી મેલવું. (૪) કોઇપણ બાબતની વ્યવસ્થા-રચના કરવી.

ગોઠવાવું, ક્રિ૦ અ૦ બેસીજવું; ઘુસીજવું.

ગોઠવું, ક્રિ૦ અ૦ ગમવું; મનપસંદ પડવું; માફક આવવું; અનુકૂળ પડવું; ચેન પડવું; કરાર વળવો. (૨) પાલવવું; ઠીકપડવું. બેસતું આવી રહેવું; ઠરપડવું.

ગોઠિયણ, સ્ત્રી૦ સૈયર; સાહેલી; સખી.

ગોઠિયો, પું૦ જેની સાથે ગોઠતી હોય એવો માણસ; દોસ્ત; સાથી; મિત્ર; સોબતી. (ગોઠ=અંતરની છાની વાતચીત. તે કહેનાર સાંભળનાર)

ગોઠી, પું૦ જૈનના દહેરાસરનો પૂજારી; નોકર.

ગોઠીમડી, સ્ત્રી૦ એક જાતની વેલી; જેને ગોઠીમડાં થાય છે તે.

ગોઠીમડું, ન૦ માથું નીચું રાખી પગ ઉંચા કરી ફરી જવું તે; ગુલાંટ; માથું જમીનપર

ટેકવી પગ ઉંચા કરી ઉથલાઇ જવું તે. (૨) એક જાતનું નાના લિંબુ જેવડું ફળ; ગોઠીમડીનું ફળ.

ગોઠો, પું૦ [सं. गोष्ठ] ગાય ઢોર વગેરે બાંધવાનું સ્થાન; જગો; વાડો. (૨) જંપ નિરાંત. (૩) પક્ષીનો માળો. :– સુગરીનો ગોઠો.

ગોડ, ન૦ શરીર ઉપર ચામડીમાં રસવિકારથી થતી ગાંઠ; સોજો. કઠણ હોય ત્યાં સુધી ગોડ–ગડ અને પાકવા માંડે ત્યારે ગુમડું.

ગોડગુમડ, જુઓ ગડગુમડ.

ગોડવું, ક્રિ૦ સ૦ ખોદવું; ખણવું. તમાકુ ને વેંગણ વગેરેના ક્યારાની જમીન ખોદીને પોચી કરવી.

ગોડસારંગ, પું૦ સારંગ રાગનો એક ભેદ.

ગોડાઉન, ન૦ [अं. Godown] માલ ભરી રાખવાની જગા; વખાર.

ગોડાવું, ક્રિ૦ અ૦ ખોદાવું.

ગોડિયો, પું૦ જાદુગર; મદારી. ઉ૦ ગોડિયો કરે માંકડો, રામાથી રાજવી રાંકડો. શામળ.

ગોડી, સ્ત્રી૦ પાછલે પહોરે સાડાચાર પાંચને અમલે ગાવાનો રાગ. (૨) મિઠાશ; મધુરતા.

ગોડીપડવો, પું૦ [म.] ચૈત્ર માસનો પહેલો દિવસ; ગુડીપડવો. (૨) તે દિવસનો તહેવાર.

ગોડે, અ૦ પેઠે; માફક; તેમ; મિસાલે.

ગોત, સ્ત્રી૦ શોધ; ખોળ; તપાસ. (૨) ગોત્ર; કુળ.

ગોતડી, સ્ત્રી૦ કંઠ; ઘાંટી; ગળું.

ગોતર, ન૦ [सं. गोत्र] ગોત્ર. (૨) કઠોળની શિંગો અને પાન વગેરેનો ભુકો.

ગોતરજ, સ્ત્રી૦ [सं. गोत्रदेवता] કુળમાં–ગોત્રમાં જન્મેલું તે (૨) કુળદેવી; રન્નાદેવ.

ગોતરડું, ન૦ ગોત્રજની પૂજા માટે બનાવવામાં આવતો માટીનો એક આકાર. (૨) ગોત્ર દેવતાનો પૂજા પ્રકાર.

ગોતરી, વિ૦ ગોત્રનું; ગોત્રી; કુટુંબી.

ગોતવણ, સ્ત્રી૦ શોધ; ખોળ; તપાસ. (ગોતવું=શોધવું) ઉ૦ કમાલ કુમ્મરકેહજી સિકંદરશાહ જે શિષ્ય, ગોતવણ જ્ઞાનીતણી કરી, જાણી લીધું ભવિષ્ય. મુકુંદ.

ગોતવું, ક્રિ૦ સ૦ શોધવું; ખોળવું; ઢુંઢવું.

ગોતીત, વિ૦ સમજબહાર; ગૂઢ. ઉ૦ મનવાણી ગોતીત અગોચર. ગિરધર.

ગોતું, વિ૦ ટાઢું; શીતળ. (૨) ગંદું; છાંડેલું. (૩) સ્વાદરહિત; બેસ્વાદ.

ગોતું, ન૦ [सं. गो अद्] (ગૉતું) ગાય ઢોરને ખાવાનું તે; ખાણ. ઢોરને ખવડાવવા માટે અનાજ કપાસ શિંગ કે કણુસલાંના ભુકાને બાફીને બનાવેલો ખોરાક.

ગોત્ર, ન૦ [सं.] કુટુંબ; વંશાન્વય; કુલ પરંપરા; ઓધવાડો. (૨) અમુક કુટુંબની જે ઓળખ તે; કૌટુંબિક નામ.

ગોત્રગમન, ન૦ [सं.] એકજ ગોત્રનાં સ્ત્રી પુરુષનો સંબંધ થવો તે; પોતાના ગોત્રની સ્ત્રી–કન્યાનો સંગ કરવો તે.

ગોત્રજ, પું૦ [सं.] ગોત્રમાં જન્મેલું જે તે. (૨) ગોત્રદેવતા.

ગોત્રબંધુ, પું૦ [सं.] એક ગોત્રમાં ઉત્પન્ન થયેલો એકેકેક તે; પિતરાઇભાઈ.

ગોત્રસ્ખલન, ન૦ [सं.] ભૂલથી સ્ત્રીએ સ્વામીનું નામ બોલાઇ જવું તે.

ગોત્રહા, પું૦ [सं.] ઇન્દ્ર.

ગોત્રી, વિ૦ ગોત્રનું. (૨) ગોત્રજ.

ગોથ, સ્ત્રી૦ [अ. गोता] કનકવાનું ઉંધે માથે નીચા પડી જવું તે; ગુલાંટ; ફરી જવું તે. (૨) ભૂલથાપ; ચૂક. ક્રિ૦ પ્ર૦ ગોથ મારવી; પતંગને ગુલાંટ ખવડાવવી. ફરી જવું. (૩) ચારની સંજ્ઞા.

ગોથપડી, વિ૦ ચૌદની સંખ્યાનો સંકેત. (વેપારીઓમાં)

ગોથું, ન૦ અથડાવું તે; ફાંફાં મારવાં તે. ક્રિ૦ પ્ર૦ ગોથાં મારવાં–ખાવાં. (૨) છેતરાવું;

ભૂલ કરવી તે. ગોથુંખાવું. (૩) ઉંધે માથે પડી રહેવું તે. (૪) ઢોર માથું મારે છે તે; ઢોર માથું નીચું કરીને જે ધક્કો મારે છે તે.

ગોદ, સ્ત્રી૦ ખોળો; અંક. ઉ૦ ભાલણ પ્રભુ રઘુનાથ ભરાણા, કૌશલ્યાની ગોદેજી. ક્રિ૦ પ્ર૦ ગોદમાં લેવું=સંભાળમાં લેવું. ગોદમાં ઘાલવું=સંભાળમાં લઇ ઉછેરવું; શરણઆપવું.

ગોદડ, વિ૦ ગોદડિયું; ગોદડાવાળું; જેની પાસે કંથા હોય એવું.:- ગોદડનાથ.

ગોદડી, સ્ત્રી૦ નાનું અને પાતળું રૂ અથવા ચિંથરાં ભરીને બનાવેલું ગોદડું.

ગોદડિયું, ન૦ શીતળા જેવો એક રોગ. (૨) વિ૦ ગોદડીવાળું.

ગોદડું, ન૦ કપડાના ખોળિયામાં રૂ વગેરે ભરીને બનાવેલું પાથરવા અને ઓઢવાનું સાધન; પાથરણું.

ગોદાટવું, ક્રિ૦ સ૦ વારંવાર, ઉપરાઉપરી ગોદા મારવા; વારંવાર કલ્લા કરવું; ટોકવું. (નામધાતુ)

ગોદાન, ન૦ [સં.] ગૌદાન. (૨) નિષ્પાપ થવાનો એક વિધિ.

ગોદાવરી, સ્ત્રી૦ [સં.] દક્ષિણ દેશની એક જાણીતી નદી; નાસિક અને પંચવટીમાં થઇને વહેનારી એક નદી.

ગોદાવવું, ક્રિ૦ અ૦ ખોદાવવું; ખણાવવું; ખાડો પડાવવો. (૨) પોચું થાય એમ કરાવવું. (૩) ભુંડું બોલાવવું; નાશ થાય એમ કરાવવું. (૪) સંગ કરાવવો.

ગોદાવું, ક્રિ૦ અ૦ ખોદાવું; અંદરને અંદર ઉંડું જવું; ખોદાઈ જવું. (૨) ગોદા વાગ્યા કરે ખોદાયા કરે એવી સ્થિતિમાં હોવું.

ગોદી, સ્ત્રી૦ કામ પડે ત્યારે ખાડીનું પાણી અંદર આવે જાય એવી ગોઠવણવાળું વહાણો બાંધવાનું અને ઉભાં રાખવાનું બંદર.

ગોદીનાંખવું, ક્રિ૦ સ૦ ખોદી નાંખવું.

ગોદો, પું૦ બુંઠો ધક્કો; આંચકો; કોખ; ઠાંસો. (૩) ખોટ; ટોટો; હાનિ; નુકસાન. ક્રિ૦ પ્ર૦ ગોદો ઘાલવો. ગોદો લાગવો. ગોદો મારવો. ગોદાટવું=પ્રેરવું; ગોદા મારીમારીને ઉશ્કેરવું.

ગોધણ, જુ૦ ગોધન.

ગોધન, ન૦ [સં.] ગાયો રૂપી જે ધન તે. (૨) ગાયોનું ટોળું.

ગોધરિયું, વિ૦ ગોધરા તરફનું. (લાકડું)

ગોધુલગન, ન૦ ગાયો ચરીને ઘેર આવે તે વખતનું-સમીસાંજનું લગન તે.

ગોધૂમ, પું૦ [સં.] એક જાતનું અનાજ; ઘઉં. એ શિયાળામાં થાય છે.

ગોધૂળિયું, જુ૦ ગોરજલગન.

ગોધેઆવવું, ક્રિ૦ અ૦ ગાયનું આધાને આવવું.

ગોધો, પું૦ ગાયનો નર; આખલો; સાંઢ; નહિ ખાસી કરેલો બળદ.

ગોપ, પું૦ [સં.] ગોવાળિયો; (૨) પુરુષના ગળાનું એક ઘરેણું; દોરો.

ગોપકન્યા, સ્ત્રી૦ [સં.] ગોવાળિયાની છોકરી; ગોપી; ગોપિકા; ગોપપુત્રી.

ગોપદ, ન૦ [સં.] ગાયનું પગલું; ગાયની ખરીથી પડેલો ખાડો.

ગોપન, ન૦ [સં.] સંરક્ષણ. (૨) ગુપ્ત રાખવું તે.

ગોપનીય, વિ૦ [સં.] ગુપ્ત રાખવા જેવું; છુપાવવા જેવું. (૨) રક્ષણીય; નહિ જાહેર કરવા જેવું.

ગોપાવવું, ક્રિ૦ સ૦ છુપાવવું.

ગોપાહાર, પું૦ સ્ત્રીઓના ગળાનું એક ઘરેણું.

ગોપાલિકા, સ્ત્રી૦ [સં.] ગોવાળણી; ગાયનું પાલન કરનારી સ્ત્રી.

ગોપાષ્ટમી, સ્ત્રી૦ [સં.] ગોકુળના ગોવાળિયાઓના ઉત્સવની યાદગીરીની આઠમ.

ગોપાળ, પું૦ ગાય ઢોર ચારનારો; ગોવાળિયો. (૨) શ્રીકૃષ્ણ. (૩) રાજા. (ગો=પૃથ્વી+પાલ=પાળનાર.)

ગોપિકા, સ્ત્રી૦ [સં.] ગોપી; ગોવાળણી.

ગોપી, સ્ત્રી૦ [સં.] ગોપસ્ત્રી; ગોવાળણી; ગોપિકા.

ગોપીચંદન, ન૦ [સં.] દ્વારકાની-ગોમતીની પિળાશ પડતી ટીલું કરવાની ભુંખરી માટી. (૨) પૈસો-સત્ત્વ; વિત્ત. (લાક્ષણિક) કહે૦ ગાંઠનું ગોપીચંદન.

ગોપુચ્છ, ન૦ [સં.] ગાયનું પુંછડું.

ગોપુર, ન૦ [સં.] છજું; જાળિયું.

ગોપ્ય, વિ૦ [સં.] ગુપ્ત રાખવા જોગ. (મંત્ર વિચાર, વગેરે)

ગોફણ, સ્ત્રી૦ માટીના સુકા ગોળા ફેંકવાની વચમાં ગોળો રહે એવી પહોળી ચામડાની અથવા દોરીની સાટ. રૂ૦ પ્ર૦ ગોફણિયા લાડુ=નાના અને ઓછા ઘીના ગડબડી જાય એવા લાડુ તે.

ગોફણી, સ્ત્રી૦ સ્ત્રીઓને અંબોડે-ચોટલે લટકતું રહે એવું ઘુઘરીઓવાળું ઘરેણું; ગોફણો.

ગોફણિયું, વિ૦ ગોફણના કામનું; કઠણ ગોળા જેવું; સખત.

ગોફણો, પું૦ ચોટલાને છેડે ગુંથવાનું એક ઘુઘરિયાળું ઘરેણું.

ગોફતેગો, પું૦ [ફા.] છુપી-ખાનગી વાતચીત; એકાંતની વાતચીત; મસલત.

ગોબર, ન૦ [દે. गोव्वरं गोहूरं] ગાયનું છાણ. ઉ૦ ગોબર કાઢે ગાયનું નાંખે ઉકરડા માંય. મુકુંદ. ગંદવાડ; કચરોપુંજો.

ગોબરું, વિ૦ ગંદું; અસ્વચ્છ. ગંદુંગોબરું એમ કહેવાય છે.

ગોબાવું, ક્રિ૦ અ૦ ધાતુના વાસણમાં ખાડો પડવો; સપાટી ઉપર ગોબા પડવા; ગોબો પડયો હોય એવું થવું; શીળીના ડાઘ પડવા.

ગોબો, પું૦ સપાટીમાં ખાડો પડવો તે; સપાટી ઉપર ગોદો વાગવાથી થયેલું ચિહ્ન. (૨) વ્રણચિહ્ન.:-બળિયાના ગોબા.

ગોમ, સ્ત્રી૦ ટપકો; ખોડ. (૨) આનાકાની.

ગોમટો, પું૦ સાળના તારેતાર જુદા જુદા રહે તે માટે દોરાને ગુંથીને બનાવેલી જાળી; દોરાની ગુંથણી.

ગોમંડળ, ન૦ [સં.] પૃથ્વીચક્ર; આખી પૃથ્વીનો ગોળાકાર તે.

ગોમળ, ન૦ [સં.] છાણ.

ગોમાયુ, ન૦ [સં.] શિયાળ.

ગોમાંસ, ન૦ [સં.] ગાયનું માંસ તે.

ગોમુખ, ન૦ [સં.] ગાયનું મોઢું; ગાયના મોઢા જેવો પત્થર આદિકનો જે આકાર તે. (૨) એક જાતનું નગારું. ઉ૦ મૃદંગ ભેર દદામાં દમકે, ધ્રમકે ગોમુખ ઘોરજી. ગિરધર. એ જાતનું ફુંકવાથી વાગે એવું વાજું.

ગોમુખી, સ્ત્રી૦ ગાયના મુખ જેવી કાટખુણુ કોથળી. એમાં માળા રાખીને જપ કરવામાં આવે છે.

ગોમૂત્ર, ન૦ [સં.] ગાયનું મુતર.

ગોમૂત્રિકા, સ્ત્રી૦ [સં.] ગાયના મુતરની ધાર માફક સાંકડી ને પહોળી લહેરિયા આકૃતિ. (૨) લહેરની પેઠે વંચાય એવી એક કાવ્યરચના.

ગોમેદ, પું૦ પીળા રંગનો હીરો; પોખરાજ.

ગોમેધ, પું૦ [સં.] જેમાં ગાયનો ભોગ આપવામાં આવતો હોય એવો યજ્ઞ; યજ્ઞનો એક પ્રકાર.

ગોયણી, સ્ત્રી૦ ગુરુની સ્ત્રી; બ્રાહ્મણી; જે સોવાશણ સ્ત્રીને મુએલી સ્ત્રીને નામે જમવા તેડી હોય તે; વ્રત નિમિત્ત જમનારી કોઇ પણ સોવાશણ સ્ત્રી. નાતરાની નહિ પણ પરણેલી. સૌભાગ્યવતી.

ગોર, પું૦ [સં.] ગુરુ; પુરોહિત; બ્રાહ્મણેતર વર્ણને ક્રિયાકર્મ કરાવનારો કુળગોર. (૨) તીર્થસ્થાનનો બ્રાહ્મણ; ગોરપદું કરનાર બ્રાહ્મણ.

ગોર, સ્ત્રી૦ [સં. गौरी] ગૌરી; પાર્વતી દેવીનું એક વ્રત. ગોરચ. તેં વશ કીધો રાધે દયાનો પ્રભુજી, હું નવ જાણું તેં તે કયા ગોર પૂજીજી.

ગોર, પું૦ [फा.] મનન; વિચાર; મીમાંસા. (૨) છાણાનો કે બીજી કોઈ વસ્તુનો ભુકો. ઉ૦ ભરું ગોર છાણાતણો, અગ્નિ આંચ દિન આઠ. શામળ. (૩) ઢોરોનો સમૂહ-ધોર.

ગોરક્ષક, વિ૦ [સં.] ગાયોનું રક્ષણ કરનાર. (૨) પું૦ ગાયોનું રક્ષણ કરનારો.

ગોરક્ષ, વિ૦ ગાયોથી રક્ષાયેલું. (૨) ગાયનું રખવાળું. (૩) ઇંદ્રિયોને કબજે રાખવી તે. ઉ૦ ગોરક્ષ સાધુ જે થયા, ગોરક્ષ પડિયું નામ; તેહતણાં ચરિત્ર ગાવા, મનમાં થઇ છે હામ. મુકુંદ.

ગોરક્ષણ, ન૦ [સં.] ગાયોનું રક્ષણ કરવું તે; ગૌરક્ષા.

ગોરક્ષા, સ્ત્રી૦ [સં.] ગોરક્ષણ; ગાયનું રખવાળું કરવું તે; ગાયોનું પાલનપોષણ કરવું તે.

ગોરખ, વિ૦ ઇંદ્રિયોને સ્વાધીન રાખનાર; સંયમી. (૨) શિવમાર્ગી સાધુઓની એક જાત.

ગોરખઆમલી, સ્ત્રી૦ એક જાતનું ઝાડ.

ગોરખપંથ, પું૦ [સં.] શિવમાર્ગી બાવાઓનો એક સંપ્રદાય.

ગોરજ, વિ૦ [સં.] સમીસાંજના મુહૂર્તનું; ચરીને પાછા આવતા ગોધનને લીધે ઉડેલી ધૂળથી ધુસર; ગાયોને પગે ઉડેલી રજયુક્ત (૨) સ્ત્રી૦ ગાયોના ચાલવાથી ઉડેલી રજ. ગોર જઇલું વદન વહાલમનું આવે ગાયો ચારીજી.

ગોરજી, પું૦ [સં.] જૈનસાધુ; ગુરુ; ધર્મોપદેશક.

ગોરટ, વિ૦ ગોરી અને રેતાળ; (ગોરાટ જમીન) ભુંખરી; કિંચિત્ ગોરું.

ગોરટિયું, વિ૦ ગોરું.

ગોરટી, વિ૦ ગોરી; ધઉંવરણી. ગોરટડી=ગોરી. ઉ૦ અમો ગોરટડીરે ગુણી વણજારી; તમે કાળાકુબડા ને ગૌચારી.

ગોરટું, વિ૦ ગોરું.

ગોરડી, વિ૦ ગોરી; ગૌરવર્ણની. ઉ૦ ફટફટરે ઘેલી ગોરડી, વિપ્ર ગરીબને કેમ વરે. શામળભટ.

ગોરણી, સ્ત્રી૦ ગોરાણી; ગોયણી; ગુરુની સ્ત્રી તે.

ગોરતો, પું૦ જેમાં સૌભાગ્યવતી સ્ત્રીઓને જમાડવામાં આવે છે એવું એક વ્રત.

ગોરપદું, ન૦ [સં. गुरुपद] યજમાનને ક્રિયા કર્મ કરાવવાનો ધંધો તે; પુરોહિતપણું.

ગોરમટી, સ્ત્રી૦ [સં. गैरिकं-गिरिमाटी] લાલ-પીળી માટી; મટોડી.

ગોરમા, સ્ત્રી૦ છોકરીઓ જવારા વાવી તેમાં જે ગૌરીપૂજન કરે છે તે; તેનું એક વ્રત.

ગોરવ, પું૦ વરવાળા કન્યાવાળાઓને અને કન્યાવાળા વરવાળાઓને જે જમણ આપે છે તે. વર તરફનું ખાસ જમણ તે.

ગોરસ, ન૦ [સં.] દૂધ દહિં છાશ અને માંખણ વગેરે તે. (૨) દહિં દૂધ રાખવાનું પાત્ર તે.

ગોરસિયું, વિ૦ ગોરસવાળું; દહિં દૂધનું સવાદિયું. (૨) ન૦ ગોરસું.

ગોરસી, સ્ત્રી૦ દૂધ દહિં રાખવાની માટલી; દહોણી.

ગોરસું, ન૦ દૂધ દહિં રાખવાનું મટોડીનું પાત્ર; દહોણી.

ગોરાડું, વિ૦ પોચી રેતાળ અને સહેજ લાલાશ યુક્ત; (જમીન.) ગોરી હોય એવી.

ગોરાણી, સ્ત્રી૦ [સં. गुरुपत्नी] ગોરની સ્ત્રી; પુરોહિત પત્ની; ગોરણી.

ગોરાદે, સ્ત્રી૦ [સં. गौर+देहा] ગૌર દેહવાળી સ્ત્રી; ગોરી. ઉ૦ ગોરદે તારા ગુણ કેમ વિસરે.

ગોરાશ, સ્ત્રી૦ ગોરાપણું; ગૌરતા.

ગોરી, વિ૦ ગૌરવર્ણવાળી. (૨) ગૌરવર્ણવાળી સ્ત્રી; સુંદર રૂપાળી સ્ત્રી. ઉ૦ ગોરી ગુલાબી હું હરિ, ખટરસ રસુ કુલ બાણ, વ'ચંપક જોઈ વળ્યા પરિમળ ગ્રહી ન જાણ. દ્વારકો.

ગોરીલો, પું૦ એક જાતનો વાંદરો; વાંદરાની એક જાત.
ગોરું, વિ૦ [સં. गौर] ગુલાબી શ્વેત; ઘઉંવર્ણું. ગોરું ગફલ=બહુજ ગોર.
ગોરુંચંદન, ન૦ [સં. गो-रोचना] ગાયના પેટમાંથી મળી આવતો પિળાશ પડતો એક પદાર્થ; એક જાતનું ઔષધ.
ગોરોચન, ન૦ ગોરોચના.
ગોલ, પું૦ [સં.] ગોળ.:–ભૂગોલ; ખગોલ. (૨) વિ૦ વર્તુલ જેવા આકારનું; વર્તુલાકારનું; દડા જેવું; બધી બાજુએથી સરખું.
ગોલક, પું૦ [સં.] લોઢા–લાકડાનો જે ગોળો તે. (૨) કન્યા કે વિધવાને જારકર્મથી ઉત્પન્ન થયેલો છોકરો; તેમજ તેની જાત; ગોલા. (૩) ગલ્લો.
ગોલણ, સ્ત્રી૦ ગોલાની સ્ત્રી; ગોલી.
ગોલવાડ, સ્ત્રી૦ ગોલાઓનો મહોલ્લો; જ્યાં ગોલાઓ રહેતા હોય તે ફળિયું; પોળ-પાડો.
ગોલવું, જુ૦ ગોળવું.
ગોલંદાજ, વિ૦ [फा.] તોપ ભરીને ફોડનાર; તોપચી.
ગોલાર્દ્ધ, પું૦ [સં.] ગોળનો જે અર્દ્ધ ભાગ તે; અડધો ગોળ.
ગોલાધ્યાય, પું૦ [સં. गोल+अध्याय] ખગોળ સંબંધી એક પ્રાચીન સંસ્કૃત પુસ્તક.
ગોલાં, ન૦ જનાનખાનામાં નોકરી કરનારાં માણસ. (૨) ઘોલાં; ત્રિલોડાં.
ગોલી, સ્ત્રી૦ ગોલાની જાતની સ્ત્રી. (૨) જનાનખાનાની દાસી; ચાકરડી.
ગોલૈયો, પું૦ વગર નોંતરે જમતો ફરતો હોય તે. ગોલૈયું=હરાયું; પડતું મૂકીને ખાનાર.
ગોલો, પું૦ જનાનાનો નોકર; કંચુકી. (૨) ડાંગેરને ખાંડી ચોખા કરવાનો અને અનાજ સમારવાનો ધંધો કરનારી એક જાત. કહે૦ ગોલો ગોલી લડે ને ગધેડાના કાન ચિંબોળે.
ગોલોક, પું૦ [સં.] જ્યાં ગાયોનું પાલનપોષણ થાય છે એવો સ્વર્ગનો એક વિભાગ; ગાયોના વાસથી પવિત્ર વિષ્ણુલોક.
ગોલ્લો, પું૦ ગાયનો લાડકો; વાછડો; રેલ્લો; બાળસાંઢ.
ગોવધ, પું૦ [સં.] ગાયને (બલિ માટે) મારવી તે; ગાયનો ઘાત કરવો તે.
ગોવરું, ન૦ શીતળાની જાતનો એક રોગ. (૨) વિ૦ ગોબરું.
ગોવર્દ્ધન, ન૦ [સં.] મથુરાં પાસેનો એક ડુંગર.
ગોવાગણ, સ્ત્રી૦ ગોવા તરફની સ્ત્રી; આયા તરીકે રહેનારી ગોવા તરફની સ્ત્રી. (૨) ગોવા તરફની નાયકણ. વિ૦ ગોવાગરી=ગોવા તરફની; ગોવાની.
ગોવારું, ન૦ ઢોરનું ટોળું; ઠાઠ.
ગોવાવું, ક્રિ૦ અ૦ નિંદાવું; જ્યાં ને ત્યાં વાત થવી; વગોવાવું. (૨) સોંઘું ને સફરૂં વેચાવું. કેરીઓ ગધેડે ગોવાય છે=કેરીઓ જોઇએ તેથી વધારે મળે છે.
ગોવાળ, પું૦ [સં. गोपाल] ઢોર ચરાવનારો; ગાય ચરાવનારો.
ગોવાળણ, સ્ત્રી૦ ગોવાળણી.
ગોવાળણી, સ્ત્રી૦ ગોવાળની સ્ત્રી; ઢોર ચરાવનારી સ્ત્રી; ગોપાલન–દૂધ વેચનારી ભરવાડણ; રબારણ.
ગોવાળબકરી, સ્ત્રી૦ નાનાં છોકરાંની એક રમત; બકરાંની ઝાંઝર નામની રમત.
ગોવાળિયો, પું૦ ગોવાળ; ગાય ઢોર વગેરે ચરાવનારો. (૨) મૂર્ખ–અભણ માણસ.
ગોવાળું, ન૦ ગાયોનું ટોળું; ગોવારું.
ગોવાંદરું, ન૦ [સં. गो+वृंद] ગોંદરું; પાદર; ભાગોળ.
ગોવિંદ, પું૦ [સં.] વિષ્ણુનું એક નામ; શ્રીકૃષ્ણ; પરમેશ્વરનું નામ.
ગોવૃંદ, ન૦ [સં.] ગાયોનું ટોળું; ગોવારું.
ગોષ્ઠ, પું૦ [સં.] ગાયોનો વાડો; વ્રજ; ગૌશાળા; ગાયોને રહેવા બેસવા અને ચરવાની જગા. (૨) વાત; મસલત; છુપી વાતચીત.

ગોષ્ઠી, સ્ત્રી૦ [સં.] બે જણ વચ્ચેની જે ખાનગી છાનીછપની વાતચીત તે; છાની ખાનગી વાત તે. (૨) મસલત; નાટકનો એક પ્રકાર. (૩) મૈત્રી; દોસ્તદારી.

ગોષ્પાદ, ન૦ [સં.] ગાયનું પગલું; ગાયના પગલાથી પડેલો ખાડો.

ગોસ, વિ૦ જમણી બાજુનું. (વહાણવટીઓ જે તારાની જમણી બાજુઉપર લક્ષ રાખી વહાણ ચલાવે છે તે) (૨) ન૦ માંસ.

ગોસાંઈ, પું૦ [સં.] જેણે ઇંદ્રિયોને વશ કરેલી હોય એવા સાધુઓની જાત; વેરાગી; બાવા: ત્યાગી.

ગોસ્વામી, પું૦ [સં.] વૈષ્ણવોનો જે આચાર્ય તે; શ્રીમદ્વલ્લભાચાર્યના સંપ્રદાયના આચાર્યોની ઓળખ; અટક.

ગોહ. પું૦ [સં. गुहा] ખાડો; ગર્ત; બખોલ; ગુફા.

ગોહત્યા, સ્ત્રી૦ [સં.] ગાય મારવી તે; ગાયનો વધ કરવો તે. ધર્મશાસ્ત્રોમાં જણાવેલાં પાંચ મહાપાપોમાંનું એક મહાપાપ.

ગોહત્યારું વિ૦ [સં.] જેને ગોહત્યા લાગેલી હોય એવું; ગોહત્યા કરનાર. પું૦ ગોહત્યારો. સ્ત્રી૦ ગોહત્યારી.

ગોહાવું, ક્રિ૦ અ૦ ગુંચાવું; અંધારે અથડાવું; ખાડામાં પડવું.

ગોહોર, પું૦ [અ. गेव्र] ગોર; નીધા પહોંચાડવી તે; વિચાર કરવો તે; મનન; મીમાંસા.

ગોળ, પું૦ [સં. गुड्] શેલડીના રસને ઉકાળીને બનાવેલો કઠણ કે લોચા જેવો ગળ્યો પદાર્થ; કાચીખાંડ. (ગૉળ)

ગોળ, વિ૦ વર્તુલાકારનું; ફરતા ચક્કર જેવું; જેની દરેક બાજુ સરખી હોય એવું.

ગોળકેરી, સ્ત્રી૦ ગળકેરી; કેરીનો ગોળમાં કરેલો મુરબ્બો.

ગોળગોળ, વિ૦ નરમ; પોચું; ઢીલું. (૨) અનુકૂલ; સારાં ધ્યાનમાં ઉતરે એવાં વચનથી પોતાને અનુકૂલ કરી નાંખવું તે.

ગોળચું, ન૦ ગોળના અધિકાંશવાળા અથાણામાંનું અકેક; આ શબ્દ બહુવચને વપરાય છે.:–ગોળચાં; ગોળ નાંખેલું અથાણું.

ગોળધાણા, પું૦ ભેગાં કરેલાં ગોળ અને ધાણા બેઉ તે. આનંદ અવસરે ખાસ પુત્રવિવાહના આનંદમાં ગોળધાણા વહેંચવાનો રિવાજ છે.

ગોળપાપડી, સ્ત્રી૦ ગોળ, ઘી અને લોટને સાથે શેકીને બનાવેલો ખાવાનો એક પદાર્થ.

ગોળભમરડો, પું૦ મૂર્ખ; અણસમજુ; જેમ ફેરવીએ તેમ ફેરવાય એવો માણસ.

ગોળમટોળ, વિ૦ સંપૂર્ણ ગોળ; બરોબર ગોળ હોય એવું. (૨) ભરેલું; પુષ્ટ; જાડું. જેના ગોળપણામાં કંઈપણ ખામી ન હોય એવું.

ગોળવો, પું૦ ગોળો; માટી અને લાકડા વગેરેની ગોળાકૃતિ; માટીના ગોળવા. (૨) લાડુ, માંખણ વગેરેનો ગોળ આકૃતિનો લોંદો. (૩) ગોળ મોબિયાનો ટુંકો કકડો; પીઢ:–પીઢોને ઠેકાણે ગોળવા નાંખવા એ સારું છે.

ગોળાઈ, સ્ત્રી૦ ગોળપણું.

ગોળાકાર, પું૦ [સં.] વર્તુલના જેવી આકૃતિ તે; ગોળ આકાર તે. વિ૦ ગોળ; વર્તુલના જેવું; જેનો આકાર ગોળ હોય એવું.

ગોળી, સ્ત્રી૦ [સં. गुटिका. दे. गुलिआ.] નાનો ગોળો; ગુટિકા; ગરગોલી; નાની ગોળાકાર વસ્તુ; દડી. (૨) પાણી ભરવાનું નાનું માટી કે ધાતુનું ગોળ પાત્ર. દહિં વલોવવાનું મોટા મોઢાનું ગોળ વાસણ:–ગોળી નંદાશે મારાં મહિડાં ઢોળાશે. (૩) વૃષણ. (૪) નાનો લાડુ; લાડુડી. :– પંડયા પાંચ ગોળી ખાય ત્યાં સુધી કંઇ જમ્યા છે એમ જાણવું નહિ. ક્રિ૦ પ્ર૦ ગોળી મારવી=બંદુકથી સીસાની ગરગોલી છોડવી. ગોળી વાગવી=ગોળીનો ઘા થવો. (૨) ખૂબ જમવાથી જડ થઇ જવું. ગોળીનું પાણી સુકાવું=કુટુંબનાં સાધનો ઓછાં થઇ જવાં.

ગોળો, પું૦ [સં. गोल] બધી બાજુએથી ગોળ હોય એવો ચીજ; લાડુ જેવી ગોળ આકૃતિ

તે. પાણી ભરવાનું અથવા અનાજ ભરવાનું કે દહિં વલોવવાનું મોટું અને ગોળ પાત્ર; મોટી ગોળી. તોપમાં મૂકી ગડબીને ઉડાડવાનો સીસા-ધાતુનો જે ગોળાકાર (લંબગોળ હોય છે) તે. (૩) પેટના વાયુનો એક રોગ.

ગોળોપિંડાળો, પું૰ ઉધુંચતું કરી નાંખવું તે; સેળભેળ કરી નાંખવું તે; સથરવથર.

ગોંધવું, ક્રિ૰ સ૰ રોકવું; ખાળવું; કેદ કરવું; બધિયાર જગ્યામાં રોકી રાખવું.

ગૌ, સ્ત્રી૰ [સં.] ગાય. (૨) વિ૰ ગાય જેવું; ગરીબ; દીન; રક્ષણીય; રક્ષણ કરવા યોગ્ય.

ગૌગોટો, પું૰ ગાયના મોઢામાંથી નીકળતો એક પદાર્થ; ગોરોચના.

ગૌચર, ન૰ [સં.] ગામને સીમાડે ગાયો અને ઢોરને ચરવા માટે અલગ રાખેલી જે જમીન તે; ઢોરોને ચરવા માટે રાખેલી જમીન.

ગૌડ, પું૰ બંગાળનો એક પ્રાંત. (૨) વિ૰ ગૌડ બંગાળને લગતું; ગૌડનું; ગૌડબ્રાહ્મણ-સારસ્વત, કાન્યકુબ્જ; ગૌડ, ઉત્કલ અને મૈથિલ-એમ પાંચ જાતના છે.

ગૌડસારંગ, પું૰ [સં.] સારંગ રાગનો એકપ્રકાર.

ગૌડી, સ્ત્રી૰ ગૌડ દેશની સ્ત્રી. (૨) વાણીનો એક પ્રકાર.

ગૌણ, વિ૰ [સં] મુખ્ય નહિ એવું; પ્રધાનથી હલકું; બીજા નંબરનું; ઉતરતું.

ગૌતમ, પું૰ [સં.] એક મોટા ઋષિ.

ગૌતમી, સ્ત્રી૰ [સં.] એક પવિત્ર પરમાર્થી સ્ત્રી.

ગૌતરાટ, પું૰ [સં. गो+त्रि+रात्र] ત્રણ રાત પાળવાનું ગાયનું એક વ્રત. આ વ્રત ભાદ્રપદ શુકલ પક્ષમાં સ્ત્રીઓ કરે છે.

ગૌત્રાટ, જુ૰ ગૌતરાટ.

ગૌદાન, ન૰ [સં. दा=આપવું] ગાયનું દાન.

ગૌધન, ન૰ [સં.] ગાયોરૂપી જે મીલકત તે. (૨) વિ૰ ઈંદ્રિયોથી સુખી હોય એવું.

ગૌબ્રાહ્મણપ્રતિપાળ, [સં.] વિ૰ રાજા હાકેમનો આગળના વખતનો એક ઇલકાબ-ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરનાર.

ગૌમુખ, ન૰ [સં.] ગાયનું મોઢું.

ગૌમુખિયું, વિ૰ ગાયના જેવા મોઢાવાળું; શરમાળ. ૩૦ પ્ર૰ ગૌમુખોવાઘ=ઉપરથી ગરીબ દેખાતું પણ અંદરથી વાઘ જેવું ક્રૂર હોય એવું જે તે.

ગૌમુખી, સ્ત્રી૰ [સં.] ગાયના મોઢાના આકારની માળા ફેરવવાની કોથળી.

ગૌમૂત્ર, ન૰ [સં.] ગાયનું મુતર તે.

ગૌર, વિ૰ [સં.] ગોરું.

ગૌરવ, ન૰ [સં.] ભારબોજ; મોટાઇ; મહત્તા; પ્રતિષ્ઠા. (૨) વજન; ભાર. (૩) શોભા; આબરૂ; માન.

ગૌરવર્ણ, પું૰ [સં.] સફેતવર્ણ; ઉજળો રંગ તે.

ગૌરાંગ, પું૰ બંગાળમાં થઇ ગયેલા એક મોટા ધર્માચાર્ય. (૨) વિ૰ યુરોપિયનોને લગાડવામાં આવતું એક વિશેષણ; ગોરો.

ગૌરી, સ્ત્રી૰ [સં.] દેવી પાર્વતીનું નામ. (૨) આઠ વર્ષની બાળા. (૩) માનાર્થે સ્ત્રીઓના નામની આગળ લગાડાતો શબ્દ.:-મોતીગૌરી.

ગૌરીજ, વિ૰ [સં.] ગૌરીથી જન્મેલું; ગણપતિ.

ગૌરીપુત્ર, પું૰ [સં.]ગણપતિ; ગણેશ; વિનાયક.

ગૌરીશિખર, ન૰ [સં.] હિમાલયનું એક ઉંચામાં ઉંચું શિખર.

ગૌવિલાપ, પું૰ [સં.] ગાયોનું કકલાણ.

ગૌશાળા, સ્ત્રી૰ [સં.] ગાયો રાખવાનું મકાન અથવા વાડો તે.

ગૌશીતળા, પું૰ સૈયદ; બળિયાકાકા.

ગૌહત્યા, સ્ત્રી૰ [સં.] ગાયની હત્યા કરવી તે.

ગ્યાલન, ન૰ પ્રવાહી માપવાનું એક માપ.

ગ્યાલરી, સ્ત્રી૰ [અં.] રાવઠી; છજ્જું; રવેશ.

ગ્યાસ, પું૰ [અં.] સ્થિતિસ્થાપક ગુણનો એક વાયુ રૂપી પદાર્થ.

ગ્રથલ, વિ૰ દિઙ્મૂઢ ઉ૰ ચતુર પુરૂષ જેમ ગ્રથલજ થાય, સ્વ સ્વરૂપ તેને વિસરાઇ જાય. અખો.

ગ્રથિત, વિ૦ [સં.] ગુંથેલું; બનાવેલું; રચેલું; પ્રણીત.

ગ્રંથ, પું૦ [સં. ग्रन्थ्] એક બીજાની સાથે સંબંધવાળા વાક્યોનો સમૂહ તે; વિચારોની એક બીજા સાથે કરેલી ગુંથણીથી બનેલો મોટો સમુદાય તે; પુસ્તક. (૨) પ્રકરણ; ખંડ; પુસ્તકનો એક ભાગ. (૩) છંદ; શ્લોક.

ગ્રંથકર્તા, પું૦ [સં. ग्रन्थ् × कृ] પુસ્તક બનાવનારો.

ગ્રંથકાર, પું૦ [સં.] ગ્રંથ કરનાર; પુસ્તક બનાવનાર.

ગ્રંથાંતર, ન૦ [સં. ग्रन्थ+अन्तर] એક પુસ્તકને બીજી ભાષામાં ઉતારવું તે; ગ્રંથની ફેરફારી કરવી તે; એક સિવાય બીજો ગ્રંથ.

ગ્રંથાવલી, સ્ત્રી૦ [સં. ग्रन्थ+आवली] પુસ્તકોની હારમાળા; પુસ્તકપરંપરા તે.

ગ્રંથી, સ્ત્રી૦ [સં. ग्रन्थ्] ગાંઠ; સાંધો.

ગ્રસવું, ક્રિ૦ અ૦ [સં. ग्रस्=ગળવું] ગળવું; મોંમાં લેવું. (૨) પકડવું; કબજે લેવું. (૩) ઢાંકવું; આવરવું.

ગ્રસ્ત, વિ૦ [સં.] ગળેલું; પકડેલું; સપડાયેલું:– વ્યાધિગ્રસ્ત.

ગ્રસ્તાસ્ત, પું૦ ग्रस्त=अस्त] ગ્રહાયેલા (સૂર્યચંદ્ર) નો જે એમને એમ અસ્ત થવો તે; ગ્રહણવાળા ગ્રહનો વગર મુક્ત થવે એમને એમ અસ્ત થઈ જવો તે.

ગ્રસ્તોદય, પું૦ [સં. ग्रस्ता×उदय] ગ્રહાયેલા સૂર્યચંદ્રનો જે ઉદય થવો તે. ઉદય પહેલાં જેમને ગ્રહણ લાગી ગયું હોય એવા સૂર્યચંદ્રનું ઉગવું તે.

ગ્રહ, પું૦ [સં.] આકાશમાં ફરતા દેખાતા તેજસ્વી ગોળાઓમાંનો અકેકેક તારો તે. સૂર્યમંડળમાંનો ગોળો; ખગોળનો ગોળો; તારક. રવિ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ; એ મુખ્ય ગ્રહો છે. ગ્રહોની પાછળ ફરનારા જે ગોળાઓ છે તે ઉપગ્રહ કહેવાય છે, જેમકે ચંદ્ર. (ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે.) જ્યોતિષ પ્રમાણે નવ ગ્રહ છે અને તે મનુષ્યની ઉપર વહેતા જતા કાળની સાથે સારી ખોટી અસર કરતા મનાય છે. જન્મ વખતની ગ્રહ સ્થિતિ ઉપરથી જન્મનારના જીવનમાં ગ્રહોની જે ફેરફારી અને ગતિ રહેવાની તેની ગણતરી થાય છે અને તે ગ્રહો જેવા તેના જન્મકુંડળીમાં હોય તેવી અસરો ઉપજાવતા ચાલ્યા જાય છે. અભણ લોકો 'ગરે, ગ્રે' એમ બોલે છે અને કહે છે કે 'એના ગ્રે–ગરે ઘેર નથી?' ગરે ઘેર હોવા=સુભાગ્ય હોવું; ગ્રહોની અનુકૂલતા હોવી. અવળા ગ્રે (ગ્રહ)=ગ્રહોની પ્રતિકૂલતા હોવી; દુર્ભાગ્યની દશા હોવી.

ગ્રહણ, ન૦ [સં.] લેવું તે; સ્વીકાર; અંગીકાર. (૨) પકડવું–ધરવું તે. :–પાણિગ્રહણ=લગ્ન. પકડાવું છાયા પડેલી હોય એવા થવું તે. સૂર્યચંદ્રનું. (૩) સમજાવું તે; ધરી લેવું તે. કહે૦ ગ્રહણ વેળાએ સાપ કાઢવો=જે વખતે જે કામ થઇ શકે નહિ તે વખતે તે કામને ઉભું કરવું તે.

ગ્રહણી, સ્ત્રી૦ [સં.] ઝાડાનો રોગ; અતિસાર; મરડો; આમ. સંગ્રહણી=ઝાડાનો રોગ; અધામણ.

ગ્રહદશા, સ્ત્રી૦ [સં.] ગ્રહની અસરથી જે સ્થિતિ થવી તે. ગ્રહની અસરથી થતી હાલત.

ગ્રહદાન, ન૦ [સં.] ગ્રહની નઠારી અસર મટાડવા માટે બ્રાહ્મણાદિને જે કંઈ આપવામાં આવે છે તે; ગ્રહની માઠી અસર ન થવાને અર્થે જે કંઈ પુણ્ય કરવું તે.

ગ્રહનિરીક્ષણશાળા, સ્ત્રી૦ [સં. ग्रह+निः+ईक्ष्=જોવું शाला] વેધશાળા; ગ્રહમંડળ જોવાને માટે ખાસ ગોઠવણવાળું જે મકાન કે મિનારો વગેરે હોય તે.

ગ્રહનિરીક્ષા, સ્રી૦ [સં.] ગ્રહની બારીક તપાસ કરવી તે; ગ્રહાવલોકન.

ગ્રહપીડા, સ્રી૦ [સં.] ગ્રહની અસરથી થતું દુઃખ તે; જેમાં સ્વકૃત્યની અસર ન હોય એવું જે દુઃખ તે. ઉ૦ ગ્રહપીડા કે દશા પનોતી, જો ના લઇએ દાન.

ગ્રહપૂજા, સ્રી૦ [સં.] ગ્રહોની શાંતિને અર્થે તેમનું પૂજન કરવું તે.

ગ્રહબળ, ન૦ [સં.] ગ્રહની પ્રબળ અસર થવી તે; ગ્રહનું જોર.

ગ્રહભાવ, પું૦ [સં. ग्रह+भू=થવું ઉ૦ भाव] ગ્રહથી થતી અસર; ગ્રહનું ફળ.

ગ્રહમખ, પું૦ [સં.] ગ્રહની શાંતિને અર્થે કરવાનો જે યજ્ઞ તે. (मख=યજ્ઞ.)

ગ્રહમંડળ, ન૦ [સં.] ગ્રહનો જે સમુદાય તે; ગ્રહમાળા.

ગ્રહરાજ, પું૦ [સં.] ગ્રહોનો રાજા તે; સૂર્ય.

ગ્રહવું, ક્રિ૦ અ૦ [સં.] લેવું; પકડવું; ધરવું; ઝાલવું.

ગ્રહશાંતિ, સ્રી૦ [સં.] ગ્રહોની અસરના પ્રશમન અર્થે જે કંઇ ક્રિયા કરવી–દાન આપવું વગેરે તે. કોઈ પણ મંગળ કાર્ય કરતા પહેલાં ગ્રહોની શાંતિને અર્થે હોમ દાન વગેરે કરવાનો રિવાજ છે તે.

ગ્રહસંયમ, પું૦ [સં.] ગ્રહોનું નિયમન તે.

ગ્રહેશ, પું૦ [સં. ग्रह×ईश] ગ્રહોનો ઇશ તે; રવિ; સૂર્ય. ઉ૦ ગ્રહેશ ને શર્વરીપતિ તે ગોપ્ય ઉભા ફરે. નળાખ્યાન.

ગ્રાનિટ, પું૦ [અં.] એક જાતનો કાળો કઠણ અને બરડ પત્થર.

ગ્રામ, ન૦ [સં.] ગામ; ગામડું. (૨) સ્વર તાણવાનું એક માપ; સમ સ્વરમાં જે ત્રણ મુખ્ય અવધિ હોય છે તેમાંનો અક્કેક. (૩) સંગ્રહ; સમુદાય. :–ગુણગ્રામ; ઇંદ્રિયગ્રામ.

ગ્રામકંટક, પું૦ [સં.] આખા ગામને દુઃખ કરનાર માણસ; ગામનું પાપ; ગામનો ઉતાર.

ગ્રામણી, વિ૦ [સં.] ગામનું; ગામનું ગોરપદું કરનાર; ગામોટ.

ગ્રામદેવતા, સ્રી૦ [સં.] ગામની અધિદેવતા; ગામદેવી–માતા.

ગ્રામસિંહ, પું૦ [સં.] ગામમાં–વસ્તીમાં સિંહ જેવો જે તે; કુતરો.

ગ્રામાચાર, પું૦ [સં. ग्राम+आचार] ગામનો આચાર તે; ગામનો વ્યવહાર–રૂઢિ.

ગ્રામાધ્યક્ષ, પું૦ [સં. ग्राम+अध्यक्ष] મુખી; ગામનો વડો; ઉપરી.

ગ્રામાન્તર, ન૦ એક ગામથી બીજે ગામ જવું તે; ગામોતરું; દેશત્યાગ.

ગ્રામ્ય, વિ૦ [સં.] ગામસંબંધી; ગામનું. (૨) અનાગરિક; અસભ્ય; ગામડિયું; અણઘડ.

ગ્રાસ, પું૦ [સં.] જેટલો ખોરાક એકીવારે મોઢામાં ઘાલી શકાય તેટલો તે; કવલ; કોળિયો. (૨) ગ્રહણને લીધે સૂર્ય ચંદ્રના જેટલા ભાગ ઉપર છાયો પડેલો હોય તેટલો ભાગ તે.

ગ્રાસવું, ક્રિ૦ ઘેરી લેવું. ઉ૦ કંસ કાળે શકે શું ધરા ગ્રાસીજી. દશમસ્કંધ.

ગ્રાહ, પું૦ [સં.] મગર; એક જળચર; (૨) પકડ.

ગ્રાહક, ન૦ [સં.] વસ્તુ લેનાર માણસ; ગ્રહણ કરનાર; ઘરાક; ખરીદ કરનાર. (૨) કદર કરનાર; જાણનાર; સમજનાર. :–ગુણગ્રાહક.

ગ્રાહી, વિ૦ [સં. ग्रह्] ઝાડાને સરતો અટકાવે એવું; પકડે એવું; ધરી રાખે એવું (ઔષધ.)

ગ્રાહ્ય, વિ૦ [સં.] ગ્રહણ કરવાને યોગ્ય.

ગ્રીક, વિ૦ [અં.] ગ્રીસ દેશનું. (૨) ગ્રીસનો વતની.

ગ્રીનલેંડ, ન૦ [અં.] શીત કટિબંધમાં આવેલો એક મોટો બેટ.

ગ્રીનિચ, ન૦ [અં.] યુરોપમાંનું વેધશાળા ને ગ્રહાવલોકન વગેરે માટે પ્રસિદ્ધ શહેર. આખી દુનિયાં ઉપર ત્યાંનો વખત લેવાય છે.

ગ્રીવ, ન૦ [સં.] ગરદન; ગળાનો પાછલો ભાગ.

ગ્રીવા, સ્ત્રી૦ [સં.] ગરદન; ગળું; ગળાનો પાછલો ભાગ.

ગ્રીષ્મ, પું૦ [સં.] વૃષભ અને મિથુન રાશિઓમાં સૂર્ય હોય ત્યાં લગીનો સમય તે; નિદાઘ; ઉનાળો.

ગ્રેનાઈટ, પું૦ [અં.] એક જાતનો કાળો અને લીસો પત્થર.

ગ્રેટબ્રિટન, ન૦ [અં.] યુરોપની પશ્ચિમે અને ફ્રાંસની ઉત્તરે આવેલો બ્રિટન-ઇંગ્રેજ લોકોનો દેશ તે.

ગ્લાનિ, સ્ત્રી૦ [સં.] દુઃખ; રોગ; મહેનત; શોક વગેરે કારણોથી મોઢાની કાંતિમાં ફેરફાર થવો તે; ફિકાશ; નિસ્તેજપણું; ચહેરો ઉતરી જવો તે.

ગ્લાસ, પું૦ [અં.] કાચનો પ્યાલો.

ગ્વાલ, પું૦ [હિં.] ગોવાળિયો.

ગ્વાલન, સ્ત્રી૦ [હિં.] ગોવાળણી.

ગ્વાલિયર, ન૦ મધ્ય હિંદુસ્તાનમાં આવેલું એક મોટી કિલેબંધીવાળું શહેર. સિંધિયાની રાજધાની.

ગ્વાલેરી, વિ૦ ગ્વાલિયરતું :–ગ્વાલેરી ભાષા. ઉ૦ સંસ્કૃત ભાષા સરસ, માગધી મોટે મૂલ્યે; ગ્વાલેરી ગુણનિધ, અપભ્રંશી તે તુલ્યે; દેશીભાષા રાખ, પિશાચી પઢજો પ્રીતે. શામળભટ.

ઘ.

ઘ, [સં. घ] ગુજરાતી ભાષાની લિપિના મૂળાક્ષરોમાંનો પંદરમો અને વ્યંજનોમાંનો કંઠસ્થાનો ચોથો મહાપ્રાણ વર્ણ; અક્ષર. (૨) વિ૦ ઠોઠ.

ઘઈ, જુ૦ ઘાઈ.

ઘઉં, [સં. गोधूम] ઉંચી જાતનું એક અનાજ; ગહું. ઘઉં દુનિયાં ઉપર લગભગ બધે ઠેકાણે થાય છે. એનો પાક શિયાળામાં થાય છે. પંજાબમાં, મધ્ય હિંદુસ્તાનમાં અને ગુજરાતમાં તેની ખેતી થાય છે. મનુષ્યના ખોરાક તરીકે તેમાં ઉપયોગી તત્ત્વ રહેલાં છે. તે ધોળા, કાબરા, પીળા, પોચા, લાલ, છોડાવાળા (પોપટિયા) વગેરે ઘણી જાતના થાય છે. ક્રિ૦ પ્ર૦ ઘઉં ભરવા જવું=માળવે જવું; અર્થાત્ મરી જવું:—ભાઇ ! ડોસા તો ઘઉં ભરવા ગયા. કહે૦ કાચા પાકા પણ ઘઉંના રોટલા=ગમે તેવું હોય પણ ઉંચું તે ઉંચું. ઘઉંના ભાખરે થાય ને ઘેબરે થાય=જેવો શિક્ષક કે કેળવનાર હોય તેવી વસ્તુ થાય. ઘઉં ખેતમેં ને બેટા પેટમેં=જે વસ્તુ હાથમાં આવી નથી તેના મનોરથ શા ? ઘઉંપુર= ઘઉંના એક દાણાના વજન જેટ ં ઘઉં ગણે ને મુંડા ભૂલે=ખાળે ચા અને બારણાં ઉઘાડાં તેના જેવું. ઘઉં ભેગો ચીલે નભ્યો જાય =સારાની સાથે બુરો માણસ પણ પોષાય. ઘ ંમાં કાંકરો ને દાળમાં ડોળ, હોય હોયને હોયજ=કોઇમાં કંઇ અને કોઇમાં કંઈ થોડો ઘણો દોષ તો હોયજ. ગુજરાતમાં ઘઉં આસો કાર્તિકમાં વવાય છે અને ફાગણમાં તૈયાર થાય છે. તેની મુખ્ય જાતો આ પ્રમાણે છે:—કાઠા, વાજિયા, પોટા, હાંસિયા, વણજારું, માળવી, દાઉદખાની, કાબરા, પોપટિયા, વગેરે. માળવામાં અને પંજાબમાં ઘઉંની સૌથી વધારે ખેતી થાય છે.

ઘઉંલો, પું૦ એક જાતનું સુગંધી દ્રવ્ય; ચંદનમાં એનો ઉપયોગ થાય છે. (૨) ઘાસમાં થતો એક જાતનો છોડ. (૩) વિ૦ ઘઉંલોરંગ=ઘઉં જેવો રંગ તે. ઘઉંલો સાપ= ઘઉંના ખેતરોમાં થતો તેના રંગમાં મળી જાય એવો સાપ.

ઘઉંવર્ણું, (ઘઉંવરણું) વિ૦ [સં+वर्ण] ઘઉં જેવા રંગનું; ઉજળા સહેજ પીળા ને ધોળા વર્ણનું; ગોરું. :—ગુજરાતની પ્રજા ઘઉંવર્ણી છે. ઘઉંવર્ણો. ઘઉંનો રંગ ધોળો નહિ તેમ શામળો પણ નહિ એવો હોય છે.

ઘકાર, પું૦ [સં. घ-कार] ઘ એવો વર્ણોચ્ચાર તે; ઘ અક્ષર; ઘગ્ઘો.

ઘખવું, ક્રિ૦ સ૦ [સં. घु ्—घोष्=મોટેથી અવાજ કરવો] ભઠવું; અંદરના ક્રોધથી બડબડવું; ઠપકો દેવો; કઢવું; કદાપો કરવો. :—ડોસો તો ઘણુંએ ઘખે છે પણ છોકરા ક્યારે દાદ આપે છે.

ઘગ્ઘો, પું૦ [સં.] ઘકાર, ઘ એવો જે વર્ણોચ્ચાર તે; ઘ અક્ષર. (૨) ઠોઠ; બેવકુફ; મૂર્ખ; જેને શિખવાડવા છતાં પણ કંઈ આવડે નહિ એવો વિદ્યાર્થી. (૩) મોટો ડગલો; જામો; ઝભ્ભો.

ઘઘરણું, [સં. गृह+गम्] વિધવાએ ફરીને ઘર માંડવું તે; નાતરું; પુનર્લગ્ન; સ્ત્રી વિધવાએ બીજાના ઘરમાં જઈ પેસવું તે; બીજું ઘર કરવું તે.

ઘઘરવું, ક્રિ૦ અ૦ એક ઘર છોડી બીજું ઘર કરવું: વિધવાએ નાતરે જવું; બીજું ઘર કરવું તે. (૨) ઘરઘર થવું; ગળામાંથી ખોખરો અવાજ નીકળવો; ઘરડ ઘરડ થવું.

ઘચ, અ૦ તંગપટમાં કે ત્વચામાં એકદમ હથિયાર પેસતાં થતો એવો અવાજ તે; ઘચ એવો અવાજ થાય તેમ; (એ અવાજનું

અનુકરણાત્મક ઉચ્ચારણ) ધચદઇને=ધચ એવો અવાજ થાય તેવી રીતે. :–ચોરે તો ધચદઇને તેના પેટમાં છરી ઘોચી ઘાલી.

ધચધચ, અ० ઉપરાઉપરી; ધચ એવો ભોકાવાનો અવાજ થાય તેમ; ધચોધચ; એક પછી એક; ઉપરાઉપરી; વારાફરતી. :–તેણે તો બે ત્રણવાર ધચધચ પોતાના પેટમાં કટાર ઘોચી ઘાલી.

ધચડવું, જુ० ધચરડવું.

ધચડાધચડ, અ० ભીસાભીસ; કચડાકચડ; ભીડાભીડ; ધચડાતું હોય તેમ.

ધચડાધચડી, સ્ત્રી० [સં. ઘર્ષ્] ભીડ; ભીસ; ધચડાધચડ; ભીડાભીડ; ગીરદી.

ધચડાવું, ક્રિ० અ० ભિડાવું; ભિસાવું; રગડાવું; પિલાવું; ધચરડાવું. (૨) જોરથી હિંદોળાવું. :–આ છોકરાને આખો દહાડો ઘોડિયામાં પડી રહેવું ને ધચડાવું કેમ ગમતું હશે ?

ધચરકું, ન० અપચાનો ખાટો અને તીખો ઓડકાર તે. ધચરકાવિકાર=અપચાના ખાટા અને તીખા ઓઢકારને લીધે ગળામાં અને ચહેરા ઉપર જે એક જાતનો રોગ ફૂટી નીકળે છે તે. ધચરકો.

ધચરકો, પું० જુ० ધચરકું.

ધચરડવું, ક્રિ० સ० ધચડ ધચડ થાય એમ હિંદોળવું; બાળકને ઝોળીમાં નાંખીને રોતું ને રોતું હિંદોળ્યા કરવું.

ધચરડાધચરડી, સ્ત્રી० આમ તેમથી ધચરડ ધચરડ કરવું તે; વારંવાર ઝોળીમાં નાંખી કંટાળાભેર હિંદોળવું તે. (૨) ભીડાભીડ; ગીરદી.

ધચડાવું, હિંદોળાવું.

ધચુમલ, સ્ત્રી० ભરાવો; ધચુમલો. ઉપરા ઉપરી એકઠું થયેલું હોય એવું જે કંઈ તે. ઉ० અણુવટ વિંછવા તો ચારુ ચમકે, નેપુરકેરી ધચુમલ ને ઘુઘરી ધમકે. દયારામ.

ધચુમલો, પું० ઉપરાઉપરી ઘણી વસ્તુઓ એક સાથે એકઠી થવાથી ઉત્પન્ન થયેલી સ્થિતિ તે; ભરાવો; ઢગ; જમાવ. ઉ० ગળે ઘરેણાં થયાં ઘણાં ધચુમલેરે લોલ. વલ્લભભટ્ટ. (૨) ટોળે વળીને ઉભા રહેવું તે; એક સાથે ટોળેવળવું તે; અવ્યવસ્થિત રીતે એકઠા થઈ સજડાસજડ ઉભા રહેવું કે બેસવું તે. :–બૈરાંને બેસતાં આવડતું નથી અને ખાલી ધચુમલો કરે છે. (ધચુંબલો)

ધચોડવું, જુ० ધચરડવું.

ઘટ, પું० [સં.] માટી અથવા ધાતુનું સાંકડા નાના મોંનું પાણીપાત્ર; કુંભ; કળશ; ઘડો. રૂ० પ્ર० ઘટ સ્થાપન=કોઇ ઠેકાણે વાસ પૂરતાં અથવા શુભ કામનો આરંભ કરતાં પહેલવહેલો ઘડો મૂકવો તે. ઘટસ્ફોટ=ઘડો ફોડવો તે; ઘડો ઢોળવો; સગાઇ સંબંધનો ત્યાગ કરવો તે. ઘટમાળ=ઘડાઓની રેંટમાળા તે. (૨) હૃદયાવકાશ; કોશ; શરીરની અંદરનો જે મન–વિચાર કરવાનો અવયવ તે. ઘટઘટ=રોમેરોમ; કોશેકોશ. ઉ० તેં ઘટઘટમાં ઘર કીધાં, વહાલમ વરણાગિયારે. દયારામ. (૩) જ્યાં જ્યાં આકાશ છે ત્યાં ત્યાંની બધી ખાલી જગા. જગદાકાશ=સ્થળેસ્થળે. :–ભગવાન તો ઘટઘટ વ્યાપી રહેલા છે.

ઘટ, સ્ત્રી० [સં. ઘટ્=ઘટવું] ઘટવું તે; ખૂટ; કસર; ઓછ; ઓછપ; કમી થવું તે; તૂટ; ઘટાડો. (૨) ખોટ; ટોટો; નુકસાન. :–એના વેપારમાં ઘટની વાતજ ન કરવી. રૂ० પ્ર० ઘટજવી=ઓછુંથવું; ખોટ આવવી. ઘટ ખમવી=ઓછું પડે તે મજરે આપવું; ખોટ સહેવી. (ઘટય)

ઘટ, વિ० રગડા જેવું; જાડું; મેલું હોય એવું; નહિ પાતળું; ગાઢ; ઘન; ઘટ્ટ. (૨) સજડાસજડ હોય એવું; ભરચક ભરેલું હોય એવું; ઠાંસીને વણેલું; નહિ આછું. :-ઘટ પોતનું કપડું સારું ટકે છે.

ઘટક, વિ૦ [સં.] ઘડી આપનાર; ઘડનારું; રચનારું; સંયોજક; રચનાર; એને મેળવનાર; બનાવનાર; કોઈ આખી વસ્તુ બનાવનારાં ઘણાંક અંગોમાંનું અંકેક. :–ઘટકાવયવ= આખી ઘટના કે રચનામાંનો જે એક ભાગ કે અવયવ તે.

ઘટક, પું૦ [સં.] યોજક; એક આખી વસ્તુના ઘણાક ભાગોમાંનો જે એક ભાગ તે; અવયવ; કકડો; વિભાગ; અંશ.

ઘટકા, પું૦ ઘડી; ઘટિકા; ઘંટા. બે ઘટકા થોભો. (૨) ઘડી માપવાનો વાડકો.

ઘટકાવયવ, પું૦ [સં. घटक+अवयव] આખું બનાવવાના કામમાં આવે એવો જે એકાદ ભાગ તે; અંશ; સાધન; ઉપકરણ; ઉપાંગ.

ઘટકી, સ્ત્રી૦ નાનો ઘુંટડો; કોગળો; ઘુંટડી. ઉ૦ કરી ચરણામૃત પી ગઇ મીરાં, અમૃતકી જેસી ઘટકી.

ઘટકો, પું૦ આંખ કે કાનમાં જે ઓચિંતું દુઃખ થવું તે; કાનમાં દુઃખનો ઝાટકો લાગવો તે; સણુકો; દુખાવો; ચટકો. (૨) સૂજેલા ભાગમાં પરું થતાં કાંટા ભોકાતા હોય એવું જે રહી રહીને દરદ થાય છે તે. ઉ૦ કાનમાં ઘટકા ભરે છે. નર્મ.

ઘટતું, વિ૦ [સં. घटित] યોગ્ય; જોઇએ તેટલું ને તેવું; લાયક; શોભતું; ઘટારથ; માફક; અનુકૂલ આવતું; વાજબી. (૨) ખૂટતું; ઓછું, કમી, ન્યૂન. ક્રિ૦ પ્ર૦ ઘટતું કરવું=જેટલું અને જેમ યોગ્ય હોય તેમ કરવું તે.

ઘટના, સ્ત્રી૦ [સં.] ઘટતી જે રચના તે; બનાવટ; યોજના; એકઠું મેળવવું તે; બેસતે બેસતું આવે એમ જોડવું તે; મેળ; કારીગરી. (૨) ગોઠવણ; વ્યવસ્થા; રચના.

ઘટપાટ, સ્ત્રી૦ [સં.] સ્થિર; દઢાસન. ઉ૦ સંતો પરમ ગુરુજીએ ઘટપાટજ માંડયો, એ તો અલખ ધણીને આરાધે. ભો. ભ.

ઘટમાન, વિ૦ [સં.] જેની બનાવટ બની રહી હોય એવું; ઘડાતું; બનતું; થતું. (૨) બને એવું; સંભવિત. (૩) ઘટતું; યોગ્ય. (૪) ખૂટતું; કમી; ઓછું.

ઘટમાળ, સ્ત્રી૦ [સં. घट + माला] ચક્રમાં ગોઠવેલી ને ફેરવતાં એકએકની પાછળ ફરતી જાય એવી ઘડાઓની જે રચના તે; રેંટ. (૨) ક્રમ; પરંપરા; પ્રણાલિ. ઉ૦ કો સમે તું મારો પુત્ર થયો, કો સમે હું તારો બાળ; એમ અનાદિક આગળથી આ ચાલી આવે ઘટમાળ. દયારામ.

ઘટવધ, જુ૦ વધઘટ. ઘટવધ બહુ પ્રચારમાં નથી. ઓછુંવત્તું હોય તે.

ઘટવવું, ક્રિ૦ સ૦ ઘટી રહે અને બંધબેસતું આવે એમ ઝીણવટથી ગોઠવવું; બેસતું કરવું; તાણીતુસીને બંધ બેસાડવું; યોગ્ય લાગે ને શોભે તેમ કરવું. (૨) ઓછું થાય એમ કરવું.

ઘટવું, ક્રિ૦ અ૦ યુક્ત હોવું; યોગ્ય લાગવું; લાયક થવું. :–ઇનસાફદારને લાંચ લેવી ઘટે નહિ. (૨) કમીથવું; ઓછુંપડવું; ખૂટવું. :–હિસાબમાં સાત રૂપિયા ઘટે છે. નર્મ. (૩) ચઢી જવું; શોષાવું. :–ધોવાથી ઉનનું લુગડું ઘટે છે.

ઘટસ્ફોટ, પું૦ [સં. घट + स्फुट्] મડદાને બાળી ચિતા છાંટયા પછી છેલ્લીવારે તે ઠેકાણે મોઢું ફેરવી ઘડો ફોડવો તે; સંબંધને છેવટનો તોડી નાંખવો તે. (૨) કોઇ છુપી વાતનો ભેદ ભાગી નાંખવો તે; ફોડી દેવું તે; છેવટનો નિકાલ થઈ જાય એમ કરવું તે; તોડ આણી દેવો તે. એનો ઘટસ્ફોટ કરી નાંખ કે વારંવાર પંચાતી થાય નહિ.

ઘટા, સ્ત્રી૦ [સં.] વાદળાંનું પાસે પાસે સિંચાઇ રહેવું તે; વરસાદ ચઢી આવ્યાથી જે કાળો રમણીય દેખાવ થઇ રહે છે તે; ઘટાટોપ; મેઘાડંબર. (૨) ઝાડનાં ડાળાં પાંખડાંની

સંઘટના તે; ઘણી ઝાડીનું જે શીળું આચ્છાદન તે; વનસ્પતિ ઝાડ વગેરેનો ભરાવો કે સમૂહ; વૃક્ષોની ઘટ્ટી હોય એવું તે.

ઘટાકાશ, ન૦ [सं. घट + आकाश] ઘડામાંનો જે અવકાશ-પોલાણ તે; મહા આકાશથી જુદું પડેલું ઘડામાંનું આકાશ તે. :-ઘટાકાશ, મઠાકાશ વગેરે ન્યાયના પારિભાષિક શબ્દો છે.

ઘટાટોપ, પું૦ [सं. घट + आटोप] ઘોરંભો; ઘનઘટા; વરસાદનો માંડવો; આડંબર. (૨) ડાળાં પાંદડાંનો ભરાવો તે; પાંદડાં વગેરેથી ભરપુર થઈ રહેલું હોય એવું જે તે; પુષ્કળ ઝાડપાન ને વનસ્પતિનો ભરાવો, જમાવ હોય તે.

ઘટાડવું, ક્રિ૦ સ૦ ઘટે એમ કરવું; ઓછું કરવું; કમી કરવું. (૨) ઉતારી પાડવું; તોડી પાડવું. (માન)

ઘટાડો, પું૦ ઘટવું તે; ઓછું હોવું તે; કસર; ઘટ; ખૂટ; ખુટકો; ન્યૂનતા; ઓછપ; ઓછાપણું; ઘટવાથી પડેલી જે ખોટ તે.

ઘટારત, જુઓ ઘટારથ.

ઘટારથ, વિ૦ [सं. घटित + अर्थ] ઘટતું; યોગ્ય; વાજબી; લાયક; જેમ જોઈએ તેમ હોવું તે; શોભે એવું; યુક્ત.

ઘટારો, જુઓ ઘટાડો.

ઘટાવવું, ક્રિ૦ સ૦ બેસતું કરવું; ઘટે એમ કરવું; અર્થ બેસાડવો; બંધ બેસતું આવે એમ કરવું. :-ધર્મશાસ્ત્રના શ્લોકોના અર્થ શાસ્ત્રીજી બહુ સારા ઘટાવે છે.

ઘટિકા, સ્ત્રી૦ [सं. घटिका] સાઠ પળ જેટલો વખત તે; ઘડી; કલાકનો અઢીમો ભાગ; ૨૪ મિનિટ જેટલો કાળ. (૨) ઘડિયાળ. (૩) એક ઘડીએ ભરાઈને બૂડી જાય એવો ઘડી માપવાને માટે બનાવેલો ઝીણા છિદ્રવાળો પાણીમાં મૂકવાનો જોશીનો વાડકો.

ઘટિકાયંત્ર, ન૦ [सं.] ઘડીઓ માપવાનું યંત્ર તે; ઘડી; ઘડિયાળ.

ઘટિત, વિ૦ [सं.] જેવું જોઈએ તેવું; જેમ ઘટતું હોય તેમ થયેલું હોય તે; યોગ્ય; વાજબી; ઘટારથ; ઉચિત.

ઘટી, સ્ત્રી૦ [सं.] ઘડી. ઉ૦ ઘટીમાં ઘટી જાય આયુષ્ય અલ્પ. ભૂખણ. (૨) ઘડી જેટલો કાળ માપવાનો જોશીનો વાડકો.

ઘટીયંત્ર, ન૦ [सं.] રેંટ; ઘટમાળ. (૨) કાળનું માપ-પરિમાણ દેખાડનારું યંત્ર; ઘડિયાળ.

ઘટોત્કચ, પું૦ [सं.] ભીમસેન અને હિડિમ્બાનો પુત્ર. એ મહાબળવાન હતો. ભારતીય યુદ્ધમાં એકવાર રાતે મહાદારુણ યુદ્ધ કરી તે રણમાં પડ્યો હતો.

ઘટોદ્ભવ, વિ૦ [सं. घट+उद्+भू] ઘડામાંથી ઉત્પન્ન થયેલું. (૨) પું૦ અગસ્ત્યમુનિ.

ઘટ્ટ, વિ૦ [दे. घिट्टो] જાડું; ઘટ; (પોતમાં) ઘન; ઘિંગું. (૨) ખીચોખીચ; સજડાસજડ.

ઘટ્ટપણું, ન૦ જાડાપણું; જાડાઈ. (૨) બહુ નિકટનો સંબંધ હોય એવી જે અભિન્નતા તે. (૩) કૃપણતા.

ઘડ, જુઓ ગઢ.

ઘડઘડવું, ક્રિ૦ અ૦ ઘડઘડ એવો અવાજ થવો; ગડગડવાથી કંઇક વધારે ભારે અવાજ બતાવવાને આ ક્રિયાપદ વપરાય છે. બીજી રીતે આનો અર્થ ગડગડવુંને મળતોજ છે.

ઘડઘડાટ, પું૦ ઘડઘડ થવું તે; ગડગડાટથી વધારે ભારે અવાજ તે.

ઘડણ, ન૦ ઘડવું તે; ઘડતર. (૨) વિ૦ ઘડનાર. ઉ૦ ભાંજણ ઘડણ ખગાં. શામળ.

ઘડતર, ન૦ જે કંઇ ઘડેલું તે; બનાવટ; રચના; સરજત. (૨) ઘડવાની જે રીત તે. (૩) ઘડામણ; ઘડામણી.

ઘડનાળું, ન૦ સડક પાળ કે કોટ નીચેથી પાણી જવાને માટે રાખેલો ઉઘાડવાસ થઇ શકે એવો માર્ગ; ગરનાળું; ગઢમાંથી પાણીને નીકળી જવાનું નાળું તે.

ઘડપણ, ન૦ જુ૦ ઘરડપણ.

ઘડભાંગ, જુ૦ ગડભાંગ.

ઘડવી, સ્ત્રી૦ ઘડવા જેવું નાનું ટાંકું તે; વીસ પચીસ બેઢાં પાણી માય એવી ટાંકલી. (૨) કોઠલી; નાની કોઠી.

ઘડવું, ક્રિ૦ સ૦ [સં. घट्] ટીપીને ઠોકીને છોલીને અથવા બીજી જે કંઇ ક્રિયા કરવી પડે તે કરીને અમુક વસ્તુને અમુક આકાર કે રૂપ આપવું તે; ઘાટ કાઢવો; રૂપ આપવું; અમુક આકૃતિમાં આણવું; આકાર લાવવો; બનાવવું; રચવું. (૨) ઉત્પન્ન કરવું; સરજવું. :–ઈશ્વિરે નાના પ્રકારના ઘાટ ઘડયા છે. (૩) કલ્પના કે તર્ક કરવો; મનોરથ સૃષ્ટિ ઉત્પન્ન કરવી. :–એ તો એના મનમાં અનેક ઘાટ ઘડે છે. (૪) ગોઠવવું; સંકલના કરવી. :–તેણે અરજીનો ખરડો ઘડયો.(૫) ટીપવું; મારવું. :–ચોરને ખૂબ ઘડયો. (૬) યોજવું. ક્રિ૦ પ્ર૦ ઘાટ ઘડવો=રૂપ આપવું. (૨) મારી ઝૂડીને જે કરવાનું હોય તે કરી નાંખવું. :–મેં તે ઘાટ ઘડી લીધો. (૩) મારી નાંખવું; ઠેકાણે પાડી દેવું. :–તમારે જે ઘાટ ઘડવો હોય તે ઘડી નાંખો.

ઘડમાંચી, સ્ત્રી૦ પાણીનો ઘડો મૂકવાની ત્રિપાઈ; ત્રણ પાયાની લાકડાની ઘોડી.

ઘડવી, જુ૦ ગઢવી; ચારણ.

ઘડવો, પું૦ [સં. घट] ઘડાના ઘાટનો લોટો; જાડો; સાંકડા મોંનો પડઘીદાર કળશિયો.

ઘડાઈ, સ્ત્રી૦ ઘડવાની મહેનત; ઘડામણ. (૨) ઘડવાની રીત; બનાવટ.

ઘડાબૂડ, વિ૦ ઘડો બૂડે એટલું (પાણી). કુવામાં વધારે પાણી નથી માત્ર ઘડાબૂડ પાણી છે.

ઘડામણ, ન૦ ઘડવાનું મહેનતાણું; ઘડાઈ.

ઘડામણી, સ્ત્રી૦ ઘડાઇ; ઘડામણ.

ઘડાયેલું, વિ૦ ઘડાઇને સીધું થયેલું; અનુભવી; ફસાયેલું. (૨) પળોટાયેલું; માહિતગાર.

ઘડાવવું, ક્રિ૦ સ૦ ઘડાય એમ કરવું; કોઈની પાસે બનાવરાવવું; ઘડીને તૈયાર કરાવવું. :–તેણે વાંક ઘડાવ્યો.

ઘડાવું, ક્રિ૦ અ૦ કોઇએ ઘડયું હોય એવું થવું; બનવું. :–આ વાંક સારો ઘડાયો છે. નર્મ. (૨) ઠોકર ખાઇ ખાઇને ઠેકાણે આવવું; અનુભવ આવવો; પુખ્ત થવું. :–ભાઈ ઘડાઇ ઘડાઇને ઠેકાણે આવ્યા છે. નર્મ.

ઘડી, સ્ત્રી૦ [સં. घटी] ચોવીસ મિનિટ જેટલો જે કાળ તે; ઘટિકા. (૨) કાંસાની ગોળ જાડી તખતી; ઘડિયાળ; ધાતુનો ગોળ ચંદો. (૩) તળીએ ઝીણા કાણાવાળો કાળ માપવાને વાડકો. આ વાડકાને પાણીમાં મૂકવામાં આવે છે. તળેના કાણામાંથી પાણી ભરાઇ તેને બૂડી જતાં એક ઘડી લાગે છે. ઘડીનું માપ બતાવનાર કોઇપણ એક જાતનું યંત્ર. (૪) નાનું ઘડું; કોઠલી. રૂ૦પ્ર૦ ઘડીએ ઘુંટ ભરાય=વિલંબ દુઃસહ થવો તે. ઘડીકી નફ્ટાઈ લેકીન સારા દિનકી પાદશાહી=થોડું અપમાન થાય તો થાય પણ ઘણા વખતનો લાભ. ઘડી ગઇ તે સોનાની =જે વખત જાય છે તે સારો, કારણ કે આગળ શું થશે તે ખબર નથી. ઘડી ઘડીના રંગ=વારંવાર ફેરફાર થાય તે. તરેહવાર બંગ ઉઠયા કરવા તે. ઘડી જાય છે તે દોયલી=બહુ સંકટનો વખત બતાવે છે. ઘડીની નવરાશ નહિ ને પૈની પેદાશ નહિ= લાભ વગર દોડધામ કરવી તે. (૫) લગડા જેવી રેતી ગેરવવાની ઘડીના માપની કાચની શીશી; ઘડિયાળ. ઉ૦ બદલોની અબોટિયું વાર થઇ, મુખવાસ કરો ઘડી વાગી ગઈ. નર્મ. (૬) વખત, સમય, કાળ, પળ, તક. :–તેણે એવી ઘડીએ વાત કાઢી કે, જ્યારે મારાથી કંઈ થઈ શકે તેમ ન હતું. ઘડીઓ ગણાવી= મરણની ઘડીએ ઘડી રાહ જોવાવી, હમણાં મરણ થશે, એવી સ્થિતિમાં હોવું; મરણોત્તર દશા. ઉ૦ એક ગયો મશાણમાં,

બીજાનું ઓસડ થાય છે, ત્રીજાની ઘડીઓ ગણાય છે, ચોથાની ઠાઠડી બંધાયરે. બાપુ. ઘડીના છઠ્ઠા ભાગમાં=હમણાંજ; તાબડતોબ; પલકારામાં.

ઘડિયાળ, સ્ત્રી૦ વખત બતાવનારું એક યંત્ર; કેટલો વખત થયો, કેટલો ગયો અને કેટલો રહ્યો, વગેરે જેનાથી જણાય એવું વખત માપી બતાવનારું યંત્ર; ઘડીઓ ગણી દેખાડનારું યંત્ર. આપણું દિવસમાન ઘડીઓની ગણતરીએ થતું અને જોશી લોકો એક ઘડીના માન જેટલું પાણી ભરાય એવું કે રેતી ગરે એવું યંત્ર રાખતા તે ઉપરથી ઘડિયાળ નામ પડયું છે. હાલ આપણે જેને ઘડિયાળ કહીએ છીએ તે પશ્ચિમ તરફની શોધનું એક કાળ માપક યંત્ર છે. તેમાં અઢી ઘડીનો એક કલાક એવું માપ હોય છે. એવા બાર બાર કલાકનાં દિનરાત. આવા માપ ઉપર ગોઠવણ કરેલી હોય છે. મધરાતથી બપોર લગીના બાર ને બપોરથી મધરાત લગીના બાર મળીને ચોવીસ કલાકનું દિનમાન ગણાય છે. તેમાં કમાનથી ચક્કરો ફરે છે. ચક્કરોની ઉપર એક તખતી રાખી તે ઉપર ચક્કર સાથે સંબંધવાળા કાંટા જોડેલો હોય છે તે ફરે છે અને તખતી ઉપરના કલાકો મિનિટો વગેરે બતાવે છે.

ઘડિયાળી, પું૦ ઘડિયાળ દુરસ્ત કરનારો; ઘડિયાળના સાંચા કામનો જાણનાર; તેનો ગોઠવનાર અને બનાવનાર તે. (૨) સ્ત્રી૦ પાણી ભરી રાખવાની નાની કોઠલી; પાણી ભરવાની નાની છોબંધ ઘડી.

ઘડિયાળું, ન૦ ઘડી ઘડીને અંતરે અમુક ઘડીઓ થઇ, એમ બતાવવાને વગાડવાનું વાજું; (ધાતુની તખતી વગેરે) મોગરીથી વગાડાય એવો ધાતુની ઘડિયાળ; ગજરાં; કાંસાની તખતી. અમુક આટલો વખત થયો, એવું બતાવવાને માટે આગળ રાજમહેલ અને દેવળો વગેરે સ્થળે ઘટિકાયંત્ર રાખવામાં આવતાં. એ યંત્રમાં રેતીથી કે પાણીથી ઘડીઓનું માપ લેવાતું અને તેની ઉપર રાખેલા માણસો, અમુક ઘડીઓ થઇ, એવું લોકને જણાવવાને માટે ધાતુની તખતી ઉપર મોગરી ઠોકી કે રણકાદાર વાજિંત્ર વગાડી જાહેર કરતા. આ જે ઘડીઓ થયાની જાહેરાત કરવામાં આવતી તે 'ઘડિયાળાં વાગ્યાં' એમ કહેવાતું. જાહેર પ્રજાજનને વખત જણાવનારી એ એક જુની સંસ્થા હતી. ચારચાર ઘડીએ વાગનારાં તે ચોઘડિયાં કહેવાતાં. ચોઘડિયાં મંગળ પ્રસંગે પણ વગડાવાય છે. ઉ૦ ઘડીએ બે ઘડીએ ઘડિયાળડાં વાગેરે. ઓખાહરણ.

ઘડિયાંલગ્ન, ન૦ એકદમ લગ્ન લઈ લેવાં તે; બીલકુલ વખત નહિ ગુમાવતાં જે સારામાં સારી પહેલી તક હાથ આવે તે તક લગ્ન તરીકે સાધી લેવી તે. જેને માટે તૈયારી કરવાની કે શુભાશુભ વખતની રાહ જોવાની ન હોય એવાં લગ્ન તે. શામળભટ્ટની વાર્ત્તાઓમાં આ શબ્દ વારંવાર આવે છે. બહુવચને વપરાય છે છતાં ઘડિયુંલગ્ન એમ પણ કહેવાય છે.

ઘડિયું, ન૦ નાનું ઘડું; નાની કોઠી. (૨) કોઠીના ઘાટનું ઢોચકું; નાળિયેરી અને ખજુરીની તાડી કાઢી લેવાને થડમાં પાડેલા છેદ આગળ જે લાંબી ડોકનું ઢોચકું બાંધવામાં આવે છે તે.

ઘડીએક, અ૦ ઘડી જેટલો વખત થાય તેમ; થોડો વખત બતાવતો હોય તેમ.

ઘડિયો, પું૦ આંકનો એક પાઠ; પાડો.

ઘડીક, અ૦ એકાદ ઘડી; બહુ થોડો વખત લાગે તેમ; સહેજવાર. :-ઘડીકવાર બેઠા એટલામાં મોડું થયું.

ઘડીઘડી, અ૦ વારંવાર; હરઘડી; આખોદહાડી; ક્ષણેક્ષણ; નિરંતર. :–એ તો ઘડી ઘડી યાદ આવ્યા કરે છે. ઘડીએઘડીએ.

ઘડીતાળ, અ૦ મરવાની અણી ઉપર.

ઘડીભર, અ૦ એક ઘડી સુધી; ઘડીવાર; થોડીવાર; એક ઘડી થાય એટલી વાર લાગે તેમ.

ઘડું, [સં. ઘટ] દુંટાવાળી બેસણી વગરની માટીની પાકી કોઠી. પાણી અને દાણા ભરવાના કામમાં આવે છે. (૨) મોટું લોટું; ઢોચકું; બહુ સારો ઘડેલો નહિ એવો અને દળમાં જાડો ઘડો તે.

ઘડુડાટ, પું૦ ઘડઘડાટનો અનુકરણાત્મક અવાજ. 'ઘડુડુડુ' એવો ગર્જના જેવો જે ભારે અવાજ તે; તોપનો અવાજ. ઉ૦ ઘડુડાટ ગોળા ઘડઘડે. પ્રા. કા. (૨) ઘડઘડ થવું તે.

ઘડુડુધુસ, અ૦ ઘડુડુડુ એવો અવાજ થઇને એકદમ શમી જતું હોય તેમ; કડુડુધુસ; મોટા ઘડઘડાટ સાથે એકદમ પડી ગયું, એવું બતાવનારો અનુકરણાત્મક ઉચ્ચાર.

ઘડુલી, સ્ત્રી૦ બહુજ નાનો ઘડો; છોકરીઓનો રમકડા રૂપ ઘડો તે.

ઘડુલો, પું૦ ઘડો; નાનો ઘડો. ઉ૦ ઘડુલો ન બૂડે મારી રાશડી ન પહોંચેરે.

ઘડુડઘડુડ, અ૦ ગડબડતી અથવા ખેંચાતી ભારે વસ્તુને લીધે થતો અવાજ તે. (૨) જોરથી વાવાથી થતો અવાજ.

ઘડો, [સં. ઘટ] ધાતુ અથવા માટીનું સાંકડા મોંનું પહોળા ગોળ પેટાનું પાણીવાસણ; કુંભ; ઘટ. ક્રિ૦ પ્ર૦ ઘડો ઢોળવો=સ્નાન કરવું; સગાઇ સંબંધ તોડી નાંખવો. ઘડો લાડવો=છેવટનું પતાવી દેવું તે. મરનારની પાછળ ઘડાના મોં ઉપર લાડવો મૂકીને તે આપી દેવાની ક્રિયા કરવામાં આવે છે તે. ઘડો લાડવો કરવો=અંતે ઘાલવું. વળકવળ ન જોતાં જેમ ફાવે તેમ કરીને નિકાલ કરવો; મારી નાંખવું; કાશ કાઢવી. ઘડો ફૂટવો=ખોટું જાહેર પડી જવું; ઘણું પાપ એકઠું થઇ તેનું જાહેર થઈ જવું. ઉ૦ પાપ ભર્યો ઘટ ફૂટી ગયો છે, ગણપતભાઇ તું સાચો ઠર્યો છે. ભા. ના. ચાક ઉપર પેડો ઘડો ઉતરશે કે ગાગર=બનતા કામનું શું પરિણામ આવશે તે કહેવાય નહિ. અધુરો ઘડો છલકાય=થોડું સારૂં નહિ પણ પૂર્ણું હોય તે સારૂં, એવા અને અપાત્રને પાત્રતા કરતાં વિશેષ મળવાથી છલકાઇ જાય એવા અર્થમાં આમ કહેવાય છે. ઘડા જેવડું મોતી નહિ કાને ને નહિ કોટે=હદથી જાદે મોટી વસ્તુ કંઇ કામની નહિ. કહે૦ ઘડે ઘડો ભરાય નહિ, ખોદાણે ખાડો પુરાય નહિ. ઘડો તેવી ઠીકરી અને મા તેવી દીકરી. ઘડા જેવડું માંથું જજો પણ ચણા જેટલું નાક ન જશો.

ઘડચોઘાટ, પું૦ તૈયાર માલ; જેની ઉપર બીજી ક્રિયા કરવાનું બાકી રહેલું ન હોય એવું તે.

ઘઢાણ, જુ૦ ગઢાણ; ઉજું ઘાસ.

ઘણ, પું૦ [સં. ઘન] મોટો હથોડો; ઠોકવા અને ટીપવાનું ભારે ઓજાર. (૨) લક્કડખોદ. (૩) કાજુકળિયા જેવો લાકડામાં સડો કરનારો જીવડો. (૪) ગ્રહણ. (ગામડિયા ઘેણ એમ બોલે છે.)

ઘણઘણ, અ૦ ધાતુ ઘંટડી વગેરેના અવાજનો સણસણાટ–ઘણઘણાટનો હવામાં થતો રણકાર–પ્રતિધ્વનિનો ગુંજારવ તે.

ઘણઘણાટ, પું૦ ઘણઘણ એવો ધાતુમાંથી નીકળતો અવાજ તે; ખણખણાટ; ઘણઘણ થવું તે. :–આ શાનો ઘણઘણાટ થાય છે?

ઘણુણુણ, અ૦ ઘણઘણાટ થતો હોય તેમ; એવો રણકાર; હવામાં ધાતુનો અવાજ થઇ રહ્યો હોય તેમ.

ઘણાક, વિ૦ ઘણાએક; બહુ; કેટલાક.

ઘણાઘણ, સ્ત્રી૦ ઘણી મિત્રતા ને ઘણો સંબ્યવહાર હોય તે; ઘણાઘણી; બીજા કરતાં જેની સાથે ઘણો સંબંધ હોય તે; ગાઢ મૈત્રી અથવા સંબંધ તે.

ઘણાઘણી, સ્ત્રી૦ બહુ વ્યવહાર-પરિચય-ઘાલમેલ હોવાપણું તે; ઘણાઘણુ.

ઘણાંક, વિ૦ ઘણુંએક.

ઘણાંવાનાં, ન૦ બહુવાનાં; ઘણી ઘણી ચીજો. (૨) ઘણી ઘણી રીતે સમજાવવું તે; ઘણું કહેવું તે. :-એણે મને ઘણાંવાનાં કર્યાં=બહુ ઠપકો દીધો. (૨) બહુ આગ્રહ કર્યો, અર્થાત્ મને (જેવો પ્રસંગ હોય તેમ) ઘણું ઘણું કહ્યું.

ઘણું, વિ૦ [સં. घन] વજનમાં, માપમાં કે બીજી રીતે વધારે હોય એવું; બહુ; થોડાથી ઉલટું; મસ. એક વચનમાં જથો અને બહુવચનમાં સંખ્યા બતાવે છે. :-ઘણું પાણી, ઘણાં માણસ. કહે૦ ઘણા કંકાસે તો ગોળીનું પાણી નાસે. ઘણા ગુલામે ઘર ઉજડ. ઘણા ઘરનો પરોણો ભૂખે મરે. ઘણા ડહાયા બહુ ખરડાય. ઘણી ઉતાવળે ઘણી વાર. ઘણું કરે તે થોડા માટે. ઘણું થાય તે થોડા કાજે. ઘણું હસે તે અવશ્ય રડે. ઘણે પૈસે દેવાળું. ઘણો ભોળો તે ભુંડાઇનો ભાઇ.

ઘણું, અ૦ મોટા જથામાં; બહુ હોય એમ. ક્રિ૦ પ્ર૦ ઘણું હોવું=મરી જાય એવું હોવું; અંતનો મંદવાડ હોવો :-ડોસાને ગઇ કાલનું ઘણું છે ?

ઘણુંક, વિ૦ ઘણાથી ઓછો અર્થ બતાવે છે.

ઘણુંકરીને, અ૦ બનતા લગી; વિશેષે કરીને; ખસુસ; જરૂર. સંપૂર્ણ નહિ પરંતુ લગભગ ખાતરી બતાવતું હોય તેમ; સોવસા.

ઘણુંખરું, અ૦ બહુધા; મોટે ભાગે; કોઇ વાર; અવરનવર; એકાદ જથામાંનો વિશેષ ભાગ બતાવે છે.

ઘણુંજ, અ૦ બહુજ; અતિશે; વધારે; જોઇએ તેથી વધારે.

ઘણેરું, વિ૦ ઘણું. (કવિતામાં વપરાય છે)

ઘન, પું૦ [સં. घन] મેઘ; વરસાદ. ઉ૦ ઘન ગરજે ઘનઘોર. શામળ, (૨) અમુક સંખ્યાને તેનાથી ત્રણવાર ગુણતાં જે સંખ્યા આવે તે. :-બેનો ઘન આઠ :-૨×૨×૨=૮ (૩) છ સરખી ચોરસ બાજુઓ અને છ ખુણાવાળી આકૃતિ તે.

ઘન, વિ૦ [સં.] નક્કર; ભરેલું; પોલું નહિ એવું; સાંદ્ર; નિબિડ. (૨) લંબાઈ પહોળાઈ અને ઉંચાઇ ત્રણેનો જેમાં સમાવેશ થતો હોય એવું. :-ઘનફૂટ. (૩) વેદપાઠનો એક પ્રકાર.

ઘનઘટા, સ્ત્રી૦ મેઘાડંબર; વરસાદનું છવાઈ રહેવું તે; ઘોરંભો. ઉ૦ ઘનઘટા પણ નવ થાયે વૃષ્ટિ. અખો.

ઘનઘોર, વિ૦ [સં.] ઘન-મેઘથી છવાઇ રહેલું હોય એવું; અંધારાયેલું; વરસાદ ચઢી આવવાથી અંધકાર થઈ રહ્યો હોય એવું; ઘનથી ઘેરાયેલું.

ઘનચક્કર, વિ૦ ઉધાનપાયાનું; વલવલતું; ચસકેલું.

ઘનફળ, ન૦ [સં.] નક્કર વસ્તુના લંબાણ, પહોલાણ અને ઉંચાણ વગેરેનું જે કુલ પરિમાણ તે.

ઘનમાપ, ન૦ લંબાઇ પહોળાઇ અને ઉંડાઇનું પરિમાણ તે.

ઘનમાળ, સ્ત્રી૦ [સં.] ઘનઘટા; વરસાદનો ઘોરંભો; વાદળાં. ઉ૦ વરસે શત વર્ષ ઘનમાળ. ગિરધર.

ઘનમૂળ, ન૦ [સં.] કોઇ પણ એક સંખ્યાને એકની એક સંખ્યાએ એક પછી એક એમ વાર ભાગતાં જે સંખ્યા આવે તે, જેમકે ૮÷૨=૪ અને ૪÷૨=૨.

ઘનરવ, પું૦ [સં.] મેઘનો અવાજ તે; ગર્જન; ગર્જના. (૨) મયૂર; મોર.

ઘનરસ, પું૦ [સં.] જળ; પાણી. (૨) સત્ત્વ; જાડું સત્ત્વ; કાઢો. (૩) કપુર.

ઘનવલ્લિકા, સ્ત્રી૦ [સં.] વીજળી; વિદ્યુત.

ઘનવાત, ન૦ [સં.] એક નરક.

ઘનશ્યામ, વિ૦ [સં.] મેઘના જેવા શ્યામ-કાળારંગનું; પાણી ભરેલા વાદળાના રંગનું. (૨) પું૦ વિષ્ણુ; રામ; કૃષ્ણ.

ઘનસાર, પું૦ [સં.] કપુર. ઉ૦ ઉંટને રંભા ફળનું ભોજન; શૂકરને ઘનસાર. ગિરધર. (૨) જળ; પાણી. (૩) પારો.

ઘનીકરણ, ન૦ [સં.] ઘન સંગીન નક્કર થાય એમ કરવાની ક્રિયા તે; ઘટ થવું તે; બંધાવાની ક્રિયા તે.

ઘબઘબ, અ૦ પોલાણમાં કંઇક ખોસતાં અને પોલાણ ઉપર કંઇક ઠોકતાં થતો એવો અવાજ. ઘબઘબ એમ થવું તે.

ઘભાણ, જુ૦ ગમાણ.

ઘમકવું, ક્રિ૦ અ૦ ઘમઘમ થવું; ઘુઘરાનું વાગવું; ઘમઘમ એવો અવાજ થવો. ઉ૦ માને પાયે ઘુઘરા ઘમકે છે. વલ્લભભટ્ટ.

ઘમકાર, પું૦ ઘમકવાનો અવાજ તે; ઘમકો; ઘમકવાપણું.

ઘમકારો, પું૦ ઘમકાર; ઘમકો.

ઘમકારિયું, ન૦ ઘમઘમ થાય એવું જે કંઈ તે; જેમાંથી ઘમઘમ એવો અવાજ નીકળે તેવું હાંલ્લું; ખોખું તે; ખોખરું નગારું.

ઘમકાવવું, ક્રિ૦ સ૦ ઘમઘમ થાય એમ કરવું; વગાડવું. (૨) દબડાવવું. (૩) મારવું; ઠોકવું.

ઘમકો, પું૦ ઘુઘરાના અવાજનો એક એક ઠોકો તે. ઉ૦ મોહ્યો મોહ્યો ઘુઘરીને ઘમકે, મોહ્યો મોહ્યો લીલાગત લટકે. ઓખાહરણ.

ઘમઘમ, અ૦ ઘમકાની જે રણઝણ તે; ઘમકારાનો પ્રતિઘોષ.

ઘમઘમવું, ક્રિ૦ અ૦ ઘમઘમ થવું; ઘમઘમ અવાજ થાય એમ વાગવું. ઉ૦ પાયે નેપુર ઘમઘમે. રણછોડજીદિવાન.

ઘમઘમાવવું, ક્રિ૦ પ્રે૦ ઘમઘમ થાય એમ કરવું. (૨) ઘમઘમ અવાજ થાય એમ જોરથી મારવું-નાંખવું-ફેંકવું. :-તેણે એવા બે મુક્કા ઘમઘમાવ્યા કે તેનો વાંસો વળી ગયો. (૩) ઘમકી આપવી.

ઘમઘમાટ, પું૦ ઘમ ઘમ એવો અવાજ થવો તે; ઘમકારાવાળો અવાજ. (૨) ઘમઘમ થઇ રહેવું તે.

ઘમવું, ક્રિ૦ અ૦ મારવું; ધીબવું; મુક્કાનો માર મારવો.

ઘમશાણ, ન૦ ઉંધુંચતું-ભેળસેળ કરી કામને બગાડી નાંખવું તે; ધૂળધાણી કરી મૂકવું તે; ઘમશાણ વાળવું. (૨) કાપાકાપી; કતલ; રમણભમણ કરી નાંખવું તે.

ઘમંડ, ન૦ ખોટું ડોળ-દેખાવ કરવો તે; દંભ; દેખાડો; આડંબર; પતરાજી; શેખી.

ઘમંડી, વિ૦ દંભી; આડંબરી; ડોળી; ખોટો દેખાવ કરનાર. (૨) અભિમાની; ગર્વી.

ઘમરડીચકરડી, સ્ત્રી૦ છોકરાંની એક રમત. (૨) ઘુમાવીને ચક્કર ખવડાવવું તે.

ઘમાઘમ, અ૦ ઉપરાઉપરી ઘમઘમ થતું હોય તેમ. (૨) ધમાલ; ધાંધલ; ભીડાભીડ ને હોંસાતુંસ; ધમ્માચકડી; ધાલમેલ.

ઘમ્મરઘંટી, સ્ત્રી૦ ઘમઘમ અવાજ કરતી ફરે એવી ઘંટી તે; મોટી ભારે ઘંટી; ફરફર ફરે એવી ચક્કી. ઉ૦ કહો તો ઘમ્મર ઘંટી તાણુંરે. સ્ત્રીગીત.

ઘમ્મસઘમ્મા, સ્ત્રી૦ ધાંધલ; ઉપરાઉપરી ધાલમેલ કરવી-ધાંધલ કરવી તે; ઉપરાઉપરી પેસનીકળ કે બોલંબોલા થતી હોય એવી ગડબડ તે. હોંસાતુંસ.

ઘર, ન૦ [સં. ગૃહ] હવા, પાણી, ટાઢ, તડકો અને દુશ્મનથી બચાવ થાય એવું રહેવાનું ઠેકાણું; વાસસ્થાન; ગૃહ; ખોલડું. (મહેલ, હવેલી વગેરે) (૨) બોડ; દર; માળો. પશુ અને પંખીઓને રહેવાનાં સ્થાન. (૩) કુટુંબ; ગોત્ર; કુળ; વંશાન્વય; ખાનદાન. (૪) સ્ત્રીપુરુષમાંનું અક્કેક તે. :-તેણે બીજું ઘર કર્યું પણ તે સારૂં નીકળ્યું નહિ. (૫) સંસાર; સ્ત્રીપુરૂષે સાથે જોડાઇને જે જીવન

વ્યવહાર ચલાવવો તે. (૭) મૂળ; કારણ; ઉત્પત્તિસ્થાન. ખાંડ કીડીઓનું ને માંખોનું ઘર છે. પૈત્યાળું લડાઇનું ઘર છે. (૮) ખાનું; અમુક મર્યાદાવાળો જે એકાદ વિભાગ તે. મંગળનું ઘર. સોગટાં અથવા પેદાંનું ઘર. (૯) મનની હાલત. તે ઉદાસીના ઘરમાં છે. (૧૦) તાબો; કબજો; માલીકી. મુંબાઇમાં મારે ઘરનું ઘર છે. (૧૧) રાગ અથવા સૂરની જાત. તે બધા રાગનાં ઘર જાણે છે. (૧૨) સ્થિતિ; હાલત; શક્તિ; બલાબલ. ઘર જોઇને કામ અને વેપાર કરવાં જોઇએ. (૧૩) બચાવ; નીકળી જવાનું બારૂં. તે પોતાનું ઘર રાખીને વાત કરે છે. (૧૪) વાજાના સૂરનાં ખાનાંમાંનું અક્કેક. (૧૫) કોઇ વસ્તુને સગવડથી રાખવાનું ખોખા-દાબડી જેવું જે કંઇ હોય તે; મ્યાન. ચશ્માંનું ઘર; તરવારનું ઘર. (૧૬) દેશ; સ્વદેશ; જન્મભૂમિ. વિલાયત કંઇ આપણું ઘર નથી. ક્રિ૦ પ્ર૦ ઘર અજવાળવું=કુટુંબને શોભાવવું; જેથી આખા કુટુંબની કીર્તિ થાય એવા નીકળવું. ઘરઆંગણું=નજીકનું; અતિ પરિચયવાળું; પાસેનું સ્થાન હોય એવું તે. ઘરઆંગણું=કરવું=આતુરતાથી રાહ જોવી; હમણાં આવશે, આ આવ્યું, એમ ઇંતેજારી રાખવી અને વારંવાર ઘરમાંથી બહાર નીકળી નીકળીને માર્ગ પ્રતીક્ષા કરવી. ઉ૦ હું તો તુજ પાખે ઘરઆંગણુંલું કરતી હતીરે, મારી રાધા મારા લોચનનો શણગાર. દયારામ. ઘર ઉખડી જવું=મોટું નુકસાન થવું; નખોદ જવું; કુટુંબનો નાશ થવો. ઘર ઉખાડી નાંખવું=કુટુંબનો નાશ થાય એમ કરવું, મોટું નુકસાન પહોંચે એમ કરવું. ઘર ઉઘડવું=કુટુંબનો વેલો ચાલે એમ થવું; મોકળું થવું; દ્વાર મળવું. ઘર ઉઘાડું રહેવું=વંશ કુટુંબનું ચાલુ રહેવું. સ્ત્રી મળવી; પુત્ર થવો. ઘર ઉઘાડું રાખવું=પરણેલા થઇ સસ્ત્રીક રહેવું; કુટુંબ ચાલુ રહે તેમ કરવું. ઘર ઉજળું કરવું=ઘરને શોભાવવું; કુટુંબની કીર્તિ થાય એમ કરવું. ઘર ઉજાડવું=ઘરનું ધંધોલિયું કરવું; ઘરનો નાશ કરવો. ઘર ઉપાડી લેવું=આખા ઘરનું કામકાજ તેમજ વ્યવહારનું જોખમ માથે લેવું. ઘર ઉભું રહેવું=ઘરનો-કુટુંબનો વહેવાર ચાલુ રહેવો; ખોટ-નુકસાનમાંથી બચી જવું; સ્ત્રી મળવી. ઘર ઉભું રાખવું=ઘર-કુટુંબ ચાલુ રહે એમ કરવું; વ્યવહારને તૂટી પડતાં બચાવી લેવો. ઘર ઉંબરે=બહુજ નજીક; છેક પાસે હોય એમ; ઘર આગળજ. ઘરકરવું=કાયમના ધામા નાંખવા. રોગે તો શરીરમાં ઘર કર્યું. (૨) પરણવું; નાતરૂં કરવું; સંસાર સંબંધમાં જોડાવું. તેણે બીજું ઘર કર્યું. ગોડવાઇ જવું-અનુકૂળ થઇ રહેવું. પગ જોડામાં ઘર કરશે એટલે દુખશે નહિ. ઘર કાણું=ઘરનું છિદ્ર; ઘરમાં એકમન નહિ હોવું તે; ફૂટ; જે ઘરમાંથી ખાનગી વાતચીત બહાર જતી હોય તે ઘર કાણું કહેવાય છે. ઘર કાણું કરવું=ઘરમાં ફૂટ પાડવી; ઘરના માણસને ફોડવું. ઘરમાં ને ઘરમાં વ્યભિચાર કરવો. ઘર કુકડો=ઘરમાં ને ઘરમાં ભરાઇ રહેવાની આદતવાળો માણસ; બાયલો. ઘર કોચવું=ઘરની ભિંત ખણીને ખાતર પાડવું. (૨) ગોત્રગમન કરવું ઘરખુણે=ખાનગીમાં; એકાંતમાં; ખાનગી રીતે; અંદર અંદર; માંહોમાંહે. ઘરઘરનો ઉંદર=ઘરઘરની ખાનગી વાતો જાણનારો; ભોમિયો માણસ. ઘર ઘાલવું=નુકસાન કરવું; વિશ્વાસઘાત કરવો ગોત્રગમન કરવું. ઘર ચલાવવું=કરકસરથી અને વ્યાવહારિક નીતિરીતિથી સંસારનું ગાડું ગબડાવવું; નિભાવ કરવો; આજીવિકા ચલાવવી. ઘરજમાઇ=સસરાના ઘરમાં જઇ રહેલો માણસ; માથે પડેલું હોય એવું જે કંઇ તે. ઘરજમાઇ થઇ પડવું=માથે પડવું; નકામા બોજારૂપ થઇ પડવુ. આ ઘડિયાળ લીધું તો ખરૂં પણ ઘરજમાઇ પડયું.

ઘર જવું=આજીવિકાનું સાધન જવું; સર્વસ્વ જવું; મોટી ખોટ આવવી. ઘર જોવું=સારા ખોટા કુટુંબ સંબંધી તપાસ કરવી; જડતી લેવી. ઘર તપાસવું=ઘર જોવું; બલાબલનો વિચાર કરવો; શક્તિ જોવી; પોતાની ભૂલનો વિચાર કરવો. ઘર ધોવું=ઘરનો પૈસો ઉડાવી દેવો; ઘરને પાયમાલ કરવું. ઘરનું=પોતાનું; આપ્ત; અંગત. આ તો ઘરનું માણુસ છે. સંસાર–પૈસા સંબંધી=એ તો ઘરનો સુખી છે. ઘરનું ધંધોલિયું કરવું=ઘર ઉજાડવું; ઘરની પાયમાલી કરવી. ઘરનુંનાક=ઘર કે કુટુંબની શોભા ભૂષણરૂપ માણુસ; કુટુંબનો આબરૂ સાખ નોંખ.ઘરનો થંભ=ઘરકુટુંબનો જેનાં ઉપર આધાર હોય એવો માણુસ. ઘરપ્રવેશ=પહેલવહેલાં ઘરમાં દાખલ થવું તે; લગ્ન થયા પછી વધૂ પહેલવહેલી સસરાના ઘરમાં આવે તે વખતે કરવાની એક રીત, ક્રિયા તે. ફોજદારી કાયદા પ્રમાણે પારકા ઘરમાં દાખલ થવાનો એક ગુનો. ઘરફાડવું=કોઇ રીતે ઘરમાં દાખલ થવું; ખાતર પાડવું; ચોરી કરવાને ઘરમાં પેસવું. ઘરફૂટવું=ઘરના કુટુંબના માણુસે સામાવાળાના પક્ષમાં જતા રહેવું અને તેને ઘરની માહિતી આપવી; ઘર ફૂટયે ઘર જાય. ઘરફોડવું=ચોરી કરવાને ઘરમાં પેસવું; સામાવાળાના કુટુંબના એકાદ [illegible]ને લાલચ [illegible]ી પોતાની તરફ લઇ તેનું જોર તોડવું. ઘર બેસવું=ખોટ આવવી; નુકસાન જવું; પાયમાલી થવી. નોકરીચાકરી જતી રહેવી; નિરુદ્યમી થઈ પડવું. ઘર ભરવું =સામાને નુકસાન કરીને પૈસોટકો માલમતા વગેરે લાવી પોતાના ઘરને સધન કરવું. છોકરાંછૈયાંથી કુટુંબનો વસ્તાર વધારવો. :–નવીએ તો ઘર ભરી નાંખ્યું. ઘર ભાગવું=કુટુંબમાં ક્લેશ કરાવવો; સ્ત્રી પુરુષ વચ્ચે અણુબનાવ થાય એમ કરવું. પતિપત્નીમાંથી એકાદનું મરી જવું. (સ્ત્રીનું.) ઘરમાથે કરવું =ખૂબ શોધવું; આખું ઘર શોધી–તપાસી જોવું. ઘર મારવું=વિશ્વાસઘાત કરવો; ઘરમાં દાખલ થઇ તેજ ઘરમાંનું ધન હરી લેવું અથવા તે ઘરના માણુસ સાથે અનીતિ કરવી. ઘર માંડવું=સ્ત્રી પુરૂષે મળીને સંસાર ચલાવવો; સ્ત્રી પુરૂષનો વ્યવહાર ચાલુ કરવો. ઘર રાખવું=પોતાનું સંભાળવું, પોતાને ગેરલાભ થાય નહિ તેમ બોલવું કે કામ કરવું. ઘર વસાવવું=ઘર લેવું; સંપાદન કરવું; ઘરને સધન કરવું. ઘરવાળી=ઘરના વડાની સ્ત્રી; ઘરધણિયાણી. ઘરવાળો=ઘરનો વડો; ધણી; પતિ. ઘર સંભાળવું=પોતાનું સાચવવું; પોતાને ગેરલાભ થાય નહિ એવી રીતે કામ કરવું. પોતાને કંઇ નુકસાન લાગે નહિ એવી ખબડદારી રાખવી. કહેવતો:–ઘર કહે તોડી જો અને વિવાહ કહે માંડી જો=ઘર બાંધવું તે અને વિવાહ–વરો વગેરે કરવાં તે કાર્યો એવાં છે કે જેમાં અંદાજ રહેજ નહિ. ઘરથી નીકળી વનમાં ગયા તો વનમાં લાગી લાય=કર્મ બે ડગલાં આગળનું આગળ. ઘર ગયુંને ઓસરી રહી=હાથી ગયો ને અંકુશ રહ્યું એવું. ઘર જાણે પડોસી અને કુળ જાણે વહેવાઇ=અનુભવ થયો હોય તેજ ખરી બાબત જાણે. ઘર તેવી ગોત્રજ=દેવ તેવી પૂજા. ઘર ત્યાં વર નહિ અને વર ત્યાં ઘર નહિ=અર્થાત્ દૈવની એ ખુબીજ છે કે, એક હોય ત્યાં બીજું ન હોય. :–ચંદનને પુષ્પ નહિ. ઘરધણી કહે મારે ખપે નહિ અને પડોસી કહે મારે શિર સટ્ટે=જેની સાથે કામ તેને જોઇએ નહિ તો પછી શા કામનું. ઘરધણી ફીટીને પડોસી થવું=પોતાનો ખરો હક ગુમાવી દેવો શામાટે. ઘરનાં છૈયાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો=ઘરનાં માણુસોને સૌથી પહેલાં લાભ આપવો અને પછી ઉદાર થવું. ઘરના પીરને તેલનો મલીદો=અર્થાત્ ઘરના માણુસનું

કંઇ માન નહિ. અતિ પરિચયે અનાદર. ઘરની ફસર અને વહાણની સફર=લાખની પૈ જેવું, અર્થાત્ ઘરની કરકસર વધે છે. ઘરની ગત પરને કહેવી નહિ=ખાનગીમાં જે કંઈ કરતા હોઇએ તે બહાર જણાવવું નહિ, અ-ર્થાત્ એથી બાર ભાગી જાય છે. ઘરની ફૂટે શત્રુ ફાવે=ઘરમાં કુસંપ થાય ત્યારે દુશ્મનને ઠીક પડે, માટે ઘરમાં એકતા રાખવી અને ઘરની વાત બહાર જણાવવી નહિ, તેમ અહિત કરવું નહિ. ઘરનું ખોડું તે બહારનું ઘોડું=પોતાનું સારૂં ન લાગે—અતિપરિચય-વાળું કિંમતી ન જણાય. ઘરનું ઢાંકણુનાર =ઘરમાં શું છે શું થાય છે અને કેમ નીભે છે તે જો સ્ત્રી હોય તોજ કોઇના જાણવામાં આવતું નથી. (૨) સ્ત્રીથી ઘરનું સંરક્ષણ અને સંગોપન થાય છે. ઘરનો ધણી હું અને બહાર નીકળ તું=અથાવી પડવું તે; બાઝી પડવું તે. ઘરનો રોટલો બહાર ખાવો =બહાર જઇને રહેવું અને ઘરમાં ખાડો પાડવો, એવી મૂર્ખાઇને માટે આ કહેવત કહેવાય છે. ઘર પ્રમાણે બારસાખ=દેવ તેવી પૂજા, કબરાના દેવને કપાસિયાની આંખો. ઘર ફૂટયે ઘર જાય=જ્યારે ઘરનું માણસ ઘરની વાત કે માહિતી બીજાને આપે ત્યારેજ ઘર નાશ પામે છે, માટે કદી પણ કુટુંબદ્રોહ કરવો નહિ. ઘર ફૂટયું તેનું કર્મ ફૂટયું=જેના ઘરમાં કુસંપ દાખલ થયો તેમનું ભાગ્ય ફરી વળ્યું એમજ જાણવું. ઘરમાં એઠાં અને બારણે બેઠાં=કામ મૂકીને તડાકા મારવા તે સારૂં લક્ષણ ન કહેવાય. ઘરમાં અંધારૂં અને આંગળે દીવો=બારણાં ઉઘાડાં અને ખાળે ડુચા જેવું, એટલે કે જ્યાં દીવો કરવો જોઇએ ત્યાં દીવો નહિ અને જ્યાં ન જોઇએ ત્યાં દીવો કરવો એવો અવિવેક તે. ઘરમાં ઓસડ અને આંખ જવાની =આળસાઇ-બેપરવાઈની પરિસીમા બતા-વવામાં આ કહેવત કહેવાય છે. ઘરમાં ઘોડો ફેરવવો=અવિવેકની પારસીમા. આછુકલાઇ એવી કે ઘરમાં પણ ઘોડે બેસીને ફરવું. ઘરમાં હનમાન હડીઓ કાઢે અને ભૂત ભુસકા મારે=ઘરમાં કંઇ સરસામાન કે આજીવિકાનું સા[illegible]ન નહિ તે. [illegible]મ એવો અર્થ આ [illegible]હેવતથી બત[illegible]ય છે. ઘરમાં બોલે ડોકરાં અને બહાર બોલે છોકરાં=મોટાં માણસ જેવું કરે છે અને બોલે છે તેવુંજ છોકરાં શીખે છે અને બહાર જઇ તેવુંજ બોલે છે માટે મોટાં માણસોએ છોકરાં જેમ સારૂં શીખે અને બોલે એમ વર્તવું જોઇએ. ઘરમાં આડો વાંસ ફરે તો હાંસલુંએ નડે નહિ=એવી કંગાલિયત કે ઘરમાં અન્ન ભરવાનું કચરાનું વાસણ પણ નહિ મળે. ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે અને બહાર લાલજી મનિયાર=પાસે કંઈ હોય નહિ અને બહાર મોટો દેખાવ રાખવો તે. (મનિયાર=ઝવેરી-ઘરેણાં ગાંઠાનો વેચનાર. હાલ મનિયારનો અર્થ= ચુડગર એવો થાય છે. આગળ રત્નવલય બનાવનારાઓ મનિયાર કહેવાતા હતા તે ઉપરથી આ કહેવત ચાલેલી છે.) ઘર વંડે ત્યારે ભગતડું પેસે=જ્યારે ભક્તિનો અત્યંત છંદ લાગે ત્યારે જાણવું કે સંસારનો વહેવાર ભાગી પડશે, કારણ કે ભક્તિ વૈરાગ્ય અને સંસાર પ્રપંચ એ એક બીજાની વિરૂદ્ધનાં છે. હસવું ને લોટ ફાકવો એના જેવું. ઘર વેચીને તીરથ કરવું=એવું પુણ્ય કે ધર્મ દાન કે વ્યાપાર ન કરવો કે જેથી ઘર જતું રહે, અર્થાત્ ઘરની ખરાબી કરીને કોઇ કાર્ય કરવું જોઇએ નહિ. ઘર સુધરે તો ગામ સુધરે=વ્યક્તિનો સુધારો તે સમષ્ટિનો સુધારો—અર્થાત્ આપ ભલા તો જગ ભલા, એની માફકનો એક ઘર સુધરે તો પછી તેના શિક્ષણથી અને અનુ-કરણથી બીજાઓ પણ સુધરે માટે પ્રથમ

ઘર સુધારવું જોઇએ.

ઘરઆંગણું, ન૰ ઘર અને આંગણું તે. (૨) અ૰ ઘર અને આંગણું જેમ જુદાં કે દૂર નથી તેમ જુદું કે દૂર નહિ તેમ. (૩) વિ૰ ઘર અને આંગણા જેવું; બહુ નિકટ સંબંધનું. ક્રિ૰ પ્ર૰ ઘર આંગણું કરવું અથવા કર્યા કરવું=વારંવાર ઘરમાંથી આંગણે આવી આવીને માર્ગપ્રતીક્ષા કરવી; આતુર મને રાહ જોયા કરવી; પ્રિયજન 'આ આવ્યું, આ આવ્યું' એવી આતુરતાથી વારંવાર તેના માર્ગ તરફ જોયા કરવું; અતિ આતુર થઇ રહેવું; અધીરાં થઇ વાટ જોવી. ઉ૰ હું તો ઘર આંગણાંલું કરતી વીરા વલવલુંરે.

ઘરકરવું, ક્રિ૰ નાતરૂં કરવું; સ્ત્રીએ પુરૂષ, અને પુરૂષે સ્ત્રી કરવી; સંસાર વિવાહ કરવો. (૨) કાયમના થવું; વાસકરવો. :-રોગે તો શરીરમાં ઘર કર્યું. (૩)અનુકૂળ થઈ રહેવું; સહન કરી રહેવું. દસ પંદર દહાડે હવે પગે જોડામાં ઘર કર્યું.

ઘરકવું, ક્રિ૰ સ૰ ખીજવું; મોટા ઘાંટાથી ઠપકો આપવો; ઉ૰ પુમતકું તો ઘરકે છે અને ઓઝો બેઠો ઘરકે છે.

ઘરકામ, ન૰ ઘરનુ જે સાધારણ કામકાજ તે. (પુંજો વાળવો, વાસણ માંજવાં, ખાવાનું કરવું વગેરે ઘરને લગતાં કામકાજ તે.) ઉ૰ ઘરકામ સૌ માથે લોને. ભા. ના.

ઘરકિયું, ન૰ ઘરકીને ઠપકો દેવો તે; તાડુકીને વારવું તે.

ઘરકેળવણી, સ્ત્રી૰ ઘરમાંથી મળતું જે શિક્ષણ તે; જે શિક્ષણ ઘરમાંથી મળે છે તે. :-જેવી ઘર કેળવણી તેવું માણસ થાય.

ઘરખટલો, પું૰ ઘરને લગતો જે સરસામાન વગેરે તે. (૨) સંસારનો ભાર. (૩) સ્ત્રી છોકરાં વગેરે જે સમૂહ તે. :-અમારો સાહેબ તો બધો ઘરખટલો લઇનેજ જિલ્લામાં ફરે છે. (૪) સંસાર વ્યવહારને લગતું જે કંઈ હોય તે બધું.

ઘરખરચ, ન૰ ઘરચલાવવા માટે થતું જે ખરચ તે; ખાવાપીવા અને પહેરવા ઓઢવા પાછળ જે ખરચ થાય તે.

ઘરખુણિયું, વિ૰ ઘરમાં બેસી રહેનારું; ઘરારૂં; ઘેરને ઘેર રહેનારૂં; શરમાળ; ઘરકુકડું.

ઘરખુણે, અ૰ માંહોમાંહે; અંદરમેળે; ખાનગી રીતે; બહાર ન જણાય તેમ.

ઘરગતુ, વિ૰ [સં. गृह+गत] ઘરમાંનું (બહારનું નહિ તેવું.) જેની ઉત્પત્તિ, બનાવટ કે પ્રચાર ઘરમાંજ હોય એવું.:-ઘરગતુ ભાષામાં તે હમેશ વાતચીત કરે છે. ઘરમાં ચાલતું; સાધારણ; અકૃત્રિમ.

ઘરગથ્થુ, જુ૰ ઘરગતુ.

ઘરગોડી, સ્ત્રી૰ ઘરમાં જમતી વખતે પહેરવાનું રેશમી કપડું.

ઘરઘરથવું, ક્રિ૰ અ૰ 'ઘરઘર' એવો અવાજ થવો; ગળામાંથી શ્વાસ નીકળતાં અને અંદર જતાં અવાજ થવો;અંતકાળનો શ્વાસ બોલવો.

ઘરઘરાઉ, વિ૰ માંહોમાંહેનું; અંદર અંદરનું; ખાનગી; ઘર-ઘરનું હોય એવું; બજારમાંથી નહિ પરંતુ અડોસીપડોસી કે સગાં-સ્નેહી પાસેનું; ખાનગી; બજારનું જાહેર વેચાણમાં મુકાયેલું નહિ એવું.

ઘરઘાલુ, વિ૰ પોતે પોતાને નુકસાન ગેરલાભ કરે એવું; પોતેજ પોતાના ઘરની આબરૂ બગાડે એવું; ઘરમાં ને ઘરમાં ભુંડું કામ કરનાર.

ઘરચોળું, ન૰ [સં. गृह + चोल] સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું રેશમી લુગડું; ફલગર.

ઘરજણ્યું, વિ૰ ઘરમાં-કુટુંબમાં ઉત્પન્ન થયેલું. :-ઉ૰ આભડછેટ અંત્યજ ઘરજણી. અખો.

ઘરજમાઇ, પું૰ સસરાના ઘરમાં જઈ રહેલો હોય તે. ક્રિ૰ પ્ર૰ ઘરજમાઈ થઇ પડવું=માથે પડવું; બોજારૂપ થઈ પડવું.

ઘરડ, સ્ત્રી૰ [સં. घर्ष्] ગાડી ગાડાં વગેરેની અવરજવરને લીધે જમીનમાં પડેલી ઉંડી

વાટ; ચીલો; ગરીડો. (૨) રાહ; ધારા; ચાલુ નિયમ કે ધોરણ તે. :–ધરડે કામ-કાજ હવે ચાલ્યાજ કરે છે. (૩) આમ-લીની સુકી છાલ.

ધરડપણું, ન૦ વૃદ્ધાવસ્થા; જરા; ઉમ્મર પહોંચવી તે. (૨) ધરડાપો; મોટાઇ; ધરડાની માફક વર્તવું કે બોલવું ચાલવું તે; ડહાપણ; ગાંભીર્ય. રૂ૦ પ્ર૦ ધરડપણનો ધા=ઉત્તરાવસ્થામાં લાગેલો ફટકો તે. (૨) સુધરવાની ઝાઝી આશા ન રહે એવું જે તે. કહે૦ ધરડપણ અને ગાંડપણ બરાબર. ધરડપણનો ગળકો.

ધરડવું, ક્રિ૦ અ૦ ધરડ ધરડ થવું; કંઠ બોલવો; ધરેડો ચાલવો. ક્રિ૦ સ૦ ધસરડવું; તાણવું; ખેંચવું. ઉ૦ ઘણી રીસ ધરડીને. શામળ. (ધવડવું.) ધરડ ધરડ થાય એમ ધસવું; ખણવું; જોરથી વલુરવું.

ધરડાપો, પું૦ ધરડા માણસમાં જે ધરડપણને યોગ્ય ડહાપણ હોય છે તે; ધરડાંના જેવું ડહાપણ કરવું અથવા બતાવવું તે; ધરડપણ બતાવવું તે; દોઢ ડહાપણ; સમજુકપણું. :–વહુ ! તમે ધરડાપો કરશો નહિ, હજી તમારે માથે સાસુ બેઠેલાં છે. (૨) ધરડપણ; ધરડાપણ; વૃદ્ધાવસ્થા; ધરડપણ આવવું તે. (આપો=પ્રત્યય છે. :–રંડાપો; બળાપો; કઢાપો; વગેરે માફક.)

ધરડિયું, વિ૦ ધરડું થયેલું; વૃદ્ધ; વડીલ; ધરડું.

ધરડું, વિ૦ [સં. जर ठदे; जरठो] ઉમ્મરે પહોંચેલું; મોટી વયનું; આયુષ્યનો લગભગ બેતૃતીયાંશ ભાગ પસાર કરી ગયેલું: વાળ ધોળા થઇ જવા,દાંત પડી જવા, અને ઇંદ્રિયો નરમ પડી જવી વગેરે ધરડપણનાં ચિહ્ન જેની ઉપર દેખાતાં હોય એવું. (૨) પુરાણું; જુનું; ઘણાં વર્ષનું. (૩) પાકી ગયેલું; જર્જરિત; કઠણ. (૪) વડીલ; મોટું. રૂ૦ પ્ર૦ ધરડું પાન=પાકેલું પાન; ઉત્તરાવસ્થાને પ્રાપ્ત થયેલું એવું જે તે. કહે૦ ધરડી ઘોડી અને લાલ લગામ. ધરડી ગાયને ટોકરો. ધરડાં ગાડાં વાળે. ધરડું તે ગાંડું. (૫) મુખ્ય; મોટું. :–ધરડુંપ્રસ્તુત. ધરડેઘેર.

ધરડેરું, વિ૦ ધરડું; વડીલ; ગુરુજન. :–ધરડેરાં જે કહે તે માનવું.

ધરણ, ન [સં. ग्रहण] સૂર્ય ચંદ્રના બિંબ ઉપર પૃથ્વીની છાયાનો જે ઓળો પડવો તે. જુ૦ ગ્રહણ. (૨) ધણ; મોટા ભારે હથોડો. (૩) અણગમતું એવું જે કંઇ તે; આડખીલી; લફરું; હરકત; કજિયાકંકાસનું કારણ. રૂ૦ પ્ર૦ ધરણઘેલું=અદપાંસળું. ક્રિ૦ પ્ર૦ ધરણ થવું=અડચણ આવવી; ખટપટ થવી; પંચાતી આવી પડવી; તકરાર થવી. લફરું લાગવું. કહે૦ ધરણ વખતે સાપ કાઢવો=ન કરવાને વખતે કરવા જેવું કામ કાઢવું; અણીને વખતે મુશ્કેલી ઉભી કરવી; સમય વિચાર્યા વગર સમયાનુકૂલ ન હોય તેવું કામ ધતિંગ કાઢવું.

ધરણઘેલું, વિ૦ થોડું ગાંડું; દાધારેંગું; ત્રણ પાયાનું. લોકોમાં એવી માન્યતા છે કે, ગર્ભવતી સ્ત્રી જો ગ્રહણ જુએ તો તેનું છોકરૂં ગાંડા જેવું થાય.

ધરણી, સ્ત્રી૦ [સં. गृहिणी] ધરધણિયાણી; ગૃહિણી; ઘરુણી; સ્ત્રી. ઉ૦ પુરજોબન પચવીસ, ધેરધરણીસું ગમતાં. શામળ. વળી, આ કન્યા મોટા ધરનીરે, કરો ધરણી કાન કુંવરનીરે. બ્રહ્માનંદ. ધરનું કામકાજ ઉપાડી લેનાર વહુ. અ–ધરણી=નહિ ધરધણિયાણી પરંતુ ધરની માતા તે.

ધરધન, સ્ત્રી૦ [સં. गृध्र] ગ્રહધન; સમળી કરતાં મોટું મડદાં ને લાસોનું માંસ ખાનારૂં એક પંખી; ગૃધ્ર. આ પંખી બહુ ભુખાળવું હોય છે. દેખાવે કાળું ભુંખરું લાંબી ગરદનવાળું ને બહુ ઉંચે લગી ઉડે છે.

ધરધણી, પું૦ ધરનો માલીક; ધર ચલાવનાર

મુખ્ય પુરુષ. (૨) પતિ; વર; સ્વામી. (૩) માલીક; સ્વામી; શેઠ. કહે૦ ઘરધણી ફીટીને પડોસી કોણ થાય.

ઘરધણિયાણી, સ્ત્રી૦ ઘરની મુખ્ય સ્ત્રી. (૨) પત્ની; વહુ; સ્ત્રી. (૩) માલીક સ્ત્રી; શેઠાણી.

ઘરધંધો, પું૦ ઘરને લગતું પરચુરણ કામકાજ તે.

ઘરધાવડું, વિ૦ ઘરને ધાવીને રહેનારું; અર્થાત્ વડીલોએ મૂકેલી મીલકત ઉપર જીવનારું; ઘરમાં જે હોય તે ઉપર આજીવિકા ચલાવનાર. (૨) નિરુદ્યમી; બેકાર; ઘર સાચવીને બેસી રહેનાર.

ઘરનાળું, ન૦ પાણી ગળાઇને જવા માટે બાંધેલું નાળું; પાણી જવાનું દ્વાર; નાકું; ગરનાળું.

ઘરપ્રવેશ, પું૦ [સં. गृहप्रवेश] ઘરમાં પેસવું તે. (૨) નવા ઘરમાં જઇને રહેતાં કરવાનો વિધિ તે; વાસ્તુ. (૩) ઘરમાં પહેલ વહેલાં રહેવા જવું તે. પરણીને આવેલી વહુનું ઘરમાં દાખલ થવું તે. (૪) વગર રજાએ પારકા ઘરમાં દાખલ કરવાનો જે ગુનો તે.

ઘરફાડુ, વિ૦ ઘરફોડીને ચોરીઓ કરનાર; ઘરફાડી-ફોડી નાંખનાર. (ચોર) ખાતર પાડનાર.

ઘરબાર, ન૦ ગૃહસ્થાશ્રમી જીવનનાં તમામ સાધન તે. ઘર, સ્ત્રી, છોકરાં, માલમીલકત, અને રાચરચીલું વગેરે સૌ વાનાં; ઘર અને ઘરને લગતું જે બધું તે; ગૃહસ્થાશ્રમનો સંભાર. (૨) સ્ત્રી, કુટુંબ. (૩) સ્થિર ગૃહસ્થજીવન તે; ભટકતી એકલવાઇ સ્થિતિ નહિ તે; કુટુંબકબીલાવાળી સ્થિતિ તે.

ઘરબારી, વિ૦ સંસારી; ગૃહસ્થાશ્રમી; કુટુંબી; પરણેલો કુંવારો કે રઝળતો નહિ તે.

ઘરબોળુ, વિ૦ ઘર-કુટુંબને બોળી નાંખનાર; ઘરબારને પાયમાલ કરે એવું; કુટુંબની રાહરસમે નહિ ચાલતાં તેને હીણું લગાડે એવું; અકર્મી.

ઘરભેદુ, વિ૦ ઘરનો ભેદ જાણનાર.

ઘરમેળ, પું૦ ઘરમાં સૌનો સારા સ્નેહવાળો મેળાપ, એકતા, કુસંપ કે મતભેદ નહિ તે; કુટુંબની જે સુસ્વરતા તે; ગૃહૈક્ય. (૨) ઘરનું ખરચ ખુટણ લખવાનો જે ચોપડો તે.

ઘરમેળે, અ૦ ઘરની અંદર મેળ મેળવી સમજાવી સમાધાન કરાતું હોય તેમ; અંદર અંદર સમજાય તેમ; જાહેરમાં કોઇ જાણે નહિ તેમ. :—તમે બે ભાઈ ઘરમેળે સમજો તો સારું. ઘરની રીતે; માંહેમાંહે. (૨) દોસ્તીની રાહે; ઘરનો-પોતાનો જાણીને. આ તો હું તને ઘરમેળે કહું છું.

ઘરમોહ્યું, વિ૦ ઘરમાં બેસી રહેનારું; ઘરમાં રહેવા ઉપરજ જેને પ્રીતિ હોય એવું; ઘર ઘેલું. ઉ૦ ઘરમોહ્યા કરે રણ વિષે, વદને ઉચરો વાણ. શામળ.

ઘરરખુ, વિ૦ પોતાનું ઘર સંભાળે એવું; ઘરનું રક્ષણ કરનારું; ઘર સંભાળવાની ખાસ વૃત્તિ સ્વભાવવાળું. :—વહુ ઘરરખી છે.

ઘરવખુ, વિ૦ ઘરની-કુટુંબની તરફદારી કરનારું; ઘરતરફ જેની વૃત્તિ વધારે રહેતી હોય એવા સ્વભાવનું; ઘરની તરફેણ કરનારું.

ઘરવટ, સ્ત્રી૦ એક ઘરને બીજા ઘર સાથે એક કુટુંબનાં હોય એવો જે પરિચય-સંબંધ તે; ગાઢ સ્નેહ ઓળખાણવાળો જે સંબંધ અને વહેવાર તે; ઘરપણું. (૨) ખાનગી કૌટુંબિક સંબંધ; બે ગૃહસ્થ કુટુંબીઓ વચ્ચે જે ચાલુ ગાઢો આપલેનો વહીવટ તે.

ઘરવાખરો, પું૦ ઘરને લગતો જે સર સામાન તે; રાચરચીલું; જે જે વસ્તુઓથી ઘરનો સંવ્યવહાર ચાલતો હોય તે તમામ વસ્તુઓ.

ઘરવાસ, પું૦ [સં. गृहवास] ઘર કરીને રહેવું તે. (૨) ગૃહસ્થાશ્રમ. ઉ૦ આ વહાલાનો અધુરો ઘરવાસરે, વહાલાજી.

ઘરવાળું, વિ૦ જેને ઘર હોય એવું; ગૃહસ્થાશ્રમી. ઘરવાળી=ઘરધણિયાણી; પત્ની; વહુ; સ્ત્રી. ઘરવાળો=ઘરધણી; પતિ; વર; પુરૂષ.

ઘરવેરો, પું૦ ઘર ઉપર લેવાતો કર તે; ઘર ઉપર નંખાયેલો અંકાયેલો જે વેરો તે.

:**ઘરસંસાર,** પું૦ [સં. गृहसंसार] ઘર અને કુટુંબ કબીલો તે; સ્ત્રી, છોકરાં, ઘર ને તે ચલાવવાને જોઇતાં સૌ સાધન વગેરે તે. (૨) ગૃહસ્થાશ્રમ.

ઘરસંસારી, વિ૦ [સં.] ગૃહસ્થાશ્રમી; જેણે પરણીને ઘરસંસાર માંડેલો હોય એવું; ત્યાગી-વેરાગી નહિ તે. (૨) કુટુંબી; બચરવાડ.

ઘરસાડી, સ્ત્રી૦ સ્ત્રીઓને ઘરમાં પહેરવાનું એક લુગડું. (૨) અબોટિયું.

ઘરસૂત્ર, ન૦ [સં. गृह+सूत्र] ગૃહસ્થાશ્રમ ચલાવવાનાં સાધન; સ્ત્રી; પત્ની; વહુ. ઉ૦ કુંવર હવે મોટો થયો ને કરાવવું ઘરસૂત્ર. (૨) ઘરરૂપી જે જાળ તે; કુટુંબકબીલો વગેરે તે. ઉ૦ મરણ પામ્યાંરે પત્નીને પુત્ર, મહેતાનું ભાગ્યું ઘરસૂત્ર. પ્રેમાનંદ.

ઘરાઉ, વિ૦ ઘરગતુ; ઘરઘરનું; ઘરમાંનું. (૩) ખાનગી; અંદરઅંદરનું; માંહોમાંહેનું; ઘરઘરાઉ એમ કહેવાય છે.

ઘરાક, ન૦ [સં. ग्राहक] ગ્રહણ કરનાર; ખરીદનાર. (૨) ખુબી પિછાનનાર; ગુણ સમજનાર. (૨) માણનાર; ભોગવનાર.

ઘરાકી, સ્ત્રી૦ ઘણાં ગ્રાહક હોવાં તે; વકરો; ઉઠાવ; માગ-માગણી; ખપત; ખરીદ. (૨) ખરીદી કરવાનો જે બાંધેલો વહેવાર તે; કામકાજ કરવાનો અથવા અમુક વસ્તુ ખરીદવાનો જે એકહથ્થું હક તે. :-ધોબીની ઘરાકી.

ઘરાગ, જુ૦ ઘરાક.

ઘરાગી, જુ૦ ઘરાકી.

ઘરાણિયાટ, જુ૦ ઘરેણિયાટ.

ઘરાણિયું, જુ૦ ઘરેણિયું.

ઘરાણું, જુ૦ ઘરેણું.

ઘરાર, અ૦ અલબત; સાતવાર.

ઘરૂં, ન૦ [સં. गृह] કોઇ વસ્તુ રાખવાનું લાકડા કે પતરા વગેરેનું જે ઘર તે. :-તખતાનું ઘરૂં-ઘર; મ્યાન. :-છરાનું ઘરૂં.

ઘરુણી, સ્ત્રી૦ [સં. गृहिणी] ગૃહિણી; સ્ત્રી; ઘરધણિયાણી; વહુ. ઘરઘરૂણીના ઘાટ ઘડાવ્યા, પહેરણ આછા જામાજી. મુનિ. લાવણ્ય.

ઘરે, પું૦ ગ્રહ એના ઘરે ઘેર નથી. (૨) ઘેર. :-પિજામ ઘરે ગયો. હું તેને ઘરે ગયો. હું તેને મંદિરે ગયો.

ઘરેડ, સ્ત્રી૦ રથ ગાડી વગેરેનાં પૈડાં ફરવાથી જમીનની અંદર લાંબી નીક જેવો જે ખણાયેલો માર્ગ પડે છે તે; ચીલો. (૨) વારંવાર દોરડાં ઘસાયાથી કુવાના મોં ઉપરના પત્થરમાં પડેલો ખાડો; દોરડાનો કાપો; આંકો; વાટ. (૩) ઓળ; હાર; આવલી; એક એકની પુઠે ચાલ્યા જવું તે; ઓળાઓળનું પશુનાં ટોળાંનું જવું તે. :-ઘેટાંની ઘરેડ. (૪) ખણાયેલો, પરંપરાથી પડેલો માર્ગ; પ્રણાલિકા; રાહ.

ઘરેડી, સ્ત્રી૦ પાણી કાઢવાનું કુવા ઉપરનું ફરતું યંત્ર; ગડગડી; કાપો. (૨) મરણ વખતના જોરથી ચાલતા શ્વાસને લીધે થતો ગળામાંનો જે અવાજ તે.

ઘરેડો, પું૦ ઘરડઘરડ બોલતો શ્વાસ. (૨) ચીલો.

ઘરેણાઉ, વિ૦ ઘરેણે આપવા લેવા જેવું.

ઘરેણિયાટ, વિ૦ ઘરેણે લીધેલું કે આપેલું.

ઘરેણિયું, વિ૦ ઘરેણે મૂકેલું કે રાખેલું; જેની ઉપર નાણું લીધેલાં અથવા કઢાવેલાં હોય એવું; નાણું લઇને આપેલું અથવા નાણું દઇને લીધેલું; અવેજના સાટામાં આંટમાં મૂકેલું લીધેલું તે.

ધરેણું, ન૦ જેનાથી કોઇ સ્થળ વસ્તુ કે વિચાર વગેરે શોભે-સુંદર દેખાય તે; અલંકાર; ભૂષણ; દાગીનો. (૨) શોભા; શણગાર; આભૂષણ. રૂ૦ પ્ર૦ ધરેણા જેવું=શોભારૂપ; કિંમતી. ક્રિ૦ પ્ર૦ ધરેણાં-પહેરાવવાં=શણગારવું; શોભાવવું.

ધરેણે, અ૦ આંટમાં સાનમાં આપેલું હોય તેમ; બદલે; જમાનીમાં; આડમાં; જામીનગીરી તરીકે. ક્રિ૦ પ્ર૦ ધરેણે મૂકવું=અવેજની જામીનગીરી તરીકે આપવું. ધરેણે લેવું=અવેજ ધીરી તેની આંટમાં અવેજ લેનારની કોઇ વસ્તુ પોતાના કબજામાં રાખવી.

ધરેબારે, અ૦ ઘર, કુટુંબ, પૈસોટકો અને આપ અખત્યાર વગેરે સૌ પ્રાપ્ત થયેલું હોય તેમ. (૨) ઘરનાં કર્તાકારવતાપણાવાળું; કુટુંબી; જામેલા આપ અખત્યાર ઘરવાળું. :-સંતોક ધરેબારે થઇ તે જોઇ આંખ ઠારીને ડોસો ગયો. હાથેમાથે.

ધરોધર, અ૦ બધે ઘેર; એક પછી એક દરેક ઘેરઘેર. ઉ૦ ફરે ધરોધર ફોક; ન માયા કોઇએ મેલી. શામળ.

ધરોડ, સ્ત્રી૦ ધરેડ. ઉ૦ ધરોડ છોડી જીતવા; પડયું જઇને નાળમાં. પ્રેમાનંદ.

ધરોબો, પું૦ પોતાના ઘર જેવોજ જે સંબંધ-વ્યવહાર તે; ઘરવટ; આપવું, લેવું, ખાવું પીવું અને બોલવું ચાલવું સૌ એક કુટુંબનાં હોય તેમ ચાલે એવો જે બે કુટુંબીઓ વચ્ચેનો સંબંધ તે.

ધરોળી, (ધિલોડી) સ્ત્રી૦ ઘરની દિવાલો ઉપર ફરનારું ભુંખરા રંગનું બિલ્લસ અથવા તેથી પણ નાનું એક પ્રાણી, ઢેડ ધિલોડી. એના મોંની લાળ 'ગલ' બહુ ઝેરી કહેવાય છે.

ધર્મ, પું૦ [સં.] ઉકળાટ; બફારો; બેઠો તાપ લાગવો તે; ગરમી; ધામ.

ધર્ષણ, ન૦ [સં.] ઘસાવું તે; ઘસારો; બે વસ્તુઓનું એક બીજાની સાથે ઘસડાવું તે; ઘસરકો; છેક; ઉઝરડાવું તે; ઉઝરડો; આંકો; લીટો. (૨) એક બીજાની વચ્ચે સહેજ સાજ બોલાબોલી થવી તે; સરલ ચાલ્યું જાય એવું નહિ પરંતુ એક બીજાનું છોલાતું જાય એવું જે તે.

ધલાઇજવું, ક્રિ૦ અ૦ ધીરેલાં નાણાં પાછાં ન મળે એમ થવું; લેણું ખોટું થવું; નાણાં જતાં રહેવાં. (૨) ફસાવું; દબાવું; પાછું નીકળી ન આવે એમ જવું (નાણાંનું).

ધલાવું, ઘાલેલું ન નીકળે એમ થવું; દબાવું; ઘાલેલું અંદરને અંદર રહેવું. (૨) પહેરાવું. (૩) પરોવાવું. (૪) પેસાડી શકાવું. જુ૦ ઘાલવું.

ધલોડી, (ધિલોડી.) સ્ત્રી૦ ઘરોળી એક જાતનું નાનું પ્રાણી. (૨) જેને ઘોલાં ધિલોડાં-ટિંડોરાં થાય છે તે વેલી:-કડવી ધલોડીનું મૂળ.

ધલોડું, (ધિલોડું.) ન૦ ઘોલું; ધિલોડું; ટિંડોરું આ ફળ આંગળી જેવડાં પણ ભરેલાં અને લીલા રંગનાં થાય છે. કડવાં ધલોડાં અને મીઠાં ધલોડાં, એમ તેની બે જાત છે. મીઠાં ધલોડાં-ધિલોડાં શાક તરીકે વપરાય છે. સંસ્કૃતમાં આને બિંબફળ કહે છે. આ ફળ પાકતાં બહુજ લાલ થાય છે. ઓઠની રતાશને એની ઉપમા આપે છે.

ધવડવું, ક્રિ૦ સ૦ ખણવું; ખંજવાળવું; ઘસવું; નખવતે ચેળ ભાગે તેમ કરવું-ઉખાડવું. (૨) ખેંચવું; તાણવું.

ધવાવું, ક્રિ૦ અ૦ ઘાયલ થવું; જખમી થવું; ઘા પડવો:-તે લડાઇમાં ઘણા જણ ઘવાયા. મોટાં અને લાડકાં માણસો પ્રતિ સહેજ-સાજ છરી ચાકુ લાગતાં પણ મશ્કરીમાં 'ઘવાવું' વપરાય છે.

ધસધસ, અ૦ ગાઢ ઉંઘમાં ચાલતા એક સરખા શ્વાસોચ્છ્વાસથી થતો એવો અવાજ;

ઘસ ઘસ એમ થવું તે; નિરાંતે અને વગર કાળજીએ ઉંઘવું તે. ઉ૦ રાતના ચાર પહોર ઘસઘસ ઉંઘ્યાં રે. સ્ત્રીગીત.

ઘસઘસાટ, અ૦ ઘસઘસ શ્વાસ ચાલતો હોય તેમ; લસલસાટ. :—આ રખેવાળ તો બિચારો ઘસઘસાટ ઉંઘે છે. (૨) નિર્ભર; નચિંત રીતે; નિરાંતે; ગાઢ ઉંઘે. :—હું તો સુતો કે તરત ઘસઘસાટ ઉંઘી ગયો.

ઘસડવું, ક્રિ૦ સ૦ ઘસાતું જાય એવી રીતે ખેંચવું; તાણવું; ઘસરડવું. (૨) પ્રાણીને તેની મરજી વિરુદ્ધ ને પદાર્થને એમને એમ ખેંચીને જોરથી તાણવો; ઢસરડવું. (૩) જેમતેમ કરી ઉતાવળા ઉતાવળા લખી કાઢવું. :—અરજી ઘસડી નાંખી.

ઘસડાવું, ક્રિ૦ અ૦ ખેંચાવું; પાછળ તણાવું. (૨) જોરથી જમીન સાથે ઘસાતું ખેંચાવું.

ઘસનાર, વિ૦ ઘસવાનું કામ કરનાર; ઘસાય એમ કરનાર. (૨) સાફ કરનાર; માંજનાર; ઉતારનાર; પહેલ પાડનાર. :—હીરા ઘસનાર. (ખરાદી, કંસારો વગેરે)

ઘસરકો, પું૦ કોઇપણ વસ્તુની સપાટી ઉપર જોરથી બીજી વસ્તુ ઘસાયાને લીધે પડેલો લીટો કે છેકો તે; ઘસારો; આંકો; ક્ષત.

ઘસરડવું, [સં. घर्ष्] જમીનને ઘસાતું રહે એમ ખેંચવું; તાણવું. (૨) ઉતાવળે લખવું; જેમતેમ કરી જલદી લખી નાંખવું. :—એનાં વખાણની પણ ચાર લીટી ઘસરડી નાંખજો. (૩) જોરથી લઇ જવું. ક્રિ૦ પ્ર૦ કોર્ટમાં ઘસરડવું=દાવો કરવો; પ્રતિવાદીને કોર્ટે ચઢાવવો. ઘસરડી નાંખવું=જેમ કરવું જોઇએ તેમ કરવું નહિ પરંતુ બેદરકારીથી જેમતેમ કરી નાંખવું. કર્તવ્ય ન કરવું. :—એંશી વર્ષના બાપને ઘસરડી નાંખો—તેની જેવી ઉત્તરક્રિયા કરવી જોઇએ તેવી કરી નહિ.

ઘસરડાવું, ક્રિ૦ અ૦ તણાવું; ખેંચાવું. (૨) જમીન સાથે અડકયા રહીને ખેંચાતા જવું; સપાટી ઉપર લોટાતાં લોટાતાં તણાવું. (૩) જોર હોય તે તરફ ખેંચાવું.

ઘસરડો, પું૦ ઉઝરડો; ઘસરકો. (૨) વેઠ.

ઘસરપસર, અ૦ ઘસડાય અને પછડાય તેમ; સારી રીતે ચાલે અને મહિંમહિંથી વળી ઘસરડાય તેમ; ધીરું ઉતાવળું ચાલ્યા કરે તેમ. :—ઘસરપસર ઘંટી ખેંચી. જેમતેમ. :—ઘસરપસર ચાલીને જોડો ઘર લગી ચલાવ્યો. રડાકુટાએ; પરાણે; નચાલે.

ઘસવું, ક્રિ૦ સ૦ [સં. घृष्] એક વસ્તુને બીજી વસ્તુ ઉપર જોરથી દાબીને ફેરવવી; ઘસાય એમ કરવું. (૨) રગડવું; ચોળવું; મસળવું. (૩) માંજવું; ઉટકવું. (૪) સાફ કરવું; ઉજાળવું. (૫) છોલવું; ઉખાડવું. (૬) ધાર ચઢાવવી; ઉતારવું; સજ્જ કરવું. (૭) જેમતેમ કરી લખી નાંખવું. (૮) ભુસી નાંખવું. રૂ૦ પ્ર૦ ઘસી પીવું=અંદર અંદર સમજી જવું; માંહોમાંહે સમાધાન કરી નાંખવું. (૨) નહિ લેખવવું; નહિ ગણવું; પીજવું. ઘસીને કાપવું=મૂળથી સપાટીની પાસેથી લઇને નામ નિશાન રહે નહિ તેમ કાપવું; કાઢી નાંખવું; લગારે નહિ રહેવા દેવું. ઘસીને ના પાડવી=સાફ—છાતીમાં વાગે એવી રીતે ના પાડવી તે. કહે૦ ઘસીને ગુમડે ચોપડે=અર્થાત્ અણીને વખતે કામ આવે નહિ ત્યારે પછી શા કામનું ?

ઘસાઘસ, સ્ત્રી૦ ઘસઘસ કરવું તે; ઘસાઇ જાય એમ કરવું તે. (૨) સામસામે એક બીજાનું ભુંડું બોલ્યા કરવું તે; એક બીજા સામેની વિરુદ્ધતા તે.

ઘસારણ, ન૦ ઘસાવું તે; ઘસારો. (૨) ઘાસ; ઘસતાં પડેલી રજ; અમુક વસ્તુને ઘસવાથી જે કણી છોલ અથવા ભુકો વગેરે પડે તે. (૩) ઘસાયાની ખોટ; તોટો; નુકસાન; ઘસાયાનો બદલો; ઘસામણ; ઘસવાની મજુરી. (૪) ઘસીને પીવાનું ઓસડ. મૂળિયાં હરડે અને ગોળી વગેરે.

ઘસારવું, ન૦ ઘસીને પીવાપિવડાવવાનું ઓસડ. હરડે, કરિયાતું, અને મરડાશિંગ વગેરે નાનાં બચ્ચાંને ઘસીને પાવાની વનસ્પતિ; ઘસારવાં એમ બહુવચને વપરાય છે.

ઘસારો, પું૦ ઘાસ; ખોટ; નુકસાન. (૨) ઘસાયાથી પડેલી જે નિશાની તે; આંકો; લીટો. (૩) ઘસાવાથી પડેલી જે ઘસાર તે; ઘાસ; ઘસાયાનો ભુકો; રજ; કચરો. (૪) ઘસાવાથી જતી જે ખોટ; નુકસાન તે; તોટો; ઘસાઇ જવું તે. યંત્ર ઓજાર વગેરેનું. ક્રિ૦ પ્ર૦ ઘસારો પડવો–લાગવો=બાધ કે ખોટ આવવી; અમુક વસ્તુને લીધે અમુક બાબતમાં કંઇક ઘસાયાથી નુકસાન લાગવું. ઘસારો આપવો=અમુક ઘાસને લીધે જે કંઇ નુકસાન પડ્યું હોય તે મજરે આપવું. ઘસારો વેઠવો=થોડું ઘણું નુકસાન વેઠવું; ખરચ ખમવું.

ઘસાવવું, ક્રિ૦ પ્ર૦ કોઇ ઘસે એમ કરાવવું. (૨) મંજાવવું; ઉટકાવવું; ઉજળું કરાવવું. (૩) છોલાવવું; ઉખડાવવું. (૪) ધાર કઢાવવી. (૫) વધારાનું બહાર હોય તે ઓછું કરાવવું. (૬) ચોળાવવું; માલેસ કરાવવું. (૭) ભુકો પડાવવો. (૮) લેપ કરાવવો. :-ચંદન ઘસાવવું. (૯) ખણુજ ભગાવવી.

ઘસાવું, ક્રિ૦ અ૦ [સં. ઘર્ષ્] જોરથી લાગવું; ઘસારો પડે એમ થવું; એક વસ્તુ બીજી વસ્તુની ઉપર જોરથી ઘસડાવી. (૨) ઓછું થવું; ઘટવું; ઘસાઇને કમતી થવું. –:સુખડ ઘસાય છે કંઇ ઓરસિયો ઘસાતો નથી. (૩) કામ આવવું; શરીરથી કે પૈસાથી બીજાને સહાય થવું. :–સગું કે પડોસી હોય તે કોઇ વાર ઘસાય એમાં શું થઇ ગયું. (૪) શરીરે જીર્ણ થઇ જવું; અશક્ત થઇ જવું. :–ડોસા હવે તો બહુ ઘસાઇ ગયા. (૫) પૈસાની ભીડમાં આવવું; ખરચમાં આવવું; :–શેઠિયા પણ આવાં નઠારાં વર્ષ આવવાથી ઘસાઈ ગયા. રૂ૦ પ્ર૦ ઘસાતું બોલવું=ભૂંડું બોલવું; હીણું દેખાય એવું બોલવું; બદગોઇ કરવી; વિરૂદ્ધ–હીણું બોલવું. ઉ૦ મારા મૈયરનું બોલો ઘસાતું, હવે મુજથી નથી તે ખમાતું. ઉઘરાણી ઘસાતી જવી=થોડે થોડે ટુંકી થઇ જવી.

ઘસિયું, વિ૦ પાસાદાર ગાંગડાવાળું નહિ એવું; ઘસીને ઉખાડેલું; ઉઝરડી લીધેલું; ભુકો ભુકો થઈ ગયેલું હોય એવું (મીઠું). દરિયાનું પાણી ભરેલા કયારડા સુકાઇ જતાં તેમાં જે મીઠું બાઝયું હોય તે ઉઝરડી લઈ એકઠું કરવામાં આવે છે. આ મીઠું ભુકા જેવું હોવાથી ઘસિયું મીઠું કહેવાય છે.

ઘસિયો, પું૦ દૂધથી કરમોવી થોડા ઘીમાં શેકેલો નાની નાની ગડીઓવાળો ઘઉં કે બાજરીના લોટનો ફાકવાનો ખોરાક; થોડા ઘીની છુટી સુખડી. (૨) ઘસવાનું કામ કરનાર. :–આરસઘસિયો. ખંભાતમાં અકીક ઘસિયાની ઘણી વસ્તી છે.

ઘસોટિયો, પું૦ ઘઉંના લોટને ઘસી કે શેકીને બનાવેલો ખાવાનો એક પદાર્થ; ઘસિયો. :–ઘસોટિયો લાડુ.

ઘળકો, જુ૦ ગળકો.

ઘંઘોલિયું, ન૦ નાનું અને અંધારાવાળું કપડાનું ઘુમ્મટદાર ઘર; ઘોઘો; ઘુંઘટો. નાનાં છોકરાં, માંદાં માણસ અને ઘરડાં નાતવાન વગેરે એકાદ ખુણામાં પોતાનું શરીર મોં વગેરે ઢંકાય તેમ લુગડાનું આચ્છાદન કરીને બેસી કે પડી રહે છે તે. (૨) નાનું માલ વગરનું જેવું તેવું ઘર તે, ઘંઘોલિયું. :–વહુને બધો કારભાર સોંપીએ તો ઘરનું ઘંઘોલિયું બનાવી દે. કશી પણ સગવડ વગરનું, અવ્યવસ્થિત; ગંદું અને અંધારાવાળું એવું જે કંઇ રહેવા કે ભરાઇ રહેવાનું નાની ઝુંપડી જેવું સ્થાન તે; ગોટપોટ થઇ રહેવાય એવું જે કંઇ તે. [गांगु+आलय] નાનું અને નિર્માલ્ય ઘર;

ઘરઘોલિયું. (૨) મોઢે માથે ઓઢીને છોકરાં જે ઘોઘો કરે છે તે; કપડાના ઢાંકણવાળું અંદર ભરાઇ બેસાય એવું જે કંઇ તે. (૩) સારી વસ્તુની ખરાબમાં ખરાબ સ્થિતિ થઇ જવી તે; ધૂળધાણી થઈ જવું તે. (૪) મોઢે માથે ઓઢવું તે.

ઘંટ, (ઘણ્ટ) પું૦ [સં. घण्ट] મોગરી કે બીજું કંઇ પણ ઠોકતાં ઘણ ઘણાટ અવાજ કરે એવો ધાતુનો (કાંસાનો) જાડી લોઢી જેવો કે ઉંધા પ્યાલા જેવો જે એક આકાર તે; મંદિરોમાં અને દેવળોમાં કાંસાનો ઉંધા પ્યાલા જેવો ઘાટ પડધી આગળની કડીથી ઉંચે ટાંગી રાખવામાં આવે છે. એ ઘાટની અંદર અંડાકૃતિનો એક ટોકરો-જીભ લબડતી રહે છે, જે પેલા ઘાટની સાથે અફળાવતાં અવાજ થાય છે. ક્રિ૦ પ્ર૦ ઘંટ વગાડવો= સૌ કોઇ જાણે એમ મોઢેથી જાહેર કરવું. અમુક જાહેર કે ધાર્મિક કામકાજ કરવાનો વખત થયાની આસપાસના લોકોને ચેતવણી આપવાને ઘંટ વગાડવામાં આવે છે. રૂ૦ પ્ર૦ ઘંટજેવું=બહુજ પાકું, શઠ, ધૂર્ત, ખંધું. ઘરમાં ઘંટ વાગે છે=ઘરમાં કંઇ પણ નથી, ખાલીખમ છે. પાકો ઘંટ=બહુજ પહોચેલો માણસ. (ઘંટ જેમ ખૂબ પાકો અને નહિ નંકાયેલો હોય તેમ સારો ઘણઘણે છે તેવો) ઘંટ જેવો=બોલકણો.

ઘંટડી, સ્ત્રી૦ નાનો ઘંટ; ટોકરી. ક્રિ૦ પ્ર૦ ઘંટડી વાગવી=ખાલી થઇ જવું; સમાપ્ત થવું. (૨) નૈવેદ્યની-ભોજનની વેળા થવી. :-ઉઠો ઠાકોરજી ઘંટડીરે વાગી. ઘંટડી વગાડવી=હવે કંઇ વળે નહિ એમ જણાવવું. નવરા નકામા ફર્યા કરો એવો અર્થ બતાવે છે.

ઘંટડો, પું૦ મોટો ઘંટ; ટોકરો; ઘંટો.

ઘંટમાળ, સ્ત્રી૦ ઘંટડીઓની જે માળા કે હાર તે; ઘુઘરમાળ.

ઘંટરવાળ, (ઘણ્ટરવાળા) સ્ત્રી૦ ન૦ એક જાતનું શિકારી વાજું.

ઘંટા, સ્ત્રી૦ [સં. घण्टा] ઘંટ; ઘંટડી; ટોકરી. (૨) કંઇ નહિ તે; ધક્કા. (મશ્કરીમાં) ઠૈયો. એને આપે છે-ઘંટા ! એમ બોલાય છે. ‘ काष्ठघण्टा विडम्बना ’ સંસ્કૃતની કહેવત જેવી ને તેવીજ ગુજરાતીમાં પણ વપરાય છે અને એનો એવો અર્થ થાય છે કે, જેમ લાકડાનો ઘંટો બાંધ્યો છતાં વાગે નહિ પણ સામો વિડંબના રૂપ થઇ પડે તેમ જેથી શોભાય ન થાય અને અવાજે ન થાય એવી કાષ્ઠઘંટા રૂપ થઇ પડવું. ‘ અજાગળસ્તન ’ જેવું.

ઘંટાકર્ણ, પું૦ [સં.] શિવનો એક ગણ. આ ગણ મહા બળવાન અને પોતાના ભક્તની કામના પુરનાર ગણાય છે. કેટલાક લોક એની ઉપાસના કરે છે.

ઘંટાપથ, (ઘણ્ટાપથ) પું૦ [સં.] રાજમાર્ગ; જાહેર માર્ગ; ગામનો અથવા શહેરમાંનો જે જાહેર મોટો રસ્તો તે.

ઘંટારવ, પું૦ ઘંટડીના જેવો જે અવાજ તે; ખણખણિયાં, ઝણઝણિયાં.

ઘંટી, (ઘણ્ટી) સ્ત્રી૦ અનાજ દળવાની પત્થરનાં બે પડવાળી એક બનાવટ; કોઇપણ ફરતો હોય એવો યંત્ર; ચક્કી. કહે૦ ઘરનાં છૈયાં ઘંટી ચાટે ઉપાધ્યાયને આટો=ઘરનાં છોકરાં ભૂખે મરે અને પારકાને પકવાન આપવું તે. ઘંટીના સો ને ઘંટાનો એક=નાનાના ઘણા તે મોટાના એક બરાબર. ઘંટી પ્રમાણે ઓરણું ને ચુલા પ્રમાણે ખોરણું=જેવી જેની શક્તિ તેવું તેને શોભે. ઘંટી તળે હાથ=પત્થર તળે હાથ=મુશ્કેલીમાં ચુંગલમાં હોવું તે. ઘંટીના ગાળામાં ગયું બચે પણ લોકના ચાવ્યામાં આવ્યું ના બચે=લોકની બતરીસીએ ચઢનારનો નાશ થાય છે એવા લૌકિક વહેમ ઉપરથી આમ કહેવાય છે. ઘંટી તેનાં ગીત=

જેનું ખાતા હોઇએ તેનું સારૂં બોલાયજ. ઘંટીએ બેસવું વરની ને ગીત ગાવાં વીરાનાં =ખાવું કોઇનું અને ગુણ ગાવા બીજાના એવા અર્થમાં આ કહેવત કહેવાય છે.

ઘંટિયો, (ઘણ્ટિયો) પું૦ ચાલણુ-ફરતી ઘંટી; થાળા વગરની ઘંટી.

ઘંટીચોર, પું૦ [सं. ग्रंथि+छिद्र] ખીસાકાતરૂ. (૨) ચાલાક; ચબરાક. (ગંઠીચોર-ગંઠિયો. ग्रंथि+चौर) ચોરનો ભાઇ ઘંટીચોર=પહેલાના કરતાં વધારે ખરાબ. :-તમે ખરા તો ચોરના ભાઇ ગંઠીચોર, અર્થાત્ તમે ચોરની વાત કરો છો પણ તમે તો તે જાહેર ચોર કરતાં પણ વધારે ભુંડા ચોર છો, એવો અર્થ થાય છે.

ઘંટુ, ન૦ હાથીનો ઘંટ.

ઘંટો, પું૦ મોટો ઘંટ. (૨) પવન અથવા પાણીના જોરથી કે બળદથી ફરતી મોટી ઘંટી તે; મોટી દળવાની ચક્કી.

ઘંડ, (ઘણ્ડ) પું૦ ભમર; ભમરો.

ઘા, પું૦ [सं घात] ધારવાળું હથિયાર જોરમાં વાગવાથી જે કાપ કે ખાડો પડે છે તે; ક્ષત; જખમ; કાપ. તરવારનો ઘા. (૨) ઝટકો; ચોટ; પ્રહાર. હથોડાનો ઘા. (૩) મોટા દુઃખની ઉંડી અસર તે. :-છોકરો મુઆનો ઘા. (૪) કાગળના ચોવીસ તાનો જથો; દસ્તો. :-બે ઘા કાગળ લાવજો. રૂ૦ પ્ર૦ ઘા ભેગા ફીડા=અસંભવિત બાબતને માટે આમ બોલાય છે. ક્રિ૦ પ્ર૦ ઘા કરવો=જખમ પાડવો. યોગ્ય વખતે કામ કરવું. ઘા ખમવો=નુકસાન ખમવું; મોટી આફત ખમવી; સહન કરવું. ઘા થવો=ચોટ લાગવી. ઘા પડવો=જખમ થવો. અશક્ત થઈ જવું:-એને શા ઘા પડયા છે ? અર્થાત્ એ કંઈ અશક્ત નથી. યોગ્ય વખતે ફટકો પડવો; ખરેખરી અસર થવી. ઘા મારવો=યોગ્ય વખતે યોગ્ય કહેવું, કરવું તે. નુકસાન કરવું. ઘા લાગવો=અસર થવી; મોટું નુકસાન થવું. છાતીનો ઘા=ખરેખરી લાગણી-દુઃખ થાય એવો જે બનાવ તે. પોતાને ખાસ નુકસાન કરે એવું જે તે. :-છાતીના ઘાની વાત હોય છે ત્યારે શેઠ કેવી દોડધામ કરે છે. પુંઠનો ઘા=વિશ્વાસઘાત; ઓચિંતો અણધાર્યો ફટકો લાગવો તે. દગો થવો તે. ઘામાં લૂણ=દુઃખમાં વધુ દુઃખ થાય એવું જે તે; 'બળતામાં ઘી' જેવું. ઘાતેલ=ઘા ઉપર સારી અસર કરે એવું એક જાતનું તેલ. ઘાબાજરિયું=ઘાને સાંધી દેવા અને રૂઝ લાવવાનો ખાસ ગુણ ધરાવતી પાણીમાં થતી એક વનસ્પતિ. ઘા ભેગો ઘસરકો=કરવું તારે તો પુરૂંજ કરવું, અર્થાત્ થોડા માટે અધુરૂં ન રાખવું; એટલું ત્યારે તેટલું; તાત્પર્ય એમ કે ઘા કર્યો અને ઘસરકાને માટે બાકી રહે એમ શામાટે કરવું ? ઘાની સાથે સાથે ઘસરકો પણ કરી નાંખવો. તરવાર ઉપાડી ન લેતાં ઘસીને ખેંચી લેવી કે જેથી કપાવાનું કંઇ બાકી હોય તો તે પણ સાથે લાગુ કપાઇ જાય.

ઘાઇ, સ્ત્રી૦ ઉતાવળ; ત્વરા; દોડાદોડી. (૨) ધાંધલ; ધમાલ. (૩) ભરાવો; ભીડ.

ઘાએલ, જુ૦ ઘાયેલ.

ઘાઘરી, સ્ત્રી૦ [दे. घग्घर] કમ્મરની નીચે આવી રહે એવો ઘેરદાર છોકરીઓનો પોષાક; ચણિયો; નાનો ઘાઘરો. (૨) ઝૂલવાળો સુંદર ગલેપ. (૩) વીણા રાખવાની ચીણ અને નાડાવાળી કોથળી. ક્રિ૦ પ્ર૦ ઘાઘરી પહેરવી=નામરદ ગણાવું; સ્ત્રી-છોકરી જેવા થવું. નર્તક બનવું; ચુડી પહેરવી. ઘાઘરી ફાડવી=પિંખવું; ઝાટકી નાંખવું. રૂ૦ પ્ર૦ ઘાઘરિયું ગોતર=જેમાં છોકરીઓની વસ્તી ઘણી હોય અને વળી છોકરીઓ થયા કરતી હોય એવું કુટુંબ; જેમાં પુરુષ પ્રધાન નહિ પરંતુ સ્ત્રી પ્રધાન કુળ પરંપરા ગણાતી હોય એવું કુટુંબ. ઘાઘરિયો વસ્તાર=છોકરીઓની વસ્તી હોવી તે.

ઘાઘરો, પું૦ [દે घग्घरं] સ્ત્રીઓને પહેરવાનું કમ્મરથી પગની પાટલી લગી પડી રહે એવું ઘેરદાર સિવેલું લુગડું; ચણિયો. કહે૦ ગયો ઘાઘરો ને ગયો ઘરવાખરો=સ્ત્રી ગઇ એટલે ઘર નકામુંજ. રૂ૦ પ્ર૦ ઘાઘરા ચલણ=સ્ત્રી ચલણ. ઘાઘરા પલટણ=હીજડા ટોળું.

ઘાટ, પું૦ [સં. घट्] ઘડીને બનાવેલો આકાર; આકૃતિ; ડોળ. :–આ લોટાનો ઘાટ-ઘરેણાનો ઘાટ સારો છે. (૨) ચહેરો; સીકલ; સૂરત; સીનો. :–એના મોંનો ઘાટ સારો છે. (૩) [દે घट्टो] નવાણ ઉપર નહાવા ધોવા તથા પાણી ભરવાને માટે પગથિયાં વાળું જે બાંધકામ કરેલું હોય છે તે; વપરાતો ને મનુષ્યની અવરજવરવાળો કિનારો; આરો; ઓવારો. ઉ૦ વાટેને ઘાટેરે કે વળગો છો વાતે. (૪) સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું રેશમી કપડું; ગાળો; કલગર. (૫) પહાડી રસ્તો; પર્વતો ઉતરીને જવાનો માર્ગ. (૬) સહ્યાદ્રિ પર્વતની અંદરનો ને તલેટીનો જે દેશ તે. પહાડી પ્રદેશમાંનો જે મોટો વણજારનો માર્ગ તે. (ખૈબર ઘાટ.) (૭) યુક્તિ તજવીજ કે સમજાવટથી કંઇ કામ હારે પાડવું તે; ગોઠવણ; યુક્તિ કરીને પાર ઉતારવું તે. લાખ અદલાખનો હાલમાં ઘાટ ઉતારી આપો તો ઠીક. (૮) તાલ; પ્રસંગ; લાગ; અવકાશ. :–હમણાં કંઈ ઘાટ નથી. :–ઘાટ આવશે ત્યારે હું ચૂકીશ નહિ. (૯) રીત; વર્તન; વટ; સાખ; લક્ષણઃ–ફેરવી તોળવું એ કંઇ સારા માણસનો ઘાટ નહિ. ક્રિ૦ પ્ર૦ ઘાટ ઘડવો=કોઈ વસ્તુ કે પદાર્થને આકાર આપવો. તજવીજ યુક્તિ કરી મૂકવી; મનસુબો કરી રાખવો. ઘણું નુકસાન કરવું; મારી નાંખવું. :–મારાઓને કહ્યું છે તે આજ રાતે એનો ઘાટ ઘડી નાંખશે. મનોરથ કરવા. :–તમે મનમાંને મનમાં ઘાટ ઘડયા કરો છો. ઘાટ ઘાટનાં પાણી પીવાં=દેશ દેશનો અનુભવ લેવો. ઘાટ આણવો=તકલાવવી; પ્રસંગ આવે એમ કરવું. ઘાટ બેસવો=બરોબર ગોઠવાઇ જવું; ધાર્યા પ્રમાણે થવું; ચોકઠું બેસવું. ક્રિ૦ પ્ર૦ ઘાટ ઉતારવો=અમુક આકાર લાવવો. ધારેલું થાય તેમ કરવું; ચોકઠું બેસાડવું. ઘાટ ઘડવો=આકાર આણવો; આકૃતિ કરવી; બનાવવું. યુક્તિ કરવી; પ્રપંચ ગોઠવવો; વિચાર કરવો; મનસુબો કરવો. ઉ૦ ઘડીએ મનમાં ઘાટ તે જાણે જગનો બાપ. નુકસાન આપવું; પોતાના લાભમાં કાર્ય કરવું; લાગ સાધી લેવો; મારી નાંખવું. ઘાટ લાવવો=તાલ આણવો; કાર્ય કરી લેવાનો દાવ લાવવો. ઘાટમાં લાવવું=દાવમાં ઉતારવું; ફસવવું.

ઘાટડી, સ્ત્રી૦ રાતારંગનું બાંધણીની ભાતનું સ્ત્રીઓને ઓઢવાનું રેશમી લુગડું; ચુંદડી. કન્યાના મોઢ ઉપર વર તરફથી મંગળ વસ્ત્ર તરીકે ઘાટડી ઓઢાડવામાં આવે છે તે. આ 'મંગળ ઘાટડી' પણ કહેવાય છે. (૨) સોવાસણ સ્ત્રીના મડદા ઉપર પણ ઘાટડી ઓઢાડવામાં આવે છે. ક્રિ૦ પ્ર૦ ઘાટડી ઘાલવી=પિયેર તરફથી મરનાર સોવાસણને ચુંદડી ઓઢાડવી. ઘાટડીએ જવું=પતિને જીવતો મૂકીને સ્ત્રીએ મરી જવું; પતિની પહેલાં જવું; સોવાસણના વેષે મરવું. :–એવાં ક્યાંથી ભાગ્ય હોય કે ઘાટડીએ આવ્યાં અને ઘાટડીએ જઇએ. આવી ઘાટડીએ અને જઈશું ઠાઠડીએ=અર્થાત્ લગ્ન થયાં તે મરણેજ છૂટવાનાં. ઘાટડી ઓઢીને જે સ્ત્રી ઘેર આવી તે બીજી રીતે તેના પતિનો સંબંધ છોડી શકતી નથી પણ મરણેજ જુદી પડે છે. (૨) છાતી અને પીઠ ઢંકાય તેમ આડસોડિયે શરીરે ગાંઠ મારીને કપડું વિંટાળવું તે. ક્રિ૦ પ્ર૦ ઘાટડી બીડવી=સ્ત્રીઓએ પોતાના પહેરેલા કપડાના જે ઝૂલતા છુટા છેડાઓ હોય તે મરદાનગીનું કામ કે મહેનત કરતા પહેલાં ગાંઠ મારીને

કમ્મરે બાંધવા તે. (પુરૂષો જેમ મરદાનગીનું કામ કરતા પહેલાં ઝૂલતા ધોતરનો કચ્છ ભીડે છે તેમ સ્ત્રીઓ પણ પોતાની સાડીની ઘાટડી ભીડે છે. ખેડુતો શરદીના દહાડામાં પિછોડીની ઘાટડીવાળી ભીડીને છાતી અને પીઠ ઢાંકે છે. ઘાટડી એવી રીતે વળાય છે કે જેથી છાતી અને પીઠ સારી રીતે ઢંકાવા ઉપરાંત હાથ ખુલ્લા રહે છે.

ઘાટણ, સ્ત્રી૦ ઘાટના પર્વતમાં રહેનારા લોકમાંની સ્ત્રી; ઘાટીની સ્ત્રી. સહ્યાદ્રિના ઘાટમાં રહેનારા લોક ઘાટી કહેવાય છે. (૨) ઘર કામ કરનારી સ્ત્રી; ચાકરડી.

ઘાટદાર, વિ૦ ઘાટવાળું; રૂપાળું; ઘાટીલું.

ઘાટપોત, ન૦ [સં. प्रोत=વણેલું] હલકી જાતનું રેશમી કપડું.

ઘાટી, પું૦ દખ્ખણના પહાડી પ્રદેશનો રહેવાસી; ચાકરનું કામ કરનારી દખણી શૂદ્ર જાતિનો માણસ. (૨) ઘર કામ કરનારો ચાકર. વિ૦ જાડું; કઠણ હોય એવું; મજબુત મનનું. ઉ૦ સુજને સૌએ રાંક કહે છે, હું સરખી નહિ ઘાટીરે; સુખ આગળથી મહાવજી ગયા પણ તેણે દુઃખે નહિ ફાટીરે. ભાલણ.

ઘાટીલું, વિ૦ ઘાટવાળું; ઘાટદાર. (૨) રૂપાળું.

ઘાટું, વિ૦ ગાઢું; સખત. (૨) કઠણ; સંગીન.

ઘાડ, જુ૦ ગાઢ.

ઘાડવું, ન૦ ગોળ વગેરે ભરવાનું માટીનું ઘડા જેવું વાસણ; ઘડું.

ઘાડવો, જુ૦ ગાડવો.

ઘાડું, વિ૦ (ગાઢું) છેક નરમ પાણી જેવું ન હોય એવું; રગડા જેવું. (૨) જાડું. (૩) દુઃખ સહી સહીને કઠણ છાતીનું થઇ ગયેલું; રીઢું. (૪) ઘટ; ભરાઉ; ખીચોખીચ.

ઘાણ, પું૦ [દે. घण्णो] આખાનો અમુક જથા જેટલો ભાગ; વિભાગ; મોટા જથાના સગવડને ખાતર પાડેલા ભાગલાઓમાંનો અકેકેક તે. લાડુ ભજિયાંનો ઘાણ. (૨) ધૂળધાણી; સથરવથર કરી નાંખવું તે; ભાગીને=કચરી ભેળસેળ કરી નાંખવું તે. :—તેણે ઘાણવાળી મૂકયો છે. (૩) ઘાણીમાં પિલાયાથી જે હાલત થાય તે હાલતમાં આણી મૂકવું તે; કચરી છુંદી નાંખવું તે; સંહાર; દાટ. :—ઈંદ્રજિતે સેનાનો ઘાણ કાઢી નાંખ્યો. (૪) [સં. घ्राण] બદબો; દુર્ગંધ. :—બહુ ઘાણ આવે છે. (૫) મોટો હથોડો. ઉ૦ જમના દૂત ઘાણો મારશે. પ્રા. કા. ક્રિ૦ પ્ર૦ ઘાણ વાળવો=નુકસાન કરવું; ભેળસેળ કરી બગાડી નાંખવું. ઘાણ કાઢવો—વાળવો=સંહાર કરવો; સર્વેનો નાશ કરવો. ઘાણ બગાડવો=ગોઠવેલો દાવ બગાડી નાંખવો; બાજી બગાડવી. ઘાણ નીકળી જવો=મોટો સંહાર થઇ જવો. ઘાણપેસવો=વિકાર બગાડ અથવા જીવલેણ રોગ આવવો. ઘાણ=લાકડાને કોરી ખાનાર એક કીડો થાય છે તે. એ કીડો લાકડામાં પેસે એટલે જેમ તે ખવાઇ જાય છે તેમ માણસના શરીરમાં પણ અમુક વિકાર (ઘાણ) પેસે છે એટલે તે નિર્બળ થતું જાય છે.

ઘાણી, સ્ત્રી૦ [સં. घूर्णि] તેલી બિયાં પીલવાનું યંત્ર; તેલ કાઢવાનું લાકડાનું યંત્ર. (૨) મહેનત અને પીડાકારક રોજનું થઇ પડેલું એવું અણગમતું કામ. (૩) સંસાર. ક્રિ૦ પ્ર૦ ઘાણી કરવી=તેલ પીલી કાઢવાનો ધંધો કરવો; ઘાણી રાખી તલ વગેરે પીલવાનું કામ કરવું. :—ઘાંચી ઘાણી કરે એમાં શી નવાઇ. ઘાણીએ જોડવું=એના એ માર્ગે લગાડવું; કંટાળા ભરેલા કામમાં જોડવું; ઘટમાળમાં નાંખવું. ઘાણીમાં ઘાલીને પીલવું=જેમાંથી છુટાય નહિ એવા કામમાં નાંખીને દુઃખ દેવું; મુંગો બેઠો માર મારવો. અવળી ઘાણીએ ઘાલીને પીલવું=સખતમાં સખત

ક્રૂર શિક્ષા કરવી. ૩૦ પ્ર૦ ઘાંચીની ઘાણી=એનું એ કંટાળા ભરેલું કામ કે વૈતરું કર્યા કરવું તે. ઘાણીનો બળદ=ઘટમાળમાં ફરતો જીવ; ચાલુ ને ચાલુ કામકાજમાં પડયો રહી વૈતરું કરનાર; દુઃખ સહેનાર. એકમાર્ગી; આંધળો; બીજી કંઇ ગમ વગરનો માણસ તે.

ઘાત, સ્ત્રી૦ [સં. हन्] મારી નાંખવું કે ઠાર કરવું તે; હત્યા; ખૂન; ઘાથી મરવું તે. ઘાતચંદ્ર. ઘાત કર્યો પણ કહેવાય છે. (૨) અકાળ મૃત્યુ. :–જળઘાત; શસ્ત્રઘાત. મરતાં મરતાં બચી જવું તે. :–તેને ચાર ઘાત ગઇ. (૩) પું૦ ઝટકો; ઘા; ક્ષત. (૪) પ્રહાર; ફટકો; ઝપાટો; ઠોકવું તે. :–આઘાત; પ્રત્યાઘાત. (૫) અમુક સંખ્યાને તેનાથી ગુણીને વધારવી તે. :–૪ નો દ્વિઘાત=૧૬ ત્રિઘાત=૬૪ અને ચતુર્ઘાત ૪×૪×૪×૪=૨૫૬. ક્રિ૦ પ્ર૦ ઘાત કરવી=મારવું; હત્યાકરવી. ઘાતજવી=મરતાં મરતાં બચી જવું.

ઘાતક, વિ૦ ઘાત કરનાર; હત્યારું. (૨) હાનિ, નુકસાન કે જીવને જોખમ લગાડે એવું તે. (૩) નિર્દય; ક્રૂર. (૪) પાપી; ખૂની. (૫) પું૦ મારો; જલાદ.

ઘાતકી, વિ૦ ઘાત કરનાર; ખૂની; પાયમાલી કરનાર. (૨) નિર્દય; દુષ્ટ; ક્રૂર; કમકમાટી છૂટે એવું.

ઘાતચંદ્ર, પું૦ [સં.] જ્યોતિષ પ્રમાણે અમુક રાશિના સ્થાનમાં રહેલો ચંદ્ર હાનિ કરતા ગણાય છે તે; કુંડળીમાં નુકસાન કરે એવા સ્થાનનો ચંદ્રમા તે; નબળો ચંદ્ર.

ઘાતતિથિ, સ્ત્રી૦ [સં.] જ્યોતિષ પ્રમાણે અમુક દિવસ જે હાનિકરતા હોય તે. (૨) નુકસાનકારક તિથિ; અશુભ દિવસ.

ઘાતનક્ષત્ર, ન૦ [સં.] હાનિકારક નક્ષત્ર તે.

ઘાતવાર, પું૦ [સં.] હાનિકારક દિવસ તે.

ઘાતસ્થાન, ન૦ [સં.] હાનિ–નુકસાન કરનારું; ગ્રહાદિકનું જે સ્થાન તે. (૨) વધભૂમિ.

ઘાતી, વિ૦ ઘાત કરનાર; ઘાતકી. પું૦ કસાઇ.

ઘાતુક, ઘાતકી.

ઘાતેલ, ન૦ ઘા ઉપર સારી અસર કરનારું એક જાતનું તેલ.

ઘાપહાણ, પું૦ એક જાતનો પત્થર કે જે ઘા ઉપર લગાડતાંજ ચોંટી જાય છે અને જ્યારે ઘા રૂઝાય ત્યારે ઉખડે છે.

ઘાબરું, જુ૦ ગાભરું.

ઘાબાજરિયું, ન૦ ઘા ઉપર અસર કરવાનો ગુણ ધરાવનારી એક બાજરિયા જેવી પાણીમાં થતી વનસ્પતિનું ડુંડું.

ઘામ, પું૦ [સં. घर्म] ગરમી; બફારો; બાફ. (૨) પરસેવો; પસીનો. (૩) તાપ. ક્રિ૦ પ્ર૦ ઘામ થવો=બફારો વળવો; ઉકળાટ થવો. ઘામ પડવો=તાપ પડવો.

ઘામછ, ન૦ વહાણના તળિયામાં ઝામીઝામીને જે પાણી ભરાય છે તે. (૨) પરસેવો; પસીનો. ઘામચ ને ઘામટ પણ બોલાય છે.

ઘાય, પુ૦ ઘા; ઘાવ. ઉ૦ ભલી બિચારી બ્રાહ્મણી કે જેણે વર્ત્યો ઘાય.

ઘાયડમલ, વિ૦ બહાદુર; શૂર; પહેલવાન.

ઘાયપાત, પું૦ એક જાતનો રેસાદાર છોડ.

ઘાયલ, જુ૦ ઘાયેલ.

ઘાયાંબુડયાં, વિ૦ કમોતે મુએલાં; ઘા લાગવાથી અથવા પાણીમાં બૂડવાથી મરણ પામેલાં. ભાદરવા વદિ ૧૪ ને દિવસે અકાળ મરણે મરેલાંનું શ્રાદ્ધ થાય છે.

ઘાયેલ, વિ. ઘવાયેલું; જખમી; ઝટકાયેલું; જેને જખમ થયો હોય એવું. (પું૦ ઘાયેલો, સ્ત્રી૦ ઘાયેલી ન૦ ઘાયેલું.) (૨) જેને કામની અસર થયેલી કે મોહ લાગેલો હોય એવું; કામ પીડિત. ઉ૦ ઘાયેલ છોજી નેત્ર બાણ કોનાં વાગ્યાં, રાતલડી૦ દયારામ.

ઘાયો, પું૦ ચોવીસ કાગળનો જથો તે; દસ્તો; ઘા. (૨) ઘાયેલ થયેલો હોય તે. ઉ૦

ધાયો સુવર અને ભૂખ્યો બ્રાહ્મણ, ધા લાગવાથી મરી ગયેલો. (૩) હૈયું ભેદાય અને દીલપર અસર થાય એવું જે લખાણ તે; સંકેતનું લખાણ; કોયડો.

ધારણ, ન૦ ખૂબ ઉંઘ આવવી તે; ઉંઘનું જોર; ઉંઘ ઉંઘ કરવાની ઇચ્છા તે. (૨) ખૂબ ઉંઘ આણે લાવે એવું જે તે. ઔષધાદિક. ક્રિ૦ પ્ર૦ ધારણ આવવું=ખૂબ ઉંઘવાની અથવા ઉંઘ ઉંઘ કરવાની જબરી અસર થવી; ગાઢ નિદ્રા આવવી. ધારણ મૂકવું=સામો માણસ ઉંઘે એમ કરવું; ગાઢ ઉંઘમાં પાડવું. ધારણ પામવું-ખૂબ ઉંઘમાં પડવું; ગાઢ નિદ્રા આવવી. ઉ૦ ગુગળી સઘળા ધારણ પામ્યા. ખેડાણો.

ધારાપુરી, સ્ત્રી૦ મુંબાઈ પાસે દરિયામાં એક નાનો ટાપુ છે તે. આ નાના ટાપુના એક ભાગમાં બૌદ્ધકાળની કેટલીક ગુફાઓ અને ટાંકાં વગેરે છે. શિવરાત્રીને દિવસે મુંબાઇના લોકો ત્યાં મેળે જાય છે. એ 'એલિફંટાહિલ' કહેવાય છે.

ધારી, સ્ત્રી૦ કોપરાનું ઝીણું ખમણ માવો મેવો અને મસાલો વગેરે મેળવીને બનાવેલું પૂરણ પડમાં રાખીને તળી કાઢેલી પૂરી. (૨) દાળગોળનું પૂરણ મૂકીને બનાવેલી રોટલી. (૩) અડદ કે મગની દાળનું તળેલું ઢેબરૂં; વડું. (૪) ચોટલીની ચારે બાજુએ રખાવેલા થોડા થોડા ટુંકાવાળની વાડ; ઘેર. (૫) પાણીમાં છરવી ઠીકરી મારવાથી પડતાં ચકરડાંમાંનું અક્કેક.

ધારીપૂરી, સ્ત્રી૦ લોટના પડમાં પૂરણ મૂકીને કરેલી જે પૂરી તે.

ધારૂં, ન૦ જેમાંથી રૂધિર પરૂ અને રસી વગેરે નીકળ્યા કરતાં હોય એવું ચામડી માંસ કે હાડકામાં પડેલું કાણું; નારૂ. શરીરમાં કહોવાણ થયા પછી કીડાઓએ તેમાં પાડેલાં કાણાંમાંનું અક્કેક તે. ગળત કોઢની અંદર ચામડીમાં જે કાણાં કાણાં પડી રહે છે તે. (૨) લવારૂં; બકરી અથવા ઘેટીનું બચ્ચું; ગાડર.

ધાલ, સ્ત્રી૦ જમવા બેઠેલાં માણસની જે હાર કે પંગત (પંક્તિ) તે; પંગત; પંક્તિ; ઓળ; આવલી. (૨) ખાધ; નુકસાની; ખોટ. ક્રિ૦ પ્ર૦ ધાલ પાડવી=માણસોને ઓળબંધ જમવા બેસાડવાં.

ધાલખાધ, સ્ત્રી૦ કાઢધાલ કરવાથી જે નુકસાની પડે તે; ઘટ; તોટો.

ધાલઘુસેડ, સ્ત્રી૦ ધાલમેલ; કાઢધાલ કરવી તે; અવ્યવસ્થા. ક્રિ૦ પ્ર૦ ધાલઘુસેડ કરવી=ધાલવું ને મૂકવું વળી કાઢવું અને ધાલવું, એમ કરી કરીને વસ્તુને ચુંથી નાંખવી તે. ઉથલપાથલ; આઘું પાછું ને ઉલટાસુલટી કરી નાંખવું તે.

ધાલણદાસ, પું૦ લોકનાં નાંણાં ધાલી જનારો; દેવાળિયો; લઇને પાછું નહિ આપનાર; નાદાર.

ધાલમેલ, સ્ત્રી૦ કોઇપણ વસ્તુ કિંવા વાતમાં ધાલવા મેલવાથી જે કંઇ ગડબડસડબડ થાય તે; ગોટાળો; ગડબડ. (૨) ભેળસેળ; ભેગ. :—આ ઘીમાં કશી ધાલમેલ થયેલી નથી, અર્થાત્ ભેળસેળ રહિત છે. (૩) પેસનીકળ; આવજા. :—એ બે પડોસીઓ વચ્ચે સારી ધાલમેલ છે. (૪) ખટપટ; પ્રપંચ. :—આ વાતમાં કશી ધાલમેલ કરવા જશો તો બનશે. (૫) આપલેનો સંબંધ; વાતચીત લેવડદેવડ કે અવરજવરનો સંબંધ તે. ક્રિ૦ પ્ર૦ ધાલમેલ કરવી=પેસનીકળ કરવી; ઉંધું ચતું કરવું; કંઇક કાઢી લેવું ને કંઇક મૂકવું; ભેળભેળા કરવું; ધાંધલ કરવી; દાવપેચની બાજી રમવી.

ધાલમેલિયું, વિ૦ ધાલમેલ કરનારૂં; ગડબડિયું. ખટપટી; પંચાતિયું. (૨) ઉતાવળિયું. (૩) ઘુસણદાસ; આવજાનો સારો સંબંધ રાખવાની વૃત્તિવાળું; પેસનીકળ કર્યા કરનારૂં. (૪) પેચી.

ઘાલવું, ક્રિ૦ સ૦ અંદર મૂકવું; ખોસવું. (૨) પહેરવું; ધારણ કરવું. :–સ્ત્રીઓ નાકે વાળી ઘાલે છે. (૩) ખંતથી મચ્યા રહેવું; લાગુ ને લાગુ રહ્યા કરવું. :-તેણે એ કામમાં જબરૂં માથું ઘાલ્યું છે. (૪) કોઇનાં નાંણાં ખાઈ જવાં; લઇને ફરી પાછું નહિ આપવું :–દલાલોનાં નાણાં ઘાલીને તે નાસી ગયો. (૫) મૂકવું; પીરસવું. :–ખાણ ઘાલો. (૭) મેળવવું; ભેળવવું. :–ઝેર ઘાલેલી મિઠાઇ. ક્રિ૦ પ્ર૦ ઘર ઘાલવું=કુટુંબમાં ને કુટુંબમાં ખોટું કરવું; લાંછન આણવું; ખરાબ કરવું. નીચું ઘાલવું=શરમાવું; નમી પડવું; લજવાઇ જવું. કોઠી ઘાલવી=પેઢી સ્થાપવી; પડાવ નાંખવો. પગ ઘાલવો=-માં દાખલ થવું-માં પેસીને રહેવું; દાખલ થવું. ખોળે ઘાલવું=રક્ષણમાં લેવું; આશ્રયે મૂકવું; લઈ લેવું. માથું ઘાલવું=માં પડવું; દાખલ થવું. અમસ્તા મળી આવવું; ફેરો આંટો ખાવો; મળતા જવું. માથે પાણી ઘાલવું=મંદવાડમાંથી સાજા થઇ ઉઠવું; ઘણે દહાડે નહાવું; ઉઠણ સ્નાન કરવું. માથે ધૂળ ઘાલવી=ફજેત થવું; મૂર્ખ બનવું. ગાંઠ–વેળ–ઘાલવી=સોજો આવી લોહીનું બંધાઇ જવું. વાને ઘાલવું=જનોઇ દેતા પહેલાં આગલે દિવસે બટુકને અમુક ક્રિયા કરવી. ગાડે ઘાલવું=ગાડામાં બેસાડવું. (ચાલવાને અશક્ત હોવાથી–ઘાયેલ થવાથી.) નજર ઘાલવી=ધ્યાન આપવું; લક્ષ દેવું; જોવું. :–પાયે વિંછવા રણઝણે ને ચોહો દેશ મીટડી ઘાલેજી. ભાલણ. નાણાં ઘાલવાં=માગતું ન આપવું; નાણાં પચાવી પાડવાં.

ઘાવ, પું૦ ધારવાળું–અણીદાર હથિયાર વાગવાથી જે ઉંડો કાપ ખાડો પડે છે તે; જખમ. ઉ૦ સરસ ઘાવ સમશેર, જોરથી લાગે ફટકો. શામળ. (૨) સમસ્યા; કોયડો; સવાલ જવાબ વાળું પદ્ય; પ્રશ્નોત્તરી કવિતાઓ. ન૦ ઝાકળ.

ઘાવું, ક્રિ૦ અ૦ ઝટકો લાગવો; ઘા પડવો; ઘવાવું; ઘાયેલ થવું.

ઘાવેડી, વિ૦ ઝીણી બુદ્ધિનું; ચંચળ; ચબરાક; ચતુર.

ઘાસ, ન૦ [સં. ઘાસ] વગર વાવ્યે એની મેળેજ ઉગી નીકળતાં જે તૃણ છોડવા વગેરે તે; ખડ; ચાર; પશુઓનો ખોરાક. તૃણ જ્યારે લીલાં અને કુમળાં હોય છે ત્યારે ચાર અને જ્યારે સુકાં થાય છે ત્યારે ઘાસ કહેવાય છે, છતાં બેઉ એક બીજાના અર્થમાં પણ વપરાય છે. ક્રિ૦ પ્ર૦ ઘાસ ખાવું=પશુની માફક વર્તવું; અણસમજુની માફક કામ કરવું; માણસને ઘટે નહિ તેમ બોલવું અથવા વર્તવું. ઘાસ કાપવું=નહિ સાંભળવું; ઉપેક્ષા કરવી; નહિ ગણકારવું. :–શું હું ખાલી બડબડું છું, એવા અર્થમાં વપરાય છે. :–અલ્યા પટાવાળા! કેમ કંઇ સાંભળતો નથી, ત્યારનો હું શું ઘાસ કાપું છું? (૨) સ્ત્રી૦ ઘસારો; ધાતુ વગેરેને ઘસવાથી પડેલી ભુકી. (૩) ખોટ; વપરાશને લીધે જે નુકસાન આવ્યું હોય તે; વસ્તુને વાપરવાથી તેમાં જે કંઇ ઘટ પડે તે. ઘાસ ખાવી=ઘટ ખમવી; નુકસાન વેઠવું. ઘાસ કાપવી=ઘટના બદલામાં કે ઘસારા તરીકે વાળી લેવું–મજરે લેવું. ઘાસ લાગવી=ઘસારો પડવો; ઘટ આવવી. :–સાંચાઓને તે ચલાવતાં ઘાસ લાગે તેનો બદલો તો મજરે લેવોજ જોઇએ. કહે૦ ઘાસની ગંજી ઉપરનો કુતરો =પોતાને નિરુપયોગી વસ્તુ પણ બીજાને ઉપયોગમાં નહિ લેવા દે એવો અદેખો. (૨) પોતાને કંઇજ ઉપયોગી ન હોય એવી વસ્તુનું પણ સ્વામિત્વ પોતાના હાથમાં આવવાથી મગરૂર થઇ ગયેલો હોય એવો માણસ.

ઘાસચારો, પું૦ ઢોરોના નિર્વાહનું જે કંઇ ઘાસ ખાણ વગેરે તે.

ઘાસતેલ, ન૦ જમીનમાંથી નીકળતું એક જાતનું પાણી જેવું, વાસવાળું અને જ્વાળાગ્રાહી તેલ; કેરોસીન.

ઘાસદાણો, પું૦ ઢોરોના નિર્વાહનું જે ઘાસ

અને અનાદિક તે. (૨) ઘાસ અને દાણારૂપે અપાતી ખંડણી. કાઠી રાજાઓ ગાયકવાડને ઘાસદાણો આપે છે.

ઘાસપુંજો, પું૦ કચરોપુંજો; ઓગાટ; વાસીદું; વધ્યુંસધ્યું; છાંડણ.

ઘાસલેટ, જુ૦ ઘાસતેલ.

ઘાસવું, ક્રિ૦ અ૦ [સં. घर्ष्] ઘસાવું. ઉ૦ લેખણ ગઇ ઘાસી-નણુદી કેમ નાથ ન આવ્યા. ક. દ. ડા. (૨) નુકસાન ન વેઠવું; કંઇક ઉપકાર કરવો; લાભ કરવો; ઘસાવું. ક્રિ૦ પ્ર૦ ઘાસીછૂટવું=નુકસાન-મહેનત લઇ છૂટવું; કોઇનું પણ કામ કરી છૂટવું.

ઘાસિયું, વિ૦ ઘાસમાંથી ઉત્પન્ન થયેલું; ઘાસનું; ચિકાશરહિત.:-ઘાસિયું ઘી. જે ઢોર એકલા ઘાસ ઉપરજ રહેતાં હોય જેને ખાણુ ઘાલવામાં આવતું ન હોય તેનું ઘી. (૨) ભેળવાળું; સત્ત્વરહિત; ઘાસ જેવીજ આછી પિળાશ રહી હોય એવું; હલકું; ઉતરતું. :-ઘાસિયું સોનું.

ઘાસિયો, પું૦ [अ. गोशय] સાથરો; ઘાસનો પથારો. (૨) ઘાસની ડળી; ઘોડાની પીઠ ઉપર નાંખવાની કામળ. ક્રિ૦ પ્ર૦ ઘાસિયો ગુંડાળવો=રૂચાળો ભરવો; સાથરો ઉઠાવી લેવો; ઘાસનું જે બેઠકિયું પાથરીને બાવા સાધુ વગેરે બેસે છે તે ઉઠાવી વિંટાળીને ચાલ્યા જવું.

ઘાસોટિયું, ન૦ બલૈયું; ઘરમાં પહેરવાની ચુડી. કામ કરતાં બગડે ઘારંપડે તોપણ ચિંતા નહિ, એવી મતલબથી રાખેલી સાધારણ ઉપયોગની ચુડી.

ઘાંઘરડવું, ક્રિ૦ અ૦ ઘર ઘર એવો અવાજ થાય તેમ ગળામાંના ભારે ઘાંટાએ રડવું; ગળામાંથી લાંબો ને તીણો સાદ કાઢયા કરવો; :-પાડું ઘાંઘરડે છે. (૨) ખૂબ રોવું.:- છોકરાનો ઘાંઘરડીને ઘોઘળો બેસી ગયો. (૩) ઘોઘળો તાણીને બોલબોલ કરવું; રાગ કાઢીને મોટેથી ગાયા-કર્યા કરવું.:-બ્યાંસ બિચારો ઘાંઘરડીને થાકયો પણ કંઇ મળતર મળ્યું નહિ. બૂમો પાડયા કરવી; આરડવું.

ઘાંઘરી, સ્ત્રી૦ એક જાતનું વાજું.

ઘાંઘલું, ન૦ ભૂત ભરાવું તે; ગાંડા જેવું જે આચરણ તે; ગાંડું. ક્રિ૦ પ્ર૦ ઘાંઘલાં કાઢવાં= ભૂત ભરાયું હોય એમ કરવું; ગાંડાં કાઢવાં. (૨) ઓવારણું. ક્રિ૦ પ્ર૦ ઘાંઘલાં લેવાં= પ્રેમમુગ્ધ થઇ ઓવારણાં લેવાં. બહુવચને વપરાય છે.

ઘાંઘું, વિ૦ નિર્માલ્ય; ગરીબ; રોતડું. (૨) ગભરાયેલું; સાલાતુલું; ગાંગું.

ઘાંચ, સ્ત્રી૦ ચીલામાંનો ખાડો; પૈડું ઢપકાઇને નીચે પડે અને ઝટ નીકળે નહિ એવો ગરીડામાંનો ખાડ. (૨) ઘાંટી; મુશ્કેલી; ગુંચવણ. (૩) અડચણ; વાંધો; ફાંસ. (૪) હેલો; આંચકો; ઠપકારો.

ઘાંચણ, સ્ત્રી૦ ઘાંચીની સ્ત્રી; ઘાંચી જાતની સ્ત્રી. ગંગલીઘાંચણ=જાદુ જાણનારી એક દંતકથામાંની સ્ત્રી. શામળભટ્ટની વાર્તાઓમાં એક મોટી ઉસ્તાદ જાદુગર ઘાંચણના જાદુ સંબંધી કાવાદાવા આવે છે તે.

ઘાંચી, પું૦ [સં. घर्ष] તેલીબયાંને ઘાણીમાં પીલી તેલ કાઢનાર અને તેલ વેચવાનો ધંધો કરનાર; તેલી. (૨) ઘાણી રાખી તેલ પીલી કાઢવાનું અને તે વેચવાનું કામ કરનારા લોકોની નાત. રૂ૦ પ્ર૦ ઘાંચીનો બેલ (બળદ)=એકને એક રસ્તે હમેશ મહેનત કર્યા કરનાર. ઘાંચી જેવું=મેલું; કછંદું; ગંદું. ઘાંચીનો બળદ ઠામનો ઠામ= ચાલી ચાલીને ઠેરના ઠેર. ઘાંચી સેતાનની માંચી=ઘાંચીની જાત બહુ પહોંચેલી-કામેલ હોય છે એવા અર્થે. ઘાંચીની છોકરી અને ખોળ ના ઓળખે =ન મનાય એવું અજાણપણું. ઘાંચીને લુગડે ડાઘ શો ખોળવો = જ્યાં નર્યા ડાઘ ને ડાઘજ હોય ત્યાં શી

વાત? ઘાંચીનો બળદ બાર ગાઉ ચાલે તોયે ઘેરનો ઘેર=ચાલીને ઠેરના ઠેર. ઘાંચીમોચી= ઉતરતી જાતના લોક; હલકાલોક. ઘાંચી ખૂટવો=(હસવામાં) દીવામાંનું તેલ દિવેલ ખૂટવું. ઘાંચીની ઘાણી જેવું=બહુ ગંદું.

ઘાંચો, પું૦ વાંસફોડો; વાંસના ટોપલા ટોપલી ને સાદડીઓ વગેરે બનાવનારો. (૨) ઘાંચા લોકમાંનો એકેક. (૩) ઘાંચી. રીસ-તુચ્છ-કારમાં ઘાંચો એમ કહેવાય છે.

ઘાંટાઘાંટ, સ્ત્રી૦ સોરબકોર; બૂમાબૂમ; ઉપરા ઉપરી ઘાંટા પાડ પાડ કરવા તે. ઉ૦ જરા વાર થઇ કે તરત એ તો ઘાંટાઘાંટ કરી મૂકે છે. સામસામે ઘાંટા કાઢવા તે.

ઘાંટી, સ્ત્રી૦ ગળાને વચલે ભાગે રહેલું શંકુ આકૃતિનું જે હાડકું તે; હરડિયો; હરડિયાનું અસ્થિ. આ અવયવ ઉંચોનીચો થયા વગર ખોરાક ગળી શકાતો નથી. માણસને જુવાની આવતાં આ અવયવ જરાક સપાટી બહાર નીકળે છે. તે ઉપરથી ઘાંટી ફૂટવી=જુવાની આવવી, એમ કહેવાય છે. (૨) ગળાની અંદરથી અવાજ ઉત્પન્ન કરનારો અવયવ; સૂર-અવયવ. :-એની ઘાંટી સારી છે. (૩) ઘાત; મોટી મુસ્કેલી; અડચણ; વિડંબના. ક્રિ૦ પ્ર૦ ઘાંટી આવવી-નડવી-પડવી=હરકત-મુસ્કેલી આવવી. ઘાંટી વટાવવી=મુસ્કેલી-માંથી પાર ઉતરી જવું. મરણની ઘાંટી= મારવાના વખતની જે પીડા મોટી મુસ્કેલી તે. સુવાવડની ઘાંટી=જનન કાળની મુસ્કેલીનો વખત તે. ઉ૦ ઘાંટી મોટી ઓવે નીસરી, થઈ લાંબી બગ જેવી. રત્નેશ્વર.

ઘાંટો, પું૦ ગળામાંથી જે અવાજ નીકળે છે તે; અવાજ; સાદ; સૂર. બહુ મોટેથી બોલવું તે; બૂમ; પોકાર; બરકો. :-ઘાંટો કાઢીને બોલો. ભાઇને ઘાંટો પાડ. બરાડો; મોટો સાદ. ઉ૦ ઉંચે ઘાંટે ન કરીએ ઉચ્ચાર, અદબ શીખો એટલી. ક. દ. ડા. ક્રિ૦ પ્ર૦ ઘાંટા કાઢવા=ગુસ્સો કરી મોટેથી બોલવું; ઠપકો દેવો. ઘાંટો ઉઘડવો=સારો સાદ નીકળવો. ઘાંટો પાડવો=બોલાવવું. (૨) ખીજવું; બીવડાવવું. :-ઘાંટો પાડીને કહેશો તો માનશે. ઘાંટોખુલવો=ખોખરા થઇ ગયેલા સાદનું ઠામે આવવું.

ઘાંયજી, જુ૦ ગાંયજી.

ઘાંયજો, પું૦ હજામ; વાળંદ. કહે૦ ઘાંયજો ઉઠયો ને કરચો ફૂટયો=એક ગયું કે બીજું તૈયાર.

ઘિમેલ, સ્ત્રી૦ મંકોડાથી સહેજ નાનાં અને કીડીઓથી જરા મોટાં એક જાતનાં રાતા રંગનાં જીવડાં; (કીડીઓની જાતનાં) રાતી કીડીઓ. ઝિમેલો એમ પણ કહેવાય છે.

ઘિલોડી, સ્ત્રી૦ [સં. गृहालिका] સરડા-કાચંડા જેવું ચપટું અને રાખોડિયા રંગનું એક નાનું પ્રાણી. (૨) ઘિલોડાંનો વેલો; ઘિલોડી.

ઘિલોડું, ન૦ [દે. गोल्हा+फलम्] ઘિલોડીના વેલાનું ફળ. આનું શાક થાય છે. ટિંડોરાં; ઘલોડાં. (૨) સાલ; ફાંસ; ફાચર. ક્રિ૦ પ્ર૦ ઘિલોડું પેસવું=વગર કારણની પંચાતી આવી પડવી.

ઘિસલું, ન૦ આશરે ત્રણ ચાર હાથ લાંબું એક છેડે બે પાંખાંવાળું બળદ પજોટવાનું લાકડાનું યાન. (૨) છોકરાંને રમવાનું વતરડું.

ઘિસવું, ક્રિ૦ સ૦ મુક્કીનો માર મારવો; ઠપે-રવું; ધીબવું.

ઘિસ્સો, પું૦ માંજાની દોરી ઉપર જે ઘસારો પડે છે તે; દાંતિયો. ક્રિ૦ પ્ર૦ ઘિસ્સો દેવો= ક્ષત પાડવો. (દોરમાં) (૨) થાપ દેવી.

ઘી, ન૦ [સં. घृत] પ્રાણીજ સત્ત્વ ચિકાશ; દૂધનું દહિં-દહિંનું માંખણ અને માંખણને તાવીને બનાવેલું ચીકણું સ્વાદ વગરનું ઉનું કરતાં પ્રવાહી થાય અને ટાઢું પાડતાં થીજી જાય એવું ચીકટ તે; ઘૃત; તૂપ; ચીકટ. કહે૦

ઘી ઢળ્યું તો ખીચડીમાં=ઓદું પણ ઉપયોગી અર્થમાં થવું તે. ઘિયાળ=ઘીવાળું; ઘી કરનારું. આ ભેંસ બહુ ઘિયાળ છે. રૂ૦ પ્ર૦ ઘીકેળાં=સારો લાભ; ખૂબ ખાવા પીવાનું અને આનંદ કરવાનું મળે તે; કમાણીનો સપાટો; ખૂબ રળવાનું મળવું તે; ગદબદિયાં.

ઘીકાંટો, પું૦ જ્યાં ઘી જોખાતું અને વેચાતું હોય તે જગા; ઘીનું બજાર.

ઘીગળણી, સ્ત્રી૦ ઘી વગેરે પ્રવાહી ગાળવાનું ઝીણી જાળીનું વાસણ.

ઘીચ, જુઓ ગીચ.

ઘીચોપડ, ન૦ ઘી અને તેના જેવું બીજું ચીકણું દ્રવ્ય; ચીકટ પદાર્થ; ઘી તેલ વગેરે ચરબી જેવી વસ્તુઓ તે; ઘી અને ચોપડાય એવું જે તે.

ઘીટ, જુઓ ધીટ.

ઘીતાવણી, સ્ત્રી૦ માખણને કડકડાવીને ઘી કરવાનું વાસણ; માખણને તાવીને ઘી બનાવવાનું માટીનું રીઢું વાસણ.

ઘીતેલું, ન૦ પોયણીનું ફળ. કમલિની અને પોયણીના મૂળમાં તેનાં ફળ કહેવાતી ગોટા જેવી જે નાની ગાંઠો થાય છે તે. એમાંની કેટલીકનો સ્વાદ ઘી જેવો હોવાથી 'ઘિયું' કહેવાય છે. કેટલીકનો સ્વાદ તેલ જેવો હોવાથી 'તેલું' કહેવાય છે. આ ઉભય સ્વાદના મિશ્રણને લીધે તે ફળ ઘીતેલાં–જીતેલાં કહેવાય છે.

ઘીય, પું૦ શક; વહેમ; શંકા. (ગોહિલવાડ)

ઘીસ, સ્ત્રી૦ તપાસ કે રમતગમતને માટે સાથે મળીને નીકળેલા ઘણા માણસોનું ટોળું; મંડળ; સંઘ; સમૂહ. (૨) રોન ફરનારાઓનું મંડળ; ચોકીઆતોનું ટોળું. (૩) હોળીનો વરઘોડો. (૪) ઘિસ્સો; જોરથી કરેલો આઘાત.

ઘીસરું, ન૦ ધુંસરું.

ઘીસવું, ક્રિ૦ અ૦ ઘીબવું; મારવું; ટીપવું.

ઘીસાઘીસ, સ્ત્રી૦ ઉપરાઉપરી ઘીસઘીસ થતું હોય એવી જે હાલત તે; ભીડાભીડ. (૨) ઉપરાઉપરી–ધડોધડ ઝીંકો મારવી તે. (૩) ધમ્માચકડી. (૪) કજિયો.

ઘુઘરમાળ, સ્ત્રી૦ [સં. ઘુર્ઘરી + माला] ઘુઘરાની માળા; ઘંટડીઓ ટોકરીઓનો હાર. (બળદની કોટે બાંધવાનો) ઉ૦ ઘુઘરમાળ ઘમકે ઘણીરે. ક. દ. ડા.

ઘુઘરવટ, સ્ત્રી૦ ઘાઘરાના ઘેરની નીચેની ઘુઘરીઓવાળી જે કોર ઝૂલ તે; ઘેરની કિનારી ઉપરની ઘુઘરીઓની હાર તે. (૨) જેને છેડે ઘુઘરીઓ મૂકેલી હોય એવો ઘાઘરો તે.

ઘુઘરાવું, ક્રિ૦ અ૦ ગુસ્સાથી ડોળા તાણવા. ઉ૦ ઓઠ ડંસે ને ઘુઘરાતોરે, ઘુંટણીએ ગોળીભણી જાતો. દશમસ્કંધ.

ઘુઘરિયાળું, વિ૦ જેને ઘુઘરીઓ લગાડેલી હોય એવું; ઘુઘરીઓવાળું; વાગતું; ખડખડતું. :–છોકરી રાંડયા પછી એની મા ઘુઘરિયાળું ઘરેણું પહેરતી નથી.

ઘુઘરી, સ્ત્રી૦ [સં. घुर्घुरी] ધાતુના પતરાનો બનાવેલો ખડખડે એવો જે નાનો અને પોલો દાણો તે. સોનારૂપાની ઘુઘરીઓવાળું બાજુબંધ જેવું સ્ત્રીઓને કોણી ઉપર પહેરવાનું ઘરેણું. (૨) બાફેલું આખું અનાજ. ઘઉં બાજરી જુવાર વગેરે. (ગાયોને ખવરાવવાનું.) ટોઠા. ક્રિ૦ પ્ર૦ ઘુઘરીઓ લટકાવવી=મશ્કરીમાં ફાટેલાં–જેને કાપલીઓ લટકતી હોય એવાં વસ્ત્ર પહેરવાં.

ઘુઘરો, પું૦ [સં. घुर्घरा] મોટી ઘુઘરી. (૨) પતરાનો–લાકડાનો ઘાસનો કે પાનનો કાંકરા ભરીને બનાવેલો હલાવતાં ખડખડે એવો એક ઘાટ; છોકરાંને રમવાનું ખડખડે એવું રમકડું; ખડખડિયું. (૩) ઘુઘરીઓનો ઝુમખો. (૪) માવા અને મસાલાવાળી એક જાતની પૂરી; ખાવાનો એક પદાર્થ. (૫)

ફોતરાં ઉખડી જાય તે માટે દાળ કરવા માટે પલાળેલું કઠોળ. (૬) ચુનો બનાવવાને પકવેલા મરડિયા. ક્રિ૦ પ્ર૦ ઘુઘરા બાંધવા=નાચ કરવો; નાચવાનું કામ કરવું; નિર્લજ્જ થવું; શરમ મૂકીને કામ કરવું. ઘુઘરા મૂકવા=શોભાયમાન કરવું; સુંદર બનાવવું; કોઇનું ધ્યાન ખેંચાય એવું કરવું. ઘુઘરો-બનવું=રમકડા રૂપ થવું; રમુજી બનવું; તાને ચઢવું; લહેરમાં આવી જવું. :-શેઠ તો આજે ઘુઘરો બન્યા છેને? નવલરામ. ભ. ભો. ઘુઘરાજેવું=સુંદર; મજેનું; ગમતી. બોલકણું. :-છોકરો તો કેવો ઘુઘરા જેવો છે. ચાલાક; વેગવાળી; હોંસીલી. :-અને વહુએ મજેની ઘુઘરા જેવી મળી છે. કહે૦ પૈસો હોય તેનો છોકરો ઘુઘરે રમે=જેની પાસે હોય-જેની શક્તિ હોય તે કાર્ય કરે.

ઘુઘવવું, ક્રિ૦ અ૦ [घुर्घरायते] 'ઘુઘુ' એવો અવાજ થવો; ગર્જવું; ગર્જના જેવો અવાજ નીકળવો. :-દરિયો ઘુઘવે છે. (સિંહ-હોલા વગેરે પ્રાણીઓના અવાજને માટે પણ આ ક્રિયાપદ વપરાય છે.) જોરથી મોટે અવાજે બોલવું; ગળામાંથી અવાજ કાઢવો. ઉ૦ રાફમાં સાપજ ફુફવે, માંહિ ઘુઘવે ઘોય. નળાખ્યાન.

ઘુઘવાટ, પું૦ 'ઘુઘુ' એવો જે જોરદાર ભારે અવાજ થવો તે. :-રાતે દરિયાનો અને સિંહનો ઘુઘવાટ બહુ લાંબેથી સંભળાય છે. (૨) ઘાંટો; બરાડ; ગર્જના.

ઘુઘવાટો, પું૦ જોરદાર ભારે મોટો અવાજ તે; ગર્જના; બરાડ; હોકારો. (૨) સામે ઘુરકવું તે; ક્રોધ આણી રીસથી મોટે ઘાંટે બોલવું તે; ઠપકો દેવો તે. :-ડોસો તો કંઇ કહેવા જતાં એકદમ ઘુઘવાટો કરે છે. ક્રિ૦ પ્ર૦ ઘુઘવાટો કરવો=ગર્જના કરવી; મોટો ઘાંટો કાઢવો.

ઘુઘુ, અ૦ ઘુઘુકાર જેવો જે ભારે અવાજ તે. :-દરિયો ઘુઘુ કરે છે. (૨) હોલાનો-(બીજા પ્રાણી-પંખીનો) ગળામાંથી નીકળતો જે ભારે અને ઘરઘર થતો હોય એવો ઉંડો ગળામાંનો અવાજ. :-હોલો આખો દહાડો 'ઘુઘુ' કર્યા કરે છે.

ઘુમચો, પું૦ સમૂહ; જથ્થો; ટોળું.

ઘુમજ, પું૦ ઘુમ્મટ; દેવળ કે મકાનનો ઉભી અંડાકૃતિ જેવો ધાબાનો આકાર તે. (૨) શિખર; છત્રીના ઉપલા ભાગ જેવી જે ગોળ ચુનાગચ્ચીની છાપરા જેવી બનાવટ તે. (૩) ગર્ભાગાર; મંદિરની અંદરનો ઓરડો; ઘુંમટ તળેનો ભાગ.

ઘુમટ, પું૦ [फा. गुंबद] દેરા અથવા મકાનની ઉપર જે અંડાકૃતિએ ધાબું વળાય છે તે; છત્રાકાર ચુનાગચ્ચીની છાટ તે. (૨) દેરાની અંદરનો ભાગ.

ઘુમટી, સ્ત્રી૦ ઘુમ્મટ જેવી જે નાની આકૃતિ તે. :-તાબુતની ઘુમટી. (૨) માથું અને પીઠ ન પલળે એવી ઘાસ કે વાંસની ચીપોની અથવા બાવલીની ઓચલા જેવી છત્રી.

ઘુમટો, પું૦ ઘુમ્મટ જેવી જે વસ્ત્રની આડ તે; માથા ઉપર ઓઢેલું લુગડું તાણીને મોં ઢાંકવું તે. ક્રિ૦ પ્ર૦ ઘુમટોતાણવો=લાજ કાઢવી.

ઘુમડવું, ક્રિ૦ સ૦ એકતાર થાય તેમ જોરથી પ્રવાહીને હલાવવું; તળે ઉપર થાય તેમ ફેરવવું. (૨) હિંચકા ઘાલવા; હિંદોળવું.

ઘુમડી, સ્ત્રી૦ આમ તેમ ઘુમાવું તે. (ઝોળીનું) :-ભાઇને ઘુમડી ઘાલ. (૨) ચકરી; ચક્કર ચક્કર ફરે એમ કરવું તે. :-ભમરડાએ ઘુમડી લીધી. ઘુમરડી.

ઘુમણી, સ્ત્રી૦ ઘુમડી.

ઘુમરડવું, ક્રિ૦ સ૦ ગાઢા પ્રવાહીની અંદર હાથ ઘાલી તળેઉપર કરવું; એકતાર થાય એમ કરવું; ગોળ ફેરવવું; ઘુમેડવું. (૨) જોરથી હિંદોળવું. (૩) ચકરચક્કર ફરે એમ કરવું.

ઘુમરડી, સ્ત્રી૦ ફેર; ચક્કર; વમળ; ભમરું :-પાણીમાં ઘુમરડીઓ આવે છે. (૨)

બાળકને ઘોડિયામાં સુવાડીને ખૂબ હિંચકા નાંખવા તે. ઘુમરડી ઘાલવી એમ પણ કહેવાય છે.

ઘુમરાવું, ક્રિ૦ અ૦ રીસથી મોં ચઢાવવું; ગુસ્સામાં દેખાવું. (૨) ડહોળાવું; વિકારી થવું; કેફની અસર જણાવી. :–રીસે ભરાયેલાની અને છાકટાની આંખો હંમેશ ઘુમરાયેલી રહે છે. (૩) વરસાદનું ચઢી આવવું; અંધરાવું; ઝઝુમી રહેવું. :–આકાશ આખો દિવસ ઘુમરાયેલું રહે છે પણ વરસાદ પડતો નથી.

ઘુમરી, સ્ત્રી૦ ઘુમણી; ઘુમરડી. :–ફરતું ફરતું ઘુમરી ખાઇને પડયું. (૨) વમળ; ભમરો; પાણીની અંદર જોરથી વહેતાં કુંડાળાં વળે છે તે. (૩) ચક્કર; માથું ફરવું તે; અંધારાં આવવાં તે. :–મને તે જોઇને ઘુમરી આવે છે.

ઘુમલડી, સ્ત્રી૦ ઘુમરડી; ઘુમડી. (કવિતામાં).

ઘુમાઘુમ, સ્ત્રી૦ આમતેમ જોરથી અને હોંસથી ફરવું તે; મહાલામહાલ ઉ૦ આ વાદળીઓએ ઘુમાઘુમ માંડીરે. નવલરામ. અહિં તહિં જોરમાં અને આનંદમાં ફરવું તે.

ઘુમાઘુમી, સ્ત્રી૦ ઘુમાઘુમ; દોડધામ.

ઘુમાવવું, ક્રિ૦ સ૦ ફેરવવું; ઘૂમે એમ કરવું; ચારે તરફ ફરે એમ કરવું. :–તરવાર ઘુમાવવી. (૨) ચારે તરફનો વિચાર કરીને–આસપાસની બધી ભૂમિકાઓનું દિગ્દર્શન થઇ જાય તેમ લખવું. :–આ બાબતોમાં તે બહુ સારી કલમ ઘુમાવે છે. કમલ ઘુમાવવી=બહુ સારી ઇબારતથી લખવું.

ઘુરકવું, ક્રિ૦ સ૦ ગુસ્સાભેર ગળામાંથી મોટો અવાજ નીકળે એવી રીતે બોલવું; ઘુઘવાટ કરવો; મોટેથી બોલીને સામા થવું; ઠપકો દેવો. (૨) ભસવું. (૩) પોપચાં ન મિચાય તેવી રીતે ફાટી આંખે ગુસ્સામાં કોઇની સામે જોયા કરવું; તાકીને ડોળા કાઢવા. (આ ત્રીજો અર્થ મુંબાઇ અને સુરત તરફ વપરાય છે. અમદાવાદ તરફ ઘુરકવું=ડોળા કાઢવા એમ કોઇ સમજતું નથી; તેમ સુરત મુંબાઇ તરફ ઘુરકવું=ગુસ્સાથી બોલવું ઘુઘવાટ કરવો કે ખીજવું એમ કોઇ સમજતું નથી.)

ઘુરકાઘુરકી, સ્ત્રી૦ સામસામે ઘુરકવું તે.

ઘુરકાવવું, ક્રિ૦ સ૦ જોરથી બોલીને બીવરાવવું; ધમકી આપવી; ઠપકો દેવો.

ઘુરકિયું, ન૦ ઘુરકીને બોલવું તે; ઘરકિયું; ઘુરકવું તે. ક્રિ૦ પ્ર૦ ઘુરકિયાં કરવાં=ડુંખરાવવું=ઘુરકીઘુરકીને ઠપકો દેવો.

ઘુરઘુર, અ૦ એવો થતો અવાજ દેખાડે છે.

ઘુલર, ન૦ એક જાતનું (અંજીરના જેવું) વૃક્ષ અને તેનું ફળ: ઉંબરું, ઉમરડું. :–જેમ ઘુલરના વૃક્ષમાં ફળ બહુ, તે ફળના જંતુઓનો પાર ન લહું. દ. સ્કં. (૨) કાનનું એક ઘરેણું.

ઘુલરૂં, ન૦ બાળકની કોટનું એક ઘરેણું. જેમાં વાઘનો નખ, વજરબુટ્ટાં વગેરે હોય છે તે. (૨) સ્ત્રીઓના કાનનું એક ઘરેણું. (૩) ઝુમખું; ઝૂલતી ઘુઘરીઓનો જથો તે.

ઘુવડ, (ઘૂડ) પું૦ [સં. उलूक] રાતે દેખે (દિવસે નહિ) એવું એક પંખી; દિવાભીત; ઉલૂક. કહે૦ ઘુવડનું મોત કાગડો=ઘૂવડ અને કાગડાઓને ઉંદર બિલાડીની માફક વેર હોય છે. તેઓ એક બીજાને જોતાંજ મારવા દોડે છે.

ઘુસણિયું, વિ૦ જ્યાં ને ત્યાં પેસનીકળ કરનારૂં; માનાપમાન ન જોતાં માથાં મારનારું; ઘૂસી જાય એવું; માથાંમારિયું.

ઘુસાડવું, ક્રિ૦ સ૦ ઘૂસે દાખલ થાય કે પેસે એમ કરવું; ઘાલવું; કોઇ રીતે અને કોઇ પણ તદબીરે દાખલ કરવું. :–એ તો જ્યાં હોય ત્યાં પોતાનું લાકડું (વ્યક્તિત્વ) ઘુસાડયા વગર રહેતો નથી.

ઘુંઘટ. પું૦ મુખ દેખાય નહિ તેમ તાણેલો માથા ઉપરના લુગડાનો પડદો; (સ્ત્રીઓ) લાજ—અદબ દેખાડવા સારૂ માથાપરનો છેડો મોં આડે ધરવો તે. ક્રિ૦ પ્ર૦ ઘુંઘટ તાણવો=લાજ કાઢવી. (૨) બુરખો; મોં ઢંકાય એવો પડદો.

ઘુંઘટડો, પું૦ જુ૦ ઘુંઘટ.

ઘુંઘટી, નાનો ઘુંઘટ. (૨) માથે નાંખવાનો નાનો ચલાખો.

ઘુંઘટો, પું૦ મોં ઢંકાય એમ માથા ઉપરનો છેડો તાણી બનાવેલો જે ઘુમ્મટ તે; ઘુંઘટ. ઘુંઘટડો કવિતામાં વપરાય છે. ઉ૦ ઘુંઘટડા ખોલને રાધે. પ્રા. કા. ઘુમટો. ક્રિ૦ પ્ર૦ ઘુંઘટો તાણવો=મોઢું ઢાંકવું; લાજ કાઢવી.

ઘુંચ, સ્ત્રી૦ ગુંચવણ; આંટી; ઝટ લઇને ઉકલી શકે નહિ એવી આંટી; જેનો ઝટ લઇને તોડ નિકાલ થઈ શકે નહિ અને રોકાવું પડે એવી હાલત; ગડબડ; મુશ્કેલી.

ઘુંચવવું, ક્રિ૦ સ૦ ગુંચાય એમ કરવું; માર્ગ સૂઝે નહિ એવી સ્થિતિમાં મૂકવું. ગુંચવવું.

ઘુંચળું, જુ૦ ગુંછળું.

ઘુંચાવું, ક્રિ૦ અ૦ ઘુંચ પડવી; ગુંચાવું; માર્ગ નહિ સૂઝવો; નિકાલ નહિ જડવાથી ગભરાવું; ઘુંચ પડે એવી હાલતમાં હોવું.

ઘુંજવું, ક્રિ૦ અ૦ [સં.. ગુંજ] 'ઘુંઉઉ' એવો અવાજ કરવો. (ભમરડાનો) ભમરડો, તીર, ગોળી વગેરે વસ્તુઓ બહુજ ગતિથી હવામાં જતાં જે અવાજ થાય છે તે.

ઘુંજુ, ન૦ ખીસું; ગજવું. (૨) સુકો મસાલો ભરીને બનાવેલી અર્દ્ધગોળ પૂરી; ઘુઘરો. બહુવચને ઘુંજાં એમ બોલાય છે. રૂ૦ પ્ર૦ ઘુંજાનો વર=જેને ઘુંજે ધન ઘાલવું પડે મોટી પહેરામણી આપવી પડે એવો કુળવાન વર તે.

ઘુંટ, પું૦ ઘુંટડો; ગોટ; કોગળો. (૨) વિ૦ ઘોડાની એક જાત. રૂ૦ પ્ર૦ લોહીનો ઘુંટ=ક્રોધનો ઉછાળો; ગુસ્સો; કોઇ પણ બાબતસર ક્રોધ ચઢવાથી લોહી તપી જઇને કંઇનું કંઈ કરી નાંખવાનો ઉછાળો આવવો તે. દૂતનાં વચન સાંભળીને રાજાને રૂંવેરૂંવે ક્રોધ વ્યાપી ગયો અને જાણે હમણાંજ તેના કકડા કરી નાંખું એમ થયું, પરંતુ વખત જોઇને લોહીનો ઘુંટ ગળી ગયો. મોં ભરાય એટલું તે; મોં ભરાવું તે. :-રસ રસના ઘુંટ ભરાય છે.

ઘુંટડો, પું૦ મોંની બખોલમાં એકજ વખતે જેટલું પ્રવાહી માય તેટલું તે; ગોટ; કોગળો. ક્રિ૦ પ્ર૦ ઘુંટડા ગળવા=ક્રોધ મારવો; ક્રોધના જુસ્સાને સહન કરવો;ગુસ્સાને દાબી રાખવો.

ઘુંટણ, પું૦ [સં. ઘુંટિકા] પગની વચમાંનો સાંધો તે; ઢિંચણ. ક્રિ૦ પ્ર૦ ઘુંટણીએ બેસવું=મોગલાઈ અદબે ઢિંચણવાળીને બેસવું. ભાગી જવું; પાયમાલ થઇ જવું. ઘુંટણીએ પડવું=ઘુંટણ ઉપર બેસીને નમવું; પગે લાગવું. ઘુંટણ ઉપર જોર આવે તેમ કરવું. બળદ તો ઘુંટણીએ પડીને પણ ઘાંચમાંથી ગાડું બહાર કાઢે.

ઘુંટણિયાં, ન૦ નાનાં છોકરાં જે ઘુંટણ ઉપર ભાર દઇને આમતેમ ખસે છે તે; ક્રિ૦ પ્ર૦ ઘુંટણિયાં ભરવાં=ઘુંટણ ઉપર ખસવું—ચાલવું.

ઘુંટવું, ક્રિ૦ સ૦ [સં. ઘર્ષ્] ભુકાને વધારે બારીક—ઝીણો બનાવવા માટે કુંડા કે ખલમાં નાંખી કુતકા—બત્તાથી જોર દઇ ઘસીને પીસવો; લસોટવું; પરતવું. (૨) કોઇ વસ્તુને લીસી ને ખુબ ઉજળી અથવા ચળકતી થાય તેમ જોરથી ઘસવી. (૩) વારંવાર ફેરવફેરવ કરવું; ખરડામાં લખ્યા કરવું; અંદર ને અંદર ફેરવવું—લખવું. અક્ષર ઠસાવવા; દસક્ત વાળવા. ખૂબ બારીક થાય એમ વાટવું; ચકચકિત કરવું; મરદવું. ક્રિ૦ પ્ર૦ દોપિસ્તાં ઘુંટવાં=પત્તાં અથવા પાટી ઉપર ખણેલા અક્ષરમાં ફરી ફરીને કલમ ફેરવવા કરવી. (૨) નવેસરથી—એકડે એકથી

માંડવું. વિદ્વાને કહ્યું કે અમે હવે દોપિસ્તાં ઘુંટવા બેસીશું? સૂર ઘુંટવો=રાગની મિલાવટ કરવાને અથવા સૂર લેતાં યતિ આગળ તૂટ પડે નહિ તે માટે અથવા રાગ બેસાડવા સારૂ ઘાંટાને તૂટી ન જાય તેમ લંબાવવો. દમ ઘુંટવો=શ્વાસને લંબાવી લેવો; શ્વાસને થોડીવાર રોકી રાખવો. :–મરજીવા નાનપણથીજ દમ ઘુંટતાં શીખે છે.

ઘુંટી, સ્ત્રી૦ પગની પાટલી અને નળાને જોડનારા સાંધા આગળથી બહાર નીકળેલી નાની હાડકી. ઘુંટું–ઘુંટાં (ગ્રામ્ય) (૨) બચ્ચાંને અપાતી એક ઔષધિ. (૩) (ગ્રંથિ) ગાંઠ; આંટી.(૨) મુશ્કેલી; ગુંચવણી.:–આંટીઘુંટીના હિસાબ એટલે કોયડા. (૩) દાનીખુંચ. આંટીની સાથે જોડાઇને વપરાય છે. :–આંટી ઘુંટી. ઉ૦ આંટી ને ઘુંટી તો, અમો નવ જાણીએ. પ્રા. કા. છળવિદ્યા; પ્રપંચજાળ.

ઘુંટો, પું૦ ખૂબ ઘુંટીને બનાવેલો મુલાયમ રગડો, લોંદો; અવલેહ. (૨) અંજનદ્રવ્ય; ખરડ. (૩) બત્તો; ઘુંટવાનું ઓજાર. કોડો કે કાચ લીસો હોવાથી ઘુંટવાના કામમાં આવે છે. (૪) ઘુંટવાથી આવેલો જે ઓપ તે. :–આ કાગળ ઉપર હજી સારો ઘુંટો કરવો જોઇએ.

ઘૂડ, પું૦ ઘુવડ; ઉલૂક. (૨) વિ૦ મુંગો; ગુમાની. અતિ વૃદ્ધ. :–ઘરડો ઘૂડ. (૩) અંધ.

ઘૂમ, અ૦ ગરક; ચકિત; આભો. (૨) બેભાન; આંધળોભિંત.

ઘૂમવું, ક્રિ૦ અ૦ આમતેમ મહાલીને આગળ પડતું કામ કરતા હોઇએ તેમ ફરવું; મોટો કારભાર કરવો; મહાલવું. (૨) વ્યાપ્ત થઈ રહેવું; આમતેમ ગોળાવું; ગોટાવું. મશગુલ–તલ્લીન રહેવું; મસ્ત બની રહેવું; મચવું. :–એના મનમાં તો એના એજ વિચારો ઘૂમી રહ્યા છે. (૩) ચારે પાસ ફેલાઇ ઝીણો ઘોર કરવો; શબ્દાયમાન થઇ રહેવું. :–આ વીણાનો સૂર બધા વાતાવરણમાં ઘૂમી રહ્યા છે.

ઘૂરવું, જુઓ૦ ઘોરવું. (૨) ઘુરઘુર થવું. (૩) ગળામાંથી 'ઘુઘુ' એવો અવાજ નીકળવો. નરકબુતર ઘૂરે છે.

ઘૂર્ણાયમાન, વિ૦ [સં.] હાલતું; ભમતું; ધ્રૂજતું હોય એવું.

ઘૂસ, પું૦ મોટો વકરેલો ઉંદર. (૨) કોળ. મુંબાઇમાં ગટરના મોટા ઉંદરોને ઘૂસ કહે છે.

ઘૂસવું, ક્રિ૦ અ૦ જોરથી અંદર પેસવું; દાખલ થવું; માથાં મારવાં; સામેલ થઇ જવું; કોઈ પણ બહાને ને કોઇ પણ તદબીરે અમુક સમાજમાં, ઘરમાં, કામમાં કે વાતમાં સામેલ થઇ જવું.

ઘૂસિયું, ન૦ કોળવાઘ; કોળ પકડવાનું છટકું.

ઘૃણા, સ્ત્રી૦ [સં.] દયા;–અનુકંપા. (૨) તિરસ્કાર. નિર્ઘૃણ=નિર્દય.

ઘૃત, ન૦ [સં.] ઘી; તૂપ.

ઘેટી, સ્ત્રી૦ ઘેટાની માદા; ગાડરમાદા; મેંઢી. (૨) વિ૦ જાડી; માંસલ; તાજી; ભરેલા શરીરની ઠિંગણી સ્ત્રી.

ઘેટું, ન૦ આખે શરીરે સુંવાળા વાળવાળું એક ચોપગું ગરીબ જનાવર; મેંઢું; ગાડરું. આ પ્રાણીના વાળ ઉન કહેવાય છે કામળા ને ધાબળીઓ વગેરે ગરમ કપડાં તેમાંથી બનાવવામાં આવે છે. આ પ્રાણી બહુજ ગરીબ હોય છે. ભરવાડ લોકો બકરાં સાથે તેને પાળે છે.

ઘેટો, પું૦ ઘેટાંની જાતનો નર; મેંઢો; મેષ. (૨) જાડો ભરાઉ શરીરનો છોકરો.

ઘેડ, ન૦ લોઢું; ઢોચકું. ઉ૦ શું ઘડો કે ઘેડ ઉતરશે, ચાક ઉપર છે હજુ પિંડો. શામળ.

ઘેન, ન૦ ઉંઘ આવવાની અસર તે; તંદ્રા; આળસ; આંખો મિંચાઈ જઇ ઉંઘમાં પડવાની જે લાગણી થાય છે તે. (૨) અભિમાન; છાક; મદ. (૩) ઇંદ્રિયોને શિથિલ કરી

સ્મૃતિભ્રંશ કરાવનારી ઝેર કે માદક પદાર્થો વગેરેની અસર તે. :–અફીણનું ઘેન ચઢે છે. ક્રિ૦પ્ર૦ ઘેન ચઢવું=ઉંઘ લેવાની અસર થવી; અભિમાન આવવું.

ઘેબર, ન૦ [સં. ઘૃતવર] એક જાતનું પકવાન્ન; પુષ્કળ ઘી નાંખીને બનાવેલી ઘીમાં તળી કાઢેલી અને ખાંડ પાયેલી પૂરી; ઘેભર.

ઘેબરિયું, વિ૦ ઘેબરના જેવું; રસકસદાર. ઉ૦ આવરે વરસાદ ઘેબરિયો પરસાદ. બાળગીત.

ઘેર, પું૦ ગોળ ફરતી હદ; વર્તુલનો વિસ્તાર; પરિઘ. ઘાઘરા કે અંગરખા વગેરેનો નીચેનો ચોમેર ફરતો વિસ્તાર તે. (૨) સ્ત્રી૦ ચોટલીની આસપાસ રાખેલા ટુંકા વાળ; ઘેરી; ધારી. (૩) ટોળે–જથ્થે થઇ ફરવું તે; ટોળું; ઘેરૈયાનું ટોળું; ધીસ; હોળીની ટોળી. ક્રિ૦ પ્ર૦ ઘેર=ઘરમાં અથવા ઘર તરફ એવા અર્થમાં વપરાય છે. :–મારે ઘેર આવજો માવા. કહે૦ ઘેરઘેર માટીના ચુલા=દરેક ઠેકાણે સારૂં ખોટું ભલું ભુંડું તો જેવું ને તેવુંજ હોય. ક્રિ૦ પ્ર૦ ઘેરકરવું=હોલવવું; દીવો કાઢી નાંખવો. ઘેર કાંટા પડવા=ઘર ઉજડ થવું. ઘેર ગોળી બેસવી=ઘરમાં–પોતાને ત્યાં ખોટ આવવી; ધોકો લાગવો. ઘેર જવું=હોલવાવું; અદૃશ્ય થઇ જવું. ઘેરમૂકવું=ઘરમાં રહેવા દેવું; ઘરેણે મૂકવું. પરમેશ્વરને ઘેર કંઇ ખોટ છે. જે વસ્તુ વિષે બોલાતું હોય તે સંબંધી–તેમાં. આ વર્ષે ડાંગેરને ઘેર ઉઠી ગયું છે, અર્થાત્ ડાંગેર નથી.

ઘેરણ, ન૦ ઘેરી લેવું તે; ઘેરો. ઉ૦ જેમ કાયા ગઢ ઘેરણ કરશે. લાલદાસ. (૨) ઘારણ. :–ઘેરણ ગોળી=ઉંઘ લાવે એવી દવા તે.

ઘેરદાર, વિ૦ જેને ઘેર હોય એવું; ઘેરવાળું; નીચેથી ફરતા ખુલતા ભાગનું.

ઘેરવું, ક્રિ૦ સ૦ [સં. ग्रह्] ચારે તરફથી ધરાય પકડાય તેમ કરવું; આસપાસ ફરી વળી અંદર લેવું; વિંટાઇ વળવું; ચારે તરફ ફરી વળવું. :–શત્રુના સૈન્યે શહેર ઘેર્યું. (૨) રોકવું; આંતરવું; માર્ગ બંધ કરવો; બહાર નીકળવા કે જવા પામે નહિ તેમ કરવું. (૩) ખાળવું; અટકાવવું; નહિ જવા દેવું; આડે ફરી વળવું. (૪) વિસ્તારને ભરી દેવો; ઢાંકવું; છાવું; સપાટી પુરી નાંખવી:–પૃથ્વી સૂર્યથી નાની હોવાને લીધે તેની છાયા સૂર્યના આખા બિંબને ઘેરતી નથી; પૃથ્વીનો બહુ મોટો વિસ્તાર સમુદ્રથી ઘેરાયેલો છે. (૫) કોઇની સ્વતંત્રતા લઇ લેવી; અશરણ બનાવી દેવું; મુંઝાવી–ગભરાવી દેવું; નાસી છૂટી શકે નહિ તેમ કરવું; સપડાવવું; ફસાવવું. :–રોગે–ઉંઘે ઘેરી લીધો. ઘેરી લેવું=આસપાસ ફરી વળીને નાસી જાય નહિ એમ કરવું. :–શત્રુએ ઘેરી લીધો. ઘેરી બેસવું=અમુક કાર્ય કરાવવા માટે કોઇની પણ સામે રોકાણ કરી બેસવું.

ઘેરાવ, પું૦ ઘેર; પરિઘ; રોકેલો વિસ્તાર; ફેલાવો; ચારેગમ ફરતી સીમા; પ્રસાર; વિસ્તાર; ભરાવ. (૨) રોકાણ; પ્રતિબંધ.

ઘેરાવું, ક્રિ૦ અ૦ ચારે તરફથી અંતરાઇ જવું; નાસવાનો છુટવાનો માર્ગ ન રહેવો; સંકટમાં આવવું. (૨) ઘેરાઇ જવું=વ્યાપ્ત થઇ જવું. × ની અસરમાં ગુમ થઇ જવું; હવાલામાં –કબજામાં હોવું. ઉ૦ ઉંઘે ઘેરાણારે ડોલો, મોહન બોલાવ્યા નવ બોલો. દયારામ.

ઘેરાવો, પું૦ ઘેરાવ.

ઘેરી, સ્ત્રી૦ ધારી. (૨) વિ૦ ઘેરા રંગની.

ઘેરું, વિ૦ [સં. गंभीर] ગાઢ; ભરપુર ભરેલું; (રંગથી) પાકું. ઘેરો રંગ=ગાઢ રંગ; પાકો રંગ; નહિ આછું એવું; નહિ ખુલતું. ભરચક રંગવાળું. મદ–અભિમાન–મદભર.ઘેરી આંખ.

ઘેરેઘેર, અ૦ દરેક ઘેર; ઘરોઘર; ઠામેઠામ. કહે૦ ઘેરેઘેરમાટીના ચુલા=અર્થાત્ સૌનેત્યાં સરખું. બધાને ઘેર; દરેક ઠેકાણે.

ઘેરૈયો, પું૦ ઘેર, ઘીસમાંનો એકેક; ફાગ ખેલ-

નાર છોકરો; હોળીની ગમ્મત મેળવવાને બહાર પડેલો જુવાન માણસ. ઘેરમાં ચાલનારો; હોળૈયો. ઘેરનારો–રોકીને કાર્ય કરનારો તે–ઘેરૈયો. રૂ૦ પ્ર૦ ઘેરૈયા ચૌદશ=ફાગણ સુદિ ચૌદશ.

ઘેરો, પું૦ ઘેરવું-ઘેરી લેવું તે; વિંટ; ચારે બાજુથી આંતરી લેવું તે. (૨) રોકાણ; અટકાવ; પ્રતિબંધ. કોઈ સ્થળને ચારે તરફથી ઘેરી લેવું તે. ક્રિ૦ પ્ર૦ ઘેરો ઘાલવો=ઘેરી લેવું; વિંટ નાંખવો; ચારે તરફથી બંધ કરવું. (૩)સમૂહ; સમુદાય; જથો. :–છોડનો અથવા ઝાડોનો ઘેરો (ઝેરો) ઘચુમલો.

ઘેલચંદું, વિ૦ જેની ઘેલછા ચંદ્રની ક્ષયવૃદ્ધિની પેઠે પાક્ષિક હોય એવું; વખતે ગાંડું અને ડહાપું થઇ જતું હોય એવું.

ઘેલછા, સ્ત્રી૦ ગાંડાઇ; ગાંડપણ; ઘેલાપણું. (૨) મનનું એકમાર્ગી વલણ; તરંગ.

ઘેલડી, સ્ત્રી૦ (ઘેલડું) ગાંડી; પ્રેમઘેલી; હલેતી. (કવિતામાં)

ઘેલસપ્કું, વિ૦ ઢંગ વગરનું; ઘેલછાના અંશવાળું. ગ્રામ્ય.

ઘેલાઈ, સ્ત્રી૦ ગાંડાઇ; ગાંડપણ; ઘેલછા.

ઘેલું, વિ૦ જેને સારાસાર વિવેક હોય નહિ ને જે વિવેક બુદ્ધિથી કાર્યાકાર્ય, કર્તવ્યાકર્તવ્ય વિચારી શકતું ન હોય એવું; ચસકેલું; મત્ત; પાગળ; દિવાનું; ઢંગ વગરનું. ક્રિ૦ પ્ર૦ ઘેલાં કાઢવાં=ગાંડાં કાઢવાં; ખોટાં–લાડમાં ઘેલાં બનવું તે. કહે૦ ઘેલું જે આવે તે ખાય ને મગન થાય=ગાંડાને સારાસાર વિવેક હોતો નથી. ઘેલાનાં ઘર કંઇ ગામ હોતાં નથી=ગાંડાં તો કવચિત કોઇકજ હોય. ઘેલા ના ખાતો, તો કહે બહોંસે ખાઇશ=ના કહ્યાથી બમણું કરે. ઘેલાની જાને જવું અને ભૂખે મરવું=ઠેકાણા વગરનું કામ કરવામાં લાભ હોયજ નહિ. ઘેલા સાથે ઘેલા થવું=જેવું માણસ હોય તેવા થઇએ તો ચાલે નહિ તો નહિ. ઘેલી થઇને છૂટે ને ગામ બધું લુંટે=જુઠાં ગાંડાં કાઢવામાં કેટલાક ફાવી જાય છે. ઘેલીનાં ઘેરઘેર સાસરાં=ઠેકઠેકાણે ગવાળો નાંખવો ને રહેવું તે. ઘેલીને વળી ભૂત વળગ્યું=વાંદરે ને વળી નીસરણી મળી. ઘેલીનો ગવાળો=વગર સંભાળે ઘણો સરસામાન રાખવો તે. ઘેલી સાસરે ન જાય અને ડહાઇને શિખામણ દે=પરોપદેશે પાંડિત્યના જેવું. ઘેલો થઇને ઘર રાખે=ગાંડા થઇને પણ સ્વાર્થ સાધી લેવો તે.

ઘેંઘટ, વિ૦ ચકચુર; તલ્લીન; મસ્ત; મગ્ન; ઘેનની–કેફની કે ઉંઘની અસરથી ઘેરાઇ ગયેલું; એકવૃત્તિવાળું; એકતાર. ઉંઘમાં કે કેફમાં ઘેરાઇ ગયેલું.

ઘેન, ન૦ ઉંઘની અથવા કેફની આંખોમાં જણાતી અસર તે; કેફ; ઇંદ્રિયોની પોતપોતાના વિષયો ગ્રહણ કરવામાં જે આળસ તે. (૨) મદ; અભિમાન; ગર્વ. :–એને પૈસાનું ઘેન બહુ છે. (૩) છક; મગરૂરી; ઔદ્ધત્ય.

ઘેંશ, સ્ત્રી૦ છાશમાં અથવા પાણીમાં મીઠું નાંખીને બનાવેલું બાજરી–બાવટા વગેરેના લોટનું લેઘ; રાબ; પેય. કહે૦ આવડે નહિ ઘેંશ ને રાંધવા પેસ=સાદામાં સાદું કામ પણ જેને આવડતું ન હોય તેને મોટાં મોટાં કામમાં યોજવું તે શા કામનું? એવા અર્થમાં. ઘેંશ ખાય તે ઘોઘર થાય=પથ્ય ભોજનથી હમેશ ફાયદો થાય છે. ઘેંશ છાશનું ખાણું અને બદામોનું નાણું=એમાં કંઇ માલ નહિ. ઘેંશમાં ઘી=ખીચડીમાં સાકર જેવું. જેમાં જે ન ઘટે તે તેમાં મૂકવું તે.

ઘેયું, ન૦ [सं. गह्वर] માર્ગ ચીલામાંનો અથવા વહેણમાંનો ખાડો.:–ચીલામાં ઠેર ઠેર ઘેયાં પડેલાં છે. પૂર આવી ગયા પછી નદીમાં આરા આગળ મોટું ઘેયું પડયું છે. બોક; ઉંડો ખાડો; ખાણ.

ઘો, સ્ત્રી૦ [સં. गोधा] ગરોળી અથવા કાચંડાની જાતનું એક જંગલી પ્રાણી. આ પ્રાણીની બે ત્રણ જાતો થાય છે. જાડી પાસલા જેવી જાત 'પાટલા ઘો' કહેવાય છે અને પાતળી-ઉડતી કે ઉછળતી જાત 'ચંદન ઘો' કહેવાય છે. (ચંદનઘો ઝેરી હોવાનું કહેવાય છે પરંતુ લુણાવાડાના દિવાન રા. બ. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળાએ મુંબાઇના રસાયનશાસ્ત્રી પાસે તપાસ કરાવી જાહેર કર્યું છે કે તે ઝેરી પ્રાણી નથી.) વાઘરી લોકો આ પ્રાણીને દેખે કે તરત મારી નાંખતા હોવાથી એવી કહેવત કહેવાય છે કે 'મરનારી ઘો થાય ત્યારે વાઘરીવાડે જાય.' આ પ્રાણીના પંજાના નખની પકડ બહુજ મજબુત હોય છે. જુની વાર્તાઓમાં એમ કહેલું છે કે, ચોર લોકો ઘોની કમ્મરે રેશમની ગાંઠોવાળી દોરી બાંધતા અને મોટી હવેલીઓની બારીઓએ ચઢી ઉતરવાને તેને બારીએ વળગાડી ઉપર ચઢી જતા. અર્થાત્ માણસનો ભાર આવવા છતાં પણ તે જ્યાં વળગાડી હોય ત્યાંથી વછુટી જવાય નહિ એમ ચીવટ સજડ વળગી રહે છે. કહે૦ ઘોના પાપમાં પિંપળો બળ્યો=નઠારાની સોબતમાં સારૂં માર્યું જાય. આ પ્રાણીનો અવાજ ભારે ઘર્ઘરાટવાળો હોઇ બિયામણો લાગે છે. ઉ૦ × × માંહી ઘુઘવે ઘોય-વેદર્ભી વનમાં વલવલે. પ્રે.

ઘોકવું, ક્રિ૦ અ૦ મારવું; ઠોકવું; હુંસા મારવા. (૨) મોટો ઘોટો કાઢીને લડવું; ઠપકો દેવો; બખાળવું.

ઘોઘર, પું૦ [સં. गो घातक] ગાયો મારી નાંખે એવો જંગલી બિયામણા મોંનો વકરેલો બિલાડો; મોટા ભારે માથાનો ક્રૂર બિલાડો. (૨) બીક લાગે એવું એક ભયંકર કાલ્પનિક સ્વરૂપ; નાનાં બાળકોને સોઙ લગાડવાને ગુજરાતમાં સ્ત્રીઓ 'ઘોઘર આવ્યો'

જે
અથવ
ભરાઉ
મોટા બિય

ઘોઘરરાણો, પું૦
નવરાત્રીમાં એક
બનાવી તેની આગ
તેને માતાનો ઘાંચી ક

ઘોઘળો, પું૦ [સં. गो-गद्] કે જેમાંથી અવાજ નીકળે ઘાંટી. (૨) ઘાંટો; સાદ; અવાજ; વાણી. ક્રિ૦ પ્ર૦ ઘોઘળો પકડવો=ગળે ઝાલવું; ટોટો પકડવો. ઘ કાઢવો=બહુ મોટેથી બોલવું. ઘોઘળો તાણ રાગ-લાંબો સૂર તાણીને ગાવું. કહે૦ ઘોઘળે સિંદુર દે=ઘાંટો ન નીકળે-બોલાય નહિ એમ કર. ઘોઘળે બાઝવું=ગળાના તે ભાગને બાઝવું કે જેથી મરણ થાય. વાણી પક્ષે ઘોઘળો કઠોરતા દેખાડે છે અને અવયવ પક્ષે પ્રાણહારક મર્મત્વ દર્શાવે છે.

ઘોઘા, ન૦ ખંભાતના અખાતને પશ્ચિમ કિનારે ભાવનગર નજીક આવેલું એક બંદર તે. અમદાવાદ જિલ્લાનો એ નામનો એક તાલુકો. ઘોઘાપાંચમ=નાગપાંચમ. ઘોઘાબાપજી=નાગબાપજી. કહે૦ ભેંશ ઘોઘે ને ઘેર ધિંગાણું=ગામમાં પેઠાના સાંસા ને પટેલને ઘેર ઉનાં પાણી, એના જેવું ખોટું ધિંગાણું. લંકાંની લાડી ને ઘોઘાનો વર=ક્યાંનું ક્યાં હોય એવું; ઘણે દૂર ઝટ જવાયઆવાય નહિ અથવા ઝટ બને નહિ એવું તે.

ઘોઘારી, વિ૦ ઘોઘા તરફનું; ઘોઘાનું. (૨) આ નામથી ઓળખાતી કપોળ વાણિયાની નાત.

ઘોઘો, પું૦ મોં ને માથું બેઉ ઢંકાય એવો કપડું ઓઢીને કરેલો ઘુમ્મટ; મોંને માથું ઢંકાય તેમ કપડું ઓઢવું તે; ઘુંઘટો તાણ્યો-કા

...વું

...ાઢવું;

...મણુ મૂર્ખ

...ા વાગી નીકળી

...ખાડો; ચામડીમાં

...નું છિદ્ર; બોક. :–

...લવું; પેસાડવું; દાખલ

...; જોરથી અંદર નાંખવું.

...; ઢુંટડો.

[સં.] ઘોડો; નાનો ઘોડો; ટટ્ટુ.

... સ્ત્રી૦ ઘોડાનું દોડવું તે; ઘોડાની ...તાવળી ચાલ. (૨) સરતથી ઘોડાઓ દોડાવવાની હરિફાઇની એક રમત. (૩) હરિફાઇથી ઘોડાઓ દોડાવવાની ખુલ્લી સપાટ જગા; સરતનું મેદાન.:–ઘોડદોડ સામેજ તેનો બંગલો છે. (૪) ઉતાવળ; ધમાલ; હાંસાતુંસી.

ઘોડમહાત, સ્ત્રી૦ સેતરંજની રમતમાં પોતાના ઘોડાની શેહ પહોંચાડી સામાવાળાના પાદશાહને બાંધી લેવો તે; સેતરંજમાં ઘોડાની શેહથી પાદશાહનો નિગ્રહ કરી સામાવાળાને હરાવવો તે.

ઘોડમુખું, વિ૦ ઘોડાના જેવા મોંનું; જેનું ઘોડાના જેવું મુખ હોય એવું. (લાંબા મોઢાનું) ચક્ષો ઘોડમુખા કહેવાય છે.

ઘોડલી, સ્ત્રી૦ ઘોડી. (લાડમાં ને કવિતામાં) :–રઘુનાથજીની ઘોડલી.

ઘોડલો, પું૦ ઘોડો (ઘોડલો અને ઘોડલિયો એમ કવિતામાં વપરાય છે) ઉ૦ હિંડે ઉછળતા ઘોડલા, સાજન થઇ સારા. નવલ.

ઘોડવેલ, સ્ત્રી૦ સુંદર ઘોડાગાડી.

ઘોડાગાડી, સ્ત્રી૦ જેને ઘોડા જોડાતા હોય એવી ગાડી; ઘોડવેલ; ઘોડાની ગાડી.

ઘોડાગાંઠ, સ્ત્રી૦ બેવડી સરડકા ગાંઠ. આ ગાંઠ ઝટ લઇને છૂટી જતી નથી. (૨) સેતરંજની રમતમાં અઢી અઢી ઘરને છેટે બે ઘોડાઓ મૂકી તેમને અન્યોન્યનું બળ આપવામાં આવે છે તે. સેતરંજના બે ઘોડાઓને એકએકના જોરમાં રાખવા તે.

ઘોડાગીની, સ્ત્રી૦ જેમાં ઘોડાની છાપ હોય છે એવો બ્રિટિશ ઇંગ્રેજ સરકારનો સોનાનો ચલણી સિક્કો.

ઘોડાઘાટડી, સ્ત્રી૦ જાનીવાસે જવાને ઘોડે બેઠેલી પરણેલી કન્યાને વર તરફથી જે ઘાટડી ઓઢાડવામાં આવે છે તે. મંગળ ફેરા ફરતી વખતે ઓઢાડાતી ઘાટડી–મંગળ ઘાટડી–અને ઘોડે ચઢતી વખતે ઓઢાડાતી ઘાટડી તે ઘોડાઘાટડી કહેવાય છે.

ઘોડાચઢ, પું૦ સ્વાર, ઘોડે બેસનારો. (૨) છોકરો; વર. :–ઘરમાં બે ઘોડાચઢ છે પણ નાતમાં કન્યાની અછત એટલે કુંવારા રહેલાછે.

ઘોડાપૂર, ન૦ [સં. घोटक–पूर] એકદમ ઓચિંતું ખૂબ પાણી આવવું તે; સપાટાબંધ ખળકે અને ખળકે પાણીનો ચઢાવ થતો હોય એવી રેલ. (૨) ઝપાટામાં આવી ઝપાટામાં ઉતરી જાય એવી રેલ.

ઘોડામૂઇ, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ; એક ઓષધિ.

ઘોડાર, સ્ત્રી૦ [સં. घोटक–आगार] ઘોડા બાંધવાની અથવા રાખવાની જગા તે; તબેલો; અશ્વશાળા. કહે૦ ઘોડો ઘોડારમાંજ શોભે=મનુષ્ય તેને યોગ્ય સ્થાન ઉપર હોય તોજ શોભે, એવા અર્થમાં વપરાય છે.

ઘોડારિયો, પું૦ ઠાણિયો. ઉ૦ ઘોડારિયાની ઘાત ગુરુજી. નળાખ્યાન.

ઘોડાલિયું, ન૦ વાંસની એક ચીપને વચમાંથી જીભ કાઢી બનાવેલું દાંતમાં ઘાલી વચલી જીભને થડકાવી વગાડવાનું ભીલ લોકનું વાજું. એના વાગવાને ધમકવું કહે છે. ઉ૦ ઘોડાલિયું ધમકે છે રે. ભલડીઓનું ગીત.

ઘોડાવજ, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ; ઓષધિ.

ઘોડાવાળો, પું૦ ઘોડાની ચાકરી કરનારો; ઘોડા હાંકનારો; રાવત; ચરવાદાર. ઘોડાવાળી=ઘોડાવાળાની સ્ત્રી. (૨) દળનારી; દુબળી. (મુંબાઈમાં)

ઘોડાવેગ, પું૦ ઘોડાના જેવો જે વેગ તે. :–રોગ તો ઘોડાને વેગે આવે અને કીડીને વેગે જાય, માટે હિંમત રાખવી.

ઘોડિયાટ, પું૦ મોભ ટેકવવા માટે એક પાટડા ઉપર બે પહોળે ખુણે લાકડાં લગાડી જે ત્રિકોણિયું બનાવવામાં આવે છે તે; મોભ ટેકવવાનું ત્રિકોણિયું; ગીલતાન; આડી પાટડી.

ઘોડિયું, ન૦ સામસામે બબ્બે પાયાના ચોકઠાની વચમાં એક મોભ નાંખી બનાવવામાં આવેલી લાકડાની એક આકૃતિ; પારણું. ઘોડિયાના બે છેડે બે ડોલણાં નાંખી ઝોળી બાંધી તેમાં બાળકને સુવાડવામાં આવે છે. (૨) તાડછાંનો દાંડો. ક્રિ૦ પ્ર૦ ઘોડિયું બંધાવું=છોકરાં થવાં; સંતાનની વૃદ્ધિ થવી. :–આ માતાની બાધા લેવાથી ઘણાંક વાંઝિયાંને ત્યાં ઘોડિયાં બંધાયાં છે. કવિતામાં ઘોડલિયું વપરાય છે. :–ઉ૦ વડસાસુ વારાનું શકુનિયું; પૂછી ઘરડાંને માંડયું ઘોડલિયું. કહે૦ ઘોડિયે ઘર=જ્યાં કોઇ મોટો પાલક પુરુષ ન હોય પણ સગીર છોકરાંજ હોય અથવા બાપ કે મોટા વડીલ વગરનાં જે ઘરમાં નાનાં છોકરાંજ હોય એવું ઘર. :–મોટી ઉંમરે મુઓ તોય બિચારો ઘોડિયે ઘર મૂકી ચણુચણુતે ચિત્તે ગયો.

ઘોડી, સ્ત્રી૦ ઘોડાની માદા. (૨) ત્રિપાઇ; જેની ઉપર કોઇ વસ્તુ મુકાય અથવા ગોઠવાય એવી લાકડા વગેરેની જે બેસણી તે. (૩) જેનો ટેકો લઇને ચલાય એવી લાકડી. લંગડાની ઘોડી. (૪) કોઈ પણ વસ્તુ ટંગાય અથવા અદ્ધર રખાય એવી લાકડાની ચીપોની બનાવટ. નિશાળમાં ગણિતનાં પાટિયાં અને નકશાની ઘોડીઓ પણ નથી. (૫) ટેકણુ; તંબુરાના તાર ઉંચા રાખવાની ઘોડી. (૬)

પગ.

કપડાં

લાકડાની

અભ્યાસ ના

હાથ બાંધી તે

માથાની વચ્ચે

છે તે; એક શિક્ષા.

તરંગ. તે ઘોડીપર ચઢ

છે. લીલીઘોડી=ભાંગની ફુ

ઘોડીના સ્વાર=ભંગીજંગી.

વસ્તુ મુકાય એવું અથવા

બેસાય કે કંઇ ભરવાય એવું

ચોકઠું. ઘોડીચલામણી=છોકરાઓના

રમત. રૂ૦ પ્ર૦ ઘોડી ઘર આપણાં=આ આપણું છે અને સંભાળી કરકસરથી કામ લેવાનું છે, પારકું નથી કે જેમ ખવાય વપરાય તેમ વાપરવું. એમ કહેવાય છે કે, બારોટ ગરાસિયાઓમાં વહી વાંચવા જઇ આવ્યા પછી બે ત્રણ દહાડે છોકરાએ કહ્યું કે–બાપા ! ઘોડી ફોતરાં ખાતી નથી. તે ઉપરથી બારોટે ઘોડીને થાબડીને કહ્યું કે "ઘોડી ઘર આપણાં મને ઢબરાં ને તને ફોતરાં." તે ઉપરથી આ કહેવત થઇ. ઘોડી પખે ઘોડો ને ધરતી પખે દાણો=એક એકના પછી પ્રાપ્ત થાય એવી વસ્તુઓ છે. ઘોડી પ્રસવી ને વાત પ્રસરી=કોઇ મોટી ગપ ચાલે ત્યારે આમ કહેવાય છે. લોકોમાં એવી માન્યતા છે કે, જ્યારે ઘોડી દિવસે વિયાય ત્યારે તેનો ધણી એક ગપ ન ચલાવે તો અશુભ થાય, આથી એમ કહેવાય છે. :–આ તો મનાય એવું નથી કોઇને ઘેર ઘોડી પ્રસવી હશે તેથી ચલાવેલી ગપ છે.

ઘોડું, ન૦ ઘોડો અથવા ઘોડી બેમાંનું ગમે તે એક તે; ઘોડાની જાતનું નાનું પ્રાણી; દુર્બળ ઘોડો અથવા ઘોડી; ટટ્ટુ. (૨) ઘોડેસ્વાર; હયદળમાંનો સિપાઇ; હયદળ. (બહુવચને

વુંયા
ડું. ઘોડું
લદાર સાથે
કહે૦ કાણું ઘોડું
કાણું અને વળી
. ઘોડું અને ગધેડું
ચ્ચ તે ઉચ્ચજ. ઘોડું ને
=ઘોડું અને લોઢું બેઉ
ાં સારાં રહે, ઘોડું બેસી
ટકી પડે અને લોઢું કટાઇ જાય.
ઘોડું પાડવું=બહુ ખરચ કરી
વું; બહુ થઇ જવું. ન ઉપડી શકે
વું થવું. :-પાંચ લગડી આપણાથી લેવાય
નહિ કદી ખોટ આવે તે ઘોડું પાડે.

ઘોડેસ્વાર, પું૦ ઘોડા ઉપર બેસનારો; ઘોડે-સ્વારી કરનાર; ઘોડે બેઠેલો હોય તે. (૨) પોલિસનો અથવા લશ્કરનો ઘોડેસ્વારી કર-નારો સિપાઇ. ઘણા સિપાઇઓનું લશ્કર તે. ઘોડેસ્વાર લશ્કર-હયદળ-કહેવાય છે.

ઘોડેસ્વારી, સ્ત્રી૦ ઘોડા ઉપર બેસવું તે; ઘોડે સ્વારી કરવી તે; ઘોડાની સ્વારી તે.

ઘોડો, પું૦ [સં. ઘોટક] નહિ વાગોળનારાં પશુઓમાંનું એક સુંદર ચોપગું પશુ; તુરંગ; અશ્વ; હય. ઘોડાને પગે ફાટ નથી હોતી. ખરી નહિ પણ ડાબલા જેવો આખો નખ હોય છે. એની ગરદન ઉપર વાળ હોય છે. પુંછડું લાંબા બરસટવાળનું ચમરી જેવું ભરાઉ હોય છે. આ પ્રાણી સ્વારી કરવામાં અને ગાડીએ તથા હળે જોડવાના કામમાં આવે છે. બધાં પ્રાણીઓમાં ઘોડો ખરેખરો નર ગણાય છે, કારણ કે, તેને એકલાનેજ સ્ત્રી ચિહ્ન-સ્તન લાંછન નથી. (૨) નદી દરિયામાં આવતો મોજો; તરંગ; લોઢ. (૩) ચાંપ; કળ; વાંદરો. :-બંદુકનો ઘોડો. (૪) અડિયેલ હઠીલો છોકરો. ગુસ્સામાં બોલાતો અશિષ્ટ શબ્દ. આ ઘોડો (છોકરો) ક્યારે જંપવા દે છે. (૫) કપડાં વગેરે મૂકવાને ભિંતમાં ઘાલેલું ઘોડાની મુખાકૃતિ વાળું લાકડું; જાડી નકશીદાર ખીટી. (૬) બે તરફ ચઢ ઉતર કરવાનાં પગથિયાંવાળો ઉંચો બાંકડો. (૭) જેની ઉપર ચઢીને ઉંચી વસ્તુ લેવાય અથવા ઉંચેનું કામકાજ થાય એવી નીસરણી. (૮) કોઇ વસ્તુ મૂકવાને બનાવેલું લાકડાનું ઉભેડું ચોકઠું. (૯) ચાર પાંખડીનું કપાસનું કાલું. (૧૦) પહેલી આંગળીએ પહેરવાની કાંબી જેવી લંબગોળ વીંટી. ક્રિ૦ પ્ર૦ ઘોડેચઢવું= આગળ પડવું; અગ્રેસર થવું; વર બનવું. (૨) ઉત્તેજાવું; તૈયાર થઇ જવું. (૩) મૂર્ખ બનવું; ફજેત થવું. :-ઘોડે ચઢીને ઘેર ઉતર્યા ઘોડા જેવું=હોંશિયાર,કકડધજ; તેજ;તંદુરસ્ત એતો ઘોડા જેવો છે. સાજુંતાજું; ટટાર. ઘોડો પલાણવો=કોઇ વસ્તુને બે પગની વચ્ચે ઘાલી તેની ઉપર બેસવું; કોઇ ઉપર સ્વાર થવું. ઘોડે બેસવું=જુઓ ઘોડે ચઢવું. ઘોડો ચઢાવવો=વાંદરો ખેંચવો: બંદુકની કળ ઉંચી કરવી. ઘોડો પાડવો= બંદુક ફૂટે તે માટે તેની કળને ચઢાવેલા ચાંપથી છટકાવવી. ઘોડે પલાણ નાંખવું= સત્વર જવાને તૈયાર થવું. (૨) લડવા જવું. ઘોડે ચઢીને આવવું=તાબડતોબ કામ કરવા આવવું. ઉતાવળે આવવું; ખાનગી નહિ પણ જાહેર છચોક. ચઢે ઘોડે આવવું= ઉભે ઉભે કામ કરાવવા આવવું. છેલ્લી ઘડીએ ધાઇ કરવી. ઘોડાપર ઘોડા ચઢવા=વ્યાજપર વ્યાજ ચઢવું. ઘોડા નહિ પહોંચવા=ગજું નહિ ચાલવું; શક્તિ નાહ હોવી. ઘોડાના ગાઉ =લાંબા લાંબા ગાઉ. ઘોડાચાલ-વેગ=કૈતા-વળી ચાલ. ઘોડો ગડવો=મસલત કરવી. ઘોડો ચઢાવવો=ત્રાજવાની દાંડીમાં એમ કરવું કે જેથી ઓછુંવત્તું જોખાય. ઘોડા થાકી જવા=હારી જવું; આગળ વધવાની હિંમત જતી રહેવી. (કામમાં) ઘોડો